વીર અને વીરપૂજા.

(સચિત્ર)

(રા. બ. કૃ. મ. ઝવેરી M. A. LL.B. ની ઉપોદ્‌ઘાત સાથે)

કર્તા:—

મ. દ. જોશી. B. A.

પ્રકાશક,

ગિ. મ. ભટ્ટ. સુરતકર.

ગૃહ તેમજ સાર્વજનિક પુસ્તકાલય શણગારવા લાયક

ઉત્કૃષ્ટ ભાવનાવાળું સચિત્ર ચારિત્ર્યાત્મક પુસ્તક.

વીર અને વીરપૂજા.

(પ્રાચીન તેમજ અર્વાચીન મહાન્ નરવીરોનાં જીવનચરિત્રો, ત્હેમનાં જીવનનાં સ્વાલંબી સૂત્રો; ઉપદેશામૃતો, દેશપ્રીતિનાં મનોરાજ્યો, સ્વદેશસેવાનાં મહાન્ મંત્રો, આનંદ અને ઉત્સાહના શાંતિનાદો, ઉત્કર્ષની જયઘોષણાઓ, કાવ્યો તથા લેખોનો અત્યુત્તમ સંગ્રહ).

કર્ત્તા

મણિશંકર દલપતરામ જોશી. બી. એ. (સંસ્કૃત ઓનર્સ).

સાંધીએર-(સુરત).

પ્રકાશક

ગિરિજાશંકર મણીશંકર ભટ્ટ સુરતકર.

ગીરગામ, મો. ઓ. ચાલ. મુંબઇ નં. ૪

' પ્રજાનાં પુસ્તકો તેનાં નેતાઓનાં કાર્યો છે'. મેઝીની.

પ્રથમ આવૃત્તિ.

ઈ. સ. ૧૯૨૦ —— સંવત ૧૯૭૭.

પુસ્તક મળવાનાં ઠેકાણાં:—સુરત, અમદાવાદ અને મુંબઇનાં પ્રખ્યાત બુકસેલરો.

કિંમત રૂ।—૨—૮—૦

મુદ્રક—ગજાનન રઘુનાથ મુળે એ પુરંદરે કંપની પ્રીંટીંગ પ્રેસમાં
નં. ૩ ઠાકુરદ્વારપર મુંબઈમાં છાપ્યું.

પ્રકાશક-ગિરજાશંકર મણિશંકર ભટ્ટ સુરતકરે ગિરગામ
મોરારજી ગોકુળદાસની ચાલ મુંબઈમાં પ્રસિદ્ધ કર્યું..

ઉપોદ્‍ઘાત.

વીરપૂજાનો અર્થ ભરતખંડવાસીઓને સમજાવવાની જરૂર હોય નહિ. કારણ પ્રાચીન સમયથી ભરતખંડ વીર પુરૂષોની જન્મભૂમી તરીકે પ્રખ્યાત છે, અને એવા વીરપુરૂષોની પૂજા એની રગેરગમાં વ્યાપી રહેલી છે. રામ અને કૃષ્ણ, ભીષ્મ અને અર્જુન, પૃથુરાજ અને પ્રતાપ, નાનક અને કબીર, શંકરાચાર્ય અને રામાનુજ, વિવેકાનંદ અને ગાંધી, એવા એવા સબળ ધર્મવીર અને કર્મવીરના દેશનું વીરપૂજા એ તો એક સહજ, સ્વાભાવિક લક્ષણ ગણાય. વીરપૂજાનું તત્ત્વ એક ફિલસૂફની નજરે જોકે વિલાયતમાં પહેલ વહેલું કાર્લાઇલના વીર અને વીરપૂજા (Heroes and Heroworship) નામના પુસ્તકમાં ચર્ચાએલું માલમ પડે છે, તો પણ આપણા દેશમાં તો તેનું કયારનુંએ સ્પષ્ટિકરણ થઈ ગયું હતું, એટલુંજ નહિ પરંતુ તેથી પણ આગળ વધી આપણા જીવનના એક જરૂરી સાધન જેવું થઈ ગયું હતું. રામ અને કૃષ્ણ જેવા વીરપુરૂષોનાં નામ પ્રાતઃ સ્મરણિય થઈ પડ્યાં હતાં, અને હજીપણ વસ્તુસ્થિતિ તેવીજ છે. કાળે કરીને એ સ્મરણિયતાનો મૂળ મુદ્દો ઘસાઈ ગયો છે, કારણ રામ અને કૃષ્ણ નામનું રટણ કરનારા મનુષ્યોમાંથી ભાગ્યે સેંકડે પચાસ જણા તેમની વીરતાનાં મુખ્ય અંશોથી જાણીતા હશે. તેઓ તો માત્ર પરંપરાને અંગે, દેખાદેખીને લીધે, મ્હોડેથી રામકૃષ્ણે, રામકૃષ્ણે

નો જાપ જપ્યા કરેછે, અને તેથીજ એવા અજાણ મનુષ્યોને વીર અને વીરપૂજાનો ખરો અર્થ સમજાવવાની આ પુસ્તકમાં કોશેશ કરવામાં આવીછે. જે ધોરણપર સ્વર્ગસ્થ સમર્થ અંગ્રેજ વિદ્વાન્ કાર્લાઇલે પોતાનો ગ્રંથ રચ્યો છે, તેજ ધોરણ (બીજા વધારે સારા ધોરણને અભાવે) એમાં સ્વીકારવામાં આવ્યું છે, પરંતુ દાખલા, દલીલ અને દૃષ્ટાંતો લખનારનાં પોતાનાં છે. ભરતખંડના વીરોની ગણનામાંથી ગરીબડા ગુજરાતને ભૂલી જવામાં આવ્યું નથી, અને ગુજરાતના જે પુરૂષો. પુસ્તકકારના અભિપ્રાય પ્રમાણે વીરપુરૂષોની પંક્તિમાં મૂકી શકાયા તેમના ચારિત્ર્યનો યથાશક્તિ મુસદ્દો તેમણે રજુ કર્યો છે. આવા ધોરણપર નરવીરોનાં જીવન ચરિતો ચર્ચી તેની સમાલોચના કરવી એ આપણા સાહિત્યની- એક અગત્યની ખોટ પૂરી પાડેછે. અને તેથી એ માર્ગમાં દાખલ થવાના એક પહેલા પ્રયત્ન તરીકે જરૂર આ લેખ વાચકને સ્તુતિ પાત્ર લાગશેજ એમાં સંદેહ નથી.

મુંબઇ
તા. ૨૮ નવેંબર. ૧૯૨૦ } કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી.

મણિશંકર દલપતરામ જોશીનાં છપાયલાં પુસ્તકો.

૧. **વીર અને વીરપૂજા**–(સચિત્ર. ભારત વીરોનાં આઠ સુંદર ફોટા સહિત. ઉત્કૃષ્ટ વાંચન સાથે ઉત્તમ જ્ઞાન આપનારો ચારિત્ર્યાત્મક ગ્રંથ. જેમાં ભારતવર્ષીય પ્રાચીન તથા અર્વાચીન વીર જેવાકેઃ મહાન્ યોગી શ્રીકૃષ્ણ, બંગકુસુમ તોરૂદત્ત, કવિવર રબિન્દ્રનાથ ટાગોર, ગુર્જર સમર્થ લેખક ગોવર્ધનરામ, મેવાડના વીર પ્રતાપી મહારાણા પ્રતાપ, મહારાષ્ટ્રનાં રાજનીતિજ્ઞ નાના ફડનવીસ, અખિલ આર્યાવર્ત્તનાં કર્મવીર મહાત્મા ગાંધીજી, વિજ્ઞાનશાસ્ત્રી જગદીશચંદ્ર બોઝ તથા લો. મા. ટિળક વિગેરેનાં જીવનચરિત્રો, ઉપદેશો તથા દેશપ્રીતિનાં મનોરાજ્યો સુમનહોર ભાષામાં આલેખાયાં છે. રા. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી. એમ. એ. એલ. એલ. બી. ની ઉપોદ્ઘાત સાથે. કિં ૨-૮-૦

વીર અને વીરપૂજા (ચારિત્ર્યમાલા).

૨. કવિવર રબિન્દ્રનાથ ટાગોર અને બંગ કુસુમ તોરૂ દત્ત — કિંમત ૦-૮-૦

૩. વીર સાક્ષરરત્ન ગોવર્ધનરામ અને ત્હેમની ગુર્જર સાહિત્ય સેવા — કિંમત ૦-૮-૦

૪. કર્મવીર મહાત્મા મોહનદાસ કરમચંદ ગાંધી અને સ્વદેશ સેવા. — કિંમત ૦-૬-૦

૫. શ્રી આદ્ય શંકરાચાર્ય જીવનસાર — „ ૦-૬-૦

૬. શ્રી કૃષ્ણઅર્જુન-ગીતોપદેશ. — „ ૦-૬-૦

પુસ્તકો મળવાનાં ઠેકાણાંઃ—

એન. એમ. ત્રિપાઠી એન્ડ કું.
કાલબાદેવી રોડ, મુંબઈ–નં. ૨.

વશનજી પરમાનંદ ચાહેવાલા,
કાલબાદેવી રોડ, મુંબઈ–નં. ૨.

જીવણલાલ અમરશી મહેતા,
પીરમશાહ રોડ. અમદાવાદ.

બાલુભાઈ કરસનદાસ. બુકસેલર,
નાણાવટ. સુરત.

મુંબઇના સુપ્રતિષ્ઠિત વિદ્યાવિલાસી દાનવીર.



જન્મ — સં. ૧૯૪૬ ચૈ. વ. ૩

અવસાન — સં. ૧૯૭૫ શ્રા. શુ. ૮

સદ્ગત શેઠ નટવરલાલ મગનલાલ મોદી

(ધી કૉટન એલાયન્સ કું. મોરાર બાગ, ડુમસ દયાકોર લૉજ
વિગેરેના માલિક).

B. A. P. Works.

अर्पण पत्रिका.

ઉંચા અને પવિત્ર વણિક કોમમાં જન્મ લઇ. યોગ્ય સદ્વિદ્યા સંપાદન કરી, 'ધી એલાયન્સ મીલ'. હિંદુ ટ્રેઈડીંગ કું. ના અધિષ્ઠાતા બની. દયાકોર સેનેટોરીયમ. શ્રી શ્યામસુંદીરમંદીર, ડાકોર સદાવ્રત અને ધર્મશાળા તથા દયાકોર વિદ્યોત્તેજક ફંડના નિયામક હોઇ, હિંદુસ્ત્રી તથા છોકરાંની મોરારભાઇ વિજભુખણદાસ હોસ્પીટલ વિગેરેનાં કાર્યવાહક બની, હુન્નર ઉદ્યોગનાં તથા ધર્મનાં અનેક કાર્યોથી ચારિત્ર્ય ઉજાળી. કેળવણી જેવા સત્કાર્યમાં આર્થીક સ્હાયનો યોગ્ય હિસ્સો અર્પી, પોતાનું સંક્ષિપ્ત જીવન સાદું અને ઉન્નત બનાવી. આ 'કર્મભૂમીમાં' ટૂંકી જીવનયાત્રા સમાપ્ત કરી, અને સ્વર્ગીય સુખનાં રૂડા લ્હાવા લેવા પુણ્યપંથે સંચર્યા એવા મહુંમ શેઠ **નટવરલાલ મગનલાલ મોદીનાં** આત્માની પ્રસાદીરૂપ અને મારા પરમપૂજ્ય સદ્ગત માતુલ **પ્રાણશંકર જયશંકર ભટ્ટ** કે જેઓ આ બાળકની ઉન્નતિ અર્થે હંમેશ કાળજી રાખતા તથા પોતે સાહિત્ય અને કળાનાં શોખીન હોઇ, વિદ્વાનોની કદરમાં તત્પર રહેતાં—એઓનાં અનેક ઉપકારની આ **'વીર અને વીરપૂજા'** એમનાં સ્નેહની. એમનાં પ્રત્યેની મારી પૂજ્ય લાગણી. આદરભાવ બદ્દલે એમનાં આત્માની સેવારૂપ અર્પણકરૂં તો તેઓ વિદેહી હોવા છતાં, સ્વર્ગીય આનંદનાં અમીરસ વડે વધાવી લેશે. હે પ્રભુ, મારી આશા પૂર્ણ કરો. **तथास्तु ।**

મણિશંકર દલપતરામ જોશી.

દેશજનોને દેવપૂજા.

(મંદાક્રાંતા)

જન્મે તેને દિલ-દુધડીઆં પાય છે આશ-ઘેલાં,
જીવે તેને સ્મિત ફુલડીઆં-છાયછે લાડ-ઘેલાં;
જાતાં તેને નીર નયનનાં સીંચતાં વા'લ-ઘેલાં.
સંસારીને સુરસમ પૂજે ભાવથી ભક્તિ-ઘેલાં !
આવી પૂજા અજબ રીતની માનવી માનવીની,
દેશે દેશે ઘડી ઘડી થતી રંક ને રાજવીની;
આવી પૂજા સ્વરૂપ જુજવે દેશભક્તિ સ્ફુરાવે,
અંતે એ તો પ્રગટ કરતી દેવની ભાવનાને !
દેવાંશી આ ક્ષણિક દીસતો દેહ તો આપણો છે,
સંસારે આ ક્ષણિક દીસતો સ્વર્ગ શો આપણો છે;
એ સ્વર્ગે તો સુરજનતણાં વાસને વાટિકા છે,
એમાં આવી નિશદિન ન શું દેવપૂજા ઘટે કે !
જન્મે ત્યાંથી પરહિત કરે સ્વાશ્રયે શીખી સે'વા-
જીવ્યા સુધી પરમય બને સ્વાર્પણે સહાય સેવા—
જેવા તેવા રહી જીવિતને આમ ઉજાળનારા-
એવાને તો સુરપદ ઘટે ને ઘટે દેવપૂજા !!

'લલિત'

પ્રસ્તાવના.

'વીર અને વીરપૂજાનું' આ લઘુ પુસ્તક વાચક સમક્ષ મુકતા 'આનન્દ અને ઉત્સાહનાં' નૂતન કીરણો મારાં રગેરગમાં સ્ફુરે છે. આપણાં વીરો શા ! અને એમની પૂજા કરવાની આપણી રંક સામગ્રિઓ શી! ભાવ અનેરાં અને સામગ્રીઓ રંક ! દીવ્યસૌજન્યોને તો માનસિક પૂજા–ભાવપૂજા જ બસ છે. સ્નેહુથાળમાં પુણ્યકંકુ, અમૃત શ્રીફળ અને પવિત્ર અક્ષત સોહાવી, નિર્મળ હૃદયનાં ગંગોદક વડે વીરોને–દેવોને સત્કારવાં એનાથી જીવનની કીંમતી ક્ષણો બીજી કયી હોઈ શકે ?

સૂર્યને આલેખવો શો ! અમૃતનાં વખાણ શાં ! અને અક્ષયપાત્રની લ્હાણ શી ! આપણું સૌજન્ય તો વીરપૂજા આદરવામાં. વીરોનાં સદુપદેશ સુધાનું પાન કરવામાં અને જગન્નિયંતા વિભુનાં અક્ષય્ય ભંડારમાંથી આપણી રંક સામગ્રીઓ મેળવવામાંજ સમાયલુંછે. દેવોને દેવપૂજા રૂચે, દેહને દેહપૂજા ઘટે, તો વીરને વીરપૂજાજ યોગ્ય છે. 'ભાઈ, તું રણસગ્રામમાં વીર થા અર્થાત્ જીવનની કીંમતી સેવા બજાવ' આજ અર્થમાં શ્રીકૃષ્ણે અર્જુનને સદ્બોધેલું છે કે तस्मायुध्यस्व भारत ।

વીર છે શબ્દ ન્હાનો, પરંતુ અર્થ છે અગાધ. પૂજા પણ છે વિધવિધ પ્રકારની અને વીરપૂજા છે અનેરી. સુદામાની શ્રીકૃષ્ણની પૂજા જેવી. શ્રીકૃષ્ણે પણ એ પૂજા આદરેલી અને એ પૂજાથી મુરલીમાંથી મધુરવો નીકળતાં ગોપીકાઓ ગાંડી ઘેલી થઇ જતી. એ જાદુઈ પ્રસંગ તે અદ્ભૂતલીલા અને શ્રીકૃષ્ણ પ્રત્યેનો આપણો પૂજ્યભાવ તે શ્રીકૃષ્ણની માનસિક પૂજા. એજ પૂજા દેશો દેશ પ્રવૃત્ત છે.

અંગ્રેજ લેખક કાર્લાઇલના શબ્દોમાં કહીએ તો—

"To us also, through every star, through every blade of grass, is not a God made visible, if we will open our minds and eyes? We do not worship in that way now: but is it not reckoned still a merit, proof of what we call a 'poetic nature', that we recognise how every object has a divine beauty in it; how every object still verily is 'a window through which we may look into Infinitude itself'? He that can discern the loveliness of things, we call him Poet, Painter, Man of genius, gifted, lovable."

વીરોનાં જીવનચરિત્રો વિધવિધ દૃષ્ટિબિંદુથી નિહાળી શકાય. આ પુસ્તકમાં વીરોનાં જીવનનાં સ્વાલંબી સૂત્રો (Principles) તારવી કાઢી, એમનાં જીવનની આછી લીંટી દોરી તેમાં ભારતવર્ષનાં પ્રાચીન અને અર્વાચીન ઉપદેષ્ટા શ્રીકૃષ્ણ અને મહાત્મા શ્રી ગાંધી, લોકમાન્ય ટીળક, સાહિત્ય વાટિકામાં અકાળે કુમળું ખરેલું બંગ કુસુમ તોરૂ દત્ત, તથા સાહિત્યનાં પરમભક્ત કવિવર રબિન્દ્રનાથ ટાગોર, ગુર્જર સમર્થ લેખક ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી, રાજનીતિજ્ઞ વીર અને હિંદનાં મરાઠા ઇતિહાસનાં નાયક ભાનુ નાના ફડનવીસ, રાજવીર સૂર્યવંશી પ્રતાપી મહારાણા પ્રતાપ, વિજ્ઞાનશાસ્ત્રી જગદીશચંદ્ર બોઝ વિગેરેનાં સંક્ષિપ્ત જીવન ચરિત્રો તેમનાં જીવનની કેટલીક તવારીખો સહિત નોંધાયા છે તથા મહાત્માનાં વચનોથી આ પુસ્તક સમાપ્ત થયું છે. એ ઉપરાંત સમસ્ત દુનીઆના અનેક મહાન્ નરરત્નોનાં ફક્ત નામમાત્રથી સ્મરણ પૂજા–ભાવપૂજા આદરાયલી છે.

કદાચ્ કોઇ મને પ્રશ્ન પુછે કે હિંદ તથા ગુજરાતનાં આટલા બધા વીરો છતાં તમે આટલાજ વીરો કેમ નિહાળ્યાં? પ્રત્યુત્તર એટલોજ છે કે સ્થળ કાળ અને સામગ્રીનો વિચાર કરી ફક્ત આટલીજ પૂજા થયલી. બાકી સ્નેહપૂજા તો આખા વિશ્વનાં વીરોની થઇ શકે એમ છે.

આ લેખનો આશય રસમય વાંચન સાથે ઉત્તમ ચારિત્ર્ય ઘડવામાં ઉપયોગી જ્ઞાન પાઈ દેવામાં છે અને રાજકીય, સાંસારિક લાગણીઓથી ભિન્ન ફક્ત પ્રગતિસૂચક સાહિત્ય પ્રયાસજ આ પુસ્તકમાં કરાયલો છે. આ લેખનું વસ્તુસૂચન કાર્લાઇનાં 'Heroes and Heroworship'ના મારા વાંચનથી થયું હતું. કાર્લાઇલનાં સૂત્રો આ લેખમાં ઉતારવામાં હું ચુકયો હોઇશ તો ક્ષમ્ય થઇશ.

ગુજરાતને પ્રેમ અને શૌર્યનાં પાઠ પઢાવનાર કવિ નર્મદને આવિર્ભાવ થએલું અરૂણ, આજ ભારત ઉત્ક્રાંતિ સૂચક મધ્યાહ્નમાં પરિણમતું જાય છે અને એમની, "શુભ શકુન દીસે મધ્યાહ્ન શોભશે વીતી ગઈ છે રાત" ઉજ્વળ આશા ફળીભૂત થયલી જણાય છે તે સમયે ગુજરાતને તેમનાં પૂર્વજોનું ગુણગાન ગાઈ, વીરોની સ્નેહપૂજા આદરી, કર્ત્તવ્યનું ભાન કરાવવું એજ અંતિમ આશા સહ આ અલ્પ પ્રયાસ છે.

વીરોનાં જીવનચરિત્રોની તવારીખો પર આવતાં, ફક્ત વીરોનાં ચારિત્ર્યની આછી સુનેરી રૂપરેષા દોરી તેપર તેમનાં મૂર્તિ લેખોનાં રંગોપુરી કંઇક કંઇક સુમનોહર ચિત્ર દોરી ગુજરાત રંજાડવા પ્રયત્ન કરાયો છે. આ તવારીખો આલેખવામાં કેટલાક ગ્રંથકર્તાનો હું આભારી થયો છું તો તેઓનો હું ઉપકૃત છું.

એ ઉપરાંત કેટલીક સૂચનાઓ તથા પ્રાસ્તવિક વચનો માટે હું રાવબહાદુર કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી(સ્મૉલકોઝકોર્ટ, ચીફ જડ્જ) તેમજ આ પુસ્તકનાં પ્રકાશન માટેની આર્થીક સહાય માટે સદ્ગત શેઠ નટવરલાલનાં પરમપ્રિય બંધુ શેઠ મનુભાઇ રંગીલદાસ દલાલનો હંમેશનો આભારી છું. તેમજ આ પુસ્તકનાં અગાઉથી ગ્રાહક થઈ યોગ્ય કદર કરનારાઓનો હું ઉપકૃત હોઇ, કવિ લલિતનાં કાવ્યોમાંથી લીધેલા આમૂખ કાવ્ય માટે તેમનો પણ આભારી છું, તથા રા. રમણીયરામે, ગોવર્ધનરામનાં લેખ સંબંધી જે સામગ્રીઓ પુરી પાડી છે તેમજ વીસમીસદીનાં સુપ્રસિદ્ધ મંત્રી મી. અલારખીયાએ ગોવર્ધનરામના ચિત્ર માટે કરેલી સહાય માટે કૃત્ય કૃત્ય થયો છું. તેમજ ઑન. જસ્ટીશ શાહ, શ્રિયુત્ દયાશંકર, રાજશ્રી બાલુભાઈ મણિઆર વિગેરેની સહાય માટે પણ આભારી છું

ગુજરાત સમક્ષ આ ચારિત્ર્યાત્મક (Biographical) અને ટીકાત્મક (Critically appreciative) લઘુ ગ્રંથ મુકતાં જે આનંદ થાય છે તે. જો ગુજરાત આ પુસ્તક યોગ્ય સત્કારશે અને વીરોનાં જીવન ચરિત્રો અને તેમનાં ઉપદેશામૃતો જીવનમાં ઉતારશે. તો એ આનંદથી પણ વધુ આનંદ આ લેખની સફળતાથી થશે. ગુજરાતમાં આવા લેખો ઘણાં થોડા છે તો એ ખોટ આ લેખ કેટલેક દરજ્જે પૂરી પાડશે એવું લેખકનું માનવું છે.

વાચક, આપણું ગુજરાત જો અને આપણાં ગુજરાતીએ જુઓ ! અને પછી તને એમ નથી લાગતું કે આપણાં મહાન નરવીર દેશદીપકો માટે આપણે કંઇજ કર્યું નથી ? વીર અને વીરપૂજા, જા ગુજરાતમાં અને સિંચ ગુર્જરસાહિત્યવૃક્ષ. ત્હારા ઉપદેશામૃતથી. જેટલે અંશે આ લક્ષ્ય પાર પડશે તેટલે અંશે લેખક કૃતાર્થ થશે.

ગરવી ગુજરાત! મસ્ત થા, કવિ નર્મદનાં પ્રોત્સાહક શબ્દોથી અને જગાવ આનંદ અને ઉત્સાહનાં શાંતિનાદ ત્હારી સાહસિક વૃત્તિથી.—

"સાહસે કર્યો પરશુએ, પુરો અર્જુનને
તે પરશુરામ પરસિદ્ધ રહ્યો નિજ વચને;
સાહસે ઈંદ્રજીત શૂર, હણ્યો લક્ષ્મણે
સાહસે વીરવિક્રમ. જગત સહુ જાણે;
થઇ ગર્દ જંગમાં મર્દ હક્ક નિજ માગે,
ચાહોમ કરીને પડો, ફતેહ છે આગે.
સાહસે કોલંબો ગયો, નવી દુનિયામાં,
સાહસે નેપોલ્યન ભીડયો, યુરોપ આખામાં;
સાહસે લ્યુથર તે થયો, પોપના સ્હામા,
સાહસે સ્કોટે દેવું રે, વાળ્યું જોતામાં;
સાહસે સિકંદર નામ, અમર સહુ જાગે,
ચાહોમ. સહુ ચલો. ચાહોમ.

सर्वस्तरतु दुर्गाणि सर्वो भद्राणि पश्यतु ।

નવી અમરવાડી. }
મુંબઈ. નૂતનવર્ષ ૧૯૭૭ } મણિશંકર દલપતરામ જોશી.

અનુક્રમણિકા.

ચિત્ર પરિચય.

वीरोनां स्वालंबी सूत्रो.

(Principles of the Lives of Heroes.)

Lives of great men all remind us
We can make our life sublime ;
And departing, leave behind us
Footprints on the sands of time;
Sailing o'er life's solemn main,
A forlorn and shipwrecked brother
Seeing shall take heart again.

—*Longfellow.*

જીવન એટલે જીવવું તે; સંસારમાં ઇશ્વરે અર્પણ કરેલી જીંદગી પસાર કરવી તે. જીવન શબ્દનો અર્થ ફક્ત આટલા વાકયમાં જ સમાતો નથી. જીવવું એટલે જીંદગીમાં કંઈક પ્રાપ્ત કરી જીવન સાફલ્ય કરવું તે. ખરે! જીંદગી એ અમૂલ્ય બક્ષીસ છે; એને સારી યા નરસી બનાવવી એ મનુષ્યના હાથમાં છે. બુદ્ધિના દોર દરેક મનુષ્યને મળેલાં છે પરંતુ તેને હાથમાં રાખી જીંદગીને યોગ્ય ચીલે ચલાવવી એ મનુષ્યનું પોતાનું કામ છે. જે જીંદગી મનુષ્યને મળી છે તે જીંદગી પશુપક્ષી અને ઝાડબીલને પણ મળી છે; ત્યારે એમની જીંદગી અને મનુષ્યની જીંદગીમાં ફેર શો? અને એ ફેર છે તો જગન્નિયંતા પ્રભુએ શા માટે એ ફેર રાખ્યો છે તે સમજવું આવશ્યક છે. ઘણા કવિઓએ તેમજ તત્વજ્ઞાનિઓએ જીંદગીનું તારતમ્ય સમજવામાં પોતાના અમૂલ્ય વખત વ્યતીત કર્યો છે; પરંતુ તેઓ તેનો ફકત એકજ ભાગ સમજી શકયા છે એમ કહીએ તો ખોટું નથી. જીંદગીનો પૂર્ણન્યાય સમજવાનું કવિઓનું ડહાપણ સહજ છે; તત્વજ્ઞોનું જ્ઞાન અપૂર્ણ છે. ટુંકમાં

જીવન શબ્દ ગંભીર અર્થવાળો છે અને એને યથાર્થ સમજવો અતીવ કઠિણ છે.

જીવનની સત્યતા શામાં રહેલી છે તે તપાસતાં પહેલાં જીવન કોને કહેવાય એ જાણવું જરૂરનું છે. જીવન શબ્દ અગાધ અર્થવાળો છે; અને જીંદગીની પૂર્ણતા તથા રસજ્ઞતા તેમાં રહેલાં જીવન શબ્દમાં સમાએલાં છે. તે જ જીવન જીવન કહેવાય કે જે પરનું શ્રેયઃ કરવામાં વ્યતીત થાય. જે માણસ પારકાનું શ્રેયઃ કરવાની આકાંક્ષા રાખતો હોય તથા જે તેમ કરવા યત્ન કરે છે તે, છુપી રીતે તેટલે દરજ્જે પોતાનું શ્રેયઃ કરતો જાય છે; કારણકે તે બીજાને તેનું શ્રેયઃ કરતી વેળાએ, અન્ય મનુષ્યને તેમ કરવાનું શીખવે છે. એ શિક્ષણ એક અમૂલ્ય વારસો છે; એ તે વગર કીંમતે આપે છે. તેની કદર નથી તેને કે સ્હામાને. પરંતુ જેમ એક દીપમાંથી બીજો દીપ પ્રગટ થતાં, બન્ને દીપો અજવાળાથી ઝળહળે છે, તેમ જ શ્રેયઃ કરવાની વૃત્તિ, પરોપકાર બુદ્ધિ તથા તેનું આચરણ સેંકડોને પરોપકાર કરવાનો ઉચ્ચ આદર્શ દર્શાવી તેને તેવાં આચરણ પ્રતિ દોરે છે. માટે જ જીંદગી–જીવન શબ્દ એ ઘણો તત્ત્વજ્ઞાન (philosophy) થી ભરેલો છે. ટુંકમાં જીંદગીનું શ્રેયઃ તે જીવન છે; અને અન્યને દાખલા લેવા જેવું જીવન તે આદર્શભૂત (ideal) જીવન છે.

જીંદગી ક્ષણભંગુર છે; પરંતુ તેની ઉપયોગીતા વિશેષ છે. જ્યાં જીંદગીનો અર્થ સમજવામાં આવતો નથી અને કેવળ જીંદગીનો અર્થ 'ખાવું પીવું અને મહાલવું' કરવામાં આવે છે, ત્યાં જીંદગીની ઉપયોગીતા જતી રહે છે અને શ્વાનવત્ જીવન ગાળવામાં જીંદગી વ્યર્થ જાય છે. મનુષ્યને પોતાની બુદ્ધિ અનુસાર જીંદગી સમજાય છે. કેટલાક કહે છે કે 'life is real" 'life is earnest'; વળી કેટલાક માને છે કે 'life is unreal, it is an empty dream'. બન્ને મતો ખરા છે. પ્રથમ વાક્યમાં કવિને જીંદગી ખરી ભાસે છે—સત્ય દેખાય છે. જીંદગીનો અર્થ

અહિંઆ ' જે કાળ મનુષ્ય જીવે છે, તે નથી પરન્તુ અહિંઆ જીંદગી એટલે જીવન—જીંદગીનું જવાહીર-સત્યતા, એ અર્થ છે. બીજા વાકયમાં જીંદગી અસત્ય અને સ્વપ્નવત્ ભાસે છે; કારણકે મનુષ્યને આ પૃથ્વી ઉપર જીવવાનો વખત એક નજીવા સ્વપ્નની ઘડીભર છે. ખરેખર આ સર્વ યથાર્થ છે. ત્યારે ખરી જીંદગી—જીવન કેવું હોઈ શકે ? આદર્શભૂત જીવન કોને કહેવાય અને તેનાં સ્વાલંબી સૂત્રો કયાં કયાં તેનો વિચાર અત્રે કરીયે તો તે અયોગ્ય સ્થાને નહિં ગણાય.

જીંદગી કાચના કળશવત્ છે એ ખરૂં છે; ત્યારે એ અસ્થિર ક્ષણભંગુર જીંદગીનો યોગ્ય લાભ કેમ લઈ શકાય તે આપણે તપાસીએ. જીંદગીની શરૂઆત લોકદૃષ્ટિએ આપણે જન્મીએ છીએ ત્યારથી થાય છે. પહેલાં સાત વર્ષ શિશુવયમાં ગણાય છે કે જે કેવળ અશક્તિને લીધે યોગ્ય રીતે વાપરી શકાતાં નથી. પછીનો સમય તે વિદ્યા સંપાદન કરવાનો સમય છે. એ કાળ પચ્ચીસ વર્ષ સુધી પહોંચે છે. એ સમયમાં જેટલું જ્ઞાન સંપાદન કરી શકાય—જેટલી કળા શીખી શકાય તેટલી ઓછી છે. એ પછીથી ગદ્ધાપચ્ચીસીનો સમય શરૂ થાય છે.એ યૌવન કાળના સપાટામાં મનુષ્યો સપડાતાં કોઈનું કીર્તિ તો કોઈનું ધનાદિ મેળવવા તરફ લક્ષ દોરાય છે તો કોઈને તત્ત્વજ્ઞાની થવાનું મન થાય છે. વળી કોઈને મહાન્ પુરૂષ થવાનું મન થાય છે. તો કેટલાક બીનકેળવાયલા જનો અનેક પ્રકારની કુટેવોમાં ફસે છે અને નહિં કરવાનાં કાર્યોનાં આચરણ કરે છે. ટૂંકમાં તેમના વિચારના ઘોડા ગમે તે દિશામાં વહન કરે છે અને તેનો સ્વાર બિચારો મનુષ્ય તે સાથે ઘસડાય છે. આવી સ્થિતિ વ્યતીત થતાં જીંદગીમાં કંઈક કરી જવા તરફ મનુષ્યનું ધ્યાન ખેંચાય છે. જો આપોઆપ મન નહિ થાય તો લગ્ન યા સંસારની બીજી ઉપાધિ તેને તેમ કરવા સૂચવે છે. ' કયે રસ્તે વહન કરવું તથા શું કરવું ' એ જીંદગીનો વિષમ પ્રશ્ન ઉપસ્થિત થતાં મન મુશ્કેલીમાં આવી પડે છે. ગમે તે એક વાતે ચઢયા પછી સંસારની આધિ વ્યાધિ તથા ઉપાધિઓ એક પછી એક કનડે છે;

અને એ સર્વમાંથી પસાર થતાં શરીર જર્જર દશાએ પહોંચે છે. આધુનિક જીવન આ પ્રમાણે વ્યતીત થાય છે. ઋષિમુનીઓની પ્રણાલિકા તેના ચાર વિભાગ પાડી તે ક્રમશઃ યથાસ્થિત વ્યતીત કરવામાં સમાએલી છે. બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ, અને સંન્યાસ્થાશ્રમ, એ પ્રમાણે આધુનિક જમાનામાં પ્રથમ પગથીયાંનો નાશ થતાં દિવસે દિવસે વીર્યહીનતા આવતી જાય અને તેથી ત્રણે પગથીયાં બોજા રૂપ બની નાશ પામે છે. સંસારની હુચડાહુચડીવાળા બારિક સમયમાં પણ આદર્શભૂત જીવન કેવું હોઇ શકે એ જાણવું જરૂરનું છે; પરંતુ તે જાણતાં પહેલાં, આપણી પહેલાં આદર્શભૂત જીવન કોણે વ્યતીત કર્યું હતું તે પણ સાથે સાથે તપાસવું જોઇએ.

આપણાં પ્રાચીન ઋષિમહર્ષિનાં જીવન સાદાં અને સ્નેહમય હતાં. હાલના જીવન દિન પ્રતિદિન ક્ષુલ્લક થતાં જાય છે. એ ફેરફાર પડવાનું કારણ શું? આજ આપણાં જીવન નજીવા બન્યા છે. તેનું કારણ માત્ર એટલું કે આપણે ઋષિમહર્ષિઓએ અર્પેલો **सत्यमेव जयते नानृतम्**' નો મહાન્ મંત્ર વિસારી દીધો છે; અને આપણાં જીવનો દુનિયાની ભાંજગડમાં રચ્યાંપચ્યાં રહી ઉદર પોષણ અર્થે, જરૂર પડે તો સત્યના માર્ગની બ્હાર પણ ભટકી દ્રવ્ય ઉપાર્જન કરવામાં સમાઇને તેમાં ઓતઃપ્રોત થએલાં છે. જે આર્યાવર્ત્ત દેશ એકવાર દુનીઆમાં અનેકધા ઉચ્ચપદ ધરાવતો હતો તે આજ આવી અધમ દશાએ કેમ? કારણ કે આપણે કર્તવ્યભ્રષ્ટ થયા. ઋષિઓના સાદાં અને સાધુમય જીવનોને હલકાં ગણી આપણે હસી કાઢયાં. દુનીઆદારીના સુખમાં, દ્રવ્યાદિના પ્રલોભનમાં સપડાયા. આ જ દેશ એક વખત શ્રીકૃષ્ણ (શ્રીજગદોપદેશક) શ્રીરામચંદ્ર, મહાન્ બ્રહ્મચારી હનુમાન તથા અખંડ બ્રહ્મચારી દુનીઆના મહાન્ પિતા ભીષ્મપિતામહના પગલાંથી પુનિત થયો હતો, તે જ હાલ આવી અધમ દશાએ પહોંચ્યો છે! આ વિશ્વત્રાતાઓના જીવનો સાથે આપણાં જીવન સરખાવો. ઉંડુ. તત્ત્વજ્ઞાન આપણા ઋષિ મહર્ષિઓએ સંપાદન કર્યું હતું તેમાંનું

આજ આપણે કેટલું સાચવી રાખ્યું છે.? ખેદજનક છે કે તેનાં સહસ્રાંશ ભાગ જેટલું પણ હાલ આપણી પાસે નથી, કારણ આપણા ઉપર સ્વાર્થ પરાયણતા તથા મિથ્યાભિમાનીપણું અને ખોટા વહેમો (superstitions) કંઇક ના સ્હમજી શકાય તેવી રીતે સામ્રાજ્ય ભોગવે છે. જયાં સુધી આવી દીન વૃત્તિઓનો પરાભવ કરવામાં ન આવે ત્યાં સુધી આદર્શભૂત જીવન બનવું મુશ્કેલ છે. બ્રહ્મચર્યનું ખંડન એ આપણા પરાભવનું બીજું કારણ છે. ઇતિહાસ પણ સાક્ષી પુરે છે કે બ્રહ્મચર્યનું પતન તે અધમતાનું લક્ષણ છે! મહાન્ નેપોલીઅન આખા યૂરોપને કયા બળે ધ્રુજાવી શકયો? માત્ર બ્રહ્મચર્યના બળથી. પરંતુ આવી મ્હોટી સ્થિતિ ઉપરથી તે એકદમ કેમ પડયો? સંગ્રામમાં જવાની આગલી રાત્રે તેણે સ્ત્રી-સેવન કર્યું હતું. મહાન કાંતિવાન્ તથા પ્રતાપી અભિમન્યુ યુદ્ધમાં રોળાયો તેનું શું કારણ? તેણે રણમાં જવા અગાઉ બ્રહ્મચર્ય ખંડીત કર્યું હતું. મહાન ભીષ્મપિતામહ તથા ચીરંજીવ હનુમાનના પવિત્ર જીવન તપાસો. તેઓના અને આપણાં જીવનક્રમ વચ્ચે કેટલો મહાન્ તફાવત્ દગ્ગોચર થાય છે! પિતાને ખાતર આખો જન્મારો ન પરણવાની ભીષ્મપ્રતિજ્ઞા લેનાર ભીષ્મ અને અખંડ બ્રહ્મચારી રામના યશોગાનમાં હંમેશ પરાયણ હનુમાન–એમનાં જીવન વિશ્વોપયોગી હતાં, કેવળ સ્વાર્થ ઘટનામાં પરોવાયલાં ન હતાં. જે જ્ઞાન તેઓ ધરાવતા હતા જે સદ્વિચારનો સંચય તેમણે કર્યો હતો તેનો તેઓએ આખા વિશ્વમાટે ઉપયોગ કર્યો. આધુનિક જમાનાના દૃષ્ટાંત લેતાં વિશેષ ખુલાસો થશે. દુનિયાનો સૌથી મહાન્ ગણિતવેત્તા સર આઇઝેક ન્યુટન ૮૦ કરતાં વધુ વર્ષ જીવ્યો હતો. આટલી મોટી જીંદગી ભોગવવાનું કારણ બ્રહ્મચર્ય જ હતું. મહાન્ તત્ત્વજ્ઞાની કેન્ટ (Kent) બ્રહ્મચર્યના જ પ્રતાપે તત્ત્વજ્ઞાની થયો હતો. હર્બટ સ્પેન્સર (Herbert Spencer) તથા સ્વિડનબર્ગ (Swedenburgh) જેવા દુનિયાના વિચારો ફેરવી નાખનાર બ્રહ્મચારી વિરલા હતા. હાલ આ બ્રહ્મચર્યવૃત્તને કેવળ હસી કાઢવામાં આવે છે! અને તેને

પરિણામે કુમળીવયના યુવકોને ભૂંડા રોગો કેટલીક વાર લાગુ પડે છે; આપણી અધોગતિનું ત્રીજું કારણ આપણા સાંકડા વિચારો તથા પરદેશગમનનો અવરોધ. આપણા વિચારો એવા સંકોચાઈ ગયા છે કે આપણે જેને રૂઢી કહીએ છીએ તેના આપણે દાસાનુદાસ બન્યા છીએ. વહેતાં પાણીના ઝરાને બંધ કરવામાં આપણે મોટાઇ સમજીએ છીએ. પરિણામે તે પાણી ગંધાતું થાય છે. જે વૃક્ષો આપણે વાવ્યાં છે તેના ઉપર સખત ઘા કરવામાં મ્હોટી બડાઇ સમજાય છે. જ્યાં આવો વ્યવહાર પ્રવર્તે ત્યાં જીવન ઉચ્ચ તથા દાખલા રૂપ શી રીતે બને?

મોટા પુરૂષોના જીવનચરિત્રો પરથી આપણને શો લાભ મળે છે તે આપણે હવે તપાસીશું અને તેમના એવા કીયા ગુણોથી તેઓ પોતાના ચારિત્ર્યબળને દીપાવી શકયા તે જોઇશું.

મોટા પુરૂષોના જીવનચરિત્રો ભૂલા પડેલાં પુરૂષોને યોગ્ય રસ્તે દોરવાના સૂચકસ્થંભો (*guides*)છે. તેઓના જીવનક્રમ અને તેઓના સદ્ગુણ એ વર્તન સુધારવાના ચિહ્નરૂપ છે. તેઓનાં જીવનો આપણા જીવન સાથે સરખાવો અને પછી જુઓ કે આપણે કેટલે દરજ્જે અધમ સ્થિતિએ પહોંચ્યા છીએ. એક શિષ્ય તરીકે તેઓનાં વર્તન કેવાં હતાં અને તેઓએ અમુક આપત્તિ વિપત્તિઓમાં કેવા પ્રકારનું આચરણ કર્યું હતું તે નિહાળીએ. કેટલાકો અમુક માણસોનાં જીવનો લઇ દોષ જોવા મંડી જાય છે અથવા તો તેનું અનુકરણ કરવા મંડે છે. આ એક ભૂલભરેલી ખામી છે. બીજાઓના દોષ જોવા એ પોતામાંના તેવા દોષોનું નિરૂપણ કરી તેમને સતેજ કરવા જેવુ છે. અનુકરણ કરવું એ એક બાળકવૃત્તિ વા મેષવૃત્તિ છે. આપણે વ્યકિત તરફ ન જોતાં કેવળ તેમનાં શીખવેલાં આદર્શરૂપ જીવનસૂત્રોજ જાણવા તરફ ધ્યાન આપવું જોઇએ. મલીન તળાવમાં ઉગેલાં કમળને આપણે ફેંકી દેતા નથી. કદાપિ કોઈ ચિતારો કદરૂપો હોય પણ તેથી શું તેના દોરેલાં સુંદર ચિત્રો વિષે પણ એમ જ સમજવું? યુકિલડની (*Uclid*) શરીરાકૃતિને અને

તેણે લખેલી ભૂમિતિના મૂળતત્ત્વ સાથે શો સંબંધ હોઈ શકે? માટે આ ભૂલ ભરેલી ખામીમાંથી મુકત રહેવા જેમ બને તેમ આપણે ઉપાયો લેવા. હવે તેમના જીવનનાં મહાન સૂત્રો કયાં કયાં હતાં તે આપણે જોઇએ.

(૧) સત્યતા અને એકાગ્રતા.

જ્યાં જ્યાં આ ગુણોનો અભાવ હોય છે ત્યાં ત્યાં જીવન ઉન્નત થઇ શકતાં નથી. સત્યવિના કશું ટકી શકતું નથી કારણ કે 'સત્ય એ ઈશ છે' '*Truth is God*' એ જીંદગીનો મહાન્ મંત્ર છે. એકવાર સત્યનો માર્ગ ચુકયા, કે અધમ દશા થઇ સમજવી. બીજું એકાગ્રતા (*Concentration of purpose*) વિના પણ કશું થઈ શકતું નથી. હનુમાન જેવા નરવીરે ૧૦૦ માઇલનો લંકા આગળનો સમુદ્ર ઓળંગતા પહેલાં આંખો મીંચી અને એક ચિત્તવૃત્તિ કરી એ શું શીખવે છે? વેદાંતનો પણ આજ ઉપદેશ છે કે 'જ્યારે ચિત્તની એકાગ્રતા કરી મનુષ્ય પોતાના આત્મામાં પ્રતિબિંબ પાડે છે ત્યારે જ તે સત્ય સ્વરૂપ જાણી શકે છે.' ગણિત શાસ્ત્રનો અભ્યાસી જ્યારે દાખલા ગણવામાં તન્મય થઈ જાય છે ત્યારે જ તે ગમે તેવા કઠિણ પ્રશ્નો પણ સિદ્ધ કરી શકે છે. પરમ યોગેશ્વર બુદ્ધને ધર્મનું જ્ઞાન થયું તે પણ એક અશોક વૃક્ષ હેઠળ એકચિત્તપણે વિચાર કરવાથી. કવિ પોતાનું ઉત્તમ કાવ્ય ત્યારેજ બનાવી શકે કે જયારે તે પોતે પોતાની જાતને વિસરી જઇ કાવ્યમાં તન્મય થઈ જાય. મહાન્ તત્ત્વજ્ઞાની (*Philosopher*) પણ ઉત્તમજ્ઞાન ચિત્તની એકાગ્રતાથી જ મેળવી શકે છે. રસાયન શાસ્ત્રી આર્કીમીડ્સ (*Archimedes*) આ જીવનસૂત્રે જ મહાન્ રસાયન શાસ્ત્રી નિવડી શકયો હતો.

(૨) ઉદ્યોગ અને આત્મબળ.

ઉદ્યોગ અને આત્મબળ વિના શ્રેયઃની ઈચ્છા એ આકાશ કુસુમવત્ છે. પ્રતાપસિંહ, શિવાજી, નેપોલીઅન, વેલીંગટન. આદિ જગતના મહાન નરોએ ઇતિહાસમાં બલ્કે જગતમાં મહાન

કીર્તિ નો વારસો સંપાદન કીધો એ શાથી? સતત્ ઉદ્યોગ અને આત્મબળ એ એમના જીવનનાં મહાન સૂત્રો હતાં. સુતેલો સિંહ શિકાર મેળવી શકતો નથી. સુખડનું લાકડું ઘસાયા વિના ખુશબો આપી શકતું નથી. તે પ્રમાણે સતત્ ઉદ્યોગ અને કાર્યપરાયણતા વિના કોઇપણ લક્ષ્ય સિદ્ધ થઇ શકતું નથી. અર્જુન જેવા મહાન બાણાવળીએ બાણવિદ્યા શીખવા માટે અથાક શ્રમ લીધો હતો. શ્રીકૃષ્ણે એમને શ્રીમદ્ભગવદ્ગીતા દ્વારા શું બોધ કીધો હતો ?

'**कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन**'।

ફક્ત કર્મ કરવામાંજ તારો અધિકાર છે; તેના ફળની આશા રાખવામાં નહિ. આત્મબળ વિના ગમે તેવું સહેલું કામ પણ સિદ્ધ કરી શકાતું નથી. અંગ્રેજીમાં એક સૂત્ર છે કે "*Heaven helps those who help themselves*" ઇશ્વર તેને જ સહાય કરે છે કે જે પોતાની જાતને મદદ કરે છે.

મહાન પુરૂષોના જીવનોમાં આ સૂત્ર એકદમ તરી આવે છે. જે પુરૂષને આત્મબળ ઉપર શ્રદ્ધા છે તેનામાં મનોબળ પણ પુષ્કળ હોય છે અને તેને પરિણામે દુર્લભ કાર્યો પણ તે સાધી શકે છે. અમેરિકાના સાહસિક યુવકો નાયગરાના (*Niagra*) ધોધના પાણીમાં વીશવીશ માઇલ તરવાની સાહસિક રમતમાં ઉતરી શકે છે તે કેવળ આત્મબળનું જ દૃષ્ટાંત છે. જો આત્મબળ ખોટું હોત તો કદિપણ કોલંબસ અમેરિકા શોધી કાઢવાને શકિતવાન્ થાત નહિં. આત્મબળથી રચેલું મનોરાજ્ય ચિરસ્થાયી નીવડે છે. એકાદ વૃક્ષના મૂળીયાં કાપી નાંખવાથી તેને મોટા વંટોળીયા સ્હામે ટકી રહેવાની શકિત રહેતી નથી; તેમ આત્મબળનો ટેકો—મૂળીયાં કાપી નાંખવામાં આવે તો કવચિત્ વંટોળીઆ રૂપ વિપત્તિ પડતાં તેનું ઉચ્છેદન થઇ જશે. આ વાતની ઇતિહાસ પણ સાક્ષી પુરે છે. અઢારમી સદીમાં જયારે ઇંગ્લંડ પરદેશી વિગ્રહો વિગેરે અનેક કારણોને લીધે મ્હોટી આફતમાં હતું તે સમયે મહા પરાક્રમી પીટ (*Pitt*) અનન્ત આત્મશ્રદ્ધાથી કહ્યું કે "હું ઇંગ્લંડને બચાવીશ-

અને હું જાણું છું કે મ્હારા સિવાય તે કોઈ બચાવી શકશે નહિ!" અને પોતાનો બોલ ખરો પાડી તેણે પોતાના દેશને કીર્તિ વિજય તેમ સંપત્તિનાં ઉંચ શીખરે ચઢાવ્યો.

(૩) વિવેકબુદ્ધિ અને કાર્યદક્ષતા.

વિવેકબુદ્ધિની ખીલવટ કાર્યદક્ષતા છે. વીરોનાં જીવનસૂત્રોમાં આ ગુણ મણકા રૂપ છે. કેવળ એક જ તરફની સ્વાર્થબુદ્ધિ કે જડતાથી મનુષ્યત્વનો ખરો ઉપયોગ થઈ શકતો નથી. જ્યારે માણસ ખરૂંખોટું પારખી શકે છે, ત્યારે જ તે નેતા થવાને યોગ્ય ગણાય છે. निरस्तपादपे देशे एरंडोऽपि द्रुमायते । એ પ્રમાણે ગણના થવાથી-બલ્કે કેવળ મ્હોટા કહેવાડવાની ઈચ્છાથી મ્હોટા થઈ શકાતું નથી. દિવો જ્યારે પ્રગટે છે કે તુરત પતંગીઆં આપોઆપ પાસે આવી સ્વાર્થભોગ-જીવનભોગ આપવા તૈયાર થાય છે. જ્યારે વિવેકબુદ્ધિ કેળવાય છે ત્યારે અજ્ઞાનતિમિરનો પડદો ઉઘડી જઈ ખ્હોળા જ્ઞાનનો અંબાર નજર સમીપ ખડો થઈ જાય છે. કાર્યદક્ષતા એ ઉન્નતિનું પગથીઉં છે. આપણે જ્યારે વખતની કીંમત આંકતાં શીખીએ છીએ ત્યારે જ કાર્યનિપુણતા પ્રાપ્ત થાય છે. અમેરિકાના પ્રેસીડંટ વિષે કહેવાય છે કે એક વાર જ્યારે તેનો સેક્રેટરી ઑફિસમાં મોડો આવ્યો ત્યારે તેણે પ્રશ્ન કર્યો કે, " આજ મોડું કેમ થયું ?" સેક્રેટરીએ તુરત પ્રત્યુત્તર વાળ્યો કે, " સાહેબ ! મારૂં ઘડીઆળ જરા મોડું હતું." તુરત જ વૉશીંગ્ટને જવાબ વાળ્યો કે, " કાં તો ઘડીઆળ નવું ખરીદો કે મને નવો સેક્રેટરી આણવા દો ! " આ વાદવિવાદ શું સૂચવે છે ? વૉશીંગ્ટનને વખત નકામો ગુમાવવો એ એક જાતનું પાપ કરવા બરાબર હતું.

(૪) આનંદવૃત્તિ, સાત્વિકતા અને ઉદ્યોગ.

આ ગુણો મ્હોટા પુરૂષના લક્ષણોમાં પ્રધાનપક્ષે જોવામાં આવે છે. આનંદવૃત્તિ જેટલી શારીરિક સંપત્તિમાં ઉપયોગી છે. તેટલી જ સ્હામાને આકર્ષવામાં ઉપયોગી છે. અધિક દુઃખમાં પડેલાં ક્ષુદ્ર માનવીઓ આને જ પરિણામે પૂર્ણ શાન્તિ ભોગવી શકે છે; ઈશ્વરને દોષ ન દેતાં તેઓ કેવળ દુઃખ સહન કરવામાં મરદાઈ

સમજે છે. ઘરમાં હો કે વનમાં પરંતુ આવી વૃત્તિવાળાને સર્વત્ર સુખ દેખાય છે; પોતાના અડગ નિશ્ચયો પાર પાડવામાં ગમે તેટલી વિપત્તિઓ આવી પડે તેને તેઓ તુચ્છકારી કાઢી આનંદમાં રહે છે. સાત્ત્વિકતા એ આનંદવૃત્તિનું જ ફળ છે. જ્યાં મનમાં ક્ષોભ કે લાલસાઓના ધુંધવાટ હોય છે ત્યાં આનંદવૃત્તિ નાશ પામે છે અને સાત્ત્વિકતાને બદલે અધમતા જ ઉદ્ભવે છે. સાત્ત્વિકતા જીવનનો પ્રણવમંત્ર છે; કારણ કે કામક્રોધાદિ ષડ્રિપુઓનો નાશ થતાં જ સાત્ત્વિકતા આવે છે. બ્હારનો આડંબર અને મિથ્યાભિમાનપણું એ સાત્વિક જીવન આગળ કેવળ ભુખે મરતાં ભિખારીની માફક ટળવળે છે. "*Plain living and high thinking*" સાદું-સાત્ત્વિક જીવન અને ઉન્નત વિચારો આત્મશ્રેયઃનાં પગથીઆં રૂપ છે. તોછડાઈ અને લોભવૃત્તિ ક્ષુલ્લક છે. આત્મભોગની સબળ ઈચ્છા, કર્ત્તવ્યપરાયણ થઇ સાત્ત્વિક જીવનના જાપ જપવાથી ઉદ્ભવે છે. સાદાં અને પવિત્ર જીવનોથી પ્રાચીન ભારતે ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરી શકયાં હતાં. સાદાઈ અને કર્ત્તવ્ય પરાયણતા એ આદર્શભૂત જીવનના મહાન મંત્રો છે. કર્ત્તવ્યથી વિમુખ થતાં વાર જ વિપત્તિનાં ઘોર વાદળો પાસે આવી ખડાં રહે છે. શ્રીમદ્ ભગવત્ગીતાનો કુલ સાર 'કર્ત્તવ્ય' શબ્દમાં સમાએલો છે. આખા યુરોપને ધ્રુજાવનાર નેપોલિઅન બોનાપાર્ટ જેવા નરવીરને હરાવનાર નેલ્સનના મુખમાંથી રણસંગ્રામમાં ઉતરતી વખતે શા શબ્દો નિસ્સર્યા હતા? "*England expects every man to do his duty,*" ઈંગ્લંડ દરેક મનુષ્ય પોતાનું કર્તવ્ય સાધે એમ ઇચ્છે છે!! આ જ શબ્દો વડે તેના યોદ્ધાઓ ઉશ્કેરાયા અને નવીન પ્રેમરસ-દેશવાત્સલ્યતાનાં સ્ફુરણો તેમનામાં સ્ફુર્યા! વળી એ મહાન્ નરના મરણ વખતના પણ શા શબ્દો હતા? "Thank God I have done my duty." ઈશ્વરનો હું આભારી છું કારણ કે મેં મારી ફરજ અદા કરી છે! આ શબ્દો કોની રગેરમાં ઉતરી અસર ન કરે? જ્યારે આપણે પૂર્ણ કર્ત્તવ્યપરાયણ થઈએ ત્યારે જ ભગીરથ કામો પાર પાડવામાં

આપણે સાધન રૂપ બની શકીએ. જે વખતે અર્જુન ઝાડપર બેઠેલા એક પક્ષીને વીંધવાની તૈયારીમાં હતો ત્યારે તેના ગુરૂએ પ્રશ્ન કર્યો કે, "હે અર્જુન તું શું જુએ છે ?" મહાન્ બાણાવળી અર્જુન બોલ્યો કે, "હું માત્ર પક્ષીના માથાના ઉપલા ભાગને જ જોઉં છું." ત્યારે ગુરૂએ પ્રસન્ન વદને કહ્યું કે, "હવે તારૂં શર છોડ." આ શબ્દો નીકળતાં જ અર્જુને તે લક્ષ્ય વીંધ્યું !! વળી ટીટ્ટીભ જેવું એક ક્ષુદ્ર પક્ષી સમુદ્ર પાસેથી પોતાનાં ઇંડાં શી રીતે પાછાં મેળવી શકયું ? માત્ર તેના સતત પ્રયાસ તથા અડગ નિશ્ચયથી. આરંભેલાં કાર્યમાં સહસ્ર વિઘ્નો આવી પડતાં મ્હોટા પુરૂષો તેને ત્યજી દેતા નથી. સહસ્રાંશુને કપડાવતી ઢાંકવાથી શું તે ઢંકાઈ શકાય છે ? માટે જ આનંદવૃત્તિ સાત્વિકતા અને ઉદ્યોગ એ વીર જીવનના મહાન મંત્રો છે.

હવે આપણે ઉપલી વાત દઢીભૂત કરવા માટે એકાદ બે ઉદાહરણો લઈશું. સદ્ગત સાક્ષરરત્ન ગોવર્ધનરામ વિષે એમના જીવનકથાકાર લખે છે કે, "એમની શાંતિ જયોર્જ વૉશિંગ્ટનના જેવી હતી !"

ક્રાઇસ્ટે કેટલાં અગાધ દુઃખો સહન કર્યાં પરંતુ શું તેણે આનંદવૃત્તિ ખોઈ હતી ? સૉક્રેટીસ પોતાને માટે ઝેરનો પ્યાલો લાવનાર તરફ પણ કેવી આનંદવૃત્તિથી વર્તન કરતો હતો ! ખરા મહાન પુરૂષો વિપત્તિને ઈશ્વરની મરજી 'Divine Will' ગણી વધાવી લે છે. સુખડનું લાકડું ચગદાતાં છતાં પણ શું પોતાનો ખુશબો આપવાનો ગુણ ત્યજે છે ?

લ્યુકાસ્ટાને, યુદ્ધ કરવા જતી વખતે તેનો પતિ નીચેની પંક્તિમાં સદ્બોધ આપે છે કેઃ—

"I Could not love thee, Dear, so much,
"Loved I not Honour more."

Richard Lovelace.

હવે આપણે જોઈશું કે મનુષ્ય મહાન કયારે થઈ શકે? આ પ્રશ્નનો પ્રત્યુત્તર નીચેની પંક્તિથી ઝટ વાળી શકાશે છે: ગુણાः पूजास्थानं गुणिषु न च लिङ्गं न च वयः। આ સંસ્કૃત પંક્તિ ખરેખર યથાર્થ છે. કારણ કે વય જો પૂજનીય થવામાં કારણભૂત હોત તો પાંચ વર્ષના શુકદેવજીને સભામાં માન મળત નહિ; નાના સરખા કુમળા બાળક અભિમન્યુની મહાન્ યોદ્ધામાં ગણત્રી થાત નહિ. નરસિંહ મહેતા જેવા અંત્યજ સાથે ભકિત કરનાર, પ્રભુના ઈષ્ટ માટે લાયક થઈ શકત નહિ. એકસો વર્ષનું ઓક (*Oak*) ઝાડ ગુલાબના નાજુકડા છોડ કરતાં વિશેષ રમણીય લાગતું નથી એનું કારણ માત્ર એટલું જ કે ગુલાબની મીઠાશ, માધુર્ય, તથા તેનું સૌંદર્ય ઓક (*Oak*) ઝાડમાં નથી. અને તેથી જ એ અતીવ પસંદ કરવા યોગ્ય મોહક નથી. એક ન્હાનું બાળક સ્વાભાવિક રીતે જ વયોવૃદ્ધ પુરૂષ કરતાં સારૂ–મોહક લાગે છે. તેનું કારણ માત્ર એટલું જ કે બાળકમાં ખીલતું યૌવન તથા નિર્દોષપણું (*innocence*) ઝળકે છે. પતંગીઆઓને દીપક ભક્ષક છતાં પણ મોહક લાગે છે તેનું કારણ માત્ર એટલું જ કે દીપકમાં આલ્હાદજનક જયોત્ રહેલી છે. કમળ ઉપર ભ્રમરો ગુંજે છે કારણ કે કમળની મીઠાશ તેને આકર્ષે છે. કૌમુદિની પ્રિય લાગે છે કારણ કે ચંદ્રની સુધા તેપર વર્ષે છે. તે જ પ્રમાણે ન્હાનપણમાં પણ જેમાં ઝળકાટ ઝળહળે છે તેવા દુર્લભ પુરૂષોનાં જીવનો રસમય બને છે. પછી તે પુરૂષ કે સ્ત્રી ક્ષુદ્ર દેહમાં જન્મ્યાં હોય કે ઉચ્ચ કુટુંબમાં જન્મ્યાં હોય. શ્રીકૃષ્ણની બાળલીલા ગોપીકાઓને પ્રિય હતી, કારણ કે તેઓએ તેમાં રહેલી દીવ્ય પ્રભા નિહાળી હતી. અને તેથી જ તેઓ એનાં જીવનમાં લીન થવામાં, બળિદાન આપવામાં તત્પર રહી હતી. શ્રીમદ્ જગદ્ગુરૂ શંકરાચાર્ય ૨૪ વર્ષની કુમળી વયમાં લગભગ આખા હિન્દુસ્તાનમાં બૌદ્ધધર્મ ઉખેડી શંકરમત પ્રવર્તાવી શકયા તેનું કારણ માત્ર તેમનું અગાધ જ્ઞાન હતું. વય સાથે જ્ઞાન વધે છે એ ખરૂ છે, પરંતુ હંમેશ એમ બનવું જ જોઈએ અથવા ન્હાની વયનો મા-

ણુસ ઉચ્ચ જ્ઞાન ન ધરાવી શકે એ એક ભૂલભરેલી માન્યતા છે. આની પૂર્તિમાં એક અંગ્રેજ કવિની નિચેની પંકિતઓ સાક્ષી પૂરે છે કે:

" In small proportions we great beauties see;
" And in short measures life may perfect be."

શું આ યથાર્થ નથી? જેટલે અંશે એ સિદ્ધ છે તેટલેજ અંશે એ માનનીય પણ હોવું જ જોઇએ. સદ્દ્ગત સાક્ષરશ્રી ગોવર્ધનરામ પણ પોતાના એક કાવ્યમાં કથે છે કે:—

'મ્હોટાં ન્હાનાં વધુ મ્હોટામાં, તો ન્હાનાં પણ મ્હોટાં!
વ્યોમદીપ રવિ નભબિન્દુ, તો ઘરદીવડાં નહી ખોટાં!'

પ્રિય વાંચક! હવે આપણે અંગ્રેજ કવિ કાર્લાઇલ (*Carlyle*) નાં વચનો સાંભળીએ, અને તે કેટલે દરજ્જે યથાર્થ છે તે તપાસીએ. એના એક ગ્રંથમાં એ લખે છે કે:—

"One comfort is that great men taken up in any way are profitable company. We can not look, however imperfectly, upon a great man without gaining something by it..........On any terms whatsoever you will not grudge to wander in his neighbourhood for a while"

"એટલું તો સુખકર છે કે મહાન પુરૂષોનાં જીવનચરિત્રો ગમે તે દ્રષ્ટિથી નિહાળતાં લાભદાયક મૈત્રિ છે, ગમે તેમ અધુરાં નિહાળતાં પણ તેમનાં જીવન ચરિત્રમાંથી કંઈને કંઈ જાણવાનું તો મળે જ છે. એમનાં જીવનના સહવાસથી કોઈ પણ રીતે તમને એમની પાસે રહેવા માટે પશ્ચાત્તાપ થશે નહિ."

"The example of good and great man is like the light-house; it not only warns, but directs; not only indicates the rock, but guides into port. No sermon can be eloquent as an heroic life."

આદર્શભૂત જીવનોની દીવ્ય અસર છુપી રીતે પ્રસરે છે. વીરોનાં જીવનતંત્રો આપણે ક્ષણભર જીંદગીમાં કેમ વર્તવું તે શીખવે છે. શ્રીરામચંદ્ર તથા હરિશ્ચંદ્રનાં જીવનચરિત્રો

હજી પ્રકાશે છે તેનું શું કારણ? કારણ કે તેઓએ પોતે દાખલારૂપ બની જગતને અડગ નિશ્ચય તથા સત્ય શીખવ્યાં હતાં. અથાક વિપત્તિનાં વાદળો ફેડીની તેઓએ કેવી રીતે પોતાનું જીવન ઉત્તમ–આદર્શરૂપ બનાવ્યું તે આપણને તેમની પાસેથી શીખવાનું મળે છે. એક રાજકીય વ્યક્તિ તરીકે, તેમ જ સંસારી મનુષ્ય તરીકે તેમનાં જીવનો કેવાં પ્રકારનાં હતાં એ જાણતાં આપણા મગજ ઉપર કેવી ઉંડી સચોટ છાપ પડે છે! વળી મહાન પુરૂષોના નિશ્ચયો કદી ખોટા પડતા નથી અને એ નિશ્ચયો પાર પાડવામાં ગમે તેટલાં વિઘ્નો આવી પડે તો પણ ભર્તૃહરિ કહે છે તેમ:—

विघ्नैः पुनः पुनरपि प्रतिहन्यमानाः ।
प्रारब्धमुत्तमजना न परित्यजन्ति ॥

શ્રીમદ્ ભગવદ્ગીતાના ત્રીજા અધ્યાયના આઠમાં શ્લોકમાં શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે:

नियतं कुरु कर्म त्वं कर्म ज्यायो ह्यकर्मणः ।
शरीरयात्रापि च ते न प्रसिध्येदकर्मणः ॥

આ પ્રમાણે સતત પ્રયાસમાં મંડ્યા રહેવાથી મનુષ્યો મહાન્ થઈ શકે છે. વીરોનાં પ્રેમાળ હૃદયને લીધે જનસમાજ કુદરતી રીતે જ તેઓના પ્રતિ લોહચુંબક આગળ સોયની માફક આકર્ષાય છે.

છેવટમાં "આદર્શભૂત વીરજીવનનું" પ્રણવસૂત્ર "પુરૂષત્વ" છે:

पौरुषाद्दृश्यते सिद्धिः पौरुषाद्धीमतां क्रमः ।
दैवमाश्वासना मात्रं दुःखं पेलवबुद्धिषु ॥

આ પ્રમાણે જ્યારે મનુષ્ય કર્ત્તવ્યપરાયણ થઈ જીવન વ્યતીત કરે છે, ત્યારે જ તે ઍમર્સન (Emerson) કહે છે તેમ "*Life is Ecstacy*" જીંદગી આનંદપૂર્ણ છે એમ અનુભવી શકે છે. જીવનપ્રવાહમાં સર્વત્ર આનંદ વ્યાપ્ત થએલો જોતાં પ્રેમથી તેનું હૃદય દ્રવે છે અને છેવટે વિભુનું આત્મસ્વરૂપ "*God is Love*" 'ઈશ્વર પ્રેમ છે' એ સાક્ષાત્કાર કરી શકે છે.

વીર અને વીર પૂજા.

પ્રકરણ પહેલું.

वीर चारित्र्यो.

Heroes of the world and their characteristics.

" જનની જણ તો ભક્ત જણ કાં દાતા કાં શૂર;
નહિ તો રહેજે વાંઝણી, રખે ગુમાવે નૂર."

પ્રગતિના આ જમાનામાં જીવન ઉન્નત કેમ બનાવવું, શ્રેયસ કેવી રીતે સાધવું, ઉત્ક્રાંતિનાં શિખર ઉપર શી રીતે ટુંક સમયમાં પહોંચવું, એવા અનેક પ્રશ્નો ચર્ચાઇ રહ્યા છે. આવા પ્રશ્નો જ્યારે આપણી સમીપ ઉભા છે ત્યારે આપણાં હૃદયને અનેક જાતની મુંઝવણ થાય છે; અને આવી મુંઝવણોમાંથી છુટવાને અનેક પ્રયત્નો કરવામાં આવે છે. પછી ભલે આ પ્રયત્નો અમુક વ્યક્તિ માટે હોય, પ્રજા માટે હોય, કે સમસ્ત દુનિયા માટે હોય. જ્યારે કોઇએક માણસ આવા વિકટ પ્રસંગોમાંથી તરી પાર ઉતરી જઈ, સ્વાર્પણ કરી, પરમાર્થનો ઝુંડો ઉપાડી વિજયધ્વજ રોપે છે ત્યારે તે માણસે પોતાના આત્માને ઉન્નત દશાએ પહોંચાડયો એમ કહેવાય છે. પછી ભલે ને આવો માણસ ગમે તેવા કુટુંબમાં જન્મ્યો હોય, ગમે તેવી ગરીબાઇમાં ઉછર્યો હોય. આવી વ્યક્તિ 'વીર' તરીકે લેખાઈ શકે છે. તેને જ શ્રીમદ્ભગવદ્ગીતામાં 'નિષ્કામ કર્મયોગી લેખ્યો છે.' માટે 'વીર' એક' કર્મયોગી' છે. ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણ અર્જુનને સદ્બોધે છે કે ' तस्माद्योगी भवार्जुन । આ સૂત્રનું રહસ્ય ધ્યાનમાં લેતાં માલૂમ પડશે કે કર્મયોગી–વીર એક મહાન્ વ્યક્તિ (*Individual*) છે.

શ્રીકૃષ્ણનાં પુનિત પગલાંથી પવિત્ર થએલા ભારતવર્ષમાં ભીષ્મ, અર્જુનથી માંડી અનેક વીરોએ ભારત ઉજાળ્યો છે, અને ભવિષ્યમાં અનેક ઉજાળશે. હાલમાં ફકત આંગળીનાં વેઢા પર ગણાય એટલા જ વીરની પંકિતમાં આવી શકે છે; તેનું કારણ માત્ર સ્વાર્થ–પરાયણતા છે. ખરે! સ્વાર્થ છોડી પરમાર્થ સાધવો એ ઘણું દુર્ઘટ છે! કયાં છે ભીષ્મ જેવાઓ પિતાના સુખને માટે લગ્નને તિલાંજલિ આપનારાઓ? કયાં છે હાલ અર્જુન જેવા બાણાવળીઓ? નથી હાલ પ્રતાપસિંહ આદિ જયરંગી કેસરીયાં કરનારાઓ, તો નથી હાલ તે શૂર શિવાજી જેવા ભારતવર્ષના ઉદ્ધાર માટે 'યા હોમ' જગવનારાઓ. નથી આપણામાં પૂર્ણ શૌર્ય તો નથી તે શૌર્યની પ્રશંસા કરવાની શક્તિ!

વીર કોણ હોઈ શકે? એનો પ્રત્યુત્તર આપવો જો કે કઠિણ છે તોપણ અમુક વ્યક્તિને વીરની પંક્તિમાં શી રીતે મુકી શકાય તે જણાવવું સહેલ છે. આર્યાવર્તનો ઇતિહાસ તપાસતાં શ્રીરામચંદ્ર, શ્રીકૃષ્ણ, ભીષ્મ, અર્જુન, પ્રતાપસિંહ, શિવાજી, નાનાફડનવીસ વિગેરે નરરત્નોનાં પુણ્યવંતા નામો શૌર્યપ્રતિભાથી પ્રકાશતાં નજરે પડે છે; અને અર્વાચીન હિંદમાં હિંદના દાદા દાદાભાઈ, ડૉ. ટાગોર, ડૉ. જગદીશચંદ્ર બોઝ, કર્મવીર ગાંધી, શ્રીયુત્ ગોખલે, લો. મા. ટીળક વિગેરે નરરત્નો પોતાનાં ઉદાત્ત સ્વદેશાભિમાની જીવનવડે આકર્ષાય છે. આ મહાન નરત્નોનાં જીવનચરિતો તપાસતાં ઘણું ઘણું શીખવાનું મળે છે. એ મહાન પુરૂષોની દેશ વાત્સલ્યતા 'जननी जन्मभूमिश्च स्वर्गादपि गरियसी' પ્રણયસૂત્રમાં કોતરાયલી માલૂમ પડે છે. દેશોદ્ધાર માટેના વિજયનાદ 'યા હોમ કરીને પડો ફતેહ છે આગે' તથા એમણે કરેલા મહાન કર્મયજ્ઞો કયા આર્યને ક્ષણભર આશ્ચર્યમાં ન ડુબાડે? એમના વિશ્વવંદનીય ગુણો કયા છે તે તપાસવા જતાં માલૂમ પડશે કે તેમનામાં શૌર્ય, સાધુતા, પારમાર્થિક વૃત્તિ, દેશોદ્ધારની લાગણી, રગેરગમાં પ્રસરી રહેલાં છે. તેથી જ્યારે તેઓ અનેક આપત્તિવિપત્તિઓની ભેખડમાં અથડાય છે ત્યારે ભૂખતરસ જેવી ક્ષુલ્લક વૃત્તિઓને તેઓ વશ

ન થતાં કંઇક જુદા જ આનંદમાં વિહરતા માલૂમ પડેછે. શ્રીકૃષ્ણનો અર્જુનનો વિષાદ ટાળવાનો અર્થપ્રદ ગંભીર રહસ્યોથી ભરપુર સદ્બોધ, અર્જુનનું પાણીપતની ભૂમિપરનું મહાન્ યુદ્ધ અને તેમાં તેણે દાખવેલાં અડગ ધૈર્ય તથા પરાક્રમ, ભીષ્મની ભીષ્મપ્રતિજ્ઞા, વિક્રમશાલિવાહનના શક, સિથિઅન યવનોનાં હુમલા સ્હામેના ઝુંબેશ, તે પૃથ્વિરાજનું ભૂમિને ડોલાયમાન કરતું પરાક્રમ, પ્રતાપ આદિનાં મોગલ ભ્રષ્ટાચાર સ્હામેનાં પ્રચંડ કેસરીયાં, શૂર શિવાજીનો ભારતોદ્ધારસૂચક ગોબ્રાહ્મણ પ્રતિપાલન જયઘોષ, નાનાફડનવિસનો મરાઠા કુસુંપ અટકાવવાનો શાંતિનાદ તથા મહારાણી વિકટોરીઆની ભારતની વિચિત્ર સ્થિતિ સમજી લઈ 'સંપ ત્યાં જંપ' ના ફળો ચખાડવાની કોશિષો શું આપણામાં તેમનાં પુણ્ય નામો સાંભળતાં નવું રક્ત ન વહેવડાવે ?


જો કોઈ વ્યક્તિ પરનાં શ્રેયસ્ માટે, પોતાનાં આત્માનું બલિદાન આપી-સ્વાર્પણ કરી શકે તો તે પોતાનાં આત્માને ઉન્નત દશાએ પહોંચાડ્યા વિના રહેશે નહિ. આને જ મહાન્ કર્મ-યજ્ઞ કહ્યો છે. પછી ભલેને આ યજ્ઞ દેશોદ્ધારની દિશામાં હોય કે ઉંચું સાહિત્ય ખીલવી, પ્રજા મનોરંજન કરી, સુંદરતા અને સાધુતાનાં દીપો પ્રગટાવી, અનેરો આનંદ અનુભવાડવામાં હોય; કે એક સાધારણ સિપાહી તરીકે યુદ્ધભૂમિપર આત્મબલિદાન આપવામાં હોય! પ્રસંગ આવતાં જે વિમુખ ન થતાં બલ્કે પાછી પાની ન કરતાં 'યુદ્ધમાં તન ક્ષત્રી ત્યજે, મરે ન મરદો ઘેર' સિદ્ધ કરી શકે છે તે ખરે વીર છે. ભલે એવી વ્યકિતઓનાં નામો ઈતિહાસપટપર કોતરવામાં ન આવે; પરંતુ, સમાજના સ્મરણ પટપર એમનાં પરાક્રમો ચિરંજીવ રહેશે. વીર શબ્દ આટલા બધા વિસ્તૃત અર્થવાળો હોવાથી, એક શબ્દથી (પારિભાષિક શબ્દથી) તેનું ભાન કરાવવું ઘણું મુશ્કેલ છે.

ઉત્તમ પ્રકારનો વીર કેવો હોઇ શકે તે આગળ ઉપર જણાવ્યું પરંતુ 'વીર ' શબ્દનો અર્થ કંઇક સંકોચીએ તો પારમાર્થિક

વૃત્તિવાળો માણસ (ગૃહસ્થ) પણ વીર છે. વીર એટલા માટે કે ગૃહસ્થ છતાં સન્યસ્ત દીક્ષા તે પાળે છે, જનસમૂહમાં છતાં એકાગ્રતા સાધી શકે છે; છેવટે કર્મવીર થઇ શકે છે. ડૉ. સર જગદીશ બાબુની કર્ત્તવ્યદીક્ષા પણ આવાજ પ્રકારની છે.

ડૉ. સર જગદીશચંદ્ર બોઝ એક મહાન્ વિજ્ઞાન શાસ્ત્રી છે; અને પોતાની શોધ ખોળથી આજ ભારત વર્ષ દીપાવે છે. એ એક મહાન્ દૃષ્ટા છે અને જડપદાર્થોમાં ' ચેતન ' જોઇ શકે છે. પ્રાચીન આર્ય મહર્ષિઓએ જોએલું 'વિશ્વ ચૈતન્ય' એમણે પોતાનાં પ્રયોગોથી સિદ્ધ કરી આપ્યું છે, એટલુંજ નહિ પરંતુ ભૌકિતક જીવનને પ્રેયઃ માનનારા અમેરિકાદિ દેશોને એ સત્ય સિદ્ધાંત સિદ્ધ કરી આપ્યો છે. આપણાં વેદાંતવાદ પ્રમાણે આ જગત સત્ય નથી પરંતુ એક મહાન્ ચૈતન્ય વિશ્વમાં વ્યાપેલું છે તેજ સત્ય છેઃ અને તે મહાન્ ચૈતન્ય તે 'જીવ' છે. આ સિદ્ધાંત જગદીશ બાબુ જીવનાં સ્વાભાવિક લક્ષણો લઇ તે લક્ષણો મનાતાં જડપદાર્થોમાં બતાવી આપે છે. અને વિકાસપણું, સંકોચ પણું, માદકતા, પોષણ આદિ શકતીઓ દ્વારા સ્પષ્ઠ બતાવી આપે છે કે જડતામાં અજડતા ગૌણ રહેલી છે.

જે વિદ્યા એમણે સંપાદન કરેલી છે તેનું એમને પૂર્ણ અભિમાન છે. અને સ્વદેશાભિમાનની તીવ્ર લાગણી એમનામાં દૃગ્ગોચર થાય છે. કલકત્તામાં એમનું વિજ્ઞાન મંદીર (An Institute of Science) હજારો યુવકોને સાયન્સ શીખવી રહ્યું છે; અને તેમાં એમણે પોતાની સર્વ મીલ્કતનો ભોગ આપ્યો છે. એ ઉપરાંત કહેવાય છે કે 'વાયરલેસ ટેલીગ્રાફી'ના પ્રથમ શોધક પણ એઓ હતા. અને યૂરોપીય દેશો જે એમની પૂર્ણ વિદ્વતા ન હતા સ્વીકારતા તે દેશોએ આજે કબૂલ કર્યું છે કે ડૉ. જગદીશચંદ્ર એક હિંદનાં મહાન્ વૈજ્ઞાનિક છે. વિદેશમાં જો એમણે ઓદ્ધો સ્વીકાર્યો હોત તો તેઓએ લાખો રૂપીઆ પેદા કર્યા હોત. પરંતુ એમણે સ્વાર્થને બાજુએ મુકયો, ઝળહળતો



વિશ્વવિખ્યાત વિજ્ઞાનશાસ્ત્રી જગદીશચંદ્ર બોસ.

સ્વદેશ પ્રેમ સ્વીકાર્યો અને પોતાની વિદ્યા સ્વદેશને અર્પણ કરી. આવા ભારત પુત્રની કર્ત્તવ્યદીક્ષા જોઇ કોની ચક્ષુમાં સ્નેહાશ્ર ન આવે! કોનું હૃદય આનંદથી ન છલકાય જાય!

'વીર પૂજા' એટલે મહાન્ પુરૂષોનાં ભારેમાં ભારે વખાણ. વીર–પૂજા માનની લાગણી જ ઉત્પન્ન કરે છે એટલું જ નથી; પરંતુ કોઇ મહાન્ વ્યક્તિને માટે નમન, દેહપતન આદિ સ્વાર્પણ યજ્ઞ શીખવે છે. આપણો જનસમાજ પણ વીરપૂજાનાં સૂત્રપર રચાયલો છે. જનસમાજમાં અમુક દરજ્જા તરફનો આદરભાવ જેનાં આધારપર આપણાં સંમેલનો બંધાયલા છે–તે સર્વ 'વીર સામ્રાજ્યસત્તા (*a Heroarchy Government of Heroes*)'પર જ છે. જ્યાં સુધી માણસ જાત આ પૃથ્વીપર રહેશે ત્યાં સુધી વીર-પૂજા પણ રહેવાની. કારણ કે પુષ્પો ખીલતાં ભ્રમરો ગુંજવાના જ. કશાને ન માનનારા ફ્રેંચો પણ વૉલ્ટરને આદરતા હતા-સત્કારતા હતા અને એની આસપાસ એક નવા જ પ્રકારની વીર–પૂજાની શરૂઆત થઇ હતી. જો કે આ એક મોટા ગૌરવવાળી પૂજા ન હતી. મહાભારતના નાયક શ્રીકૃષ્ણ માટે પણ એમ જ થયું હતું. તેમનાં તરફ આદરભાવની લાગણીની પ્રથમ શરૂઆત સાત્વત કુટુંબમાં થઈ; અને મહાભારતની લઢાઈ પછીથી થોડાક સમય વિત્યાબાદ કૃષ્ણ-વિષ્ણુ-ગોવિંદ ઇશ્વરાવતારી તરીકે પૂજાવા લાગ્યા એમ ડૉકટર ભાંડારકર પોતાનાં શૈવ અને વૈષ્ણવ (In Shaivism and Vishnuism) સંપ્રદાયનાં પુસ્તકમાં લખે છે. આ જનસમાજની તેમનાં તરફની મીઠી લાગણી વીર પૂજાનો એક અત્યુત્તમ દાખલો છે. શું વીરોને સત્કારતાં આપણે સત્કારાતાં નથી? તે જ પ્રમાણે નોર્વે જીઅનનો ઓડીન (Odin) વીર–પૂજાનો અત્યુત્તમ દાખલો છે એમ આંગ્લ તત્ત્વજ્ઞ કાર્લાઇલ માને છે.

આર્યવર્ત્તનો પુરાણો ઇતિહાસ તપાસતાં અનેક દેવાંશી વીરો દષ્ટિસમીપ ખડા થાય છે. તેમાંના મુખ્ય વેદનાં દષ્ટાઓ (Seers of the Vedas) છે. પ્રાચીન ઋષિમુનિઓએ કુદરતનાં બનાવો

નિહાળ્યા અને ભીષણુતાજનક તેમ જ સૌંદર્યવાળાં દશ્યો જોતાં, તેઓનાં મનમાં અનેક વિચારો ઉદ્દભવવા લાગ્યા. ઋગ્વેદસ્તોત્રો આ વિચારો કવિતામાં પ્રગટ કરે છે. " कस्य देवाय हविषा विधेम" । આદિ વચનો ઋષિઓનો કુદરતનેતા દેવો પ્રતિનો નૈસર્ગિક પ્રેમ સૂચવે છે. જેમ એક દીપ તરફ જોઈ એક છોકરૂં તેને પોતાનાં હાથમાં લેવા પ્રેરાય છે તેમ આ દૃષ્ટાઓ દુનિઆમાં અનેક સૌંદર્યથી ભરેલાં દૃશ્યો જોઇ તેમને હંમેશ પોતાનાં બનાવવા તરફ પ્રેરાયા. સુપ્રસિદ્ધ તત્ત્વજ્ઞ પ્લેટો (Plato) કહે છે તેમ " જો કોઇ માણુસને અંધારામાં ઉછેરવામાં આવ્યો હોય અને જો તે એકદમ સૂર્ય જુએ અને તે જોતાં તેને જે તાજુબી ઉપજે, પ્રકાશ તરફ જે મોહ ઉત્પન્ન થાય તેવો નૈસર્ગિક પ્રેમ કુદરતી દૃશ્યો જોતાં પ્રાચીન કવિઓને થયો. " અને તેથી જ કાર્લાઇલના અભિપ્રાય પ્રમાણે પ્લેટોને માણસ પ્રથમ એક છોકરા જેવો, પહેલ વહેલો પેગન વિચારકોમાં દૃષ્ટિગોચર થાય છે.

માણુસ અદ્દભૂત ચીજોમાંની એક અદ્દભૂત ચીજ છે. પ્રભુની કોઈએક ન કળી શકાય એવી એ એક ચીજ છે. આપણે આપણી જાતને ઓળખી શકતા નથી. આપણે પોતાને વિષે કેવી રીતે બોલવું તે પણ જાણુતાં નથી. પરંતુ આપણે ફક્ત અમુક વિચારી—અનુભવી શકીએ છીએ.

આવાં સત્યો પ્રાચીન મહર્ષિઓએ અનુભવ્યાં હતાં; અને તેથી જ તેઓ તારાગણો, સૂર્ય, ચંદ્ર, ઋતુઓ અને નદી, પર્વત આદિઓને દેવ તરીકે સાક્ષાત્કાર કરી પૂજવા લાગ્યાં–અને આવી રીતે પ્રથમ પૂજાની શરૂઆત થઈ. તેથી વીરપૂજા દરેક જાતની સ્તુતિનાં પગથીઆરૂપ પહેલી વસ્તુ છે. જ્યારે એક નાનકડા તારલા પર આટલો બધો ઉંડો વિચાર (Deep philosophy) ઉદ્દભવી શકે છે ત્યારે તેનાં અનુભવડાવનારપર આપણે કેટલો બધો સત્પ્રેમ દર્શાવવો જોઇએ ?

'રામબાણ' જેવાં વિશેષણો શું સૂચવે છે? એ જ પ્રમાણે સ્પેનીઅર્ડો પણ જ્યારે કોઇ સુંદર પુષ્પ અથવા સુંદર સ્ત્રી જોતાં આકર્ષાતા ત્યારે તેને લોપ ફુલ (*Lope Flower*) અથવા લોપ સ્ત્રી (*Lcpe dama*) કહેતાં. એડમ સ્મીથ (Adam Smith) પોતાના ભાષા ઉપરના નિબંધમાં (Essay on Language) લખે છે કે સઘળાં વિશેષણો આ પ્રમાણે કોઇક ચીજનાં અત્યુત્તમતાનાં ગુણથી ઉદ્ભવવા પામ્યા છે. સ્કેન્ડેનેવીઅનનો ઑડીન પણ એક મહાન્ વિચારક હોઇ, વખત જતાં શ્રેષ્ઠ સત્તાધીશ અને દેવાંશી લેખાયો. તેની આસપાસ સૌંદર્યસૃષ્ટિ ભાસવા લાગી. અને જ્યારે તે આ પ્રમાણે અનુભવતો હતો ત્યારે તે પોતાના વિષે શું ધારતો હતો? તેણે સઘળાં માણસોને જવાબ આપ્યો કે 'Wuotan!' ઓડીનની રૂન્સ (Odin's Runes) એ તેની એક શોધેલી વિચિત્ર ચીજ છે. એ ચમત્કારિક અક્ષરો સ્કેન્ડેનેવેનીઅનોની બારાખડી બને છે. રૂન્સ બારાખડીનું લખાણ નોર્સ લોકોમાં એક ખાસ શોધ છે. વળી સ્નોરો (Snoro) કહે છે કે ઓડીને (Odin) કવિતા પણ શોધી હતી. જ્યારે પ્રજા એક બાળક સ્થિતિમાં હતી ત્યારે અદ્ભુતતા અને આશા ઓપતાં હતાં. ઓડીન કવિ હતો. કવિ એટલા માટે કે તે એક ભવિષ્ય ભાખનાર મહાન વિચારક હોઈ શોધક હતો. આ મહાન પુરૂષોનાં ખાસ ગુણો છે અને આ ગુણો માર્ગદર્શક છે.

આંગ્લ કવિ અને સુપ્રસિદ્ધ લેખક કાર્લાઇલે વીર શબ્દ વિસ્તૃત અર્થમાં લઇ, પોતાના 'હીરોઝ એન્ડ હીરોવર્શીપ' (Heroes and Hero worship) પુસ્તકમાં વીરોને જુદાં જુદાં દૃષ્ટિબિંદુઓથી નિહાળ્યાં છે. જેવાકેઃ- ધર્મવીર, ભવિષ્ય ભાખનાર વીર, કવિવીર, સત્યવીર. રાજવીર અને હિંદુશાસ્ત્ર પ્રમાણે કર્મવીર ગણીશકાય.

પોતાનાં અકલિત વિશ્વસાથેનાં ખાસ સંબંધો, અને કર્ત્તવ્યો, પોતાનું ભવિષ્ય-અને પોતાના વિષેની ખાસ બાબતો જેને લીધે

તે બાકીની વસ્તુઓ જાણી શકે છે–તે ધર્મ છે. ટુંકમાં ધર્મ એટલે ‘ ભાવ–ગમ્ય ’ ‘ સંબંધ.’ આ અદષ્ટ ભાવગમ્ય સંબંધને લઇને આપણાં બાહ્ય અને આંતરિક પ્રસંગો નિશ્ચિત કરી શકાય છે, અને તેથી ધર્મ-વીર ‘ દેવાંશીવીર ’ વીરનો એક જુનામાં જુનો પ્રકાર છે.

વીર સઘળી બાબતથી તપાસતાં વીર માલુમ પડે છે. આત્માની અને વિચારની પરાકાષ્ઠાએ તે પહોંચેલો હોવો જ જોઇએ. હજી પણ અંગ્રેજ પ્રજાનો વેડ્નસડે–Wednesday–બુધવાર ઓડીનના નામ ઉપરથી પ્રચલિત છે. ખરે ! મહાન્ વ્યકિત જીવન ફોગટ ગુજારતી જ નથી. દુનિઆનો ઇતિહાસ મહાન પુરૂષોનાં જીવન ચરિતો છે. મનુષ્યની માણસાઈ–મરદાઈ વીરનું એક જીવન તત્ત્વ છે. નિખાલસપણું એ બીજું તત્ત્વ છે. જ્યારે કોઈ પ્રજા પોતાના ચક્ષૂ અને હૃદયવડે કુદરત નિહાળે છે ત્યારે જ તે ખરી પૂજા આદરી શકે છે. ખરો સિદ્ધાંત તો એ છે કે દરેક પ્રસંગે આપણે સત્યનિષ્ટ રહેવું.

૧. પેગંબર વીર.

ભરતખંડમાં પેગંબર વીરો પોતાના ઉજવલ ચારિત્રોથી હંમેશ દેદીપ્યમાન છે. સઘળી જાતના ધર્મનેતાઓ પ્રજાનાં ભવિષ્ય ભાખનાર છે. શ્રીકૃષ્ણ, બુદ્ધ. શંકર, રામાનુજ, નાનક વિગેરે ધર્મધુરંધરોએ તથા તત્ત્વજ્ઞોએ ભરતખંડનું ભવિષ્ય ભાખ્યું છે. સઘળા મતમતાંતરોના પ્રવર્તકો, સુધારકો તથા પ્રજાજનના ધાર્મિક અગ્રેસરો વધતાઓછા પ્રમાણમાં ભવિષ્ય જોનાર હોય છે. આવા જ કારણોને લીધે તેઓ પેગંબર તરીકે પૂજાય છે.

‘ દરેક મનુષ્યનું ભાવિ તેના પોતાનાં હાથમાં છે, ’ એવું એક અનુભવસિદ્ધ વાકય છે. પરંતુ અમુક પ્રજાજનનું ભાવિ, વર્તમાન સમીપ યથાસ્થિત ખડું કરી તદ્રૂપ બતલાવવું એ પેગંબર વીરની ખરી ખુબી તથા મ્હોટાઈ સમજવી ! આને જ તેમની

સમાજસેવા કહી શકાય. આપણી પ્રજા ત્યારે જ જ્વલંત કારકીર્દિવાળી થશે કે જ્યારે આપણાં વાહકો સત્ય સંપૂર્ણપણે જોશે. ધર્મનો ઝુંડો ખરેખર સત્યનો ઝુંડો છે. મુસલમાન પેગંબર વીર મહમદે આરબ પ્રજાનું ભવિષ્ય ભાખ્યું હતું; અને એને જ પરિણામે એણે પ્રજાને નવું ચેતન આપ્યું; અને મુસલમાનની એક મોટી પ્રજા બનાવી.

૨. કવિ વીર.

વાલ્મીકિ, વ્યાસ:, ડૉ. સર રબિન્દ્રનાથ ટાગોર. તોરૂ વિગેરે.

વીર જમાનાનાં જમાનાનો (*Of age*) શિક્ષક છે. મહાન્ પુરૂષ, વીર, ભવિષ્યવેત્તા, અથવા કવિ તરીકે લેખાય છે. કવિ એટલે ડાહ્યો પુરૂષ (*Wise man*). આ ત્રણ એનાં જુદાં જુદાં નામો છે. તે જ કવિ વીર રસમય કવિતા ઉત્તમ બનાવી શકે કે જે પોતે એક વીર હોય. કવિ ચંદ બારોટનું નામ અદ્યાપિ પર્યંત સોનેરી અક્ષરે ઇતિહાસપટ પર જ્વલંત કોતરાઈ રહેલું છે તેનું કારણ તેની કવિતાનો વીરધ્વનિ. કવિ ચંદની કવિતાની એક પંક્તિ સાંભળતાં રજપૂતવીરનું રકત ઉન્હું થઈ જઈ, રગેરગમાં ક્રોધાગ્નિ–શત્રુદાવાગ્નિ પ્રગટાવતું ! ધન્ય છે તે કવિ ચંદ બારોટને ! !

વળી તે ઉપરાંત કવિ એક પ્રથમ પંક્તિનો વ્યવહાર કુશળ, મહાન્ વિચારક, કાનુન ઘડનાર, અને મહા તત્ત્વજ્ઞાની હોવો જોઈએ. શું આ સઘળું આદ્ય કવિ વાલ્મીકિ તથા મહાભારત પ્રણેતા વેદવ્યાસમાં દગ્ગોચર નથી થતું ? આંગ્લકવિ શેકસપીઅર, સંસ્કૃત સાહિત્યવિહારી કાલિદાસ આદિઓની પુણ્ય પ્રસાદિઓ કેટલે બધે દરજ્જે આ સત્ય દઢીભુત કરી આપે છે ? મોટા પુરૂષોના શબ્દમાં તેઓની મ્હોટાઈ જણાય આવે છે. નેપોલીઅનના શબ્દો ‘ ઓસ્ટર્લીટઝ’ની લઢાઈ જેવા હતા. વળી કવિહૃદયવાળાં મનુષ્યો કુદરતના નિયમો વાંચશે અને જનસમાજને ઉપયોગી ધારાઓ ઘડશે. કવિની કલ્પનાસૃષ્ટિમાં આ બાહ્યસૃષ્ટિનું ભાન ભૂલી જવાય છે. અને કંઇ અવ

નવો જ આનંદ અનુભવાય છે. કુદરતનો અવનવો ખેલ કવિ પ્રગટ કરે છે અને મનુષ્યહૃદયને આકર્ષે છે. દરેક મનુષ્યમાં કવિત્વ થોડું ઘણું તો હોય છે; અને તેને લઇને જ જ્યારે કોઈ સુંદર કાવ્ય વાંચવામાં આવે છે, ત્યારે તે કાવ્યનો ભાવ-રસ વધતા ઓછા પ્રમાણમાં દરેક મનુષ્યને પોતાના રસના પ્રમાણમાં અસર કરે છે. મહાભારતની શકુંતલા ઉપાખ્યાનની કથા ઘણા માણસો પોતાનાં કવિચાતુર્યતાનાં પ્રમાણમાં વર્ણવી શકે; પરંતુ વિશ્વપ્રશંસનીય શાકુંતલ નાટક તો કાલિદાસ જ લખી શકે ! માટે જ વિશ્વવંદનીય કાલિદાસ, શેકસપીઅર, હોમર, વ્યાસ, વાલ્મીકિ, ભર્તૃહરી રબિન્દ્રનાથ ટાગોર તથા તોરૂ જેવા કવિઓનો અક્ષય્ય વારસો હમેશ જ્વલંત રહેશે. કવિ જ્યારે અપૂર્વતા સાથે અપરિમીત (*Infinite*) સત્યો કથે ત્યારે તે કવિવર થઈ શકે. કવિતા તે જ કે જેમાંથી અમીરસ ઝરે કવિતાનું ગાન જ્યારે હૃદયપટપર સચ્ચોટ છાપ પાડી શકે ત્યારે તે ખરી કવિતા કહી શકાય. ગ્રીક લોકોએ તેમ જ પ્રાચીન છાંદસ પ્રણેતાઓએ કુદરમાં રસમય ગાન અહોનિશ થતું અનુભવ્યું હતું. કવિતા માટે જ ગેય વિચાર છે. કવિમાં જ્યારે નિખાલસ-પણું, કલ્પનાશક્તિ વિગેરે પરિણામેલાં હોય ત્યારે જ તે ખરૂં સત્ય મોહક ભાષામાં કહી શકે. 'દાંતે' (Dante) કવિવર લેખાય છે. કારણ કે તે અગમ્ય અકલિત કવિતા રચે છે. એની કવિતા ભવ્ય અને મનનીય છે; કારણ કે એના જીવન ચરિત્રની છાપ એની કવિતામાં તરી આવે છે. જ્યારે એનાં ઉપર દુઃખનાં વાદળોએ એક પછી આવી કનડવા માંડયું અને જ્યારે એ ઘરવિનાનો થઈ ગયો ત્યારે એણે ભયાનક બીજી દુનીઆમા વસવાટ કરવાનું શરૂ કર્યું. એવા વિકટ સમયમાં એનું મન અક-લિત અગમ્ય ગાનમાં લીન થયું. અને એણે 'ડીવાઇન કૉમેડી' (Divine Comedy)નું પુસ્તક લખ્યું. આ પુસ્તક તેનું આશ્વાસન હતું. અને આ બાબતમાં ફ્લોરેન્સન લોકો અગર કોઇ પણ તેની

સાહિત્ય વાટિકામાં અકાળે કરમાએલી કળી.



બંગાલી કવિયણુ મિસ તોરૂદત્ત.

B. A. P. Works.

આડે આવી શકયાં નહિ કવિ પોતે કહેવા લાગ્યો કે 'તું પોતે ભવિષ્યની પાછળ જા, તને વિજયી બંદરનો કિનારો હાથ લાગેશ જ.' તેનું પુસ્તક લખવાનું કષ્ટ અનહદ હતું. તે પોતે જ કહેતો કે 'આ પુસ્તકે મને ઘણાં વર્ષો સુધી પાતળો બનાવી દીધો છે.' હાલ તેનું શરીર 'રેવેના' શહેરમાં વિશ્રાંતિ લે છે. કવિઓનો જાદુઈ ચમત્કાર આવો હોય છે. જો કે તેની જીવનકથા ઉકેલવામાં સાર નથી. દાંતેનું કાવ્ય આખા યૂરોપનો અનુભવ ખડો કરે છે. માટે જ દાંતે આકાશમાંના તારલાની માફક પ્રકાશે છે.

દાંતેએ જ્યારે ધર્મ અને હૃદય શું છે તે શીખવ્યું છે, શેક્સપીઅરે વહિવટ અને શરીર શું છે તે પાઠવ્યું છે, કાલિદાસે જ્યારે કવિચમત્કૃતિથી મોહિત કરી નાખ્યા છે, ત્યારે ચાલુ જમાનામાં ભારતવર્ષનાં અગ્રગણ્ય કવિવર રબિન્દ્રનાથ ટાગોર અનુભવસિદ્ધ વાતથી (જુઓ 'સાધના') આત્માને ઉન્નતિની દિશાએ શી રીતે પહોંચાડી શકાય તે શીખવે છે. અર્થાત્ ગરીબ દશામાં સપડાયલો જીવ ઉન્નતિના કેવા વિચારો ધરાવી શકે અને પોતાના આત્માને ઉન્નતિની પરાકાષ્ઠાએ શી રીતે પહોંચાડી શકે તે શીખવે છે.

વળી સાહિત્યવાટિકામાં પ્રભાતે ખીલેલું અને અકાળે ખરેલું પુષ્પ મીસ તોરૂ દત્ત કવિયણનાં નામથી ગુજરાત હવે અણજાણ્યું ન હોય! એનાં જે કાવ્યથી એની કીર્તિનો અક્ષય્ય વારસો અખંડિત છે તે એનાં "Ballads and Ligends of Hindustan" હિંદુસ્થાનની દંતકથાઓ અને હાલરડાં' નામનાં ગ્રથિત કાવ્યો છે. આમાં એનો આશય પૂર્વની વિચાર સમૃદ્ધિ પશ્ચિમને વિદિત કરવામાં છે. અને એ કવિયણે તે એવી તો ચમત્કૃતિથી દાખવ્યું છે કે વાચકને અપૂર્વ આનંદ થયા વગર રહેતો નથી. પુરાણી આર્યકથા, દંતકથા રગેરગમાં વહેતા ઉત્સાહ, અને દિલાસા સાથે પ્રગટ કરવામાં આવ્યાં છે; અને આવી વાર્તાઓ સાથે કવિતાની ગુંથણી. તથા પ્રાચીન આર્યા-

વર્ણનું ઉચ્ચાભિલાષી જીવન એવી તો સુમનોહર અંગ્રેજી ભાષા દ્વારા દાખવવામાં આવ્યું છે કે 'તોરૂ' જો જીવી હત તો તે શું કરી શકત તેનો સહજ ખ્યાલ આવ્યા વિના રહેતો નથી. એનાં 'સાવિત્રી' 'બટુ' લક્ષ્મણ' 'સીતા' 'ધ્રુવ' 'ઉમા' 'The Royal ascetic and the Hind' વિગેરે કાવ્યોની ગુંથણી અંગ્રેજ કવિ ટેનીસનના કાવ્યોનો ચિતાર આપે છે. આ કાવ્યો સાદાં અને સરળ માનુષ સ્વભાવને ઉત્તમ રીતે અસર કર્યા વિના રહેતાં નથી.

જો કોઈ મનુષ્ય કહી શકે કે 'અજવાળું થાવ અને અંધાધુંધીમાંથી આખા વિશ્વમાં શાન્તિ પ્રગટો' અને આમ થાય તો તેના આત્મામાં દીવ્યજ્યોત્ પ્રગટેલી હોવી જોઈએ. પરંતુ આ કંઈ સ્હેલી વાત નથી.

માટેજ કવિ એટલે દીવ્યદૃષ્ટિવાળો પુરૂષ. અને કવિની પ્રજ્ઞા તે ઈશ્વિદત્ત બક્ષીસ. કુદરતમાં બનતાં નજીવા ભાસતાં બનાવોમાં તેની દીવ્ય ચક્ષુ ઇશ્વરી કાયદો નિહાળી શકે છે. આજ સદુપદેશસુધા શ્રીકૃષ્ણ ભગવદ્ગીતામાં અર્પે છેઃ—

'अव्यक्तादीनि भूतानि व्यक्तमध्यानि भारत ।
अव्यक्तनिधनान्येव तत्र का परिदेवना ॥'

૩. સાહિત્યવીર

પ્રેમાનન્દ, નર્મદ, નવલરામ અને ગોવર્ધનરામ. સાહિત્યવીર એક પ્રોત્સાહક વીર છે, અને તેથી જ એ સઘળાનો આત્મા લેખાય છે. તે જે શીખવશે તે દુનીઆ માનશે. દાખલા તરીકે ફ્રાન્સમાં રાજપરિવર્તન (*Revolution*) સમયે રૂસો અને વૉલ્ટેરે જે પાઠ પાઠવેલા તે તે સમયની પ્રજાએ સ્વીકારેલા; એટલુંજ નહિં પણ તેઓ પૂજ્ય વ્યક્તિઓ થઈ પડયા હતા. જ્યારે કુદરતી પ્રેરણા થાય છે ત્યારે જ અમૃતમય શબ્દો બ્હાર આવે છે. આ પ્રેરણા તે જ નિખાલસપણું, અને જે, સઘળી ચીજોનાં ગર્ભમાં રહેલું સત્ય 'ઇશ્વરી નિત્ય ચૈતન્ય' જોઈ શકે છે

તે જ વીર છે. બ્હારના બનાવો ગમે તેટલા ક્ષુલ્લક હોય પરંતુ તેમાં વીર, કુદરતી ચમત્કૃતિ નિહાળે છે. ટુંકમાં તેનું જીવન કુદરત હૃદયનું છે એમ કહીએ તો ખોટું નથી.

જર્મન તત્ત્વજ્ઞ, સાહિત્યજ્ઞની પ્રકૃતિ પર વિવેચન કરતાં જણાવે છે કે સઘળા બનાવોમાં એક ઈશ્વરી વિચાર ગર્ભસ્થ રહેલો છે. પછી ભલે સાધારણ જનસમાજને આ કળવું મુશ્કેલ હોય. પરંતુ સાહિત્યજ્ઞ તો આ સત્ય તત્ત્વ જોઈ શકે છે એટલું જ નહિ, પરંતુ તે મનોહર ભાષાદ્વારા બતલાવી શકે છે. વેદોના દૃષ્ટાઓ શું આ સત્યને પુરતી નથી આપતા? મહમદે પોતાની ભાષામાં પણ આ જ કહ્યું હતું; ઓડીને પણ એજ સત્ય નિહાળ્યું હતું અને તેથી ફીક્ટે (*Fichte*) સાહિત્યવીરને એક દ્રષ્ટા ધર્મજ્ઞ કહેછે. સાહિત્યવીરો જમાનાના શિક્ષકો છે. જે ઈશ્વરી વિચારને અનુમોદન આપતા નથી અને ફક્ત ભભકામાં તથા ખોટા ડોળ દમામમાં રહી ઉપદેશ કરે છે તે બેશક મિથ્યાચારી છે!

સાહિત્ય કુદરતનો છુપો ભેદ પ્રગટ કરે છે. (Literature is an Apocalypse of Nature–a revealing of the open secret).

હવે આપણે ગુર્જર સાહિત્યવીરો પર દૃષ્ટિ ફેરવીશું. નવલરામભાઈનું સાદું પણ ઉન્નત જીવન, નર્મદનાં 'પ્રેમ અને શૌર્ય' દાખવતાં ઝનુની ઉદ્ગારો, ગોવર્ધનરામના અગાધ જ્ઞાન સાથે જીંદગીનાં ખડબચડા માર્ગ પર વહન અને એમની મહાન્ સાહિત્ય સેવા, પ્રેમાનંદની સાહિત્યજીર્ણોદ્ધાર માટે લીધેલી ભીષ્મપ્રતિજ્ઞા, આ સર્વ જોતાં સાહિત્ય વીરો ખરે વીરો જ છે એમ કબુલ્યા વિના ચાલશે નહિ. તેઓએ ઘણું વેઠયું છે, સહ્યું છે પણ પોતાના અડગ નિશ્ચયો પાર પાડવામાં પાછી પાની બતાવી નથી એ તેમનાં સાહસ, મ્હોટાઈ અને માણસાઈ! સાહિત્યપોષક વીરો સ્વદેશસેવા કેવા પ્રકારે તથા કેટલી બજાવી શકે તે તેની વિદ્વતા, દેશોદ્ધારની લાગણી, તથા તેમના સતત પ્રયાસ જણાવી શકશે.

જ્યારે તેમના શબ્દેશબ્દમાં જીવ આવશે ત્યારે તે શબ્દો નવું ચેતન રેડશે. કવિ ચંદ બારોટની પંક્તિના દરેક શબ્દમાં રજપૂતશૌર્ય ભર્યું હતું અને એનાં પ્રત્યેક શબ્દો નવો જુસ્સો પ્રગટ કરતા હતા. કવિ નર્મદના શબ્દેશબ્દમાં ગુજરાતના ભાવિ પ્રગતિના ઉદ્‌ગારો સ્ફુરે છે. અને એમનો દેશોદ્ધારનો જુસ્સો વાચકને તથા શ્રોતાઓને એટલો બધો ઉત્સાહી બનાવે છે કે વાચક અને શ્રોતાપણ કવિની માફક પ્રેમ અને શૌર્યમાં મશગુલ થઈ જાય છે. આવાં કારણોને લીધે જ કદાચ્ ચીના લોકો સાહિત્યરસિકોને રાજ્યકારભારીઓ બનાવતા હશે!

ગુજરાતના સાહિત્યપોષકોમાં પ્રેમાનંદ, નર્મદ, નવલરામ અને ગોવર્ધનરામનાં નામો ઓપે છે. પ્રેમાનંદ સાહિત્ય ઉછેરનાર હતા. સાહિત્ય ખીલે નહિ ત્યાં સુધી પાઘડી ન પહેરવાની પ્રતિજ્ઞા કોને તાજુબ ન કરે? નર્મદ અને નવલરામનો જમાનો તેમને માટે પ્રતિકુળ હતો; તથાપિ તેમના જીવનચરિતોથી ઉચ્ચ ભાવનાઓથી અને સ્વદેશવાત્સલ્યતાથી જમાનો રંગાયો હતો. જુઓ–

' તે અન્હિલવાડના રંગ,
તે સિદ્ધરાજ જયસિંગ,
તે રંગ થકી પણ અધિક સરસ રંગ. થશે સત્વરે માત;
શુભ શકુન દીસે મધ્યાહ્ન શોભશે, વીતી ગઈ છે રાત–
જન ઘુમે નર્મદા સાથ,
જય જય ગરવી ગુજરાત.

કવિ નર્મદ,

ઉપરની પંક્તિમાં કવિ ભૂતકાળની ગુજરાતની સ્થિતિ સંભાળી ભવિષ્યની કેવી ઉજ્વળ આશા બાંધે છે !

ગોવર્ધનરામનો જમાનો અનુકુળ તો ખરો; પરંતુ એમને અડચણો ઘણી પડી હતી. એ તેમણે ન ગણકારતાં ગુજરાત

પુનઃ જાગૃત કર્યું. સાહિત્યવાડી ખીલવી અને પોતે સાહિત્ય-વિહારી વિહગ થઈ સ્વચ્છંદપણે વિહર્યા. એટલું જ નહિ પણ એમણે પોતાના લોકપ્રિય 'સરસ્વતીચંદ્ર'ના ૪ થા ભાગમાં પ્રકરણો ૩૫ અને ૩૯ 'કુરૂક્ષેત્રના ચિરંજીવો અને ભારતવર્ષનું ભવિષ્ય' અને 'દેશપ્રીતિનું મનોરાજ્ય' દ્વારા પોતાના ઉદ્ગગારો, ઉન્નતિનાં પગથીઆઓ એવી તો અજબ ભાષામાં, અને સહેલાઇથી દર્શાવ્યા છે કે ગુજરાતને કબુલ કર્યા વિના ચાલશે જ નહિ કે ગોવર્ધનરામે ટુંકી જીંદગીમાં ઘણું કર્યું.

પ્રેમાનંદે ગુજરાતી સાહિત્યના બીજ રોપ્યાં, નવલરામે 'શાળા પત્ર' દ્વારા તે સીંચ્યા; નર્મદે તેમાં આનંદ અને ઉત્સાહ સાથે નવું ચેતન પ્રગટાવ્યું; અને ગોવર્ધનરામે ગુજરાતી સાહિત્યવૃક્ષને ફલરૂપ બનાવી ગુજરાતને મીઠાં ફળો ચખાડયાં. આ ચારે વ્યકિતઓ મહાન વ્યક્તિઓ હતી. કુદરત જેને મોટા માણસો બનાવે છે તેને અસત્ય અને ખોટા ડોળદમામ પર અભાવ જ હોય છે. નથી હોતી તેઓને ખોટી મ્હોટાઇ. જુઓ—

'વ્યોમદીપ રવિ નભબિંદુ
તો ઘરદીવડાં નહી ખોટાં' (સ્નેહમુદ્રા.)

વળી તેમનાં ખુલ્લાં નિખાલસ હૃદયોને કુદ્દત એક સત્યનો ભંડાર ભાસે છે. અને મનુષ્યોમાં તેઓ ઇશ્વરી અંશ જુએ છે. મીરેબા, મહમદ, અને નેપોલીઅનનાં જીવનચરિત્રોમાં પણ આ સત્ય તરી આવશે. તેઓનાં ઘડીઆળ પર સત્યો કોતરી રાખવા માટે ન હતા. પરંતુ તેઓ તેનાં અમલ કરતા.

ગોવર્ધનરામને નવું જીવન આપનાર, ગુર્જર સાહિત્યસેવા પ્રતિ લાગણી પ્રેરનાર નવલરામ હતા. અને તેના બદલામાં ગોવર્ધનરામે ગુજરાતી ભાષા સત્કારી, ગુજરાત ઉજાળ્યું. એટલે ગોવર્ધનરામે નવલરામની યોગ્ય વીર–પૂજા કરી.

ઉપદેશક વીર.

શ્રી શંકરાચાર્ય શ્રીરામાનુજાચાર્ય, સ્વામી રામતીર્થ, સ્વામી વિવેકાનંદ, દયાનંદ સરસ્વતી, રાજા રામમોહનરાય વિગેરે.

ઉપદેશક એક વીર છે. કારણ કે તે ઇશ્વરી પ્રેરણાથી પોતાનું કાર્ય, અહોનિશ હિંમત તથા ધૈર્યથી ચાલુ રાખે **છે. એટલુંજ** નહિ પરંતુ લોકોનાં આંતરિક બંધારણોનો તે પિતા છે. તેનામાં ધાર્મિક તથા નૈતિક બળ એટલું બધું હોય છે કે તે હજારો બલ્કે કોટી જીવો પર પોતાની સામ્રાજ્યસત્તા ચલાવી શકે છે. એનું જીવન એટલું તો ઉન્નત હોય છે કે એના તેજમાં આખું વિશ્વ અંજાય જાય છે. જે ધર્મગુરૂ પોતાની સત્તા અજમાવી શકતો નથી, તે ખરી રીતે ધર્મગુરૂજ નથી, તે તો 'અખો' કહે છે તેમ:

"ગુરૂ કીધા મેં ગોવિંદનાથ, ઘરડા બળદને ઘાલી નાથ.
ધન હરે ધોકો ના હરે એ ગુરૂ કલ્યાણ શું કરે ?"

અને

'અખા ગુરૂ શું મૂકે પાર, જેના શિષ્ય ગર્દભ ને ગુરૂ કુંભાર;'

યુરોપમાં ધર્મની નવીન જાગૃતિ આણનાર લ્યુથર (*Luther*) અને નૉકસ (*Knox*) ઉપદેશક વીરો હતા. આર્યાવર્ત્તમાં બુદ્ધ, શંકર તથા રામ વિવેકાદિઓ થયા છે.

આવા ઉપદેશક વીરો કેવા પ્રસંગમાં ઉત્પન્ન થાય છે એ સવાલનો પ્રત્યુત્તર શ્રીકૃષ્ણ પોતે ગીતામાં આપે છે કે:—

'यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदाऽभ्युत्मानं सृजाम्यहम् ॥ ४–७

શું આ પંકિતઓ સત્ય નથી ? કવિઓ નમ્ર મિઠાશવાળી વાણીનાં સદ્બોધે છે; ત્યારે ઉપદેશકો જુસ્સાભર્યા શબ્દોમાં ધર્મની લાગણી જાગૃત કરે છે. ધર્મોપદેશકવીરનું મુખ્ય હથીઆર આત્મ

બળ છે. તે જાણે છે કે ધર્મનું બળ બીજા બળ કરતાં વધારે જોરાવર છે. આથી જ તે કરોડો માણસમાં નિડરપણે પોતાનો મત જાહેર કરી શકે છે. કોણ જાણતું હતું કે ' લ્યુથર ' જેવો સાધારણ પાદરી, પોપની (*Of Pope*) સત્તા ઉથલાવી નાંખી શકશે ? તેનામાં એ બધું બળ ક્યાંથી આવ્યું ! તેણે સત્ય જોયું અને એ સત્યે તેને પ્રેર્યો. હજારો માણસો વચ્ચે તેણે પોપનાં પત્રો બાળી નાંખ્યા અને આખા યુરોપનો વિચાર ફેરવી નાંખ્યો ! ! એ જ પ્રમાણે નિરીશ્વરવાદિઓનાં મતમતાંતરોનાં ખંડન કરનાર શ્રીશંકરનું બળ હતું.

દરેક મનુષ્ય શીખનાર છે એટલું જ નહિ પણ તે કર્ત્તવ્યશીલ છે. જે ભેજાથી તે શીખે છે તેનાથી તે કંઈ શોધી પણ શકે છે. કોઈ પણ જાતના નવાપણાંની વૃત્તિવિનાનો માણસ તો છે જ નહિ. આને જ પરિણામે તે વિશ્વ તેમ જ પોતાની જાત વિષેના વિચારો પોતાની વિદ્યાના પ્રમાણમાં કરી શકશે. અને તેથી મનુષ્યજાતમાં નવી તૈયારીઓ, નવાં બંધારણો તો થવાનાં જ.

ધર્મગુરૂઓના ધર્મ માટે કર્ત્તવ્યયજ્ઞમાં બલિદાન આપેલાં જીવનો ખરે પ્રશંસનીય છે. કારણ કે મરણ શરીરનું જ થાય છે; આત્માનું નહિ જ. જે માણસોએ ધર્મ યુદ્ધો માટે આત્મબલિદાનો આપ્યાં છે તે શું એક જ પિતાનાં સૈન્યનાં બાલકો નથી ? અસત્ય અને અંધકાર સ્હામેના તેમના ઝુંબેશ કેટલાં બધાં સ્તુત્ય છે ? કોણ કહિ શકશે કે ધર્મગુરૂઓ ' દેશ અને સમયના દૃષ્ટાઓ ' નથી ?

ધર્મનાં યુદ્ધો ઘણાંખરા ' મૂર્તિપૂજા ' સ્હામેના પુકારો હોય છે. મૂર્તિપૂજા એક વીરપૂજા છે. અને મહાન પુરૂષોનાં જીવનચરિતો આપણી સાંનિધ્યમાં હમેશ રાખી તેમના જેવાં જીવનો આપણે બનાવવાં એ તેનું લક્ષ્ય છે. પરંતુ મૂર્તિપૂજાનો ઝગડો ખરૂં જોતાં કેટલીક વિધિ સ્હામેનો છે, એમ કહીએ તો ખોટું નથી. મૂર્તિ (*Idol*) એ *Eidolon* દૃશ્ય વસ્તુ અથવા સૂચક ચિહ્ન છે. તે ઈશ્વર નથી, પરંતુ ઈશ્વરની નિશાની છે. માટે વીર–પૂજા એક

પ્રકારની મૂર્તિ પૂજા છે એમ કહીએ તો ચાલે. ત્યારે કેટલાક ધર્મ નેતાઓને મૂર્તિ-પૂજા અક્ષમ્ય છે તેનું કારણ શું? તેઓનો મુખ્ય વાંધો કયાં છે? જંગલીમાં જંગલી લોકો જેઓ કેનોપસ (*Canopus*) અથવા 'કબા ' નામનો કાળો પથ્થર (*Caabah Black-Stone*) પૂજતા તેઓ પણ સ્તુતિપાત્ર તો છે જ. આ પ્રમાણે વિચાર કરતાં જણાશે કે કવિઓ તારલાઓમાં અજબ સૌંદર્ય નિહાળે છે, કળે છે, સિદ્ધાંત રૂપે પ્રદર્શિત કરે છે તે એક જાતની તારલાની મૂર્તિ પૂજા નહિ તો બીજું શું? માટે મૂર્તિ પૂજા નિખાલસ દૃષ્ટિબિંદુથી નિહાળાવી જોઇએ. આંગ્લ કવિ કૉલરીજ (*Coleridge*) કહે છે કે " તમે માનતા નથી " " તમે ફક્ત જે માનો છો તે માનો છો. " આને આધુનિક જમાનામાં એક ચોક્કસ સિદ્ધાંતની સેવા કહી શકીએ. (Worship of the Formulas). ધિઃકારને પાત્રની મૂર્તિ પૂજા તો સ્વાર્થ-વિધિ-પૂજા (Cant) છે, અને આની વિરૂધ્ધ ધર્મ નેતાઓનો પુકાર હોય છે. વીર સત્ય ઓળખે છે અને નહિં કે તેની પ્રકૃતિઓને. અને તેથી જ તે સુંદરતાનાં ચિન્હ કરતાં સુંદરતાને વધારે ગણે છે. યુરોપમાં જાગેલું પોપ સ્હામેનું યુદ્ધ શું શીખવે છે? પોપ સામે પડવાથી દરેક માણસ પોતાની જાતનો પોપ (Pope) બન્યો; અને પોતે કળી શકયો કે પોપ પર આધાર રાખવો ફોગટ છે. ઝીણવટથી તપાસતાં માલૂમ પડશે કે માણસને અમુક માનવા અથવા ન માનવા માટે બ્હારની કોઈપણ વસ્તુ બલ્કે સાંકળો અટકાવી શકશે નહિ. 'આત્મપ્રકાશ' જ જરૂરની વસ્તુ છે. " ખરા થાઓ; નિખાલસ હૃદયવાળા થાઓ " એ આ ઝગડાનો સાર છે. કવિશ્રી ન્હાનાલાલ પોતાની 'ઉષા' નામની નવલકથામાં મૂર્તિ પૂજા પર સ્ફુટી કરણ કરતાં લખે છે કેઃ-

" પ્રકૃતિના પટ ઉપર તેજ છાયાના રંગ પુરી બ્રહ્માંડનું મહાકાવ્ય પરબ્રહ્મે મૂર્તિ અક્ષરો વડે લખ્યું ત્યારથી મનુષ્યમાં મૂર્તિ પૂજા જન્મી, ને મનુષ્ય મૂર્તિ પૂજક બન્યો.

જ્યહાં સુધી ભાવપ્રદર્શન કાજ શબ્દમાલા આવશ્યક છે. ને શબ્દમાલાના દર્શન કાજે વર્ણમૂર્તિઓ આવશ્યક છે, ત્યહાં સુધી મનુષ્ય મૂર્તિપૂજક રહેશે. જ્યહાં સુધી મનુષ્યને આંખ છે ત્યહાં સુધી તે પોતાની ભાવનાઓનાં દર્શન વાંછશે, ને પ્રભુ ભક્તિમાં તેમજ પ્રેમ ભક્તિમાં તે મૂર્તિપૂજા માંડશે. પૃથ્વીલોકમાં માનવીને કાજે અમૂર્ત પૂજા ને મૂર્તિપૂજા ઉભય સત્ય પૂજાવિધાન છે. મૂર્તિપૂજાનાં મૂલ મનુષ્યની દેવદીધી આંખમાં છે. મૂર્તિપૂજાના ઓ મૂર્તિભંજકો! મૂર્તિઓ ફોડતાં પહેલાં મનુષ્યની આંખો ફોડો. માનવ જાતિની આંખો ફૂટી જતાં મૂર્તિદર્શનની આરઝૂ જગતમાંથી નાબૂદ થશે ને એમ સ્હમજીને જ ઉત્તરાવસ્થામાં સંયમચક્રવર્તી યોગીન્દ્ર સુરદાસ મહરાજે તેજમણિ સરીખડી બન્ને કીકીઓ ફોડી હતી કે લોચનને જગદ્દર્શનની લાલસા ન રહે.

પાંચ જ્ઞાનેન્દ્રિયોદ્વારા મનુષ્યને જ્ઞાનપ્રાપ્તિ થાયછે. તો સ્હમજાવશો કે આંખને કેટલાક જુઠ્ઠી કેમ કહો છો? નેત્રધર્મ સાચો, તો દર્શનવ્યાપાર સાચો; દર્શનવ્યાપાર સાચો, તો મૂર્તિવાંછના સાચી. મૂર્તિપૂજાનાં મૂલ દર્શનેન્દ્રિયની દર્શનભાવનામાં છે. દર્શનેન્દ્રિયની દર્શનભાવનાનાં આયુષ્ય છે એટલાં જગતમાં મૂર્તિપૂજાનાં આયુષ્ય છે. અમ પ્રેમલક્ષણા ભક્તિના ભક્તજનોની તો, રસરસિય દયારામની પેઠે એક મૂર્તિચન્દ્રની જ અભિલાષા ને ઉપાસના છે.

રસિકતાના કલાવિધાયકો ગીતથી કર્ણેન્દ્રિયદ્વારા ને ચિત્રથી નયનેન્દ્રિયદ્વારા રસનું ઉદ્દીપન કરે છે. અમૂર્ત પૂજાના પૂજારી ગાનાચાર્યો સાચા છે, અને મુર્તિપૂજાના પૂજારી ચિત્રકારો ખોટા છે એમ ભાખનાર કો રસમિમાંસક હજી જન્મ્યો નથી. તે કોણ કહેશે કે ઓંકારનાં ઉચ્ચારણને વાયુમૂર્તિ નથી? ભક્તે, ધ્યાનીએ, જોગીજતીએ ઓંકારના ભાવોચ્ચારણ કરી વાયુમૂર્તિ રચી માટે જ ત્હેની ઓંકારભાવના અસત્ય કહેશે?"

વીરપૂજા? એક માણુસ આત્મસંતોષી, નવી શોધકવૃત્તિ વાળો, સત્યવાદી હોય શકે એ કંઈ સુલભ વાત નથી. તે જ માણુસ સન્માનની દૃષ્ટિથી પોતાના ગુરૂને નિહાળી શકે કે જેનાથી તે અંધારામાંથી અજવાળામાં આવ્યો હોય; અર્થાત્ જેનાથી તેનામાં આત્મજ્યોતિ પ્રગટી હોય.

ગૌતમબુદ્ધ અને લ્યુથરનાં જીવનચરિત્રો ઉકેલતાં શું માલૂમ પડે છે? બુદ્ધનાં જીવનકેંદ્રો બદલાવી નાંખનાર પ્રસંગો તેમ જ લ્યુથરમાં ધર્મનો જુસ્સો પ્રગટાવનારાં પ્રસંગો તપાસતાં જણાશે કે તેમનો વૈરાગ્ય દેશનાં ભાવિરૂપ હતો. લ્યુથરને ૧૯ વર્ષની ઉમ્મરે કાયદાના અભ્યાસ માટે તેના પિતાએ નિર્મ્યો હતો. પરંતુ 'એલેકસીસ' (*Alexis*) નામના એના દોસ્તદાર સાથે એ મેન્સફેલ્ડ (*Mansfeldt*)ગયો. અને પાછા ફરતાં, એરફર્સ્ટ (*Erfurst*) આગળ 'એલેકસીસ' ઉપર વીજ પડી. એક ક્ષણમાં તો લ્યુથરનો પ્યારો દોસ્ત હતો ન હતો થઈ ગયો. બલ્કે 'અનાદિમાં' મળી ગયો. લ્યુથરને તરત જ વિચાર ઉદ્ભવ્યો કે એક ચાન્સેલર (અધિષ્ઠાતા) થવું કે રાજા થવું તેથી પણ શું? મનુષ્યનું ભાવિ બદલાવનાર ઇશ્વરસિવાય બીજું કંઇ નથી." આવા વિચારથી તેની જીવનરેખા બદલાઈ અને એરફર્સ્ટ આગળ આવેલાં 'ઓગસ્ટાઇનનાં' મંદીરમાં એ રહ્યા. ગૌતમબુદ્ધનું જીવનચરિત્ર તપાસતા પણ જણાશે કે અખંડિત સુખવૈભવ ત્યાગી ચાલી નીકળવું, સત્ય નિરૂપણ માટે અથાક શ્રમ લેવો વિગેરે બાબતોના પ્રેરનાર અશુભ પ્રસંગો જ હતા. આ ઉપર વિચાર કરતાં 'જીવન શું?' 'સત્ય શું?' વિગેરે વિચારો એને ઉદ્ભવ્યા.

પ્રિયવાચક, આવા પ્રસંગો સાંભળતાં તેમ જ વાંચતાં આપણને કંઇક તાજુબી થશે ખરી; પરંતુ ક્ષણભર વિચાર કરતાં જણાશે કે એમનાં સાદાં પવિત્ર જીવનોને આપણી સમીપ આદર્શરૂપ બનવા માટે એકાદ્ આવો પ્રસંગ બસ હતો. બુદ્ધ અને લ્યુથર જો કે સંસારમાં ફરતા હતા પરંતુ તેમનાં હૃદયો સત્ય

માટે તલસતાં હતાં. જ્યારે આવા દુઃખદાયી પ્રસંગો તેમણે અનુભવ્યા ત્યારે તેમની સત્યની મનોવૃત્તિ અધિક ચંચળ બની, અને આ સંસારનાં માયાનાં આવરણો તેઓએ ખસેડી નાંખ્યાં. સત્યની શોધ તેમ જ સત્ય માટે યા હોમ કરવામાં તેઓએ પોતાનાં જીવનનું બલિદાન આપ્યું; અને ભગવદ્ગીતામાં વર્ણવેલો ' કર્મયજ્ઞ ' આદર્યો.

શ્રીશંકર રામાનુજ તેમજ રામવિવેકાદિઓનાં જીવન પલટાવી નાંખનાર પણ આવા જ પ્રસંગો હતા. તેઓનો ઉપદેશ ' જીવબ્રહ્મની એકતાનો ' છે. શ્રી શંકરનો केवलाद्वैतवाद, શ્રી રામાનુજાચાર્યનો विशिष्टाद्वैत અને સ્વામી રામતીર્થ તેમ જ વિવેકાનંદનાં આધુનિક દૃષ્ટિબિંદુથી વેદાંતકથનો, સંપૂર્ણ આત્મશ્રદ્ધા, શિક્ષણ તથા પવિત્ર જીવન ગાળવાના ઉપદેશ સાક્ષી પૂરે છે કે તેઓ ' ધર્મવીરો ' હતા.

૧૫૨૦ ના ડીસેંબરની ૧૦ મી તારીખે ' લ્યુથરે ' ' વીટ્નાબર્ગમાં ' લોકોના પુકાર વચ્ચે ' પોપના પાપ માફ કરવાના પત્રો-આદેશો (*Bulls*) બાળી નાંખ્યા ! આ પુકાર વીટ્નબર્ગનલોકોનો નહિ હતો પરંતુ જાગૃત થએલી પ્રજાનો હતો લ્યુથર જેવા જ બતલાવી શકે છે કે ધર્મના આંડબર ખોટા આડંબરો છે; અને સત્યધર્મ આડંબરરહિત છે; જીવન સત્ય છે, અસત્ય નથી. બુદ્ધનો સન્યસ્ત દીક્ષા લઇ, ભૂખતરસ વેઠી अहिंसा परमोधर्मः આદિ ઉપદેશ, શ્રીશંકરના ટૂંકા જીવનચરિત્રમાં કર્તવ્યપરાયણતા, દિગ્વિજય અને વેદાંત ધર્મ પરિપાલન, રામાનુજનું વેદાંતમથન તેમ જ રામવિવેકાદિઓનાં યુરોપ અને અમેરિકાના પર્યટનો તથા તેઓની ઉપદેશસુધા, તદુપરાંત તેમણે વેઠેલી અનહદ અડચણો આ સર્વ તેમના જાગૃત થએલાં હૃદયો બતલાવી આપે છે.

સત્યમાટે ઝનૂન સાથે લઢતી પ્રજાને સત્યનો પાનો રગેરગમાં

એટલો બધો પ્રસરી જાય છે કે નથી ભાન રહેતુ તેઓને પોતાનાં તનનું કે નથી રહેતું ભાન તેઓને ધનનું. આવા પ્રસંગોમાં ધર્મવીરો સત્યનો માર્ગ પોતે શ્રમ વેઠી સરળ કરી આપે છે અને અવળે રસ્તે ચઢેલાને ધર્મદીપકો દેખાડી, અજબ, અનેરો આનંદ અનુભવાવે છે. ટૂંકમાં ધર્મવીરો આ દુનીઆપર સ્વર્ગ રચે છે. તેઓ સ્વતંત્રતા અને ઇશ્વરશ્રદ્ધા એવી તો અજબ રીતે આપણાં દિલમાં ઠસાવે છે કે 'कार्यं साधयामि वा देहं पातयामि' સૂત્ર સંપૂર્ણપણે અમલ થયલું લાગે છે.

રાજ વીરો.

શ્રીરામચંદ્ર, વિક્રમાદિત્ય, પ્રતાપસિંગ અને ભલા મહારાણી વીકટોરીઆ.

હિંદુશાસ્ત્ર પ્રમાણે રાજા ઇશ્વરી અંશ મનાય છે; અને તેથી પૂજા માટે લાયક છે. રાજા પ્રજાનો પાલકપિતા છે અને પ્રજા એમના સંતાન છે. રાજા પ્રત્યેની સન્માનની લાગણી–રાજનિષ્ઠા એ ખરી રાજભકિત છે. અને આવાં રાજભકિતનાં અત્યુત્તમ ઉદાહરણોથી ભારતવર્ષનો ઇતિહાસ ઝળહળે છે! સલીમ સાથે, હલદિઘાટપર યુદ્ધ કરતાં પ્રતાપસિંગ ઘવાયો ત્યારે શૂરા ઝાલારાણાએ તેનાં ઉપરનું છત્ર પોતા ઉપર ખેંચી લઈ સલીમનો માર ખમ્યો હતો! કેટલી બધી ઉદારતા! કેટલું બધું ધૈર્ય!! યૂરોપીય ઇતિહાસ તપાસતાં પણ આવા અનહદ ઉદાહરણેમળી આવશે.

રાજાનું ગૌરવ રાજ–વીર–સામ્રાટવીર થવામાં સમાયલું છે તેમ પ્રજાનું રાજભકત થવામાં છે. રાજા ઉપર દેશનું ભાવિ રચાયલું છે. સંસ્કૃત પંકિત છે કે 'राजा कालस्य कारणम् ।' કારણ કે જમાનો સતત ગતિમતી પૃથ્વીની સાથે ફરે છે અને તેથી રાજા અને પ્રજા બન્ને સમયને આધીન છે; ત્યારે જ રાજા વીર થઇ શકે કે જ્યારે તે પ્રજાનો સંપૂર્ણ સંતોષ મેળવી શકે. રાજાથી પ્રજાનુ

ભાવે રચાય છે. બ્રિટીશ રાજા આ સંપાદન કરી શકયા છે તેનું કારણ કાર્યદક્ષતા તથા નેકીપણું છે.

જે મનુષ્યને આપણે પોતાનાં સર્વ હક્કો આપણાં જાનમાલનાં સંરક્ષણ, શાંતિ અને સુલેહ અર્થે આપીએ તે આપણો રાજા હોઈ શકે. નહિ તો 'રાજા થઈને લૂંટી લે. પ્રજા કોણ આગળ જઈ કહે' એવી સ્થિતિ થશે. રાજા શબ્દનો મૂળ અર્થ શોભવાવાળો અર્થાત્ જે પોતાના રૂપ, નામ તથા સદ્ગુણોને શોભાવે છે અગર જેનાથી સર્વ શોભે છે તે. 'પોતે શોભવું અને પોતાથી બીજાને શોભાવવાં' એ કંઇ સ્હેલ વાત નથી. માટે જ રાજા દેવાંશી છે અને પૂજ્ય છે. રાજા (*Rese*) એટલે વહિવટ કરનારો (*Roi*) *king—Konning—Canning*—બાહોશ પુરૂષ. રાજાનું બાહોશપણું રાજ્ય વધારવામાં નથી પરંતુ પ્રજા મનોરંજનમાં છે. રાજા વિનાનું રાજ્ય તૃણવિનાનાં વન જેવું, તેલ સિવાયનાં દીપ જેવું, જલવિનાની નદી જેવું, અને ગૃહિણી વિનાના ઘર જેવું છે.

પ્રાચીન કાલથી રાજા ઉપરથી સંવત્સર ગણાય છે. વિક્રમાદિત્ય પૂર્વે યુધિષ્ઠિરનો સંવત્સર ગણાતો હતો. આ પ્રમાણે અમુક રાજાના સમયથી હજારો વર્ષો ગણાયાં કરે છે. આમાં એક મહાન્ સિદ્ધાંત સમાયલો છે; તે એ કે રાજાનું નામ અમુક વખત માટે જ નહિ પરંતુ હંમેશ ચિરંજીવ રહેવું જ જોઈએ. બાહોશ માણસ એટલે ખરાં હૃદયવાળો, નેકીવાન્, ઉંચ કુટુંબવાળો, શરાતની પુરૂષ. માટે જ રાજા બાહોશ માણસ લેખાય છે. શ્રી રામચંદ્ર તથા શિવાજી વિગેરેનાં નામ સાંભળતા કયા આર્યથી રાજભક્તિનો પાઠ નથી વિચારાતો? કયા માણસને તેમને માટે નિઃસીમ પ્રેમ નથી ઉત્પન્ન થતો?

વીર ફક્ત પુરૂષો જ હોઈ શકે એમ માનવું ભૂલભરેલું છે. હિંદ ઇતિહાસમાં 'સ્ત્રીવીરો' પણ પોતાનાં ઉજ્વલ ચારિત્ર્યોથી ઓપે છે; જેવાં કે સહવારનાં પહોરમાં ગણાતું સતીમંડળ

દ્રૌપદી, તારા વિગેરે, ચાંદબીબી, ઝાંશીની રાણી તેમ જ મહારાણી વિકટોરીઆ એટલું જ નહિ પરંતુ તેઓ વીરને ધારણ કરનાર છે એ તેઓનું વિશેષ ગૌરવ છે. સામ્રાટ સત્તા ભોગવાનારાઓની, સભા ધ્રુજાવનારાઓની તેમ જ સંત મહાજનોની માતાઓ 'વીર' હતી એટલું જ નહિ પરંતુ 'જનની' નામને પૂર્ણ રીતે શોભાવનારી હતી. રજપૂત કેસરીયાં પ્રેરનાર સુંવાળી પણ ક્ષત્રિયાણીઓજ હતી! હાલનાં સમરાંગણમાં પણ સ્ત્રીઓએ કેટલો બધો ઉમદા ભોગ આપ્યો છે?'

દુનીઆની સુવ્યવસ્થા માટે પણ વીર-પૂજાની જરૂર છે. સઘળાં બંધારણો, સઘળી જાતીઓ નષ્ટ થાય તથાપિ વીર-પૂજા તો ચાલુ જ રહેવાની. માટે વીરપૂજા અનાદિ છે. ધુમ્રમય વાદળાઓમાં જેમ ધ્રુવ ઝળહળે છે, તેમ એ હંમેશ જ્યોતિર્મય રહેશે. દરેક મનુષ્ય આ દુનીઆમાં ગેરવ્યવસ્થા સ્હામે લઢવા ઉત્પન્ન થયલો છે; અને જે પ્રમાણમાં માણસ પોતાની માણસાઈ સમજે છે તે પ્રમાણમાં તે જરૂર ગેરવ્યવસ્થા માટે લઢશે જ. શું જનસમાજને અણઘટતું નથી કે સત્ય ઉપદેશ હસી કઢાય અને ખરાને ખોટા તરીકે પરખાય? માટે સત્ય શું છે તે બરાબર કળતાં જો આપણે શીખીએ તો જ આપણે ખરી વીર-પૂજા આદરી શકીએ.

હિંદનાં સુકાની અને ભાવિ ફેરવનાર 'વીર કેસરી'નાં જીવ-ચરિત્રથી હવે કોણ અણજાણ્યું હોઇ શકે? એમનાં જીવન, જીવન અને અવસાન, સમાધિ હતાં. વીરપૂજાનો સિદ્ધાંત એઓ સ્વીકારતા અને શૂર શિવાજીનાં જીવનમાં 'કાર્લાયલ' વર્ણવે છે એવો નિઃસીમ પ્રેમ નિહાળતાં; એટલુંજ નહિ પરંતુ શિવાજીમાં મરાઠાનો એક મહાન્ નાયક, રાજવીર અને વીર યોદ્ધાનાં લક્ષણો જોતાં. એમનું જીવનચરિત્ર ઉકેલતાં માલૂમ પડે છે કે એમનામાં ઝળહળતાં સ્વદેશાભિમાન, દેશસેવા, સાહિત્ય સેવા અને ઉપદેશક વૃત્તિનાં લક્ષણો એકત્રિત થએલાં છે.

[illegible]



THE GREAT PIONEER OF INDIAN NATIONALISM.

LATE SHRIJUT BAL GANGADHAR TILAK (POONA).

[BORN [illegible] 1856] شری بال گنگادھر تلک [DIED 1-8-1920

દેશભક્ત, ગીતારહસ્યપ્રણેતા

રાજનીતિજ્ઞ વીર લો. મા. ટીલક.

P. A. L. Works

જીવનનાં પ્રભાતમાં એમણે કેલવણીનો મહાન્ પ્રશ્ન વિચાર્યો. કોને ખબર હતીકે રત્નાગિરીનાં આસિષ્ટંટ શિક્ષક અને થાણા અને પૂણાના ડેપ્યુટી ઈન્સ્પેકટરનો પુત્ર એક દેશવીર જન્મશે! સને ૧૮૫૬ ની ૨૩ મી જુલાઇની પુરુયે ક્ષણે એમનો જન્મ થયો અને ભારત માતાનાં દુંદુભી વાગ્યા. જાણે કે કૃષ્ણનો બીજો અવતાર થયો હોય! જાણેકે અડધા સૈકામાં 'નાનાનો' બીજો અવતાર હોયને! અને ૧૮૭૨ માં એઓ મેટ્રીક પાસ થયા. ત્યારબાદ ડેક્કન કૉલેજમાં દાખલ થઈ ૧૮૭૬ માં ગ્રેડયુએટ થયા અને ૧૮૭૯ માં એલ. એલ. બી. પસાર થયા. આ વખતે એમને મી. આગરકરનો સહુવાસ થયો. આ બન્ને યુવકોએ પોતાનાં જીવન કેલવણી માટે સ્વાર્પણ કરવા વિચાર કર્યો, અને એમાં મી. વિષ્ણુ કૃષ્ણ ચીપ્લુનકર મળતાં ત્રિપુટી થઈ. ૧૮૮૦ માં એઓએ 'ધી પૂના ઈંગ્લિશ સ્કૂલ સ્થાપી.' આ સમયે 'મરાઠા' અને 'કેસરી' પત્રોનો જન્મ થયો હતો અને આમાં તેઓએ નિડરપણે કોલ્હાપુરનાં કારભારીની શિવજીરાવ મહારાજ તરફની વર્તણુક ચર્ચી જે ઉપરથી તેઓની સ્હામે કેસ ચાલ્યો. આ સમયે મી. ચીપ્લુનકર દેવલોક થયા. અને મી. ટીળક અને આગરકરને ચાર માસની સજા થઇ; એમ છતાં ૧૮૮૪ માં મી. ટીળક અને નામજોશીએ મળી 'ધી ડેક્કન એજ્યુકેશન સોસાયટી' સ્થાપી. સને ૧૮૯૦ સુધી એમનો સ્કૂલ અને કૉલેજ સાથેનો સંબંધ કાયમ રહ્યો. સને ૧૮૮૮ માં મી. આગરકરે 'કેસરી' પત્રનું તંત્રીપદ છોડયું અને કેસરીનો સઘળો વ્યવહાર ટીળક હસ્તક સોંપાયો. આગળ જતાં 'મરાઠા' પત્રની વ્યવસ્થા પણ એમણે લીધી અને મ. ગોખલે અને કેલકરે 'આર્યભૂષણ પ્રેસ' પોતાનું કરી રાખ્યું. પરંતુ આ દરમ્યાન એમણે 'ઓરીયન' નામનું પુસ્તક લખી જ્યોતિ: શાસ્ત્રના સિદ્ધાંતથી વેદોનાં પૂરાતન કાળની શોધખોળો પ્રગટ કરી અને એ નિબંધ સને ૧૮૯૨માં લંડનમાં ભરાયલી 'ધી ઈન્ટરનેશનલ કોંગ્રેસ ઑફ ઓરીયેન્ટલ્સ'માં મોકલ્યો અને તે પુસ્તક

આકારમાં 'The Orion or Researches into Antiquity of the vedas ' નામથી છપાયો છે.

આ સમયે રાવસાહેબ એન. એસ. બાપટ જેઓ વડોદ્રા રાજ્યનાં સેટલમેંટ ડીપાર્ટમેંટમાં કામ કરતા હતા તેઓના પર કેસ ચાલતાં કેટલુંક લક્ષ્ય એમણે તેમનો બચાવ કરવામાં આપ્યું. પરંતુ એમનો રાજનીતિનો શોખ ઘણો વધ્યો અને એમણે ' પાંચ બાબ્બે પ્રોવીન્શીયલ કોન્ફરન્સો ' મેળવી. પૂણામાં પીરોજશાહ મહેતાનાં પ્રમુખપણા હેઠળ મળેલી કોન્ફરન્સ પૂર્ણ ફતેહ પામી. વળી ૧૮૯૬ નાં દુષ્કાળમાં પુણામાં સોંઘા અનાજની પુષ્કળ દુકાનો ઉઘાડવા એમણે ઘણી મદદ કરી. ' શિવાજી જયંતી ' અને ' ગણપતી ઉત્સવ ' એમનાં વીરપૂજાના સિદ્ધાંતનાં અનુકરણનાં દૃષ્ટાંતો છે,

આ પછી એમનું રસાકસીવાળું રાજકીય જીવન શરૂ થાય છે; અને દુઃખનાં અનેક દાવાનળો વર્ષે છે. એમનું સ્વતંત્ર જીવન બહાર આવે છે અને કેસરી પત્રદ્વારા સ્વતંત્ર વીચારો પ્રગટ કરાય છે. આનાં પરિણામે એમને સજા થઇ હતી. પ્રો. મેક્ષમુલર અને મી. વીલીયમ હન્ટરે મહારાણીને એમનાં છુટકારા માટે અરજ કરી જેને પરિણામે ૧૮૯૮ નાં સપ્ટેંબરની છઠ્ઠી તારીખે એમનો છુટકારો થયો. સિંહગઢનાં સેનેટોરીયમમાં છ માસ ગાળ્યા બાદ મદ્રાસની કોંગ્રેસમાં ભાગ લઇ એઓ સીલોન ગયા. એમ છતાં એમની શોધ ખોળ તથા સાહિત્ય પ્રવૃત્તિ ચાલુજ હતી. ' The Arctic Home of the vedas ' પ્રસિદ્ધ કરી માણસની અસલ સ્થિતિ તથા ખગોળનાં સિદ્ધાંતોની છેલ્લી શોધ ખોળનો ઉપયોગ કરી સિદ્ધ કરી આપ્યું કે વેદોનું ઉત્પત્તિસ્થાન ' આર્ક-ટીક સમુદ્ર'આગળ છે. તાઇ મહરાજના કેસે એમનું કેટલુંક ધ્યાન રોકયું અને ૧૯૦૧ થી ૧૯૦૪ નો સમય આ કેસ બાબ-

તમાં ખર્ચાયો. ૧૯૦૫ થી એમનું પૂર્ણ રાજકીય ચર્ચાવાળું જીવન શરૂ થાય છે. આ સમયે બંગભંગ પડયા અને એ દ્વારા લોર્ડ કર્ઝને સમગ્ર દેશ જાગૃત કર્યો. સને ૧૯૦૫ની મ. ગોખલેનાં પ્રમુખપણાં હેઠળ મળેલી કોંગ્રેસે 'બૉયકોટ' નો આશ્રય લીધો. આ વખતે સ્વરાજ, બૉયકોટ, સ્વદેશી, નેશનલ એજ્યુકેશન વિગેરે અનેક પ્રશ્નો ઉદ્દભવ્યા. આ વખતે સઘળો દેશ નવું ચેતન ધરતો હતો અને આને અંગે કંઇક બખેડા પણ થયા. આ બાબત પર સ્વતંત્ર લખાણો શરૂ થયા અને 'કાલ' પત્રનાં અધિપતી મી. પરાંજપે પર કેસ ચાલ્યો. એ પછી ૨૩ મી જુને ટીળક પર કેસ ચાલ્યો અને ૨૪ મી જુને એમને સજા થઇ! એ પછી બીજા અનેક ચાર્જો મુકાયા. આઠ દિવસ કેસ ચાલ્યા બાદ એઓ ૨૧ કલાક અને દશ મિનીટ સુધી પોતાના બચાવમાં બોલ્યા; પરંતુ એ સર્વ વ્યર્થ ગયું અને પાછી છ વર્ષની સજા થઇ! જાણેકે એમનાં આ સર્વ દુઃખોથી દુનીઆને લાભ થવાનો હોય તેમ આ બધી બીનાઓ બની જતી હતી. માંડલેમાં એમને રાખવામાં આવ્યા. હતા. આ સમયે એમણે ફ્રેંચ ભાષાનો કંઇક અભ્યાસ કર્યો અને વિશ્વગીય ગીતા પર ઉલ્લેખ કરી ગીતોપદેશ કર્મમીમાંસા શાસ્ત્રમાં વર્ણવ્યો. ૧૯૧૪ નાં છુટકારા બાદ હિંદનાં રાજકીય પ્રકરણમાં નવો ઇતિહાસ શરૂ થતો લાગ્યો. 'સ્વરાજ્ય'ની માગણીના નાદો ઘેર ઘેર ઉચ્ચારાવા લાગ્યા. દુર્દૈવે જર્મન મહાવિગ્રહ શરૂ થયો. આમાં બ્રિટીશ તરફની વફાદારી માટે તથા લશ્કરની ભરતીમાં લોકમાન્ય ટીળકે પૂર્ણ સહાય કરી.' At such a crisis it is, I firmly hold, the duty of every Indian, be he great or small, rich or poor to support and assist His Majesty's Government to the best of his ability' વૉર કોન્ફરન્સનો બનાવ કંઇક શોકજન્ય હતો. ૧૯૧૭ માં એમને દિલ્હીમાં દાખલ થવા માટેનો મનાઇ હુકમ મળ્યો. મી. 'સીરોલ' સ્હામેના કેસમાં એઓ ફતેહ પામી શકયા નહિ. આ પછી સ્વરા-

જ્યની ચળવળમાં એમનું જીવન વ્યતીત થતું હતું અને પેરીસની સુલેહની કોન્ફરન્સમાં હિંદનો સવાલ મુકવા પ્રયત્ન કર્યો. ૧૯૧૯ માં એઓ હિંદ પાછા ફર્યા! ત્યાર બાદ એમની પ્રકૃતિ ઘણી મંદ થવા માંડી અને ૧૯૨૦ ના ઑગસ્ટ તા. ૧ લી એ નિષ્કામ બુદ્ધિથી લોકસંગ્રહને માટે સર્વ વ્યવહાર કરી. પરમ શ્રેયસ: સંપાદન કરી એઓ સમાધિગ્રસ્ત થયા, અને પોતાનાં જીવનદ્વારા નિષ્કામ કર્મના તથા આત્મસ્વાતંત્ર્યના પાઠો શીખવી દેવભૂમિમાં વિહર્યા!

આ પ્રમાણે લો. મા. ટીળકનાં જીવન ચરિત્રની રૂપરેષા આપણે જોઈ. અને એમાં આપણે નિહાળ્યું કે એમનાં સમગ્ર જીવનમાં દેશોદ્ધાર અને કર્મનાં પાઠો સ્થળે સ્થળે દૃષ્ટિગોચર થાય છે. 'સ્વરાજ્ય મારો જન્મ સિદ્ધ હક્ક છે અને તે હું લઈશ' એ એમનું પ્રણવસૂત્ર હતું. જો એમણે રાજકીય જીવનને બદલે સાહિત્યપ્રવૃત્તિ અગર તો બીજી કોઇ કક્ષામાં વિશેષ ધ્યાન આપ્યું હોત્ તો ત્યાં પણ એ મહાન્ નરરત્ન ફતેહ પામ્યા હોત. એમનું મગજ વિશ્વવંદનીય હતું અને હરકોઇ વિષયનું જ્ઞાન એઓ ઘણું બહોળું ધરાવતા. રાજ્યકર્તાની ભુલો યા ખામીઓ એ નિડરપણે બતાવતા. પરંતુ ભાવિવશાત્ એઓ ઘણું ખમ્યા એ હિંદનું દુર્ભાગ્ય! પરંતુ જીવતા એ પૂજાયા અને અવસાન પછીથી દેવાંશી વીર મનાયા.

એમનાં અવસાનથી હિંદને ભારે ખોટ ગઈ છે; અને વિશ્વવીર જતાં સમગ્ર દેશપર શોકગ્લાનિ ફેલાઇ રહી છે. કવિઓ કવિતામાં રોયા અને એમનાં મિત્રો તથા સ્નેહીઓ ઘણું મુંઝાયા. એમની કીર્તિ યૂરોપ અમેરિકાદિમાં પણ જ્વલંત છે. એમનો કીર્તિદેહ અક્ષય્ય છે. 'કીર્તિ કેરાં કોટડાં પાડયાં નવ પડંત.' એ પંક્તિ કેટલી બધી યથાર્થ છે? ધન્ય છે એ ભારત નરવીર કેસરીને!! આજ ગૃહે ગૃહે એમની વીરપૂજા થાય છે અને યાવચ્ચંદ્ર દિવાકરો રહેશે. અસ્તુ!!

પ્રિય વાંચક, ઉપર પ્રમાણે 'વીર અને વીરપૂજા' ની રૂપરેખા આલેખાઇ રહી. કાર્લાયલનાં કેટલાંક સિદ્ધાંતો એમાં છાયા રૂપે છે, તો હિંદુશાસ્ત્ર તથા સમાજનાં સિદ્ધાંતો પ્રધાનપક્ષે વર્ણવાયલાં છે. વીર અને વીરપૂજાનાં વાંચનની સાર્થકતા ત્યારે જ થઇ સમજવી કે જ્યારે જીવન 'વીર' પંક્તિમાં મુકી શકાય, અહંમતા નષ્ટ થાય અને 'આનંદ અને ઓજસ્' પ્રગટે. આમાં જ આપણું આર્યત્વ રહેલું છે. ભારત વર્ષ ત્યારે જ ઓપશે કે જ્યારે ઉપર પ્રમાણેનાં વીરો 'આનંદ અને ઉત્સાહ' સાથે કેસરીયા કરી પોતાનાં ઉજ્વલ ચરિત્રોથી તે દીપાવશે. જોઇએ છીએ આપણને આવા વીરો કે જેઓ સાધુતા અને સુંદરતાનાં દીપકો દેખાડી શકે અને જીવનમાર્ગ સુગમ બનાવી શકે. તથાસ્તુ.

वीर साक्षररत्न गोवर्धनराम माधवराम त्रिपाठी
अने तेमनी
गुर्जर साहित्य सेवा.

હીંદ વીરો

પ્રકરણ ૨ જું

(साहित्य वीर.)

" મ્હોટાં ન્હાનાં વધુ મ્હોટાંમાં, તો ન્હાનાં પણ મ્હોટાં !
વ્યોમદીપ રવિ નભબિન્દુ, તો ઘરદીવડાં નહીં ખોટા ! "

સ્નેહ મુદ્રા.



જે સાક્ષરરત્ને ગુજરાત ઉજાળ્યું છે, જે વીરરત્ને ગુર્જર સાહિત્યનો પુનરોદ્ધાર કરી નવો યુગ પ્રવર્તાવ્યો છે તે નરરત્નની જીવન કથા સંક્ષિપ્તમાં આલેખવી એ ઘણી કઠીણુ બાબત છે છતાં इषदपि श्लाघ्यम् । એ ન્યાયે જે થોડું થાય તે પણુ શ્રેયસ્કર છે એમ જાણી એમનાં જીવન કથાનાં પાનાં ઉકેલવાનો લેખકનો અલ્પ પ્રયાસ છે. વીરપૂજામાં સામગ્રી કરતાં ભાવની વિશેષ

ગુર્જર સમર્થ લેખક અને નીરસાક્ષર રત્ન.



સદ્‌ગત ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી. બી. એ. એલએલ બી.

(સરસ્વતીચંદ્ર અને સ્નેહમુદ્રાનાં સુપ્રસિદ્ધ કર્તા).

B. A. P. Works.

જરૂર છે; અને વીરની પૂજામાં એટલું ગૌરવ સમાયલું છે કે તે પૂજામાં મનુષ્યનું હૃદય સહજ્ ભાવ હોવા છતાં પણ તે છલકાય જાય છે અને અનેરો આનંદ-રસપૂર્ણ આનંદ-થઈ રહે છે. કૃષ્ણની વાંસળી પર જ્યારે રાધિકા રોષયુક્ત થયા ત્યારે કૃષ્ણે તેમનું સાંત્વન કરી સંબોધ્યા કે 'તું પોતે સુંદર અને મનોહારી છે તે છતાં એ વાંસળી સ્વાર્થ અને અહંકાર ત્યજી નખથી શિખા સુધી પોલી બનેલી છે માટેજ હું તેનો પ્રથમ સ્વીકાર કરૂં છું. હું મ્હારા ભાવનો સહજ્ ધ્વનિ મુકતાં તેમાંથી રસપૂર્ણ સંગીત બ્હાર આવી આનંદ આનંદ કરી મુકે છે.' માટેજ સામગ્રી કરતાં મનોભાવના-પૂજ્યબુદ્ધિની વિશેષ જરૂર છે. શ્રીયુત્ ગોવર્ધનરામ પર અનેક લેખો લખાયા છે અને હજી લખાશે. પરંતુ મહાત્માનાં જીવન ચરિત્રમાં એક ખુબી એવી છે કે તેને આપણે ગમે તેટલાં વખાણીએ, ગમે તેટલા પત્રપટ પર આલેખીએ તોપણ તેમનાં જીવનની અમુક તવારીઓ હંમેશ નવી અને નવીજ લાગશે. કહ્યું છે કે ' क्षणे क्षणे यन्नवतामुपैति तदेवरूपं रमणीयतायाः ।'

ગુર્જર સાહિત્યની એક જન્મભૂમિ-નડીઆદમાં ધીરજરામ તરવાડીનાં કુટુંબમાં ગોવર્ધનરામ નો જન્મ થયો હતો. આ વૃદ્ધ મોટું સાહસ ખેડી કુટુંબમાં સારી લક્ષ્મી સંપાદન કરી હતી. તે ઉપરાંત એઓ મોટા પરોપકારશીલ હતા. તેઓ ગોવર્ધનરામનાં પિતા માધવરામને ૧૨ વર્ષનાં મુકી દેવલોક થયા. એમનાં અવસાન પછી માધવરામનાં કુટુંબમાં એક મુની મહરાજ રહેવા આવ્યા. આવા પવિત્ર પુરૂષનાં આગમનથી એમનું કુટુંબ વિશેષ પવિત્રિત થયું અને વૈષ્ણવ ધર્મનાં ઉંડા મૂળિયાં એમનાં કુટુંબમાં દાખલ થયા.

ગોવર્ધનરામની માતાનું નામ ' શિવકાશી ' હતું. તેઓ ઘણાં વ્યવહારકુશળ અને ' સંસારમાં રક્ત ' સ્ત્રી હતાં; જ્યારે માધવરામ સંસારમાં હોવા છતાં ' વિરક્ત ' રહેવામાં વિશેષ સુખ

માનતા. આવા ધાર્મીક કુળમાં ગોવર્ધનરામનો જન્મ સં. ૧૯૧૧ નાં વિજયાદશમીએ થયો. એ દિવસ ગુર્જર ઇતિહાસમાં સુવર્ણાક્ષરથી લખાએલો છે. એજ દિવસે પાંડવોએ પોતાનાં વિજયી શસ્ત્રો ગ્રહી પોતાનું રાજ્ય પાછું મેળવવા તૈયારી કરી હતી ! જાણેકે 'ગુજરાતનો આ યશસ્વી પુત્ર ગુર્જરભૂમિ પાવન કરવા માટેજ જન્મ્યો હોય તે પ્રમાણે આ મહાન્ ગુર્જર ગ્રંથકારનો જન્મ ભારત વર્ષની નામાંકિત પુણ્ય પરવણીએ થયો; અને એમનાં કુટુંબમાં સર્વત્ર આનંદ આનંદ થઈ રહ્યો.

ગોવર્ધનરામને બે બ્હેનો હતી. એક શણગારલક્ષ્મી અને બીજી સમર્થલક્ષ્મી. એમનું શરીર ન્હાનપણથી જ માંદલું હતું. કોને ખબર હતી કે આવી પ્રકૃતિવાળો પુરૂષ પોતાના વિચારો વડે સમસ્ત ગુજરાત હલાવી મસ્ત બનાવી શકશે !

સુસંસ્કૃત કુટુંબમાં જન્મેલાં હોવાથી ન્હાનપણથીજ એમને સારા સંસ્કારો પડવા માંડ્યા. રામાયણ મહાભારતાદિ કથાઓમાં એમનો રસ વધવા માંડયો. એમનો અંગ્રેજી અભ્યાસ, નવાયુગના પરિણામે, મનઃસુખરામની દેખરેખ હેઠળ થવા માંડયો. આ પ્રમાણે 'મનને મનઃસુખનું બીજ દેવાયું.' નિશાળનાં અભ્યાસમાંજ એમને સાહિત્ય શોખ લાગ્યો અને એને પરિણામે નિશાળનાં પાઠો પડતાં મુકી એઓ બીજાજ પ્રકારનાં જ્ઞાનામૃતનાં ભોજનમાં મશગુલ રહેવા લાગ્યા. આ પ્રમાણે ઉચ્ચ સંસ્કારોથી સંભૃત થયલાં મસ્તિકમાં અંગ્રેજી તથા સંસ્કૃત સાહિત્યનાં નવા ચમકારા થયા; અને એમનું કોલેજનું જીવન એથી પણ વધારે રસમય બન્યું. ગોવર્ધનરામને મોટા મોટા પારિતોષિકો યા સ્કોલરશીપો મેળવવી એવી તૃષ્ણા ન હતી. પરંતુ સાહિત્યક્ષેત્રમાં જેટલું સ્વછંદપણે વિહરી શકાય એમ કરવું એ તેમનો અંતીમ આશય હતો ! અને તેમનો બીજો આશય એક કવિએ ગાએલી 'પામરતાથી રે પરાધિન થા ના' એવી નોકરી ન કરવી એ હતો. અને આથી એમણે સિવિલીઅન થવાનો વિચાર માંડી

વાંચ્યો હતો. આ પ્રમાણે જયારે એમનું કોલેજનું સુખમય જીવન પસાર થતું હતું. તેવામાં વિધિએ વિખવાદ શરૂ કર્યો. સને ૧૯૭૪ માં એમનાં પત્નિ 'હરિલક્ષ્મી' દેવ શરણ થયાં. આથી તેનાં હૃદય પર એક ભારે જખમ પડયો. આ દુઃખ તેમણે 'हृदयहृदिशतक' દ્વારા શમાવ્યું અને આજ સમયે 'સ્નેહ મુદ્રા' નું કાવ્ય શરૂ થયું. આ દુખમાં 'दुःखं दुःखानुबन्धि' એ ન્યાયે માધવરામની દુકાન ભાંગી તથા પોતે બી. એ. ની પરીક્ષામાં નિષ્ફળ થયા ! વાચક, આ વખતે ગોવર્ધનરામની માનસિક દશા કેવી હશે તે તું પોતેજ કળ. આ પ્રમાણે આંગ્લ લેખક વૉલ્ટર સ્કૅાટની (Walter Scott.) માફક એમનાં કુટુંબ પર મોટું દેવું ચ્હઢવા માંડયું. આવી કુટુંબવ્યથામાં સપડાયા છતાં, બીજે વર્ષે ગોવર્ધન રામે બી. એ. ની પરીક્ષા પસાર કરી.

પરીક્ષામાં પાસ થયા પછીનો સમય તેમનાં આત્માનો મંથનકાળ હતો. ગોવર્ધનરામનો જ નહિ પરંતુ યુનીવર્સીટીમાં પસાર થનારા ઘણાંખરા વિદ્યાર્થીઓનો પણ એ સમય શું કરવું અને શું ન કરવું' 'કયી કક્ષામાં પોતાનું વહાણ હંકારવું' એ નિર્ણય કરવામાંજ જાય છે. અને અમુક નિશ્ચય દૃઢ થયા પછી પરિપૂર્ણ કરનારા વિદ્યાર્થીઓ—આત્મશ્રદ્ધાવાનો જીંદગીમાં જરૂર ફતેહ પામે છે. આ સમયે ગોવર્ધનરામે બે પ્રતિજ્ઞાઓ લીધી તે એ કેઃ—સ્વતંત્ર ધંધો કરવો અને સાહિત્યદ્વારા જનસમાજની સેવા કરવી. આ અરસામાં એમનું બીજીવારનું લગ્ન 'લલિતા ગૌરી' સાથે થયું. આ પ્રમાણે સુખનો સહજ સંચાર થયો. પરંતુ વિપત્તિનાં વાદળો હજી પાછા ન ખસ્યા, અને એમનાં બે બાળ મિત્રો શ્રીયુત્ હરિરામ ઉત્તમરામ ભટ્ટ અને રામચંદ્ર વિષ્ણુ ગોખલે દેવલોક થયા. આ સમયે પણ એમની સાહિત્યપ્રવૃત્તિ ઓછી થઈ ન હતી. સને ૧૮૭૬ માં એમણે 'ધી કરસનદાસ મુળજી એસે પ્રાઈઝ' મળ્યું. આ ઈનામનો વિષય "The efforts of the Custom of Early Marriages on the Educational

Progress of the Natives of India" હતા. સને ૧૮૭૯ માં તેઓ ભાવનગર સ્ટેટમાં દિવાનનાં સેક્રેટરી તરીકે કામ કરવા માંડયા; અને આજ શહેર તેમની ગાઢપ્રીતિની હકદાર લીલાવતી ની જન્મભૂમિ બન્યું. ભાવનગરમાં તેઓને ઘણો સારો અનુભવ મળ્યો. તેઓનાં વહીવટ દરમ્યાન 'સરસ્વતીચંદ્ર'ની આછી રેખા તેમનાં મસ્તિકમાં તરવા લાગી. તેઓ લાગલાગટ ચારવાર નિષ્ફળ થયા પછી એલ. એલ. બી. પસાર થયા. એ સમયે એમને ભાવનગરમાં રૂ. ૨૫૦ ની ન્યાયખાતામાં તથા જુનાગઢમાં સર ન્યાયાધીશની રૂ. ૩૦૦ ની જગ્યા આપવાનું સૂચવવામાં આવ્યું હતું. પરંતુ 'નોકરી ન કરવાના' પોતાના અડગ નિશ્ચયથી તેઓ ડગ્યા નહિ; અને ભવિષ્યનાં સ્વતંત્ર ધંધા માટેજ ઈંતેજારી રાખી અને પાછા મુંબઈ ફરવાનો નિશ્ચય કર્યો.

સને ૧૮૮૪ ની સાલમાં એમણે વકીલાત શરૂ કરી.૧૮૮૫માં એમને વડોદ્રારાજ્યના વિદ્યાધિકારીની જગ્યા રૂ. ૫૦૦ ના પગારથી આપવાનું જણાવવામાં આવ્યું હતું. પરંતુ એ લોભ પણ એમણે છોડયો. આ વખતે પણ એમની વિધવિધ પ્રવૃત્તિઓ ચાલ્યાજ કરતી હતી,અને એમનાં છુટાછવાયા લેખો તથા ભાષણો ઘણાં પ્રીય થવા માંડયા હતા. આ સાલમાં એમણે ગુજરાતનું અનુપમ અને પ્રીય પુસ્તક 'સરસ્વતીચંદ્ર ભા.૧' લખી ગુજરાતને કણ્ઠાભરણ કર્યો અને બીજા બે વર્ષમાં 'સ્નેહમુદ્રા' વાંચક સમક્ષ મુકી. સને ૧૮૯૨ માં સરસ્વતીચંદ્રનો બીજો ભાગ બહાર પડયો. આ પુસ્તક પ્રગટ થવા અગાઉ એમણે ગુજરાતનાં ધુરંધર લેખક નવલરામની 'વીરપૂજા' જીવનવૃત્તાંત લખી કરી. આ સમયે ગુજરાતનાં મસ્તકવિ, પ્રેમશૌર્ય શીખવનાર અને સ્વદેશનો નવો નિશો રક્તમાં વહેવડાવનાર કવિ નર્મદનું અવસાન થયું. ન હતી ખબર ગુજરાતને કે એ બે ધુરંધર પિતા, બે ગુર્જર સમર્થ લેખક મણિલાલ નભુભાઈ દ્વિવેદી અને ગોવર્ધનરામ ને વારસ કરી જનાર હતા! પ્રચંડ સૂર્યનાં પ્રખર કીરણો ધીમે ધીમે નમ્યા બાદ ચંદ્રની

વિશ્વવંદનીય શિતળતા આલ્હાદનીય બની. એ ચંદ્રો પૂર્ણતાને પામ્યા; અને ગુજરાતમાં પોતાની સોળ કળાવડે નવો યુગ પ્રવર્તાવ્યો.

निचैर्गच्छत्युपरि च दशा चक्रनेमिक्रमेण । એ પ્રમાણે ગોવર્ધનરામ પર બીજો ઘા પડયો. એમની અ. સૌ. બ્હેન અને સરસ્વતીચંદ્ર સંપૂર્ણ થવાની રાહુજોતી, તથા ભાઈના મનોરથો કળવાને આતુર 'સમર્થલક્ષ્મી' દેવલોક થઈ. ભાઇએ નિવાજપુષ્પાંજલિ અર્પી કેઃ—

"બત્રીસ વર્ષનું સ્વપ્ન થયું ત્યાં પુરુ કર્યું ચમદ્દુતે;

હતી ન હતી કરી દીધ કુલવાડી મૂર્ખ પવનની ફુંકે."

અને બાતપાસ લ્હેણું રાખી, 'ગઈ પ્રભુપાસ કરવા વાસ.' અને ત્યારપછી ત્રણવર્ષે એમના પિતા દેવલોક થયા.

સને ૧૮૯૬ માં સરસ્વતીચંદ્ર ભા. ૩ લખાઈ રહ્યો. પરંતુ કેટલીક અડચણને લઇને એકદમ પ્રગટ થઈ શકયો નહિ. સને ૧૮૯૮ માં પોતાને ઇષ્ટ વાનપ્રસ્થનો સ્વીકાર કર્યો. આ સમયે કચ્છની દિવાનગીરી રૂ. ૧૫૦૦ ના પગારથી એમને આપવાનું સુચવવામાં આવ્યું હતું. પરંતુ તેની એમણે ચોખ્ખી ના પાડી. ત્યાર બાદ તેઓ નડીઆદ રહ્યા. અને કાઠીયાવાડ, આબુ વિગેરે સ્થળે મુસાફરી કરી આવ્યા. પરંતુ દેવને સંપૂર્ણ સુખ ન ગમ્યું. અને પોતે પાળેલી અને પોષેલી, વિદ્યાથી સંભૃતકરેલી પુત્રી લીલાવતી દેવલોક થઈ. પરંતુ એ મૈત્રીની ખોટ લાઠીનાં સુર સિંહજી 'કલાપિ' તથા પ્રો. ટી. કે. ગર્જ્જરના સહવાસથી કંઇક પુરાઈ. સને ૧૯૦૧ માં સરસ્વતીચંદ્ર ભા. ૪ બહાર પડયો; અને ભારતવર્ષનું ભવિષ્ય અને સરસ્વતીચંદ્રનું મનોરાજ્ય સંપૂર્ણ આલેખાયું.

એમનો નિવૃત્તિમય સંન્યાસ પ્રવૃત્તિમય સંન્યાસ હતો

એમ કહીએ તો ખોટું નથી. આ સમયે એઓ અનેક પ્રશ્નોનાં નિરાકરણમાં ગુંથાયા હતા; જેવાકે યુનીવર્સીટી કમીશન, એમ. એ. ની પરીક્ષા, કોંગ્રેસ, કોન્ફરન્સ વિગેરે; તથા અનેક લેખો માસિકોમાં લખી આપતા. સને ૧૯૦૫માં ગુજરાતસાહિત્ય ની પ્રથમ પરિષદ્‌માં પ્રમુખપદે એઓ વિરાજ્યા. અને ગુર્જર ભાષા સર્વોત્તમ અને મીઠાશવાળી ભાષા છે એવું દાખલા દલીલ સાથે સિદ્ધ કર્યું. આ સર્વ પ્રવૃત્તિમાં 'લીલાવતી–જીવનકળા'લખી. આ પુસ્તકમાં એક ઉચ્ચ વિદ્યાથી સંભૃત થએલી આર્યા, કુટુંબની અનેક મુશ્કેલીઓ હેઠળ આદર્શ ગૃહિણી શી રીતે થઈ શકે છે એ સ્પષ્ટપણે બતાવાયલું છે. તથા અમદાવાદની 'સાહિત્ય સભા' તરફથી થનારી 'દયારામ જયંતી' પ્રસંગે દયારામનો અક્ષરદેહ લખ્યો.

સને ૧૯૦૭ માં એમની પ્રકૃતિ ઘણીજ બગડી અને તા. ૪થી જાન્યુઆરી ૧૯૦૭ માં આ ગુર્જરસાહિત્ય વીર સાહિત્ય વાડીમાં મીઠાં કલ્લોલ કરી સ્વર્ગીય આનંદ ભોગવવા વિહર્યા. પ્રો. આનંદશંકરના શબ્દોમાં કહીએ તો "એમના બાલ્યબ્રહ્મચર્ય અને ગૃહસ્થાશ્રમની પ્રિયભૂમી અને એમનાં ભાવનાગુરૂ તેલંગ અને રાનડેની અવસાન શય્યા અને સંસ્મરણોથી પવિત્ર અને આકર્ષક થયેલી એવી મુંબઈ નગરીમાં' આ મહાન્ વીરની જીવન યાત્રા સમાપ્ત થઈ.

પ્રિય વાંચક, આપણા સમર્થ લેખક ગોવર્ધનરામ ગયા. પરંતુ એમનું જીવન–કાર્ય ચીરંજીવ રહેશે. ગુર્જરવાડી હજી તેવીને તેવી લીલીછમ છે. હરીઆળીશી લીલોતરી રા. કનૈયાલાલનાં લખાણમાં ઉગે છે. એમનો ટહૂકો ગુજરાતનાં એકે એક ઘરમાં ધ્વનીમય થઈ રહ્યો છે. અને એમનો મહાન્ ગ્રંથ સરસ્વતીચંદ્ર જાણેકે એક સત્ય કથા હોય તેમ કાલ્પનિક (Fiction) વાત મટી જઈ સત્યવાત (Fact) તરીકે ગણાય છે એજ એમના લેખની સફળતા. એટલુંજ નહિ પરંતુ આખું ગુજરાત એમનાં

પવિત્ર નામથી નવીન જાગૃતિમાં આવ્યું છે અને એઓ એક પ્રોત્સાહક સાહિત્યવીર થઈ ગયા છે.

ઉપર પ્રમાણે આપણે ગોવર્ધનરામની ટૂંકી સંસાર યાત્રા નિહાળી. હવે એમણે આ ટુંકા જીવનમાં શું શું કર્યું તે જોવાનું બાકી રહે છે તથા એમના આંતરિક વિશુદ્ધતા તથા જીવન ભાવના કેવા પ્રકારનાં હતા, તેમજ ભારત વર્ષનું ભવિષ્ય એમણે કેવું ભાખ્યું હતું તથા એઓ કેટલે દરજ્જે એક પ્રોત્સાહક વીર હતા વિગેરે બાબતો પણ ખાસ નિરીક્ષણ કરવા જેવી છે. આંતરિક વિશુદ્ધતા વિના બાહ્યઆંડબર નકામો છે, અને જે વ્યક્તિમાં આવી વિશુદ્ધતા લક્ષ્યીગોચર થાય છે તે એક મહાન્ વ્યક્તિ બની બીજાઓ ઉપર કાબુ મેળવી શકે છે. અર્થાત્ દુનીઆ જીતી શકે છે. એમની આંતરિક વિશુદ્ધતા માટે એકજ ગુણ બસ છે કે એઓ નિખાલસ હૃદયનાં હતા. અર્થાત્ બોલતા તેવું પાળતા અને હૈયે તેવું હોઠે કહી બતાવતા. પ્રસન્નપ્રકૃતિ એમનું સ્વાભાવિક લક્ષણ હતું. એમની શાંતિ જ્યોર્જ વોશીંગ્ટન જેવી હતી. તેને માટે એક ઉદાહરણ અત્ર ઉચિત થશે. જ્યારે એમની નાની છોકરીએ, એમણે કેટલી મહેનતે લખેલા એક લેખનાં કાગળીઆ પતંગ બનાવવામાં વાપર્યા અને એની સન્મુખ આવી બોલી કે ', જુઓ, મ્હોટા કાકા, મ્હેં કેવી પતંગ કરી!' ત્યારે તેનાં જવાબમાં એમણે શિખામણ દીધી કે " જો, બ્હેન, મ્હારી ચોપડીઓને અડકાય નહિ, હોં!" આ જ એમનાં વિશુદ્ધ હૃદયનું પરિણામ! દરેક પ્રસંગમાં કુદરત કૃતિ નિહાળવી, ગમે તેવા પ્રસંગમાં દૃઢતા તથા પ્રફુલ્લતા જાળવી રાખવી એ સરળ હૃદયસિવાય બની શકતું નથી. એક ઇજનેર વિષે કહેવાતું કે તે દરેક પ્રસંગે પ્રફુલ્લજ રહેતો. હવે એક પ્રસંગ એવો બન્યો કે ઈજનેરનાં કામમાં એન્જીનનાં સાંચાથી તેનો એક હસ્ત કપાઈ ગયો. એ પ્રસંગે એનાં એક મિત્રે હાસ્ય કરી કહ્યું:—

'કેમ ભાઇ, હવે આ પ્રસંગ પણ સારો કની! "તેના જવાબમાં પ્રફુલ્લતાથી તે ઇજનેરે પ્રત્યુત્તર આપ્યોકે 'હું ઇશ્વરનો આભાર માનું છું કે મારો જમણો હાથ કપાઇ ગયો નથી!" આ સર્વ વીરપૂજાનો સુપ્રસિદ્ધ લેખક કાર્લાયલ હૃદયવિશુદ્ધિનું પરિણામ ગણે છે. કાર્લાયલ લખે છે કે "હું એમ માનું છું કે હૃદયની વિશુદ્ધિ ઉંડી, અકૃત્રિમ વિશુદ્ધિ–એ જેમનામાં કોઈપણ જાતની વીરતા છે એવા સર્વ મનુષ્યનું સ્વાભાવિક લક્ષણ હોય છે." વળી પોતાનાં પર આવી પડતી દૈવી આપત્તિઓમાં પણ એઓ કુદરતી ઈચ્છા ગણતા. અર્થાત્ એમનાં પોતાનાંજ શબ્દમાં કહીએ તો.—

'પ્રભુ આમજ આપદ તું હરતો—
અમ મૂર્ખ પણું ઉર ના ધરતો,
વનમાં વણ ભાન પડી હું રહ્યો—
તૃણદ્વાર વિષે, પ્રભુ ત્યાં તું ઉભો!!'

અને આ પ્રમાણે વિપત્તિમાં પણ ઇશ્વરનો સાક્ષાત્કાર કરતા. એમની જીવનની ભાવના ઉત્કૃષ્ટ હતી. અને એને એનાં જીવનમાં કાંઇ અર્થ સમાયલો લાગતો હતો. કલનલ કલાઇવ વિષે કહેવાય છે કે તે પોતાની જીંદગીથી કંટાળી એક વખત પોતાના પર બંદુક ફોડી પ્રાણ હણવાની તૈયારીમાં હતો છતાં બંદુકની તોટી ત્રણવાર છટકી ગઈ; ત્યારે એને લાગ્યું કે 'નકકી, મારા જીવનમાં કંઇ અર્થ હોવો જોઇએ નહિ તો સાબીતજંગને આમ થાય નહિ.' ગોવર્ધનરામને પોતાની આવી માંદલી પ્રકૃતિ હોવા છતાં જીવનનો કંઇ અર્થ વારંવાર લાગતો. એમનો આદર્શ ઘણો ઉચ્ચ હતો, અને એ આદર્શ–એ પ્રેમ એમણે 'સરસ્વતીચંદ્રમાં' ઘણી ઉત્કૃષ્ટતાથી દાખવ્યો છે. ઉચ્ચ આદર્શ સિવાય કોઇપણ વ્યક્તિની ઉન્નતિ થતી નથી એ સત્ય છે. ગગન વિંધવા ઈચ્છનાર

એક ઝાડની ટોચપણ વીંધી શકશે. એમનું મનોરાજ્ય બહુ ઉન્નત હતું; અને જેઓ એનાં સંબંધમાં આવતા તે એ બહુ સારી રીતે જાણતા. એમની ભાવના એવી તો ઉચ્ચ હતી કે એને પરિણામે એમણે દ્રવ્યને તરછોડી, ધીકતો વકીલાતનો ધંધો છોડી, પ્રવૃત્તિમય સંન્યાસ સ્વીકાર્યો હતો. कार्यं कर्म समाचर। 'ભાઇ, તું તારૂં કાર્ય કર ' એજ એમનું આદર્શ સૂત્ર હતું. આને પરિણામે એઓ રાષ્ટ્રિય પ્રશ્નો એમની ઉચ્ચ કોટીની જીવનભાવનાથી નિહાળતા અને આવી ઉચ્ચ ભાવનાને લઈનેજ એમને સ્વાર્થ છોડી સંન્યસ્ત દીક્ષા લેતા વાર ન લાગી; તથા દ્રવ્યપ્રાપ્તિ તથા સત્તાગીરીની ઘણો તકો મળ્યા છતાં સ્વતંત્રજીવન ગાળવાના પોતાના સિદ્ધાંતથી ચલાયમાન થયા નહિ !

સાહિત્યસેવા અને દેશસેવા એ એમના આદર્શ હતા. કોઇપણ પ્રજાની ઉન્નતિ ઉચ્ચ સાહિત્યવિના થઈ શકતી નથી. કારણકે સાહિત્ય પ્રજાજનનું હૃદય છે. જેમ એક આદર્શમાં આકૃતિ પ્રતિબિમ્બિત થાય છે તેમ સાહિત્યનાં પુસ્તકોમાં પ્રજાજનનું હૃદય-મનોવિકાર વિગેરે બાબતો તરે છે. મહાન્ ફેરફારનાં વખતમાં (At the time of Revolution) ફ્રાન્સનું સાહિત્ય ' રૂસો અને વૉલ્ટેરનાં લેખોમાં ' તરતું હતું. ગુજરાતની નવી જાગૃતિ, રાષ્ટ્રીયજીવનનો નૂતન ઉત્સાહ ગોવર્ધનરામના સાહિત્ય પ્રયાસમાં લક્ષ્યીગોચર થાય છે. ગુર્જર સાહિત્યના નવાયુગની શરૂઆત મણિલાલ અને ગોવર્ધનરામથી થાય છે.

નવલનર્મદ યુગ પછીથી મણિગોવર્ધન યુગ પ્રવર્ત્યો અને ગુજરાતી સાહિત્યની બીજી કક્ષા દોરાઈ.

સમસ્ત ગુર્જર સાહિત્યનું ભાવિ ફેરવનાર અને સરસ્વતીચંદ્રનાં લેખક ગોવર્ધનરામનું સાહિત્ય જીવન તપાસવાનું કામ ઘણું કઠીણ છે. ગોવર્ધનરામ કયાં ! તેમનું કાર્ય કેવું અગાધ ! અને એનાં પર વિવેચન કરવાની શકિતશી ! क्व सूर्यप्रभवो वंशः क्व

चाल्पा विषया मतिः । એવી ગતી થાય છે. છતાં મહાન્ નરની પૂજા-એટલે એમનાં ગુણોનું યત્કિંચિત્ કથન એમ ધારી અલ્પપ્રયાસ પણ શ્રેયસ્કર ગણાશે.

અગાધ જ્ઞાનનો ખજાનો અને ગોવર્ધનરામની કીર્તિ તથા કૃતિનો ખરો સ્તંભ ' સરસ્વતીચંદ્ર ' છે એ અક્ષરશઃ સત્ય છે. ગરવી ગુજરાતમાં આજ એક એવું ઘર ન હશે કે જ્યાં સરસ્વતીચંદ્રના નામનો ભણકાર ન પહોંચ્યો હોય ! બલ્કે ગુજ-રાતનાં જીવનમાં સરસ્વતીચંદ્રની કથા ઓતઃપ્રોત થએલી છે; એટલુંજ નહી પરંતુ ઉગતી પ્રજાઓની ભાવનામાં પણ ગુંથાયલી છે. કેટલાંકને પ્રોત્સાહન મળ્યાં છે અને મળે છે. આવા અપ્રતિમ લેખની કદર કરવી સર્વથા યોગ્યજ છે.

દરેક લેખની વિશિષ્ટતા તેમાં રહેલા વિચારો અને લેખ-કનાં આશયપર રહે છે. ગોવર્ધનરામનો આશય ટૂંકમાં કહીએ તો ઉચ્ચભાવનામાં ભારતના પ્રગતિના અનેક પ્રશ્નો ચર્ચવાનો હતો, અર્થાત્ વાર્તાદ્વારા ગુજરાતને ઉપદેશસુધા પીવડાવવાની હતી, અને કલ્યાણગ્રામની યોજના કરવાની હતી. સરસ્વતી-દ્રનાં મનોરાજ્ય અને વિકાસ-ગુર્જર પુત્રોનાં મનોરાજ્ય અને વિકાસ છે. એમની પ્રસ્તાવનામાંનાજ વાકયમાં કહીએ તો- " આપણી પ્રજા, આપણો દેશ, આપણો કાળ, આપણા વિચાર-આચાર, અને આપણી આધિ-ઉપાધિ; એ સર્વનાં વર્તમાન ચિત્ર વચ્ચે ઉભા રહીને, આપણી ભાવી પ્રજાનું એજ વિષયોના રંગોથી ભરેલું કલ્પિત ચિત્ર આલેખવું " એ એમનો મૂળ આશય હતો.

વર્તમાનકાળમાં ઉભા રહી ભવિષ્ય કાળનું દર્શન કરવું એ એક શ્રેષ્ઠ લેખકનો પ્રભાવ છે. આ જ પ્રભાવથી વાલ્મીકિ અને વ્યાસે રામાયણ મહાભારત લખેલાં. એક ઉત્કૃષ્ટ ચિત્રકાર ત્યારેજ સુંદર ચિત્ર દોરી શકે કે જ્યારે તેની કલ્પનામાં તે ઘણુંજ સુંદર

તરતું હોય. આપણું જીવન—આપણી રહેણી કરણી ગોવર્ધનરામે નિહાળી—અને આલેખી. નવા નવા પ્રશ્નોમાં તણાતો દેશ જોયો અને કંઈક ગ્લાનિ સાથે આપણું ભવિષ્ય કથ્યું. મલબારી કવિએ નીચેની પંક્તિમાં કલ્પેલો અનુભવ એમણે સ્પષ્ટ નિહાળ્યોઃ—

" જોયા સગા મેં શાહઆલમનાં ભીખ માગતા શેરીએ. "

પાશ્ચાત્ય કેલવણીની અસર આ દેશમાં થતી હતી. બંગભંગથી નવી જાગૃતિ ફેલાતી હતી, અને આર્યત્વ નષ્ઠ થવાના પ્રસંગો પ્રસરતા જોવામાં આવતા હતા, તે સમયે સરસ્વતીચંદ્ર લખાયો; પરંતુ આ સર્વ પ્રસંગોમાં ઉભા રહી, જોતાં એમને ભારતના ભવિષ્યમાં આછી સુનેરી રેખાઓ ભાષીઃ—'India must have her day of peace and comfort' અને

" જાત મુજ, મુજ પ્રજા સુકોમળ, હતી તેવી થાશે.
" અંધકારને હંફાવી, જય ભવિષ્યનો ગાશે. "

ગોવર્ધનરામને ભારતની આવી સ્થિતિમાં પણ આશા અને ઉત્સાહ સ્ફુરે છે. પાંચાલીની વેદના સમાવવામાં થતાં પ્રયત્નોમાં અનેક આશ્વાસનાઓ ઉચ્ચારાયલી છે; છેવટે ભીમસેનનો સ્વર આકાશમાં ગર્જવા લાગે છે, અને એની ગર્જના છેક ક્રોસ્ચરબ્રસુધી વ્યાપી રહે છેઃ

" પાંચાલી ! ત્હારી પ્રજાના હાથમાંથી શસ્ત્ર ગયાં છે તેથી તું બ્હીશ નહિ! તું જુવે છે કે અમો બધા ભાઇઓની પ્રવૃત્તિને પેલો અશ્વત્થામા નિષ્ફળ કરે છે ને જે શસ્ત્ર ત્હારા શત્રુઓ સામાં પ્રહરવાં જોઇએ તે અશ્વત્થામાની પ્રેરણાથી અમારા સામાંજ ઉપડે છે ! બાળક જ્યારે પોતાના જ પેટમાં તરવાર ખોસે ત્યારે તે લઇ લેવા જેવી નથી? સત્ય છે કે કપિલોકે પોતાનાજ કલ્યાણને માટે ત્હારાં બાળકના હાથમાંથી તરવારો લઇ લીધી છે, પણ એ કપિલોકને આપણા ધનુર્ધર અર્જુનના રથઉપર ધ્વજાઓને અને ઘોડાની લગામોને બે ઝાલવાને પરમાત્માએ બેસાડયો

છે ને આપણું કલ્યાણ તેના કલ્યાણમાંજ રાખ્યું છે તો દુષ્ટ અને ગાંડા અશ્વત્થામાના હાથમાંથી આ શસ્ત્ર લઈ લીધાં સમજજે ને મિથ્યા શોક ન કરીશ ! આજ જે અવિશ્વાસનો વા વાય છે તે કાળે ત્હારી પ્રજાના હાથમાં શસ્ત્ર નથી તેમાં જ ત્હારૂં કલ્યાણ કેમ ન હોય ! આજ મ્હોટાં મસ્ત રાજ્યોની જાદવાસ્થળી થવાનો સંભવ છે ને સર્વ સુરાપાન કરનાર યાદવો લ્હડી મરશે તે કાળે સુરાનો મદ ચ્હડાવનાર શસ્ત્ર તારી પ્રજાના હાથમાં નથી ને એ સુરાપાનમાંથી અને તેના ક્રૂર ફળમાંથી તને ને તેમને બચાવવાને માટેજ પરમાત્માએ આ યોગ કેમ ન આણ્યો હોય? અને જ્યારે કપિલોકને પોતાને ત્હારા બળનો ખપ પડશે ત્યારે પણ એ બળનું સાધન આપ્યા વિના બેસી રહે એવા તેઓ મૂર્ખ નથી. પાંચાલી ! જે કલ્યાણકારક વાયુનો હું પુત્ર છું તેજ વાયુનો હનૂમાન પુત્ર છે, અને તને વેદના ક્યાં ક્યાં થાય છે તે તે જાણવાને ને ત્હારા શત્રુઓની આશા નિષ્ફળ કરવાને હનૂમાન જાગે છે. તેને તું મ્હારો બન્ધુજ ગણજે ! રામચંદ્રની સેવામાં કપિ ને રીંછ બે હતાં તે આજ એશીયા ખંડની પૃથ્વીને વ્હેંચી લે છે, પણ જ્યારે તેમનાં યુદ્ધ થશે ત્યારે કપિલોક ત્હારા પુત્રો પર વિશ્વાસ કરતાં શીખશે ને તેમનું મૂલ્ય જાણશે ને તેમને શસ્ત્ર અને અસ્ત્ર ઉભય પોતાની ગરજે આપશે ”

પછી થોડી વારમાં પરશુરામની તેજોમય મૂર્તિ, સર્વ ચંદ્રને ઉંચા કરતી પાંચાલીની પાસે આવી અદ્ધર ઉભી અને અન્તે એના ધીર ગંભીર અક્ષર–એનાં દાંતના કિરણ પેઠે-જગતમાં પ્રસરવા લાગ્યાઃ-

“ I am much more than all that, my little children!” “પાંચાલી ! જે સર્વવ્યાપી એક સત્ત્વ,આ દશે દિશાઓમાં વ્યાપતાં અને તરવરતાં અસંખ્ય બ્રહ્માંડોમાં, સ્ફુરે છે તેની છાયા ત્હારી પાસે ઉભેલી તું દેખે છે તેને–મને–જોઇને તું શાંત થા. જે અજ અજર અમર શાશ્વત તેજોમય પટ જેવો પુરૂષ અનંત કાળને

વ્યાપીને સ્થાણુરૂપે ઉભો છે તેના તન્તુને તું અત્યારે સ્પર્શે છે. તું કોઇ રીતે બીતી રાખીશ નહિ! આ દેશમાં ધર્મ પાછો આવશે ને તેની પાછળ તેના સર્વ બંધુઓ આવશે! હું તેમની ગતિનો સૂત્રધાર ત્હારા આશાતન્તુને ત્રુટતા અટકાવવા આ દિવ્ય મુહૂર્તમાં તને પ્રત્યક્ષ થાઉં છું."

"હું ધર્મની આશા છું; ઋતનો સૂત્રધાર છું, સત્યનું સ્વરૂપ છું; અને એ ત્રણેની વ્યવસ્થાના માર્ગનું અધિષ્ઠાન છું; કુરૂક્ષેત્રમાં જેણે અર્જુનનું સારથિપણું કર્યું હતું તેનોજ હું વૃદ્ધ અવતાર છું, ને અર્જુનના વાયુરથની ગતિ અને આ ચંદ્રમાળાની વિભૂતિ તને દર્શાવવા આવ્યો છું. ત્હારાં સ્વયંવરમાં અર્જુનનો સૂચક થનાર, કૌરવ સભામાં ત્હારા ચીર પુરનાર, અને પાંડવોના વિજયનો સારથી તે હુંજ હતો ને છું! માટે આશાધર! જેને આવી સુક્ષ્મ સુંદરતા અને આવું આયુષ્ય મ્હેં આપ્યા છે તે મ્હારો પ્રસાદ નિષ્ફળ ન થાય માટે હું ચિરંજીવરૂપે આ ક્ષેત્રમાં અનેક યુગો થયાં વસું છું! પાંચાલી! આશાના ઉદયને પ્રત્યક્ષ કર!"

તથા "દેશપ્રીતિનું મનોરાજ્ય" એ પ્રકરણમાં ગોવર્ધનરામ સરસ્વતીચંદ્રનાં શબ્દોમાં કથે છે કેઃ—

"કુમુદસુંદરી, આવા નરો (પારકે દ્રવ્યે સિદ્ધ થયલા વિદ્વાન્ વ્યાપારીઓ) ઈંગ્રેજ હનૂમાનના સમર્થ શિષ્યો થઈ દૃષ્ટા થશે, પોતાના યુગને ઉચિત નીતિ આપશે, મ્હોટી ક્રિયાઓ રચશે, જીષ્ણુ થશે, અને પોતાના જેવા અનેક નરોને ઉભા કરશે. મલ્લરાજની વેધશાળામાં અર્જુનનાં પાંચે આસન છે તે આવા નરોની ક્રિયાથી આ દેશમાં ઉભાં થશે." આગળ જતાં કુમુદ સુન્દરી પ્રશ્ન પુછે છે કે "એ કાર્યમાં મારો ધર્મ સહચાર કેવી રીતે કામમાં લાગશે?" એના પ્રત્યુત્તરમાં ગોવર્ધનરામ આલેખે છે કેઃ—

" એમની સ્ત્રીયો પંડિત થાય, રસજ્ઞ થાય, કુટુમ્બ પોષક થાય, સ્વસ્થ થાય, શરીરે બલવતી થાય, રોગહીન અને સુન્દર થાય, યોગ્યતાના પ્રમાણમાં કુટુમ્બ બંધનમાંથી તેઓ મુક્ત-સ્વતંત્ર થાય ને તે મુક્તતાથી ને સ્વતંત્રતાથી કુટુંબની મૂર્ખ ઈચ્છાઓ અને ક્લેશમાંથી છુટી એ કુટુંબના ખરાં કલ્યાણ કરવા શક્તિમતી અને ઉત્સાહિની બને. કુટુંબનાં બાળક વર્ગને પોષણ અને શક્તિ આપે અને વૃદ્ધવર્ગની કલ્યાણવાસનાઓને તૃપ્ત કરેઃ-એવા માર્ગ શોધવા ને લેવા તે મહાકાર્ય ગુણસુંદરીની પ્રિયપુત્રી નહિ કરી શકે તો બીજું કોણ કરી શકશે?"

" આપણી સ્ત્રીયોને ઘેર બેઠે આમ ગંગા પ્રાપ્ત કરાવીશું ને સ્ત્રીયોને પણ ધીમેધીમે ગૃહકાર્યમાંથી મુક્ત કરી બહાર કહાડીશું ને પરદેશની ને આપણા દેશની પંડિત સ્ત્રીયોને એકઠી કરવાનાં ને બોધ અને રસ આપવાનાં સ્થાન રચીશું. આપણી વિધવાઓને આવા નવા ઉપદેશક ઉદ્યોગને માટે પાળી, પોષી, શક્તિમતી પરિવ્રાજિકાઓ કરીશું. આ વાડીમાં કાળક્રમે આપણી બાળકીયો ઉત્સાહ માનતાં શીખશે ને તે બાળકીયો યુગની તરણીઓ થઈ જાતે જ આ સમારંભનો ભાર ઉપાડી લેતાં શીખશે. કુમુદ! આ કાર્યમાં ત્હારા વિના હું કાંઈ કરી શકું એમ નથી."

અને આગળ જતાં ગોવર્ધનરામ કલ્યાણગ્રામની યોજના ઘડે છે.

" કુમુદસુંદરી! પ્રથમ વિચાર મ્હેં એવો કર્યો કે આપણા ધંગ્રજી વિદ્વાનો, સંસ્કૃત શાસ્ત્રીઓ, અને નિરક્ષર કલાવાનોને માટે એક ન્હાનું સરખું સુરગ્રામ જેવું ગામ કલ્યામગ્રામ ઉભું કરવું. ઈંગ્રેજો જેમ સીમલા, ડાર્જલીંગ, મહાબળેશ્વર, અને નીલગિરી વગેરે સ્થાનોએ પોતાનાં તનમનને શક્તિ અને ઉત્સાહ આપવા જાય છે એવાં સ્થાનમાં અને ત્યાં ન બને તો સમુદ્રાદિની તીરે કોઇ બહુ આરોગ્ય-પોષક અને ઉત્સાહક સ્થાનમાં આવું

આમ રચવું. તેમાં આ ત્રણે વર્ગને આધિવ્યાધિ ઉપાધિથી મુક્ત રાખી તેમની સ્ત્રીઓ અને બાળક સહિત આયુષ્ય ગાળવાની અનુકૂળતા કરી આપવી. સુંદરગિરિ ઉપર જે ત્રણ મઠની રચના છે એવાં જ ત્રણ રમણીય ભવન એવી જ વ્યવસ્થાથી આ સ્થાનમાં રચવાં. એ ભવનમાં રહેવાનાં અભિલાષી સ્ત્રીપુરૂષોને તેમાં રહેવાના અધિકારનાં કાંઇક નિયમ કરવા. ઇંગ્રેજી પાઠશાળાઓની છેલ્લી પરીક્ષામાં તરી આવેલા વિદ્વાનો અને પરીક્ષા લેઈ શોધી ક્‌હાડેલા શાસ્ત્રીઓ, વૈદ્યો અને કારીગરો—એ સર્વમાંથી પ્રતિવર્ષ અમુક સંખ્યાને આ ભવનમાં વાસ આપવો. વિહારભવનમાં દમ્પતીઓ વસે, કુમારભવનમાં સ્ત્રીવિનાના પુરૂષો, અને વિધવાઓ અને કાળ જતે આ દેશમાં વ્યવસ્થિત થાય તો કુમારિકાઓ ને પરિવ્રાજિકાઓ વસે."

(સ. ભા. ૪)

અને વિદ્વાનોનાં કર્ત્તવ્યો આ પ્રમાણે સ્હમજાવે છેઃ—

"આ દેશની અર્વાચીન અવસ્થાનાં સાંસારિક અને રાજકીય સર્વ અંગ તેમણે જાણી લેવાં અને દેશની સર્વતઃ ચિકિત્સા કરી ભવિષ્યને માટેનાં ઓષધનું શાસ્ત્ર ખડું કરવું. પિતામહના શરિરમાં પેંઠેલા અર્જુનના શર કેમ છુટે, પિતામહનું તેજ લોકમાં કેમ પ્રસાર પામે, અશ્વત્થામાના રાફડામાં તે શર કેમ જાય, પ્રકાશમયી નલિકાઓનો નાશ કર્યાવિના અશ્વત્થામાએ બાંધેલા રાફડાઓ કેવી રીતે ઓગળે ને અસંખ્ય હાલતા ખડકો અને તેમની વચ્ચેના ચીરાઓને સાંધવાની કેમ વ્યવસ્થા થાય, નાગલોકનાં મણિ અને વિષનો કેમ પુનરૂદ્ધાર થાય, નાગલોક અને તેમની વડવાઈઓમાંથી આપણને પોષણ અને શક્તિ કેમ મળે ને તે લોકની ને તેમની સૃષ્ટિનો સાક્ષાત્કાર કેમ થાય, અર્જુનદેવ અશ્વત્થામાના મસ્તિકમાં તેનો મણિ પાછો કેમ મુકે, અને

અશ્વત્થામાનાં બ્રહ્મશિરોસ્ત્રની સમૃદ્ધિ આપણે કેવી રીતે પ્રાપ્ત કરવી: આ સર્વ વિષયના ઉંડા શોધને પ્રયોગ કરવા–આ આપણાં ભવનના વિદ્વાનોનું એક કર્ત્તવ્ય.”

“આપણાં દેશમાં ચાલતા સર્વ લોકપ્રવાહોનાં સ્વરૂપ અને ગુણદોષ જાણી લેવાં અને પરદેશની–આખી પૃથ્વિની–મહા પ્રજાઓના પ્રવાહો અને પ્રધાનપણે ઈંગ્રેજ લોકના પ્રવાહ પણ સમજવા, એ આ સ્થાનના વિદ્વાનોનું બીજું કર્ત્તવ્ય. આખી પૃથ્વીમાં આજ પાંડવોના રથ ફરે છે ને તેનાં ચક્રના સર્વ આ-રાઓમાંથી ને ભાગમાંથી ને તસુએ તસુની ગતિમાંથી નવાં શાસ્ત્રો, નવા શોધ, નવા પદાર્થ, અને નવાં સુખદુ:ખ પળે પળે પ્રકટ થાય છે. સર્વ લોકની ને પ્રજાઓની શરીરસંપત્તિઓ, સાંસારિક અને રાજકીય વ્યવસ્થાઓ, ધર્મની સંસ્થાઓ, અને સ્થૂલ સૂક્ષ્મ શક્તિયો, આ પાંડવોના ઘોડાઓના ખોંખારા અને ખરીયો સંભળાતાં ધ્રુજે છે, બદલાય છે, ને નવીનરૂપ અને પ્રકાશ ધરે છે. આ રથની સાથે ન દોડતી પ્રજાઓ પાછળ પડે છે, ભુખે મરે છે, બુદ્ધિહીન થાય છે, બળહીન થાય છે, પશુ જેવી થાય છે, માટી જેવી થાય છે, નષ્ટ થાય છે–ને અર્જુનના દાવાગ્નિમાં ખાંડવવન પેઠે બળી મરી નષ્ટ થાય છે! એ સર્વ ચમત્કારોનાં બીજ પ્રક્રિયાઓ આપણાં ભવનના વિદ્વાનોએ પ્રાપ્ત કરવાં, ને પ્રાચીન દેશના કલ્યાણયોગને માટે પ્રાચીન નવીન યોગવિદ્યાથી એવો પ્રયોગ રચવો કે આ દેશ ખાંડવનમાં બળવાને સટે અર્જુનને પ્રિય થાય ને એના રથ ઉપરનાં કપિ–આદિ સત્ત્વોના ધારેલા જયધ્વજોનો ધારક થાય”

અને કહે છે કે “ધર્મરાજના ધર્મ, ભીમસેનની સતત ગતિ અને જાગૃતતા, અર્જુનની ક્રિયા નકુલની ચિત્રમાર્ગ કલાઓ, સહદેવની પ્રાજ્ઞતા, હનૂમાનની બન્ધુતા અને હિતચિન્તકતા, કુન્તીનાં ક્ષમા અને ધૈર્ય, અને આ દેશના અને આંગ્લદેશના લોકનું હૃદય ઐક્ય:–આ સર્વ ફળનાં બીજ આપણા ત્રણે આશ્ર-

મોનાં પુરૂષોમાં, સ્ત્રીઓમાં અને બાળકોમાં આપણે રોપીશું. આ સ્થાનમાં સર્વ પૃથ્વીનાં જ્ઞાન અને રસ કુવારા પેઠે ફુટશે, મહાલક્ષ્મીના ચરણ કુંકુમસાથે ફરશે, અને આર્ય દેશની ચિન્તા ભગવાન્ પરશુરામે ચિરંજીવ રહી જુના કાળથી ભરાતા મેઘ પેઠે રાખી છે તેની પ્રથમ વૃષ્ટિના છાંટા થવા માંડશે!"

(સ: ભા. ૪.)

ગોવર્ધનરામ કેવું ઉમદા ભવિષ્ય ભાખે છે! સ્ત્રી જાતિનાં ઉત્કર્ષ અર્થે કહે છે કેઃ—

"કુમુદસુંદરી! આપણા કલ્યાણગ્રામમાં સિદ્ધ-સંસ્કારિણી થયલી સ્ત્રીયો પણ જાતે સ્વતંત્ર સમર્થ સ્વસ્થ ધર્મિષ્ઠ વિદુષીઓ થઈ સંસારમાં પરિવ્રજ્યા કરશે અને ગામેગામ, ઘેરઘેર, ભિક્ષા માગ્યા વિના, સ્ત્રી જાતિનો ઉત્કર્ષ—બોધથી, રસથી અને પોતાનાં દૃષ્ટાંતથી કરશે."

વળી સ્ત્રીઓનો અને રાજ્યનો સંબંધ ગોવર્ધનરામ નીચે પ્રમાણે વર્ણવે છેઃ—

"પણ સ્ત્રી વિના ગૃહ નથી, ગૃહવિના પ્રજા નથી, ને પ્રજાવિના રાજ્ય નથી. સ્ત્રીની સુસ્થિતિ વિના રાજાઓનાં મંદીરો મોડાં વહેલાં ભ્રષ્ટ થાય છે; સ્ત્રીના ઉત્કર્ષ વિનાનાં પ્રજાનાં ગ્રહોમાં ક્લેશ અને ચિન્તા જાળાં બાંધે છે; અને અસ્વસ્થ ગૃહનાં સ્વામી ગૃહબ્હાર ગૃહની ચિન્તાઓથી ગ્રસ્ત રહી ફરે છે ને બ્હારની ચિન્તાઓમાંથી, શ્રાન્તિઓમાંથી કે મનનાં ગુંચવારાઓમાંથી મુક્ત થવા અજ્ઞ ગૃહિણીના ધર્મસહચારની આશા રાખી શકતો નથી. મહારાજ્યોના ઈતિહાસના મર્મ શોધતાં સ્ત્રીદૂષક પુરૂષ વિદ્વાનો કહે છે કે રાજ્યોનાં મ્હોટાં યુદ્ધો સ્ત્રીને લીધે થયાં છે ને સ્ત્રીસ્તોત્રપાઠકો કહે છે કે સ્ત્રીની ઉન્નતિવિના દેશની ઉન્નતિ અશક્ય છે. સાધુજનો સ્ત્રીની નિન્દા કે સ્તુતિ કરતા નથી, પણ પુરૂષ અને સ્ત્રી ઉભયને અધ્યાત્મ દૃષ્ટિથી જોઈ ઉભયનાં અલખ જગવે છે."

રાજકીય પ્રશ્નોપર આવતાં ગોવર્ધનરામ લખે છે કે:—

ચંદ્રકાંત—" Pax Britanica " બ્રીટિશ શાન્તિ–સૂર્યના ઉદય પેઠે સર્વ તેજને, તારાઓને તેમ ચંદ્રને પણ અસ્ત કરશે. "

આનાં જવાબમાં ગોવર્ધનરામ ' શંકરશર્માનાં ' શબ્દોમાં ભવિષ્યની આશા કલ્પે છે અને દેશીરાજ્યોનાં ઉદ્ધારથી દેશની ઉન્નતિ જુવે છે.

શંકરશર્મા વાધ્યોઃ—

' ચંદ્રકાંતજી, અમેરિકામાં યુનાઇટેડ સ્ટેટ્સમાં સંયોગ જેવો છે તેવો દેશી રાજ્યોનો અને ઈંગ્રેજ સરકારનો કાળક્રમે થશે. અમે પાશ્ચાત્ય કળાઓથી પાછળ છીયે ત્યાં સુધી એ કાળ નહિ આવે. પણ પરદેશી ઈંગ્રેજો પોતાની હીન્દી પ્રજાને સ્વાર્થ–વિરોધથી જે સુખ અને સમૃદ્ધિ કદી આપી શકવાના નથી એ સુખ અને સમૃદ્ધિ દેશીરાજ્યોના રાજ્યકર્ત્તાઓ પોતાની પ્રજાને પ્રમાણમાં અલ્પપ્રયાસે આપી શકશે. અને તે દિશામાં તેમના પ્રયાસ–પ્રવાહનો આરંભ કવચિત્ થયો છે. સાધારણ સદ્ગુણ, કંઈક ઉચ્ચ અભિલાષ, અને ઈંગ્રેજનું અનુકરણ કરી શકે એટલી કળાઃ આટલાના જ સંયોગથી દેશીરાજાઓ પોતાની પ્રજાને પાડોશની ઈંગ્રેજી પ્રજા કરતાં વધારે સુખી કરી શકે છે તે અમે પ્રત્યક્ષ કરી શકીયે છીએ. આ ગુણોનો વિકાસ અને પરિપાક દિવસે દિવસે વિશેષ થશે તેમ તેમાં અમારી પ્રજા અને તમારી પ્રજાઓનાં સુખ સરખાવતાં અમારી પ્રજા આગળ વધશે. અમારે ત્યાં તમારા જેવા–ઈંગ્રેજ અને દેશીઓ વચ્ચેના ન્યાયભેદ નહી રહે; અમારે ત્યાંનું દ્રવ્ય પરદેશમાં નહિ જાય; અમારી પ્રજા અમારી સામે સરકાર પાસે અરજીઓ કરે તેમાં અમારે રાજદ્રોહ ગણવાનો પ્રસંગ નથી તેથી અમારી પ્રજાને રાજદ્રોહના ભય નીચે ડબાઇ રહેવાનું કારણ નથી અને અમારી પ્રજા પોતાના અભિલાષ ખુલ્લે સ્વરે દેખાડશે;

અને ગમે તો તમારે દુર્ભાગ્યે સરકારને માથે અંકુશ નથી પણ અમારી પ્રજાને ભાગ્યે અમારે માથે સરકાર અંકુશ છે તેના ભયથી-અમે અમારી પ્રજાને પારકા ધણી પાસે ફરીયાદ કરતી અટકાવવા-જાતે સુધરીશું, અને ગમે તો અમારી પ્રજાના વિચાર -આચારને પરદેશી ઇંગ્રેજ અતિ પ્રયત્ને પણ ન સમજે ત્યાં -અમારા દેશી રાજપુરૂષો સહજ સ્વભાવથી સમજી જશે અને પ્રજાને તૃપ્ત કરશે. જ્યારે અમારી અવસ્થા આ દિશામાં ઉંચી થશે ત્યારે ઇંગ્રેજી પ્રજા અને ઇંગ્રેજ સરકાર અમારા ગૌરવનો સ્વીકાર કરશે અને અમારી સત્તા વધશે એમાં શું કોઇને શક પડતી વાત છે? અમારી આટલી ઉન્નતિ થશે ત્યારે—નીશાળીઆ ઉપર મ્હેતાજી ઉગામે એવી અમારા ઉપર હાલ સોટી પડે છે તેવી-સોટી અમારા ઉપર ઉગામતાં શું સરકાર વિચાર નહી કરે? વીલાયતના પ્રજામતના પ્રવાહ અને બળના પ્રતાપથી જ અમારા મ્હેતાજી તે કાળે શરમાઇ જશે અને આ સોટી સંતાડશે. અમારા ઉપર પિતૃભાવથી આજ્ઞા કરનાર સરકાર તે કાળે प्राप्ते षोडशमे वर्षे पुत्रं मित्रमिवाचरेत् । નો ધારો શું અમારી સાથે નહી પાળે? તે કાળે અમારા અભિપ્રાયને, સરકાર અમારી બુદ્ધિનો સત્કાર કરી, સ્વીકારશે, અને અમારા ન્યાયાધીશનું પદ ધારતાં શરમાશે. અમારી સાથે આવો સમભાવ થયા પછી હીંદી રાજાઓનું અને સરકારનું ઐકય ઉગ્ર થશે અને યુનાઇટેડ સ્ટેટ્સનાં સંસ્થાન પરસ્પર અભિપ્રાયના સરવાળાની આજ્ઞાનું ધારણ કરે છે તેવુંજ હીંદુસ્તાનમાં થાય તો તેમાં કાંઈ અશકય નથી. રાજાઓ પોતાની પ્રજાની ઉન્નતિ કરવા જેટલો સ્વાર્થ સમજશે ત્યાં પોતાની પણ ઉન્નતિ કરશે. તેમની ઉન્નતિ થઈ એટલે ઇંગ્રેજ લોકનાં હૃદયમાં તેનું સન્માન-તેમના સહજ સ્વભાવને બળે-ઉદય પામશે."

(સ. ભા. ૪)

વળી ‘ મલ્લરાજની ચિન્તાઓ ’ એ પ્રકરણમાં મલ્લરાજ ક્ષત્રીયોની દશા કલ્પે છે અને સર્વનાં ઉપાય સૂચવે છે.

‘ **लक्ष्यालक्ष्य** ’ પ્રકરણમાં ગોવર્ધનરામે જીવશિવની એકતા બતાવી છે અને ‘ ત્રિયોગ ’ શીખવ્યો છે. અને द्वासुपर्णासयुजा सखाया समानवृक्षं परिषस्वजाते । આદિ પંક્તિઓ લઈ વેદાંત પર વિવેચન કર્યું છે. સરસ્વતીચંદ્ર સ્વપ્નભણકારમાં લીન થાય છે ત્યાં સ્વપ્નસુંદરી આકાશમાં તરવા લાગે છે અને વદે છે, “ સરસ્વતીચંદ્ર ! લખ કે અલખ ? રસ કે જ્ઞાન ? ”

“ વ્હાલા ભુલમાં અદ્વૈત વાત આપણી જો !
જોગી જ્ઞાની જપે છે રસબાવની જો ! વ્હાલા૦
માયા લક્ષ્ય ને પુરૂષ તે અલક્ષ્ય છે જો !
એની ગાંઠથી સંસાર આ સમક્ષ છે જો ! વ્હાલા૦

એનાં સ્નેહનું અદ્વૈત રસપૂરમાં જો,
માયા વળગી રહીજ બ્રહ્મઉરમાં જો. વ્હાલા૦
વ્હાલા ! પ્રીતતણી રીત એવી જાણજે જો,
અલખજ્ઞાની ! લખ લાખ રસ માણજે જો ! વ્હાલા૦”

આ પ્રમાણે શાસ્ત્રીય તેમજ રાજકીય ચર્ચા અને મનોભાવના સ્થળે સ્થળે પ્રત્યક્ષીગોચર થાય છે. પરંતુ આ સર્વ જ્ઞાનસુધા બાદ કરતાં પણ સામાન્યવર્ગને સરસ્વતીચંદ્ર અતિપ્રિય થઈ પડયો છે તેનું શું કારણ ? જવાબ એટલોજ કે વાર્તારસ સાથે જ્ઞાનગોષ્ઠિ, તેમજ પાત્ર આલેખનની ‘ સાફલ્યતા. ’ ગોવર્ધનરામનાં શોધેલાં નામો આજ એટલાં પ્રિય થઈ પડ્યાં છે કે ગુજરાતનાં સુસંસ્કૃત કુટુંબમાં એ નામોજ અને ખાસ કરીને સ્ત્રીવર્ગમાં રખાએલાં માલૂમ પડે છે. શેકસપીઅર વિષે કહેવાય છે કે તેનું એકનું એક પાત્ર ફરીથી આલેખાયું નથી તેવીજ પ્રકારની વિશિષ્ટતા ગોવર્ધનરામની પાત્ર કલ્પનામાં છે. ‘ કુમુદ ’ ‘ કુસુમ, ’ ‘ ગુણસુંદરી, ’ ‘ ચન્દ્રાવતી, ’ ‘ સૌભાગ્યદેવી ’ ગુજ-

રાતની આદર્શ પુત્રીઓ છે. તેમજ 'સરસ્વતીચંદ્ર' અને 'ચંદ્રકાંત' જાણે કે રામાયણ ઇતિહાસના ' રામલક્ષ્મણ ' હોયને! મલ્લરાજ, જરાશંકર, વિદ્યાચતુર બુદ્ધિધન, નરભેરામ વિગેરે પાત્રો ગોવર્ધનરામની ઉંચી કલ્પનાનાં પરિણામ છે. મનુષ્ય જાતિનાં ગુણો તથા અવગુણો બતાવી અવગુણોનો લય કરી ગુણો વિશેષ પ્રકાશમાં આણવા એ ગોવર્ધનરામની રીતિ લક્ષ્યીગોચર થાય છે. ચમક અને ધમકવાળી અલકકીશોરી અને પ્રમાદી પ્રમાદધન એ બન્ને પાત્રો આ સત્ય સ્પષ્ટ કરી બતાવે છે. બુદ્ધિધન જેવાનાં સંસ્કૃત કુટુંબમાં આવા પાત્રો આલેખી પરમયોગિની અને સતી ' કુમુદ ' નાં વિશિષ્ઠતા તથા ગૌરવ બતલાવી આપવા એ ગોવર્ધનરામનીજ વિશિષ્ટ પાત્રાલેખનની શક્તિનું પરિણામ છે. જે પ્રેમ આ અનન્ત વિશ્વમાં વ્યાપેલો છે તે વિશ્વપ્રેમ સરસ્વચંદ્ર અને કુમુદમાં વહે તો હતો, અને એ પ્રેમની પૂર્ણ કસોટી સરસ્વતીચંદ્રની અલખદીક્ષામાં કરવાઇ. સાંસારિક પ્રેમ નષ્ટ થયો, સુખના દીવસો ચમકારાની માફક ચાલી ગયા અને પછી તોઃ–' રહ્યા અંધકાર હું ડુબી ! "

એમ છતાં એનાં હૃદયનું આશ્વાસન સ્થાન કુમુદ ન ભૂલાઇ. એ ઘર ત્યજી એની સુખછાયામાં ફરવા લાગ્યો. એને અનેક અનુભવો થયા. ઘર ત્યજી ભમતાં એનું ઉર ભરાઇ આવતું.

" ઘર ત્યજી ભમું હું દૂર સ્વજન–હીન, ઉર ભરાઇ આવે.
નહીં ચરણ ઉપડે હુંથી શોકને માર્યે "

સરસ્વતીચંદ્ર અને કુમુદનો યોગ દુષ્યન્ત અને શકુન્તલાનો યોગ હતો. ' समानयं तुलयगुणं वधुवरश्च । પરંતુ એ સુયોગ કાયમ ન રહ્યો. અપર માતા ગુમાનથી ' ચંદ્ર ' ડંશાયો અને ' ધીધો લીધો મેં ભગવો ભેખ ' કહી કુમુદ તરછોડી એ ચાલ્યો; અને વિધિબળે પ્રમાદ સાથે કુમુદ લગ્નવિધિએ જોડાઈ ! કયાં પ્રમાદધનની પ્રમાદી ! અને કયાં કુમુદની

શીયળતા ! ! એક તરફ આર્યવિદ્યાથી સંસ્કૃત થયલી સોદામિની! અને બીજી તરફ પાશ્ચાત્ય વિદ્યાના મદથી મત્ત થએલો મદોન્મત્ત ઐરાવત ! ! પ્રમાદધનથી વિદ્યા અને ગુણની પરીક્ષા ન થઈ અને કુમુદની પવિત્રતામાં અનાચાર જોવા લાગ્યો. મર્મદારક ભષ્મે એનું ચિત્ત ભમાવ્યું અને 'न चरेण खताडनानि " એ ભૂલ્યો. આ સર્વ નીચ સંગતીનું પરિણામ હતું; કારણકે ચાકરોને હાથે ઉછરેલો, ખુશામતીયા અને ભ્રષ્ટ મિત્રોએ સ્વાર્થસારવા નીચ માર્ગે દોરેલો, બુદ્ધિહીન, અને અકાળે સ્વતંત્ર થવા પામેલો–આ બધું કયાંથી સમજે ! 'પારસ જાણીને મેં પરખ્યો, નીકળ્યો કાચ કથીર " જેવો પ્રમાદધન નીકળ્યો. આ સર્વ દુર્ગુણોમાં એક બીજો ઉમેરાયો. એને કૃષ્ણ કલિકાની સંગત થઈ, અને એ કુછંદમાં ફરવા લાગ્યો. આ સર્વ કુમુદથી ન જોઈ રહેવાયું. ખંડિત પત્નિ વધારે ખંડિત થઇ અને એને ઓછું આવ્યું. સ્ત્રીઓ રુવે તે તો ઢોંગ એવું સ્ત્રી ચરિત્ર ગાંઠવું નહિ એમ પ્રમાદધન માનતો હતો. છેવટે કુમુદ સુંદરીએ ભોંયપર માથું પછાડયું. દૈત્યને દયા આવી. પ્રમાદધનનું અંતઃકરણ ઓગળ્યું. પાસે આવ્યો " આ શું છે બધું ? " કરી કુમુદ પાસે બેઠો. તેનું માથું ખોળામાં લીધું–પવિત્ર સ્પર્શે પવિત્ર વિચારને જન્મ આપ્યો. " હું અપરાધી છું " એ બુદ્ધિ પ્રમાદના મસ્તિકમાં ઉપજી. " શું થયું ? શું છે? એવું કહી પુછવા લાગ્યો. પતિના અંતઃકરણમાં પોતાને માટે કંઈક અવકાશ છે, પતિ સુધરે એમ છે; એ વિચારથી પતિવ્રતાના મનમાં ધૈર્ય આવ્યું !

આ પ્રમાણે ગોવર્ધનરામ કુમુદનું સતીત્વ વિજય પમાડે છે. પરંતુ એ સર્વ સ્વપ્ન ઉડી જાય છે અને પ્રમાદધનની પ્રમાદી વધતી જાય છે.

'પ્રમાદધન મુજ સ્વામી વ્હાલા !
એ વણ અપ્રિય સર્વ બીજું !'

ગાઇ ધૈર્ય ધરતી બાળા પ્રમાદધનમાં પોતાના હૃદયની સ્થાપના કરવા લાગી. આર્યદેશ ને દુઃખ-સાગરમાં પડતો ટકાવનાર અનેક સાધનોમાં એક સાધન રૂપ આર્યબુદ્ધિ આર્ય કુમુદસુંદરીનાં હૃદય કમળપર લક્ષ્મી પેઠે સ્ફુરવા લાગી; અને અનાર્ય જનથી સમજાય નહિ એવું વિશુધ્ધ ઉત્કૃષ્ઠ માનસિક ગાન ગાવા લાગી. અને છેવટે શ્રમિત થવાથી હીંચકા પર ઢળી પડી. સુવાનો વિચાર કરતાં એક પત્રિકા હાથ આવી અને એની આંખે વાંચ્યું:—

" શશી જતાં પ્રિય રમ્ય વિભાવરી,
થઈ રખે જતી અંધ. વિયોગથી:
દિનરૂપે સુભગા બની રહે, ગ્રહી
કર પ્રભાકરના મનમાનીતા ! "

· આ વાંચતાં આંખ ચમકી. નિદ્રા છટકી, બુદ્ધિ જાગી; શશી–ચંદ્ર ક્ષિતિજમાં ઉગ્યો; હૃદયનો નિઃશ્વાસ હોઠ ઉપર આવ્યો.'

* * * *

' પ્રમાદધનમય બનેલું જીવન સરસ્વતીચંદ્રહીન થઇ શકયું નહી. એક ભવની પતિવ્રતા બીજા ભવના પતિને ભૂલી શકી નહી; સત્યને અર્થે દશરથે રામનો ત્યાગ કર્યો, અને તે છતાં દશરથનું જીવન રામમય રહ્યું અને રામસીતા મય રહ્યા: તેમજ પતિવ્રતા કુમુદસુંદરી મૂર્ખ અને દૂષિત પતિને મનનો પણ સ્વામી કરી દેવા મથી–તે છતાં સરસ્વતીચંદ્રમય મટી નહી.'

" પૂર્વ જન્મનો સંબંધી તે ખડો હૃદયમાં થાય !
જીવતી પણ જડસમી પ્રિયમૂર્ત્તિ જોઈ નયન અકળાય !
પરિચિત પ્રિય રહી ઊભો પાસે નહીં બોલે નહીં!–બોલું !

અપ્રસંગ ભજવતું ચીરાતું મર્મસ્થળ કયાં ખોલું ? ”
અને સરસ્વતીચંદ્રને સંબોધે છેકેઃ—
“ પણ ઉંચા નભના સંચારી પક્ષીરાજ, તું આવ્યો આ
ધરતી પર ત્યાંથી ઉડ પાછો; પક્ષ—હીનનો દેશ જ આ. ”
છેવટે સરસ્વતીચંદ્રની કવિતા હાથ આવે છે.
“ સ્ફુરે પોતે, ન દેખાય. કુમુદની ગંધ અંહી વાય
અરણ્યે એકલો વાયુ ! જીવન એ ભાવિ છે મ્હારૂં.
જાહાંગીરી–ફકીરી એ ! લલાટે છે લખાવી મ્હેં !
પ્રજા એ હું નૃપાળ એ હું ! ઉરે, ઓ એકલી, તું - તું ! ’

સરસ્વતીચંદ્ર ત્યાંથી ચાલી નીકળ્યો અને મૂખદત્તની સ્ત્રીનું રક્ષણ કરવા જતાં બહારવટીયાઓથી ઘવાયો. આ સમયે એને ઇંગ્રેજ કવિ કીટ્સનું મર્મચ્છેદક વાકય સાંભરી આવ્યું:—

“ પલટાતી દશા વસી જાતી ઉરે !
પલટાય દશા, દીન ઉર ઝુરે !
નહીં પાસ સખા વ્રણ રૂઝવવા!
જડતા ન ઉરે વ્રણ ભુલવવા ! ”

કુબેરના જેટલો ભંડાર, ઇંદ્રના જેટલો વૈભવ, વિદ્વાનોમાં માન અને મુંબઇનગરીમાં પ્રતિષ્ઠા; ચંદ્રકાંત જેવા મિત્રોનો સતત સહવાસ અને કુમુદની દિવ્ય સુગન્ધ, વૈરાગ્યનું દૃઢબળ અને પ્રીતિરસનું ઉત્કૃષ્ટ કોમલ ગાન; આ સવ વચ્ચે જે એક વાર હતો તે અત્યારે કેવો હતો ? ’

એને આંગળી પર લોહી નીકળ્યું હતું અને જ્યાં પડયો હતો ત્યાંનું ધાબાજરીયું એને લાગ્યું એટલે એ લોહી વહેતું બંધ થતાં આકાશ ભણી જોઈ સ્તવવા લાગ્યો !

' પ્રભુ આમજ આપદ્ તું હરતો !
અમ મૂર્ખ પણું ઉર ના ધરતો.
વનમાં વણભાન પડી હું રહ્યો–
તૃણદ્વાર વીશે પ્રભુ, ત્યાં તું ઉભો !!"

અને આગળ જતાં શૃંગગીરીનાં બાવાઓનાં મંડળમાં જઈ રહ્યો. કુમુદસુંદરી પોતાને પીયર જતાં બ્હારવટીયાને હાથે લુટાઇ. અને 'સુભદ્રા"ને તીરે પાણીમાં સરસ્વતીને શોધતી ગણગણતી હતી કે:–

" રત્ન પડયું તુજ ખોળે જો, તો યત્ન કરી તું સાચવજે !
પુરૂષરત્નને કંઠે રાખી સ્નેહ થકી તું જાળવજે !"

એટલામાં બ્હારવટીયા પ્રતાપે તરાપ મારી કુમુદને ઘસડી. આ પ્રમાણે સરસ્વતીચંદ્રને જોગી લોક લઇ ગયા ત્યારે કુમુદને આમ નદી લઇ ગઇ. બેના માર્ગ જુદા હતા; દિશા એક હતી. કુમુદ નદીમાં તણાઈ સાધ્વીઓના આશ્રમમાં ભળી; અને સરસ્વતી ચંદ્ર યદુશૃંગ ઉપર વિષ્ણુદાસના આશ્રમમાં જઈ રહ્યો. કુમુદસુંદરીની પ્રતિમા જાણે તેની સમક્ષ ગાવા લાગી કે:—

" લીધો લીધો ભગવો વ્હાલે ભેખ, સુંદર થયો જોગીરે.
મને વ્હાલા લાગે એનો વેશ, થયો બ્રહ્મભોગીરે. લીધો.
ચંદ્રજોગીની સાથ કુમુદ જોગણ થઇ ચાલીરે,
વ્હાલા ! પ્રીતિનો સાજીશું મેલ રમીશું મ્હાલી રે. લીધો.

સરસ્વતીચંદ્રના ચોથા ભાગમાં ગોવર્ધનરામની બીજી માનસપૂત્રી 'કુસુમ'નો વિકાસ થાય છે. પહેલા અને બીજા ભાગમાં 'અલક' ગૌણ પાત્ર છે તો ચોથા ભાગમાં 'કુસુમ' જાણેકે મુખ્ય પાત્ર હોયની એમ પ્રત્યક્ષ કરાવાય છે! કુસુમ 'अनाघ्रातं पुष्पं (અણસુંઘ્યું પુષ્પ) છે અને 'न जाने भोक्तारं कमिह समुपस्थास्यति विधिः એ પંક્તિમાં 'કુસુમ'ની છાયા પડે છે. કુમુદ અને કુસુમ રત્નનગરીનાં પ્રધાનની બે પુત્રીઓ છે. કુમુદ

સરસ્વતીચંદ્રની સ્થૂલ પ્રીતિમાં નિષ્ફળ થઇ અને છેવટે કુસુમ એ સુખ વિણુ માગ્યે સંપાદન કરી શકી એ ભાવિનો વિચિત્ર યોગ હતો! અલકકીશોરીનાં ચમક અને ધમક ઓર હતાં તો કુસુમનાં સૌંદર્યોદ્યાન અને સ્વતંત્રતા ઓર હતાં. વળી સરસ્વતીચંદ્રનો પરમ મિત્ર અને તેની શોધમાં ફરતો ચંદ્રકાંત પણુ પૂર્ણ વિકાસ પામે છે. એની પત્નિ ગંગાનો લખેલો પત્ર કયા પુરૂષને આર્દ્ર ન બનાવે ?

'કુમુદ' સાધ્વીઓમાં 'મધુરી' નામે ઓળખાય છે. માતાની ભક્તિમાં લીન થઈ આંસુ સારતી ગુંજે છે કેઃ—

"માજી! મને કોઈ જોગી મળ્યો ને વાત કરીને વાહી!
ભોગી ભ્રમર હું, તું મુજ કમલિની એમ કરીને સાહી.
માજી૦
રાત પડી ત્યાં રૂપ પ્રકાશ્યું! જોગી કહે "હું ન ભોગી!
પંક વીશે તું જન્મી અભાગણી! નહી આપણુ" સંજોગી!
મા જી."

* * * *

વિધિબળે સરસ્વતીચંદ્ર વિષ્ણુદાસનાં આશ્રમમાં રહ્યો અને ત્યાં વિહારપુરી અને રાધેદાસે આણેલાં પોટકામાંના પત્ર વાંચતા ચોધાર આંસુએ અશ્રુસારવા લાગ્યો. ભૂતકાળનાં સ્મરણો જાગૃત થયાં અને પત્રો વાંચતા કરૂણા વધી ચંદ્રકાન્તની દરિદ્રતા તેમજ પોતા માટેનો સંપૂર્ણ પ્રેમ સાક્ષાત્કાર થયો. એ ગણગણ્યો—

"નરરત્ન કંઇ મુજ દેશ વીશે
બહુ આધિ વ્યાધિ ઉપાધિ સહે!
નર રંકની ત્યાં કરવી શી કથા?
ધનરાશિ નિરર્થક મુજ પડયા!"

પછી ચંદ્રકાંતની સ્ત્રી 'ગંગા'નો પત્ર વાંચ્યો. એના

પત્રથી હિંદુસંસારમાં સપડાયલી હજારો સ્ત્રીનાં ચારિત્ર્ય ખડાં થાય છે. એનાં અશિક્ષિત વાક્યોમાં સ્ત્રીજાતિનું સ્નેહસ્વાતંત્ર્ય બળથી ઘસારા કરે છે. તો તેનામાં વિદ્યાના આવાહનથી શું ન થાત !

" મુજ દેશ વીશે રસમાળી વિના
ફળપુષ્પ ધરે નહી નારીલતા !
રસશોધનસેચન ના જ બને !
ધનરાશિ અચેતન મુજ રહે ! "

પોતાનાપરનો પિતાપરનો આક્ષેપ વાંચતા સરસ્વતીચંદ્ર સજલનેત્રે દીનમુખે ગાવા લાગ્યો-

' પિતાને સુખ દેવાને
મહા સુતધર્મ વ્હેવાને
પિતાને દીધું સ્વાતંત્ર્ય,
ત્યજ્યાં પ્રીતિ--લક્ષ્મીનાં તંત્ર

* * *

અને ' સ્વોક્તિ કરે છેઃ—

" કુમુદ ! આ યજ્ઞ ઉપર બલિદાનમાં તું હોમાઈ ! કુલીન પ્રમાદધન ! ત્હારા ભાગ્યશાળી મુખમાં એ બલિ–હોમ થયો છે અને ત્હારા હૃદયમાં એ આહુતિ રસસાયુજ્ય પામો ! "

અને પોતાની સ્થિતિ બુદ્ધગૃહત્યાગ સાથે સરખાવે છે. ચંદ્રકાંતની વિશુદ્ધપ્રીતિમાં ભર્તૃહરિનું ' एते सत्पुरुषाः परार्थ घटकाः स्वार्थान्परित्यज्य ये । સૂત્ર લક્ષ્યીભૂત થાય છે. અને ચંદ્રકાંત અંતર્વ્રણ અંતર સ્હેતો ! કહી સરસ્વતીચંદ્ર અશ્રુધારા વર્ષાવે છે અને "નરરત્ન કંઈ કંઈ ગુપ્ત પણે," આદિ પંક્તિઓમાં ચંદ્રકાંતની દશા મૂકે છે.

બીજી તરફ, કુસુમની કુમારિકા રહેવાની જીજ્ઞાસા પ્રાચીન આર્યપદ્ધતિ પ્રગટ કરે છે. કુસુમ મીરાંને-આદર્શ કરવા માંગેછે.

'કુસુમ ભક્તિ કરે રે પ્રગટકી '
ઓ નાથ! તુમ જાનત હો ઇસ ઘટકી!

ગાઇ રાચે છે અને કઠણ તપ આદરે છે અને કહે છે કે ' મીરાંબાઇનો કાળો કામળો કુસુમને ગમ્યો છે-એને સંસારના બીજા રંગ લાગે નહીં ને ત્હાડમાં હોડાય. "

વિદ્યાચતુરેજ ઉછેરેલી અને સ્વતંત્રતા પોષેલી તે એક બાજુએ કુમુદનું દુર્ભાગ્ય જોઈ અને બીજીતરફ કુસુમનો સ્વાતંત્ર્ય વિકાસ જોઈ એનો માર્ગ સરળ કરવા ચાહે છે.

" કુસુમ! સંસારમાં ત્હારો માર્ગ આવો કરી આપવા ત્હારો પિતા પ્રયત્ન કરશે. + + + જે અવિશ્વાસ અને ભયથી આ મન્દિરમાં રહી રહી તું ઓછું આણે છે અને આવું તપ કરે છે તેમાંથી મુક્ત કરવા ત્હારા સુંદર સ્વતન્ત્ર અભિલાષને સફલ કરે એટલી શક્તિ–એટલી વૃત્તિ-શું મ્હારી અપત્યવત્સલતામાં નથી?"

ચંદ્ર અને કુમુદનાં હૃદયનાં વાસનાનાં ગાન વાધે છે અને સાંસારિક બોધ પ્રીતિ–વિશુદ્ધ સ્નેહ–યજ્ઞમાં હોમાય છે અને છેવટે કુમુદ ગાય છે કેઃ--

" ભવસાગરમાં નથી પડવું!
મન મલિન મળે નથી ભરવું!
રસ ઉંડો લીધો રસ નાથે;
રસ મળતા નીચોવ્યા ત્યાગે!"

કુમુદની આ પંક્તિઓ કેટલી બધી અગાધ અર્થથી ભરપૂર છે! દુઃખી હૃદયનો દિલાસો ત્યાગમાંજ આવે છે. છેલ્લી પંક્તિ ' રસ મળતા નીચોવ્યા ત્યાગે ' ઘણી યુવતીઓ અનુભવે છે અને હતાશાભગ્નેનું જીવન ગમે તેમ દુઃખે ગુજારે છે! સરસ્વતી-

ચંદ્ર અને કુમુદમાં જેમ એકવાર વિશ્વરૂપ દર્શનથી પરમાત્મા અદ્વૈત પામેલો જીવાત્મા પુનર્દ્વૈત પામતો નથી તેમ એકવાર પ્રીતિ યજ્ઞ કરવાં ધર્મ્ય પામેલાં હૃદય દ્વૈત પામતાં નથી. એ અદ્વૈતાગ્નિ પ્રગટાયો તે પ્રગટાયો !

સરસ્વતીચંદ્ર ગાવા માંડયોકેઃ—

" હવે આવ્યા નવે દેશે,
હવે ફરીએ નવે વેશે !
નથી સંસારની ભીતિ,
ત્યજી સંસારની રીતિ,
સગાં સંસારનાં છોડયાં,
છુટયાં તેઓથી તરછોડયાં.
વિશુદ્ધ જ સાધુનો પન્થા !
ધરીયે આપણે કન્થા ! "

આ પ્રમાણે સરસ્વતીચંદ્ર ' સાધુનો પન્થ ' સ્વીકારવા ચાહેછે અને સુખદુઃખની કંથા ધારેછે.

આ સ્થળે ગોવર્ધનરામ પ્રેમનું વિશુદ્ધ ચિત્ર કહાડેછે. એ તરફ નિર્જન એકાંત અને બીજી તરફ પ્રેમમુગ્ધ ભગ્નહૃદયો " અદૃશ્ય સીતાએ મૂર્છિત રામચંદ્રનો જે અધિકારથી કરસ્પર્શ કર્યો પવિત્ર ભવભૂતિએ વર્ણવેલ છે તેજ અધિકારથી સરસ્વતીચં કુમુદને જાગૃત કરવા પ્રયત્ન કરેછે.

એઓની પ્રીતિ ચીરંજીવ રહેછે અને ' દેશ પ્રીતિર્ના અને રાજ્ય ' ઝામેછે. આ પ્રમાણે સ્થૂલ પ્રીતિને દૂર રાખી, સૂક્ષ્મ શરીરનો સમાગમ રાખી, શરીરના સંબંધમાત્રનો ત્યાગ કરી મનોમનની મિત્રતાથી જ કુમુદ અને સરસ્વતીચંદ્ર લોકકલ્યાણનો માર્ગ યોજે છે.

છેવટે કુમુદ કુસુમને સ્હમજાવેછે કે 'કુસુમ, તું એકલી કૌમારવ્રત પાળી શું કરવાની હતી? એકલો પડેલો પાણીનો રેલો ધુળમાં ભળી જાય છે, મનુષ્યના ચરણુની રજમાં ચંપાઇ જાય છે, ને તડકામાં ઉડી જાય છે! તેવું ત્હારૂં જીવન થશે. જે મહાત્માનાં અંતઃસ્વપ્ન ત્હેં જોયાં અને જેનાં કલ્યાણકાર્યનું મનોરાજ્ય ત્હેં દૃષ્ટિગોચર કર્યું તે મહાત્માના હૃદયરત્નાકરની તું રંક સુભદ્રા થઇશ તો પણ ઓછી વાત નથી; તો આ તો એની ગંગા, એની બ્રહ્મપુત્રા, અને એની સીન્ધુ એ સર્વ મહાનદીઓનું કામ કરવાને તું એકલીજ સમર્થ છે ને ત્હારા વિના એ કામ કરવાને આખા ત્રિભુવનમાં કોઈ સમર્થ નથી! તો કુસુમ, શું એવું પુણ્યજીવન પ્રાપ્ત કરવા તને અભિલાષ નથી થતો?"

÷ ÷ ÷ ÷ ÷

'નવી કન્યાઓને વિદ્યા અને સ્વતંત્રતા મળવાને સંસાર નિષેધ ગણુશે તેનાં કારણ થઇ પડીશું, એ કન્યાઓનાં અદૃષ્ટ દુર્ભાગ્યને ઉપરથી પૃથ્વી ઉપર ઉતરી આવવાની નીસરણીઓ થઈશું, અને તેમનાં મહાપ્રયત્ને ચ્હડતાં સદ્‌ભાગ્યને રોકી દેવાના દાદરા થઈશું! અને કુમુદને કપાળે તો ત્હારાવિના એકલા પડનાર આ મહાત્માનું સર્વ સામર્થ્ય અને મનોરાજ્ય પડી ભાંગ્યું જોવાનુંજ બાકી રહેશે. હવે વધારે કહેવાની મ્હારી શક્તિ નથી—ડુબાડ કે તાર, જીવાડ કે માર.—" આ પ્રમાણે કુમુદ 'સરસ્વતીચંદ્રને સુખી કરવા નવો માર્ગ યોજે છે. પોતે ગંગોત્રીનું તીર્થ બની કુસુમને યમુનાનું તીર્થસ્થાન બનાવેછે.

ઉપરના છેલ્લા ફકરામાં ગોવર્ધનરામે કુમુદને બદલે કુસુમનાં લગ્ન સરસ્વતીચંદ્ર સાથે કેમ કર્યાં તેનો પ્રત્યુત્તર છે. સમયકાલને અનુસરીનેજ આ યોજાયું છે. આ લેખ જો ગોવર્ધનરામે ઈંગ્લિશ પ્રજા માટે લખ્યો હોત તો

કુસુમનું સ્થાન કુમુદ કયારનીએ બની જ હોતા. પરંતુ આર્યાવર્ત્તનું ભાવિ વિધવાઓનાં સતત વહેતાં સુકા અશ્રુઓથી અંકાયલુંછે અને કુમુદ જેવી હજારો સ્ત્રીઓ સંસારચક્ર હેઠળ ધુળ-પીંઠે રગડોળાય છે. પરંતુ એવી સાધ્વીઓ આ ચક્રમાં આવ્યા છતાં પોતાની બ્હેનોની—સહચરીઓની ઉન્નતિ ઇચ્છે-પોતે શુદ્ધ ભાગીરથી બની પવિત્ર કરે એ આર્યવર્ત્તનું સદ્‌ભાગ્ય! યજ્ઞ કરવાં ધર્મ્ય પામેલાં હૃદય દ્વૈત પામતાં નથી. એ અદ્વૈતાગ્નિ પ્રગટાયો તે પ્રગટાયો!

એક પક્ષ કહે છે કે 'દેહલતાની વિધવાને પુનર્લગ્ન સમી મુક્તિ નથી' તો બીજો પક્ષ કહે છે કે ભાવિવશાત્ સર્વ થાયછે તો સ્થૂલ અને સૂક્ષ્મ સર્વ પ્રીતિ એકજ છે અને એને શરણ થવું જ યોગ્ય છે." બન્ને પક્ષો અમુકદૃષ્ટિથી ખરા છે પરંતુ સમય કાળને અનુસરીએ તો પણ એટલું તો યથાર્થ છે કે જ્યાં સુધી વિધવાઓનાં કલ્યાણનો કોઇ માર્ગ ન યોજાય ત્યાં સુધી તેઓને સંસારમાં નીરસ રાખી સળ્યા કરવા દેવી એ એક મુંગે મોઢે માર મારવાનો પ્રસંગ છે એમ કોણ ન કબુલ કરશે? જ્યારે આર્યાવર્ત્તમાં કુમુદ જેવી સાધ્વીઓ લોકકલ્યાણ અર્થે દીક્ષા લેશે ત્યારે દેશસેવાનો નવો માર્ગ યોજાશે; વિધવાઓનાં નિરસ જીવન ભક્તિરસમય થશે અને સમાજ સેવાનાં નવા માર્ગો સૂઝશે. કુમુદનું ઔદાર્ય એ કે એ વિધવાએ પોતાનું ભાગ્ય શોધવું મુકી આ દિવ્ય કુમારિકા માટે ઉઘાડું રાખ્યું. સરસ્વતીચંદ્ર સાથે જોયેલાં સ્વપ્ન, તેનું અને કુસુમનું માતૃકર્મ કરવામાં પ્રિયતમ સાધન બની! સરસ્વતી અને કુસુમનો યોગ રમણીય અને કલ્યાણકર થશે અને એ યોગનો યોગ પામી આર્ય સંસાર સમૃદ્ધ થશે એ આશાથી કુમુદનાં સર્વ દુઃખ, કષ્ટ અને તપ અત્યંત સફળ થશે! અને આ પ્રમાણે હિંદુ સંસારનું મહાન્ ચિત્ર ગોવર્ધનરામે કુમુદ, કુસુમ અને સરસ્વતીચંદ્રનાં હૃદયત્રિપુટીયોગમાં યોજ્યું છે.

સરસ્વતીચંદ્રમાં ચર્ચાયલા વિષયો પૈકી બે મુખ્ય વિષયો છે- એક ' લક્ષ્યાલક્ષ્યરહસ્ય વિવરણ ' અને બીજો ' મલ્લમહા ભવનની યોજના અર્થાત્ પાણ્ડવરાજરહસ્ય. '

' લક્ષ્યાલક્ષ્ય ' પ્રકરણમાં જીવ, બ્રહ્મ, અલક્ષ્ય, લક્ષ્ય અને અદ્વૈત વિગેરે સમજાવાયલાં છે.

" જીવ " નામધારી આ લક્ષ્યસ્ફુલિંગ (અગ્નિનો તનખો) પ્રકૃતિથી જડસમાન ધર્મનો ધરનાર હોઈ જાતે વિજૃમ્ભણ પામે છે–વધે છે. અને લક્ષ્યધર્મોનું અનુવર્તન કરે છે. કાષ્ઠમાં ગૂઢ રહેલા અગ્નિ પેઠે તે સ્વરૂપ વડે લખ થતો નથી–દેખાતો નથી–જ્યારે સંઘટ્ટનાદિથી પ્રજ્વલિત થઈ એ ગૂઢ અગ્નિ પ્રબુદ્ધ થાય છે, ત્યારે પણ નેત્રત્વચા આદિને જણાઇ આવતા જડ ધર્મો સેવીનેજ એ ગૂઢ અગ્નિ ત્રિલોકવાસી અગ્નિની પ્રકાશમયી અને દહનમયી શક્તિનો પોતાનામાં આવિર્ભાવ દેખાડે છે; તેજ પ્રમાણે પ્રબુદ્ધ થયલો આ જીવ–સ્ફુલિંગ સંસારિક પેઠે લક્ષ્યવ્યવહારના ધર્મોનો સમાદર કરતો લાગે છે. આ સ્ફુલિંગ લક્ષે છે પણ ખરો. કારણ એવી રીતે લક્ષ્ય એવો આ સ્ફુલિંગ એ લક્ષ્યત્વને જાતેજ લક્ષે છે; એટલે વ્યષ્ટિ અને સમષ્ટિ એકત્વ હોવાથી પ્રવૃત્તિઓના અભેદનું ફળ ભોગવવાની ઈચ્છા રાખી વ્યષ્ટિસ્ફુલિંગ એ ફલ શિવાયનાં બીજા સર્વ ફલથી પરાઙ્ગ મુખ થાય છે.

' આવી રીતે આ સ્ફુલિંગમાં ત્રિલોકવાસી વૈશ્વાનરની શક્તિની ઉપમા થાય છે, અને સ્ફુલિંગ જીવ એ સ્થિતિ લક્ષે છે. આ વિધિવડે જીવ-ઈશ્વરનું અદ્વૈત સધાય છે. કેટલાક એને કર્મયોગ કહે છે. કર્મયોગથી જીવ-ઈશ્વરનું ઐકય સધાય છે અને તે યોગ ગીતામાં કહેલો છે. જ્ઞાનયોગથી જીવ બ્રહ્મનું ઐકય સધાય છે માટે મંત્રમાં કહ્યું કે " અલક્ષ્યમાં પણ પ્રવેશ કરે છે." અલક્ષ્ય એટલે તો બ્રહ્મ જ.

'શોક–મોહ એ બે લક્ષણુવાળું જીવનું જે અનીશપણું તે ફલત્યાગથી નાશ પામે છે; અને ઈશિતા જેવો ભોગરહિત ફલત્યાગી ક્રિયાવાન્ થઈ, શોક હીનતાને લીધે, એ ઈશની સાથે સામ્ય એટલે સમતા પામે છે. જ્ઞાનયોગથી બ્રહ્મની સાથે ઐક્ય સધાય છે; ઈશ્વરાદ્વૈત સધાતું નથી. એ તો કર્મયોગથીજ સંધાય છે. એમાં ગીતા સાક્ષાત્પ્રમાણ છે. "તું મ્હારો ભક્ત છે–તું મ્હારો સખા છે" એવાં વચનો ઇષ્ટ-જન ગણુતા એવા શ્રીકૃષ્ણુ નારાયણુ નરઅર્જુનને યુદ્ધકર્મમાં સમર્થ કર્યો તે લક્ષ્ય ધર્મનીજ વૃદ્ધિને માટે કર્યો–એ ધર્મનાશને માટે નહી. યોગવશિષ્ઠમાં પણુ "શાંતબ્રહ્મના જેવું શાંત બ્રહ્મનું જ શરીર ધરી. બ્રહ્મમય કર્મ કર ! બ્રહ્મને અર્પણુ કરેલા છે જેના સમ્યગ્-સારા આચાર એવો તું ક્ષણુમાં બ્રહ્મજ બની રહીશ!"

'हिरण्मयेन पात्रेण सत्यस्यापिहितं मुखम् ।

तत् त्वं पूषन्नपावृणु सत्यधर्माय दृष्टये ॥' इतीशावास्यम् ।

હિરણ્યમય એટલે સુવર્ણમય પાત્રથી સત્યનું મુખ ઢંકાયલું છે; હે પૂષન્! સત્યધર્મને માટે–દૃષ્ટિને માટે–એ મુખ તું ઉઘાડ! તેમજ મુણ્ડકમાં

'हिरण्मये कोशे विरजं ब्रह्म निष्कलमिति ' ॥

હિરણ્મય અને પર એવા કોશ (એટલે તરવારના મ્યાનમાં) વિરજ–શુદ્ધ અને નિષ્કલ–કલાહીન જન્મવૃદ્ધિક્ષયાદિ શરીર-ધર્મથી રહિત "બ્રહ્મ" અર્થાત્ બ્રહ્મરૂપ તરવારનું સુવર્ણમય મ્યાન છે તે રક્ષણુ યોગ્ય છે–ત્યાગ કરી ફ્હાડી નાંખવાનું નથી.

÷ ÷ ÷ ÷ ÷

'સુવર્ણુ મ્યાનના જેવા–પાત્રના જેવા–કર્મયોગ સંસારમાં આ લક્ષ્યમાં સુગુપ્ત અને તે છતાં તેનાથી અસ્પૃષ્ટ એવો આ પરા-

વર આત્મા અલક્ષ્ય અને નિત્યજ છે, મુણ્ડકમાં કહેલું છે કે "જેમ સદ્રૂપ પુરૂષમાંથી કેશ અને રોમ ઉગે છે તેમ અક્ષરમાંથી અહીં વિશ્વ ઉગે છે." પુરૂષ પોતામાંથી સૃજે છે, અતિરોહ કરે છે–જેમ કરોળીયો કરે છે તેમ–ईश्वरस्य जीवस्य च समानमिदममृतत्वेशानत्वम् । અમૃતત્વનું આ ઈશિપણું ઈશ્વરમાં અને જીવમાં સમાન છે. "મનની સાથે વાણી જેને પ્રાપ્ત ન કરી જ્યાંથી થાકીને પાછી ફરે છે" ઇત્યાદિ વાક્યોથી લક્ષિતવ્ય–લક્ષવા યોગ્ય–અલક્ષ્ય આ પૂર્ણ જ છે. માટે

'यत्रैव पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्य पुर्णस्य पूर्णमादाय
पूर्णमेवावशिष्यते ।

આ પ્રમાણે 'અલક્ષ્યવિવરણ' ગોવર્ધનરામ, શાંકર સિદ્ધાંત ગીતા તથા બીજા ઉપનિષદોનાં પ્રમાણુથી કરે છે અને જીવ, ઈશ અને બ્રહ્મ ની એકતા–ત્રિપુટી યોગ સ્વીકારે છે.

'પાણ્ડવરાજ રહસ્ય' મલ્લરાજની રાજવેધશાળાદિમાં લક્ષ્યીભૂત થાય છે. અને કુરુપાણ્ડવનાયકોનાં માર્મિક અર્થ-વાળાં ચારિત્ર્યો સ્હમજાવાય છે. આમાં ગોવર્ધનરામ નવા સ્વપ્ન યોજે છે. જુઓ યુધિષ્ઠિરની ગંભીરમૂર્તિના ચરણુનીચેના આરસાની તકતીમાં સુવર્ણ લેખ આ પ્રમાણે હતો:—

"ગૃહસંસારથી આરંભી રાજ્યસંસારના શિખર ઉપર ચ્હડતાં મલ્લરાજને એક જ પદાર્થમાંથી સ્વસ્થતા જડે છે. તે પદાર્થ તે ધર્મ. આજકાલ શૈવ વૈષ્ણુવ ખ્રિસ્તિ મુસલ્માન્ આદિ મતમતાંતરવાચક શબ્દોમાં જણાતા મમતામૂલક ધર્મ સાથે ધર્મરાજના ધર્મને લેવા દેવા નથી. સર્વ પ્રજાઓને, સર્વ દેશને, સર્વ યુગમાં, સામાન્ય પૂજનીય ધર્મ ધર્મરાજનો ધર્મ છે. રાજ્યયોગ સિદ્ધ કરી રાજ્યક્ષેમની વાસના રાખનાર આર્ય પાંડુ મહરાજે જ્યેષ્ઠ પુત્રને સ્થાને ધર્મને માગ્યો છે ને મલ્લ પણ એ જ માગે છે. દ્રૌપદીવસ્ત્રહરણ કાળે સર્વ પાંડવો આત્મસ્થ પ્રત્યક્ષ

સ્થુલાદિ બળ નિવારી દેખીતા અતિયોગ્ય ક્રોધવૈરાદિ વિકારોને સંયમી, માત્ર જ્યેષ્ઠ બંધુ ધર્મરાજની આજ્ઞાને વશ રહી, સર્વ અન્ય પદાર્થના ત્યાગી થયા. મલ્લ પણ પોતાના રાજ્યમાં દેહમાં, અને વંશમાં એ જ પરિણામ ઇચ્છે છે! એ ધર્મનું સ્વરૂપ જાણવું હોય તે વ્યાસમુનિના અક્ષરતીર્થ કાવ્યમાં સ્નાન કરી પવિત્ર થાય. ધર્મજ જીવતે દેહે સ્વર્ગ પામે છે. ધર્મજ જાગે છે. રાજ્યકારભારમાં સ્વસ્થ નિદ્રા પણ ધર્મનેજ છે. અધર્મની શય્યામાં સુનારને કાંટા જ છે."

(સ. ભા. ૪)

અને યોગાસન આગળ શ્રીકૃષ્ણનો ઉપદેશ,

' कर्मण्येवाधिकारस्ते मा फलेषु कथं च न ।

સ્હમજાવે છે. વળી અર્જુનરહસ્ય સ્હમજાવી કહે છે કે:—

"અર્જુનનું નામ ધનંજય પણ છે. પરદેશને આ દેશની વસ્તુઓથી મોહિત કરી ત્યાંથી દ્રવ્ય લાવનાર વિજય તે આ જ છે- એ ક્રિયાઓમાં વિજયનાં અસ્ત્ર દૂર દેશોમાં ફેંકાય છે. અગ્નિ અને વરૂણનાં આપેલાં અસ્ત્ર આ વિજય માટે જીષ્ણુનાં ફેંકેલાં વધે છે."

ઉપર પ્રમાણે આર્યાવર્ત્તનાં અનેક પ્રશ્નો ચર્ચતું વાર્ત્તાત્મક મોહક ચિત્ર ગોવર્ધનરામે ગુજરાત સમક્ષ ખડું કર્યું છે; અને પોતે એક ઉત્તમ નવલકથાકાર તથા સમર્થ લેખક નીવડયા છે.

નવલકથાકાર વાંચક આગળ જે વિચારો નવલકથાદ્વારા મુકે છે તે તેણે અનુભવેલાં કે દીર્ઘકાળે અથાક મહેનત લઇ સંપાદન કરેલાં હોય તોજ તે વાંચક પર સચ્ચોટ છાપ પાડી તેનાં હૃદયપટ પર નિરંતર લખાઇ રહે છે. એવા લક્ષ્યબિંદુઓ કયા કયા છે તે ગોવર્ધનરામ પોતેજ પ્રસ્તાવનામાં ગણાવે છે કે:—

(અ) સંસારની હુચડાહુચડીમાં ગુંથાએલાં મનુષ્યોને ક્ષણભર મળતાં નવરાશમાં નવલકથાદ્વારા ધાર્મીક અને નીતિના

નિયમો દાખવી કથાના મીષ્ટરસ સહિત સદુપદેશનો સોમરસ પાઈ દેવો.

(ખ) અધમવૃત્તિવાળા મનુષ્યોને સુંદરતા અને સાધુતાના દીપકો દેખાડી તેઓનાં ચિત્ત હરી લઈ સન્માર્ગને રસ્તે દોરવાં.

(ક) સાધુજનોને સાધુતા અને નીતિબોધના મંત્રોના ગીતોની વાંસળી વગાડી તેઓની સાધુતા એકદેશીય નહિ પરંતુ સર્વદેશીય કરવાં લલચાવવાં.

(ડ) આળસુઓની સુસ્તી ઉડાડવી અને દુરાચારીઓને સદ્ધર્મના પંથે પાડવાં.

(ઇ) લાલિત્ય-રસ અને ઉંચી કેલવણી ધરાવતાં મનુષ્યોને ઉત્કૃષ્ટ પગથીયાં દેખાડવાં તથા વ્યવહારિક તથા આધ્યાત્મિક જ્ઞાનને દૃઢ કરવાં.

(ફ) ટૂંકમાં સંગીન અને સત્યજ્ઞાન ચળાય જતાં કેવળ કલ્પનાનો સંચાર ન રહે એમ કરવું. વ્યવહારમાં ગુંથાએલાં કેટલાંક મનુષ્યો. અન્ય શકિતને અગોચર રહેતાં, ઉંડી કવિતા અનુભવે છે; એવાં કવિરસમય જીવનોને પોષવાં.

સરસ્વતીચંદ્રની નવલકથા વાર્તારસ સાથે ઉંચી ભાવના (High Ideals) અને ઉત્તમ પ્રકારના બોધો (Best Morals) આપે છે. 'તત્ત્વનું અન્વેષણ વધારે દૂરદૃષ્ટિવાળું શીખવે છે અને જનસમાજને ઉન્નતિનો ક્રમ દેખાડે છે. હલકી વાસનાને ઉત્તેજીત કરનારી નવલકથાઓ બોધ આપવાને બદલે હાનીકારક નીવડે છે. આ કથામાં આ બાબતનો અભાવ છે. આ કથા વાંચકનાં ચિત્તમાં વિશિષ્ટ સંસ્કારો ભરે છે; અને વાંચકનું હૃદય રસમય બનાવી ઉત્કર્ષનો માર્ગ રહેજમાં બતાવે છે.' આ પ્રમાણે આ નવલ કથા ઉન્નતિદર્શક તત્ત્વની ખાણ છે એમ કહેવામાં કશો વાંધો નથી.

ગોવર્ધનરામનું બીજું અપ્રતિમ પુસ્તક 'સ્નેહમુદ્રા' છે. એનાં 'સ્નેહનિદાન' તથા 'વત્સલતા' નાં કાવ્યોનાં શબ્દેશબ્દ માં માર્મિક અર્થ સમાયલો છે અને કરૂણરસ દ્રવે છે. આમ. દુષ્ટ હિન્દુ આચાર ધીઃક્કારાયો છે. સતી એક પરદેશી સજ્જન મિત્રને પોતાનો વૃત્તાંત કહી સંભળાવે છે કેઃ—

" મુજ વૃત્તમાં નથી કો નવાઈ, શીવાય પણુ હું શું કહું ?
પુછયું તથાપિ તમે જ તો, નકાર પણ શી રીતે ભણું ?
મુજ જેવું વૃત્ત ઘણાકનું, શુણુશો પુછયે આ દેશમાં
પરદેશી સજ્જન ! હિન્દુઓ. ગાળેજ જીવન ક્લેશમાં !
નરજાત સુખી હશે અહીં કદી મ્હાલતી સ્વચ્છન્દથ...
પણ નારીને રોવા વિના, નહી કર્મમાં બીજું કંઈ.
પણ્ડિત પિતા તણી આત્મજા, ભણી કંઈ હું તાત પ્રતાપથી;
મન વિકસીયું. ઉર મ્હોટીયું સદ્ગુણ વીશે. બહુ ભાવથી.
હું ન્હાનપણથી આશ આશી ઘણી ધરી મન માણતી
પણ હાય ! હીન્દુ તણું લલાટ લખ્યા ન લેખો જાણતી.
શૈશવ વીશે કર પીડીઓ અજ્ઞાત એક શિશુજને;
ઉદ્વાહના જ કરારમાં સહી કીધી મુજ મુજ ગુરૂજને. "

* * * *

અને પોતાનું દયાર્દ્ર વૃત્તાંત કહી સંભળાવે છે અને કહે છે કેઃ—

" એ મિત્રતા વા સ્નેહ કહો, તે હાર્દ દમ્પતી ભાવનું,
રસઐકયથી ઉત્પન્ન થઈ, રસઐક્યને જ વધારતું.
રસઐકય તો નહી હોય ત્યાં કયમ મિત્રતા સંભવે ?
રસ ઐકય વળી વિધિવણુ નહી કદી ઇતિર કો સરજી શકે. "

એનો પિતા પોતાની ભૂલ કબુલ કરેછે અને રૂવે છેઃ

' આ હિન્દુલોકનો ચાલ સઉએ માર્ગ એક લેવાનો,
જઈ જતાની પાછળ કુવે પડી મરવાનો.

* * * *

વખત જતે તે બાળાનો પતિ વિદેહ પામેછે અને તે બાળા ગદ્‌ગદ્ કંઠે વિદિત કરેછે કેઃ—

' વિધવાની આ દેશમાં સ્થિતિ વિચિત્ર ઘણીજ,
સજ્જન પન્થી ! તે સુણી ધરીશ તું મનમાં ખીજ.
રહ્યું સ્નેહમાં પ્રાણી જે તેનો સઉ સંસાર.
સ્નેહી વિના સુનો થવે. થાય દેહ પણ ભાર.
હ્રદય સ્નેહિ બે થઇ જતાં, એક હ્રદય થઈ જાય.
વિધિનો તે પર ઘા થતાં, હ્રદય શેષ રીબાય. '

આ છેવટની બે પંકિતઓ કેટલીબધી મર્મભેદક અને હ્રદયદાહી છે ?

પન્થીજન એ સ્નેહને ફરી સાધવાનું સૂચન કરેછે. અબળા પ્રત્યુત્તર વાળે છે કે:—

' પણ મુજ દેશી જનો વીશે વિરૂદ્ધ છે આચાર. '

આ પ્રમાણે આ કાવ્ય હિંદુ ક્રૂરાચારનું ચિત્ર ખડું કરેછે. વિધવાપુનરુદ્ધાહ હિંદુસંસારને અપવિત્ર અને અરૂચિકર છે એમ સૂચન છે.

' અભિસારિકા ' કાવ્યમાં રસમય પંકિતઓ રસીક બનાવે છે. જુઓ.—

" આજ જીવવું, મરવું કાલે ! તડિત ઘણી ચમકે મધ્યે !
આદિ અંતમાં મેઘજ કાળા, અંધકાર બાકી સંધે !
જગત વિશે જન જન્મ જ પામી સાથ નિજ શું લઇ જાશે !

'આકાશ' વિષેનાં કાવ્યમાં માયાનાં આવરણો ભેદી તેની પેલી પારનું સત્ય શોધવાનું કવિ કથે છે.

'સકર્મ' દેખાતું પણ તત્વતઃ નિષ્કર્મ અનન્ત વિભુ સત્વ ઉપાધિ આવરણ પામેલાં હૃદયમાં સ્ફુરેછે અને માયાની મર્યાદા દેખાડી તેની બ્હારના પ્રદેશમાં દૃષ્ટિગોચર કરેછે જેમકેઃ—

सर्वतः पाणिपादं तत्सर्वतोक्षिशिरोमुखम् ।
सर्वतः श्रुतिमल्लोके सर्वमावृत्य तिष्ठति ॥

વિગેરે ભગવદ્ગીતાદિ વચનો.

ગોવર્ધનરામની પંક્તિમાં કહીએ તો--

'ઉંચું નીચું એ ભેદ ગર્ભે વસતી દૃષ્ટિ ભાળતી,
વિભુસૃષ્ટિમાં એ બ્હાર આવી ભેદ ભુલી મ્હાલતી.
મનુમન્દિરે મુકું છાપરાં, રુવે હસે જન જોઈ તે.
કંઇ ગરૂડ તેને ભેદીને મોભે ચ્હડી ઉભા રહે.
તે વીર રાચે ન્યાળીને આ અચળ મુજ અનન્તતા,
મુજ જેવું ઉર કરી કરી ફુલે ફુલે જગ જીતતા.
ધુમસ સમા ધૂમકેતુ છાય ઘડીક તેની દૃષ્ટીને;
ઉડી જાય પણ તે ઘડીકમાં ને જુવે એ મુજ સૃષ્ટિને.
દેખાય નહીં પણ દોરી લેખા રાખી જગના પન્થની !
ખેંચાતી ખેંચાતી ત્યાંજ ચાલતી ગુરૂલઘુ ગ્રહ મંડળી.
વણ આદિને વણ અન્ત, વણ આકાર ને વણ માપ હું !—
દેખે જનો જે ગોળતે નિજ બિમ્બ જેની ખાપ હું.
સ્થિર એક ને જગ સંચરે તે માંહિ જે તે એક હું
સ્થિર ભાષતું સ્થિર કે સરૂં તે કોણ મુજ વણ જાણતું ?
સ્થિર સત્વ હું સમ કેટલાં સ્થિર બાઝીને વળગી રહે ?
એ નાટ્યકેરા સૂત્રધાર તણા પ્રપંચો ક્યાં વહે ?

નર ! આંખ ત્હારી ઠારી હુંપર જોની, સત્યજ આવું જે !

*　　*　　*

આ પ્રમાણે કવિ વિશ્વની પારનું અનન્ત સત્ય જોવાનું કહેછે. જગતનું સૂત્ર ઈશ્વરનાં હાથમાં છે અને સર્વ ગ્રહો એજ સુકાનથી સ્થંભાયલા છે. જગત્ ઉપર ધૂમસ જેવું આવરણ છે અને એ આવરણ ભેદનારા ગરૂડની માફક મોભે ઉડી ઉભા રહે છે. એક સ્થિર તત્વ સર્વત્ર ફેલાયલું છે. ‘ સ્થિર એક ને જગ સંચરે તે માંહિ જે તે એક હું ” માટે હે નર તું એ પર વિચાર કર અને મિથ્યા શોક છોડી દે.

‘ શીયાળ ’ પરનાં કાવ્યમાં કવિ દુ:ખની દરકાર ન કરવાનું કહે છે. કેમકે—

“ એક ઘડીના પ્રવાસીં તેણે દુ:ખ ન ગણી સુખ લેવું :
તપે તપન શિરપર તો છાયા તરૂની તળે ઘડી રહેવું. ”

‘ દૂર ક્ષિતિજમાં સમુદ્રગર્જન ’ માં કવિ કહેછે કે
‘ જન્મ–મરણ ને રડવું હસવું
થશે લીન અંતે
અનંત પ્રવાહમાં મધ્યે ! ’

‘ સિંહધ્વનીનો પ્રતિધ્વની ’ કાવ્યમાં કવિનો ઉત્કૃષ્ટ વિચાર પ્રગટ થાય છે. જુઓ.—

“ જેણે નહિ જગતમાં પુરૂષાર્થ સાધ્યો.
ઉચ્ચાચ્ચ જે પદ નહી કદીયેજ પામ્યો,
તે જન્મ વ્યર્થ ધરતો ! ધુળ તેથી સારી,
વંટોળીયે ઉડી ઉડે ઘડી વ્યોમમાંહી. ”

તથા ‘ અન્યોક્તિ; સ્વપ્ન ભોગ ’ કાવ્યમાં ‘ નીલ લીલમ સમાં

લાલ ગાલે બેઠાં તમે જે તણેરે; આદિ કોયલને સંબોધાયલી પંકિતઓ કવિત્વ શકિતને ઉચ્ચ નમુને છે તથા 'ગૃહગરબી' થઈ પડી છે.

'વનસમૃદ્ધિ'માં કવિ ભવિષ્યની ઘણી ઉંચી આશા બાંધે છે અને આશા રાખે છે કે—

"જાત મુજ, મુજ પ્રજા સુકોમાળ, હતી તેવી થાશે
અંધકારને હંફાવી જય ભવિષ્યનો ગાશે."

'સ્નેહમુદ્રા' સાધારણ વાંચકવર્ગથી એકદમ સહમજાય એવી ન હોવાથી જોઈએ તેવી એની કદર થઈ નથી. તેમજ કવિતાની સરળતા અમુક કાવ્યો બાદ કરતાં કંઇક ઓછી જણાય છે. પરંતુ બાણભટ્ટની કાદમ્બરી જેમ એક કાવ્ય જેવી છે. આંગ્લ લેખક કાર્લાયલનું ગદ્યલખાણ કાવ્ય જેવું છે' એ દ્રષ્ટિથી આ કાવ્યો નિહાળીએ તો તે ઉચ્ચ કોટીનાં ભાવાત્મક કાવ્યો છે એમ કોઇ ના પાડી શકશે નહિ. આ કાવ્યો વાંચી સહમજ્યા પછી જે આનંદ થાય છે તેજ ખાત્રી કરી આપે છે કે જો ગોવર્ધનરામને કાવ્યની દિશામાં વિશેષ પ્રયાસ કરવાનો સમય મળ્યો હોત તો ગુજરાતને પુષ્કળ સરળ કાવ્યરસઝરણાં મળ્યાં હોત! હિંદુ અનાથ વિધવાનું વૃત્તાંત તેમજ કોયલને સંબોધાયલી ગરબી કોને પ્રિય થઈ પડી નથી? તેમજ તે કેટલી બધી લાગણીવાળી છે! वाकयम् रसात्मकं काव्यम्। એ કાવ્યને અર્થ લઈએ તો 'સ્નેહમુદ્રા' સ્નેહરસપૂર્ણ એટલે સુંદર કાવ્ય કહેવાય છે.

સ્નેહ પાછળ લખાયલું સ્નેહકાવ્ય વિધવિધપ્રકારનાં માનવ અનુભવો કથી ભવિષ્યની ઉજ્વળ આશા બાંધી સમાપ્ત થાય છે. ધરા સ્થિર ભાષે છે છતાં ખેંચાતી જાય છે તો કવિ ચક્રવાકીનાં દ્રષ્ટાંત પરથી સંબોધે છે કે.—

'ચાલ, ચાલ ઉડીયેજ અગાડી આનંદે વણ ભીતી!'

આ પ્રમાણે લૌકિક સંસારીક પ્રેમ અનન્ત પ્રેમમાં લીન થાય છે.

એમનો ત્રીજો અપૂર્વ લેખ '**લીલાવતી જીવનકળા**' છે અને એ પુસ્તકમાં લીલાવતી જે ગોવર્ધનરામની જ્યેષ્ઠ પુત્રી હતી તેની પ્રત્યેનો એમનો નિઃસીમ સ્નેહ સ્થળે સ્થળે ઉભરાય છે. પ્રથમ ભાગમાં લીલાવતીની ગદ્યાત્મક જીવનકથા છે. બીજા ભાગમાં પદ્યાત્મક ' સંસ્કાર કલાષોડષી ' નામનું કાવ્ય અને ત્રીજા ભાગમાં ' પરલોક ' નામનું પદ્યાત્મક કાવ્ય છે.

જીવનકથા:—'પુત્રનાં લક્ષણ પારણામાંથી જણાય' એ ન્યાયે લીલાવતી કુમળી બાલ્યાવસ્થામાં પણ ડહાપણ ભરેલાં પ્રશ્ન પુછતી હતી. ' પાણીમાં ન્હાવાનું તે તો બ્હારનુંજ ! બાકી ક્યાંયનું ન્હાવાનું તો બીજું ! તથા લોક પરણે નહિ ને કુમારા રહે તો ન ચાલે ' ! અને આવા પ્રશ્નોનાં ઉત્તર તે સાંભળતી અને જીવનમાં ઉતારતી. પણ્ડિતપિતાતણી આત્મજા થઇ તાતપ્રતાપથી કંઈ કંઇ ભણતી. એનો વિદ્યાભ્યાસ શાસ્ત્રીજી જીવરામનાં હસ્તમાં સોંપાયો હતો. સરસ્વતીચંદ્રમાંની ગુણીયલ માતા ગુણસુન્દરીની માફક એ ગુણીયલ બની અને પિતાનો ઉપદેશ તેણે બરાબર પાળ્યો. તે હંમેશ પ્રેયઃ માટે તલસતી ન હતી પરંતુ શ્રેયઃ સાધવા તરફજ લક્ષ્ય આપતી. અને ઐહિક પદાર્થમાં કદીપણ તૃપ્તિ ઇચ્છતી નહિ. ' કર્મ કરતાં કરતાં સો વર્ષ જીવવાની ઇચ્છા રાખવી અને તેની સાથેજ આ જીવનને એ કર્મથી અનલિપ્ત કહેલું છે તે એણે જીવનની ભાવનામાં બરાબર ઉતાર્યું હતું. તેમજ શ્રુતિબોધિત જીજીવિષા (જીવવાની ઇચ્છા) અને મુમૂર્ષતા (કઠોપનિષદ્માં પિતાની આજ્ઞા પાળવાને નચિકેતાએ, યમને-મૃત્યુને-શોધી તેની વાટ જોઇ તેનાં દર્શન કરી તેની પાસે બોધ માગ્યો એવી ધર્મબોધિત મુમૂર્ષતા)લીલાવતી સમજી અને તેમાં એ કૃતકૃત્યતા માનતી.

લીલાવતીનો વિવાહ પેટલાદનાં રા. મણિભાઇ ગંગાશંકર શક્કાવાળાનાં પુત્ર રા. હીમતભાઇ સાથે થયો હતો. એઓ પ્રારબ્ધવશાત્ લક્ષ્મીદેવીનાં અકૃપાવાન્ થઈ પડયા હતા; અને તેઓ કંઇક ઋણી પણ થયા હતા. જુનાગઢમાં વકીલાતમાં વધારે ફાવી શકયા નહિ. દુઃખમાં દુઃખ ઉમેરાઈ લીલાવતી ક્ષય રોગિણી થઇ. કરસરથી નિર્વાહ કરવો એ લીલાવતીનું સૂત્ર હતું. નિર્ધનતામાં ધર્મસંતોષ, એ સંતોષનો આનંદ, અને કરકસરમાં એણે બાંધેલી ભવિષ્યની આશા, એ ત્રણમાં લીલાવતીની જીજીવિષા સ્ફુરતી. સાધારણ જેવી બાબતમાં પણ તેનાં આ ગુણો ઓપતાં હતાં. સ્ત્રી કેલવાણીની ખરી પરીક્ષાનું સ્થાન ઘર છે. એ ગૃહતંત્ર ચલાવવામાં ફાવી હતી. વળી એનું જીવન આથી તપોમય બન્યું. સુન્દરગિરિની સાધ્વીઓમાં કલ્પેલું અને લીલાવતી જીવનમાં પ્રત્યક્ષ થયેલું એનું જીવન હતું. તે વિદ્યાનો રસીયણ હતી અને ધૈર્યનો પ્રતિમા હતો. સંસારનાં દુઃખમાં ઇશ્વરની છાયા પ્રત્યક્ષ નિહાળતી, અને પોતે બીજાને શીરીતે ભારે ન પડે એવી કળા કરવામાં જીવન વ્યતીત કરતી. તેનાથો ખોટું સહન થઇ શકતું નહિ.જ્યારે એ ક્ષયરોગિણી બની ત્યારે પણ દુઃખમાં ચમકી નહીં. દુઃખી થઇ નહિ પરંતુ 'પ્રભુને ગમે તે સમે સર્વ સહેવું સદા રાજીરાજી હૃદયમાંય રહેવુ" જેવું ગણતી. એ એનો મુમૂર્ષધર્મનો નિર્વાહ! આ પ્રસંગ ગોવર્ધરામ નીચે પ્રમાણે વર્ણવે છેઃ–

"લીલાવતી! ત્હારાં માતપિતાએ તને દર્શાવેલા ધર્મને અંગે નચિકેતાની પેઠે ત્હેં શોધેલું ત્હારા મૃત્યુનું દ્વાર, અને દ્વાર પાસ પ્હોંચી મૃત્યુએ તને આપેલું ત્હારૂં ઇષ્ટ શ્રેયઃ–એ ત્હારા શ્રેયનું દર્શન કરવાનો અને તેથી શાંત થવાનો ત્હારી માતાને ત્હેં આમ અધિકાર આપ્યો તે તેણે લીધો અને તેની દ્વારા હું પણ લઉં છું. પતિના જીવનને સાચવવા સ્વજીવનને અર્પવામાં ધર્મ અને ભાગ્ય માનનારી પતિવ્રતા! ત્હારા શ્વસુરગૃહધર્મનું આ શિખરસ્થાન! ત્હારા સૂક્ષ્મ ધન–ભંડારની આ પરસીમા–ગુજરાતી ભાષાએ

કહેલી ' છપન ઉપર વાગે ભેર ' તે આ ત્હારા સૂક્ષ્મ છપન કોટી ધનભંડાર ઉપર વાગતી ભેર! એ શિખર દેખી. એ ભેરી–નાદ સાંભળી, હું તૃપ્ત થાઉંછું. "

વળી " લીલાવતી પોતાની નિર્ધનતાથી નિર્ધન ન બની. દુઃખ પ્રકોપને કાળે અસ્ત ન થઈ. અને સર્વાવસ્થામાં કલ્યાણપદ ઇશતાને ધારી શકી. એ ઇશતાએ એની સ્થૂલ નિર્ધનતારૂપ અંધકાર વચ્ચોવચ એના સૂક્ષ્મ ધનરૂપ સુવર્ણ સુવર્ણજ્યોતિને પ્રગટાવ્યું. વિપત્તિઓના જે ભાર નીચે ચગદાતાં સંસારીસ્ત્રીઓ તો શું પણ પુરૂષો પણ શોકગ્રસ્ત બની રૂવે છે અથવા પાપબુદ્ધિમાં પ્રવર્તે છે તેવાજ ભાર નીચે આવી પડેલી લીલાવતીની આવી ઇશતાએ એને સત્કૃત્યોથીજ કૃત્યવતી કરી અને આત્મસ્થ પ્રાણથી બલવતી રાખી. સરસ્વતીચંદ્રમાં વર્ણવેલા સંપ્રત્યાત્મક તંત્રનો પ્રભાવ એણે માંડેલા પુરૂષયજ્ઞમાં પ્રગટ કર્યો. "

લીલાવતીને રૂડી કેળવણી મળી હતી. અને વિદ્વાનપિતાએ તે પોષી હતી. સાહિત્યનું પણ સારૂં જ્ઞાન મળ્યું હતું. **સાહિત્યનું મહાફળ એ છે કે ઉત્કૃષ્ટ સંસ્કારોથી સહૃદયનું હૃદય ભરાઇ જાય છે અને ક્ષુદ્ર વાસનાઓને ધકકેલી પાડી ઉચ્ચ રસીકતા જીવનમાં સામ્રાજ્ય પામે છે.** આવા અભ્યાસથી લીલાવતીનું હૃદય સંભૃત થયું હતું. આ બધાનું પરિણામ એ થયું કે એ એક આદર્શરૂપ બની.

એક વખત ગોવર્ધનરામે પ્રશ્ન કરેલો કે ' લીલાવતી, કુમુદનું શું થશે તે વિશે તું જાતે શું ધારે છે? ' તેનો તેણે તરતજ ઉત્તર આપ્યો કે ' હું તો એમજ ધારૂં છું કે તમે તેને જીવાડશો, અને એ પ્રમાદધનને સુધારશે. ' આ પ્રત્યુત્તર પરથી એનાં હૃદયની કુંચી મળી આવે છે.—

સંસારમાં જન્મી શું કરવું તેને માટે તેનાં ચિત્તમાં કાંઈ ઉંચીજ ભાવના હતી. તેતો એમજ કહેતી કે.—

'જીવવું છે થોડું, માટે ભવની રમ ભવાઇ,
ઉચ્ચ લોહી, ઉચ્ચ મરણ, 'સુખે રહે ગવાઇ.'

જે વ્યક્તિ દુઃખમાં પણ ડગતી નથી અને તે ઇશ્વરીચ્છા છે એમ ગણી મુંગે મોઢે સહન કરે છે તે ખરી ધીર છે. લીલાવતી આવી ધીર હતી. ક્ષયરોગ જેવા કષ્ટસાધ્ય વ્યાધિમાં પણ તે આનંદ શોધતી. રણમાં મુસાફરી કરનાર કોઈ એક મુસાફરને મધ્યાહ્ન થઈ જતાં, તાપે તપી જતાં, તૃષાથી કંઠ રૂંધાતાં, આગળ વધતાં જેમ એકાદ્દ લીલોતરીવાળી જમીન હાથ લાગે અને જે હર્ષ અનુભવ છે તે પ્રમાણે લીલાવતી તેનાં વિપત્તિનાં પ્રસંગોમાં પણ એકાદ્દ પુસ્તક પરાણે લઈ ગણગણતી અને આનંદ ગોતતી! વાંચક તેં કદી આવી વ્યક્તિ જોઈ છે? જોઈ હશે તો તને સહજ સહમ જાશે કે દુઃખનું વિરામસ્થાન પુસ્તકો છે એ યથાર્થ છે. અને એ મહાપુરૂષોની ગોષ્ઠિ વર્તમાનનું દુઃખ ભુલાવી આનંદ પમાડે છે. માટેજ ઉત્તમ સદ્બોધકો ચીરંજીવ મિત્રો છે. છેવટે લીલાવતી અદૃશ્ય થઈ અને આપ્તજનો રોતાં રહ્યાં!

આ પ્રમાણે લીલાવતીની ટૂંકી સંસારયાત્રા હતી. તેનાં જીવનનો વિકાસ આધ્યાત્મિક હતો. બાલ્યાવસ્થામાં કુતૂહલમાં પુછેલાં પ્રશ્નોમાં એનાં જીવનની રેખા હતી.

'નહી શુદ્ધોદક સ્નાન!
હૃદયને નહી શુદ્ધોદક સ્નાન!'
અને 'નહી પૂજાના ઠાઠ!'
હૃદયને નહી પૂજાના ઠાઠ!'

આદિ વાકયોમાં એનાં જીવનનાં સ્ફુલિંગ હતાં. એજ જીવન ગોવર્ધનરામે લીલાવતીમાં જોયું હતું.

'કલ્યાણી સરિતા! કર્યું મ્હેં લખ અલખ હૃદય તુજ જતું વહી!'

ગોવર્ધનરામની સાહિત્યકીર્તિનો ચતુર્થસ્થંભ તેનો કવિ 'દયારામનો અક્ષરદેહ' છે. એની લેખીનીમાંથી આ ચાર ગ્રંથોનાં ફુવારા ફુટયા છે અને એ પુણ્યપ્રવાહ સકલલોકપાપનાશિની ભગવતી ભાગીરથીની માફક સમગ્ર ગુજરાતમાં વહી તેનાં પવિત્ર ઓઘનાં શિતળ શિકરોનાં ઝાત્કારવડે હૃદયકમળ પાવન કરે છે.

આ લેખમાં 'દયારામ કવિનાં' અક્ષરમય જીવનનું દિગ્દર્શન છે અને આરંભમાં કવિનું જીવનચરિત્ર ગોવર્ધનરામે અક્ષરદેહદ્વારા કેમ નિહાળ્યું તે બાબતનો ખુલાશો છે કેઃ કાલિદાસે રઘુવંશમાં 'યશઃશરીર' શબ્દનો પ્રયોગ કરેલો છે અને સમજાવે છે કે 'સાક્ષર લેખકોને આવા કીર્તિદેહના ઉપરાંત અક્ષરદેહ હોય છે જે તેમના બાકીના સર્વ દેહોના અવસાન પછી પણ ચિરંજીવ રહી શકે છે.' જ્યારે સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ દેહોના ઇતિહાસ અક્ષરદેહના કારણભૂત હોવાથી તે ઇતિહાસ અક્ષરદેહના મર્મભાગોઉપર નવા પ્રકાશ નાંખી શકે છે ત્યારે કીર્તિદેહના ઇતિહાસ અક્ષરદેહના કાર્યરૂપ હોઇને એ દેહોના દેહીના દેશકાળના મર્મભાગો ઉપર પ્રકાશ નાંખી શકે છે. અમુક સાક્ષરનો અક્ષરદેહ ભવ્ય હોવા છતાં તે દેહોના દેશકાળે તેનો કીર્તિદેહ કેવે રૂપે બાંધ્યો એ જાણી એ દેશકાળનું મૂલ્ય કરવાનું સાધન પ્રાપ્ત થાય છે. કવિ દયારામના અક્ષરદેહનું નિરીક્ષણ કરવા જનારને માટે આટલે અંશે એના અન્ય દેહોના ઇતિહાસ જોવાનું પ્રાપ્ત થાય છે, પરંતુ એના સ્થૂલ દેહનો ઇતિહાસ વિવાદગ્રસ્ત છે અને તેના સૂક્ષ્મદેહનો ઇતિહાસ તેટલે અંશે દુર્લભ

છે.' અને તેથી એનાં કીર્તિદેહનું નિરક્ષણ કરવાનું ગોવર્ધનરામ ઉચિત ધારે છે.

ગોવર્ધનરામે દયારામનો અક્ષરદેહ લખ્યો અર્થાત્ એના અક્ષરદેહની પૂજા–માનસિક પૂજા કરી અને તે લેખપર વિવેચન કરવું એટલે સોનાપર ઢોળ ચઢાવવા જેવું થાય છે. એમ છતાં સુવર્ણને ઘસતાં નવો ચળકાટ નીકળે છે અને સાક્ષરોનાં–કવિઓનાં કથનોનાં ચર્વિતચર્વણો પણ આનંદજન્ય અને ફલદાતા છે એમ ધારી એ અનુપમ પુસ્તકની સેવા કરવા ધારી છે.

'દયારામનાં કાવ્યોમાં ભક્તિ, નીતિ અને ધર્મ ઉપરાંત ભક્તિથી અમિશ્રિત એટલે કેવળ શૃંગારનો ભાગ પણ છે.

શ્રીકૃષ્ણચરિત્રનાં કેટલાંક પ્રસંગો, ધર્મ નીતિ અને વૈરાગ્ય આ સર્વ ઓછાંવત્તાં પ્રમાણમાં લઘુકાવ્યમાં છે; અને એનું ભાવપૂર્ણ કાવ્ય 'રસિકવલ્લભ' છે.

દયારામની સરખામણી ઘણીવાર અંગ્રેજ કવિ બાયરન (Byron) સાથે થાય છે. પરંતુ એ કેટલે દરજ્જે સત્ય છે એ વાતનો અત્ર પ્રસંગ નથી તેમજ બન્ને દેશોનાં સ્થલ સમય અને કાલ એકજ હતાં કે કેમ તેનો પણ પ્રશ્ન રહે છે! ગમે તેમ હો તો પણ આ સરખામણીમાં કંઈ હેતુ રહેલો છે અને તે એ કે જેમ બાયરનનું નૈતિક જીવન શંકાશીલ છે તેમ એમને વિષે મનાય છે! પરંતુ ગુણદોષનો અત્ર પ્રસંગ નથી. માત્ર એ ઉપાધિગ્રસ્ત દેહે ગુજરાત સમીપ કેવા ભક્તિરસ પેદાં કર્યાં, કેવાં અમીરસ સીંચ્યાં એજ જોવાનું છે.

દયારામ છેલ્લા પ્રાચીનયુગનો તેજસ્વી ચંદ્ર હતો અને પ્રાતઃકાળ પછી પણ ચંદ્ર દેખાયા કરે છે તેમ એ ચંદ્ર આંખે

રૂપે આપણા આ પ્રાશ્ચાત્ય યુગમાં દેખાતો હતો એ પ્રમાણે ગોવર્ધનરામ ઉપોદ્ઘાત કરી આગળ વાધે છે.

એમનાં કાવ્યોમાં વલ્લભાચાર્યનાં સંપ્રદાયનાં ભક્તિસૂત્રો ગુંથાયલાં જણાય છે. અને એનાં કાવ્યો વૈષ્ણવનાં ભક્તિસ્તોત્રો બને છે. ' એનાં કાવ્યોમાં એકપાસથી જોતાં કેવળ પૈરાણાદિક કથાઓ જણાય છે તો બીજી પાસથી જોતાં પુરૂષપ્રકૃતિના સામ્ય બ્રહ્મરૂપ ઐક્ય દર્શાવાયલું છે. ત્રીજી પાસથી દેવરહસ્યનું અવગાહન તો ચોથી પાસથી ભક્તિરહસ્ય અને પાંચમી પાસથી ભક્તિરસનાં ફુવારા ફુટે છે. પ્રેમ અને રસ સ્થળે સ્થળે ઝરે છે. કવિ પોતાના ઉપદેશને વધારે સ્પષ્ટ કરવાને વસંતરૂતુ પેઠે પોતાનાં આમ્રવૃક્ષ જેવાં પદકાવ્યોમાં ઉપરાઉપરી સંખ્યાબંધ અને અનેક રંગી દૃષ્ટાંતોનો, મ્હોર, કળીઓ, પાંદડાં અને ફળ ઉભરાવે છે.' ટૂંકમાં કવિની લ્હેરો અનેરી છે.

વલ્લભસંપ્રદાયનાં સૂત્રો આ કવિનાં કાવ્યોમાં સ્થળે સ્થળે દૃષ્ટિગોચર થાય છે. આ સંપ્રદાય પ્રમાણે ઇશ્વરથી જગત ઉદ્દભવેલું છે અને જ્ઞાનથી જ્ઞાનીઓનો મોક્ષ થાય છે. તથાપિ જગત્ રહે છે અને જગત તો ભગવાન્ આત્મરમણેચ્છાથી કરે ત્યારેજ ઉદ્ભવી શકે. અવિદ્યાને લઈને દ્વૈતજ્ઞાન થાય છે અને જગત બ્રહ્મ કાર્ય છે, બ્રહ્મરૂપ છે. અવિદ્યાથી બ્રહ્મ નહિ પરંતુ જીવન બદ્ધ થાય છે. બ્રહ્મનાં બે સ્વરૂપ છે. એક **મર્યાદાપુરૂષોત્તમ** **અથવા અક્ષરબ્રહ્મ અને બીજા પુષ્ટિપુરૂષોત્તમ. મર્યાદાપુરૂષોત્તમ લક્ષ્મી સાથે વૈકુંઠમાં વિહાર કરે છે અને પુષ્ટિપુરૂષોત્તમ ગોકુળમાં અને વ્રજમાં ભક્તો સાથે વિહાર કરે છે. મર્યાદા માર્ગ અક્ષરરૂપે બ્રહ્મની વાણીમાંથી—વેદમાંથી પ્રગટ થાય છે અને પુષ્ટિપુરૂષોત્તમ તેના વેણુનાદથી પ્રત્યક્ષ થાય છે. અને તે** પ્રાપ્ત કરવાને **'વિપ્રયોગ રસાત્મક સર્વાત્મભાવપ્રદાન' વિના**

અન્ય સાધનની અપેક્ષા નથી. અને એ પુરૂષોત્તમની ભકિત શ્રીભાવેજ કરવી ઉચિત છે.

અખિલનું વર્ણન કવિ આ પ્રમાણે કરે છે:—

" આદ્ય સ્વયંભૂ આત્મારામજી, મૂળપુરૂષ જે પૂર્ણકામજી,
પ્રધાન પુરૂષેશ્વર પરબ્રહ્મજી, નેતિ નેતિ કહે નિગમજી,
પર અક્ષરથી ત્રિગુણાતીતજી, ગમ્ય નમન ગો અકળ અજીતજી.
જે થકી કંપે માયા કાળજી, એવું અખિલ રૂપ રસાળજી."

જગતનું સ્વરૂપ પળે પળે બદલાય છે માટે તે ક્ષરબ્રહ્મ અને કારણરૂપ ઈશ્વરશકિત તે ક્ષર નથી માટે અક્ષરબ્રહ્મ અને તેનાથી વિશેષ અને અક્ષરથી પણ ઉપર તે નિરક્ષર અથવા અક્ષરાતીત બ્રહ્મ આવા ત્રણભેદ આ સંપ્રદાયના છે.

વેદાંતમાં માયા સ્વપ્નવત્ અસત્ય મનાય છે ત્યારે એ સ્વપ્નને સ્થાને ક્ષરબ્રહ્મ આ સંપ્રદાયમાં સત્ય મનાય છે. અને અવતાર દેહનો તેમાં સમાવેશ થાય છે. અક્ષરાતીત બ્રહ્મ નટવર રૂપે નટ-ક્રીડા કરી રહ્યું છે અને શ્રીઅંગને નામે સમજાય છે. ' પુરૂષોત્તમે ભ્રકૃટીભંગથી સૃષ્ટિ ઉપજાવી ' અને તે ભંગ વેળાના એક કટાક્ષથી પ્રભુની પ્રિયા સુન્દરી ભકિત અને ભકતજીવો સમેત દૈવી સૃષ્ટિ ઉત્પન્ન થઈ અને બીજા કટાક્ષથી પ્રભુની દાસી માયા અને તેમાં લીન થયલા જીવો સમેત આસુરી સૃષ્ટિ ઉત્પન્ન થઈ. એ પ્રથમ કટાક્ષ તે કૃપાકટાક્ષ હતો; તે ' અક્ષર ' ઉપર પડતાં ભકિતમાં લીન વૈષ્ણવો થયા. સત્ચિત્ અને આનન્દ બ્રહ્મનાં ગુણ છે.

કવિ કહે છેકે:—

" સદ્ રૂપ સમજ વિરાટ, અક્ષરબ્રહ્મ ચિદ્ કહે છંદ;

છે નારાયણ આનંદમય, શ્રીકૃષ્ણ પરમાનંદ."

૨. વ. પદ. ૮૦

અને એ કૃષ્ણપરમાનંદ

'શતપત્ર લોચન સુન્દરી શ્યામતણાં બહુ વૃંદ,
તે મધ્યે વિલ્સે લાલ નટવર રસિકમણી ગોવિન્દ.
નિત્ય નવલ રાસ વિલાસ રચના, કથનમાં કયમ આવે ?
છે નિત્ય લીલા અપ્રાકૃત, આનંદમય શ્રુતિ ગાવે."

'દયારામની ગરબીઓમાં કેવલ एकेश्वरवादिनी શ્રદ્ધાથી પ્રભુના દાસરૂપેજ ભકિત ભરેલી છે. પરંતુ સંપ્રદાયનાં સિદ્ધાંતોમાં તો પ્રાશ્ચાત્યનો Pantheism ('સર્વેશ્વરવાદ') સ્ફુરે છે. દયારામની કવિતામાં રાધા કૃષ્ણ રૂપ બને છે અને કૃષ્ણ રાધા રૂપ બને છે.

'आत्मा वै राधिका प्रोक्ता, वेदनी श्रुति एह;
जन दयाप्रीतम कृष्ण राधा एक निःसंदेह."

ઇશ્વરનો ભક્ત ઉપરનો પ્રેમ, અને ભક્તનો ઇશ્વર ઉપરનો અનુરાગ એ ઉભય સ્વરૂપના પ્રેમબળથી મુક્તિ છે.

'ભકિત મણિ ને દીપક જ્ઞાનજી,
અભય સભય આ કાર્ય માનજી.'

ભકિતની જ્યોત્સ્ના કદી હોલાતી નથી. સંસારમાં જન્મસિદ્ધિ કરવા હરિના નામનો 'રૂકો' બસ છે. પુરૂષ પ્રયત્નથી 'મનાજી સુબેદાર'ને વશ કરવું ઘટે છે અને તે ભકિત વડેજ ભેદાય છે.

દયારામ કહે છે કે નંદકુંવરનું નાચ્યું જગત્ નાચે છે

અને દયાપ્રીતમ રૂચિ વિના પત્ર પણ હાલી શકતું નથી. ભકિતમાં મન દૃઢ કરવા તપની જરૂર છે. ભકિત 'નવધા'† છે અને કવિ દશમી 'પ્રેમભકિત' ઉમેરે છે. અને આ દશમાં પ્રકારમાં કોઇ જાતનું ભય હોતું નથી. હરિના નામનું સ્મરણ એ પ્રથમ પગથીયું છે અને તેમાં તન્મય થઈ તદ્રૂપ થવાથી 'પ્રેમભકિત' ઝામે છે. આત્માર્પણ 'પીયુટ્રેલ' જાગે છે અને સર્વ નેમ શાંતિ પામે છે અને એક ભાષા કવિ એક માશુક પાસે ગવરાવે છે કે 'મેરે શાહઝાદે આલમકું લીયે મૈં તો જંગલસેં જંગલ ભટકું " તેમ આ સંસારને જંગલરૂપ ગણતી છતાં તેજ જંગલના ઝાડામાં અને પાંદડાઓમાં પુરૂષ ભકતરૂપ સ્ત્રી તે સર્વમાં રહેલા પરમપતિની ટ્હેલ નાંખ્યાં કરેછે." પ્રેમની પરમદશા તે 'પરાશાન્તિ' છે.

દયારામનો શૃંગારલેખનો મ્હોટો ભાગ ગરબીઓમાં છે. અને તેમાંથી 'ઉભા રહો તો કહું એક વાતડી બીહારીલાલ' આદિ હજીએ તેવીજ પ્રચલિત છે. ગોપીકાઓનો અનહદ ઉભરાય જતો પ્રેમ દયારામ સ્થળે સ્થળે ગાય છે અને હરિના નામની 'તાલાવેલી' લાગેછે. એ નાદથી આકર્ષાઇ, ભક્તહૃદય અન્ય-સંસાર છોડી કૃષ્ણપ્રત્યયમાં લય પામેછે અને તે લય તે પ્રેમસમાધિ. એ તન્મયતા—એ સંસારમાંથી મૃત્યુ અને અખંડ રસભોગ."

ગોવર્ધનરામ કથેછેકેઃ વેદાન્તનાં 'ब्रह्मविद्ब्रह्म भवति' એ વાકયના બોધ પેઠે પ્રેમરસનો કવિ તન્મયતામાં 'रसविद् रस एव भवति' એવું કહેતો હોય એમ સમજાય છે. અને એ સ્થિતિ એકવાર પામેલા જીવ તેમાંથી 'न पुनरावर्तते ।' એમ પણ એ પ્રેમ તોડવામાં પ્રભુની અશક્તિ જણાવતા બોધે છે. આ સર્વ વિચારતાં કૃષ્ણગોપીકાઓની પ્રેમભાવનાની ગરબીઓમાં સ્થૂલ શ્રૃંગારના પ્રત્યયો ખડા કરનાર વાકયોમાં એ પ્રત્યયોને માત્ર અલં-

---

† શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસત્વ, સખ્ય અને આત્મનિવેદન આ નવધા ભક્તિ છે.

કારના અને પરિભાષાના પ્રયોજનથી જ કવિ મુકે છે એવું સમજાય છે.”

ભક્તનાં સ્વામી નરસૈંયાએ પણ આવું જ ગાયું છે.—

“ નીરખ ને ગગનમાં કોણ ઘુમી રહ્યો
તેજ હું તેજ હું શબ્દ બોલે ! ”

દયારામે રસશાસ્ત્ર, યોગશાસ્ત્ર, ને પ્રેમભક્તિ શાસ્ત્ર એ ત્રણનું સંમિશ્રણ કરી નવું શાસ્ત્ર વિસ્તાર્યું છે.

આ પ્રમાણે કવિના પ્રેમસમાધિના કેટલાક લક્ષણ ગણાવી આ ટીકાત્મક લેખ સમાપ્ત થાય છે. આવા પ્રકારની ગોવર્ધનરામે ‘ દયારામની ’ ભાવ પૂજા અક્ષરદેહ લખી કરી છે અને તેની પ્રસાદી ગુજરાતને ચખાડી છે. દયારામની પૂજા કેટલેક અંશે અસ્ત થતી જાય છે ને સંબંધે ગોવર્ધનરામ વિવેચે છે કે:—

“ એ યુગ ગયો અને બીજો યુગ બેઠા છે. ભાવનાને સ્થાને વ્યવહાર, બુદ્ધિ અને તર્ક પ્રતિષ્ઠા પામ્યાં છે. આવા યુગમાં આ કવિઓના કીર્તિદેહ ધ્વસ્ત થઇ અપકીર્તિ દેહ બંધાય નહીં એજ આ યુગનું ભાગ્ય ગણવા જેવું છે. પણ નવાયુગમાં આ સર્વ સાથે ન્યાય બુદ્ધિનો પણ જન્મ છે અને ભક્ત કવિઓની ભાવનાઓ સાંપ્રત યુગમાં રાજ્ય ન કરે પણ તે ભાવનાઓનાં રહસ્ય અને વિસ્તાર સમજ્યા વિના એ કવિઓનું ગુણગાન કે નિન્દા કરવાથી દુર રહેવું એટલી ન્યાયબુદ્ધિ પ્રવર્તશે તો ભવિષ્યમાં પૂર્વજોના પુણ્યસંચયની શોધ થશે + + +.”

આ ઉપરાંત ગોવર્ધનરામનાં ન્હાનાંન્હાનાં અને છુટાછવાયાં લેખો ઘણાં છે. તેમાં મહત્વનાં ‘ The classical Poets ’

of Gujarat'; સાહિત્યપરિષદમાં પ્રમુખપણે આપેલું ભાષણ; 'The Practical Asceticism and Aptitudesm and Duties of the leading communities of Surat' વિગેરે અનેક ચર્ચાત્મક નિબંધો છે. 'The practical Asceticism' માં તેઓ સંબોધે છે કેઃ—

"To work for the pssible good of what is placed within our reach; to derive pleasure and happiness from the doing alone of this; and to trust for the fruits in the wisdom of the Omniscient Providence: this, I think, is the only way not only of making the best use of our life, but also of making our happiness a reality by making it a necessary but unsought for consequence upon our actions, without that aspiring to it as our final goal, which is sure to bring us disappointment through the inconsistency of Fortune."

"Let us live for the world and not the world for us; that is our only independence and real happiness".

ગોવર્ધનરામનાં લેખોપર જુદા જુદા સાક્ષરોએ વિધવિધ ચર્ચા કરી છે. પરંતુ સર્વનું મંતવ્ય તો એ છે કે "ગોવર્ધનરામ ગુજરાતની એક મહાન્ વ્યક્તિ હતા અને ગુજરાતી સાહિત્યની એમણે મહાન્ સેવા બજાવી. મનઃસુખરામ, મણિલાલ અને ગોવર્ધનરામ એ તે સમયની સાહિત્યત્રિપુટી હતાં. વિદ્વાન અને સાક્ષરોની ટીકામાં એમનાં તરફની પુજ્યવૃત્તિ તરી આવે છે અને સરસ્વતીચંદ્રનાં પ્રથમ ભાગ સમયે તો ગુજરાત આ મહાન નરનાં લખાણુથી અંજાય ગયું હતું એમ કહીએ તો ખોટું નથી.

ગોવર્ધનરામનાં સ્મારક અંકોમાં વિધવિધ લેખો નોંધાયલાં છે. તેમાંના ફક્ત કેટલાક મુદ્દાઓજ અત્ર ઉતારી આ લેખ સમાપ્ત કરવાનો આશય રખાય છે.

કવિ નરસીંહરાવ ભોળાનાથ દિવેટીયા લખે છે કે.—

'Musical ear—સંગીત શુદ્ધશ્રવણ શક્તિ—મધુરનાદનાં સ્વરૂપાદિ સમજવાની સ્વાભાવિક કર્ણ શક્તિ, એ તો વધારે ઉંચા પ્રકારની યોગ્યતા છે; એ શક્તિ તો ગોવર્ધનરામભાઈના માં ન્હોતીજ.'

તેમજ 'બન્ધુ સમાજ' તરફનાં લેખમાં એમનાં સંબંધમાં નીચે પ્રમાણે ચર્ચા છે:—

"પ્રેમ એટલે Sacrifice–ભોગ, સ્વાર્પણ એ અર્થમાં એમણે ઉત્તમ રીતે પ્રેમનું સ્વરૂપ આપ્યું છે; પણ જ્યાં પ્રેમને વ્યવહારમાં ઉતારવાનો પ્રસંગ આવ્યો કે ત્યાં લેખક (અમારા નમ્ર અભિપ્રાય મુજબ) વિચારનું વર્તનમાં અવતરણ કરાવી શકતા નથી. સ્વપ્નયાત્રામાં સરસ્વતીચંદ્રને અને કુમુદસુન્દરીને પતિપત્નિ તરીકે લેખકે સિદ્ધસિદ્ધાંગનાઓએ, સાધ્વીઓએ સ્વીકાર્યાં છે, તો પછી ત્હેમનું પ્રેમલગ્ન કરાવતાં શું બાધ હતો? અને જ્યાં બાધ બતાવ્યા જેવું કર્યું છે ત્યાં પણ એ પ્રયાસ કેટલો નિર્બળ છે? માત્ર પ્રવાહ પતન (Drift) શિવાય બીજું શું? કુમુદસુન્દરીને માટે કંઇ કહેવાનું નથી, કારણ ત્હેમણે તો પોતાનું જીવ સ્વાર્પણમાંજ હોમ્યું છે. પરન્તુ "Be a hero in the strife" 'રણસંગ્રામમાં વીર થા' એ કવન હૃદયમાં ધરનાર લેખક પોતાના ઉત્તમાધિકારી નાયકને દુનિયાથી ડરતો દેખાડે છે. સુધારકોએ દેશકલ્યાણ નથી કર્યું?—કેશવચન્દ્રસેના દયાનંદ સરસ્વતી, ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર, મહાદેવ રાનડે આદિ સુધારક મહાત્માઓથી લોકનું હીત નથી બની શક્યું! જનસમાજે ત્હેમનો સ્પર્શ, તેમના તરફનો મળતો લાભ ધિક્કારી કહાડયો

છે ? જો તેમ ન હોય તો પછી કુમુદસુન્દરીના પુનર્લગ્નમાં શો બાધ હતો ?"

" સાક્ષરશ્રી રમણભાઇ મહીપતરામ નીલકંઠ લખે છે કેઃ—
× × + પરંતુ તેમની કવિતામાં સૌંદર્યના, લાલિત્યના, માધુર્યના બહુ થોડા અંશો વિદ્યમાન છે. અને તેથી કલાવિધાન પણ દૃષ્ટિએ પડતું નથી. રમણીયતાની આ ખામી તેમની ગંભીર ઉચ્ચ કલ્પનાઓને શુષ્ક બનાવે છે, તેમના ગંભીર ભાવની ઉક્તિમાં નીરસતા ભેળે છે અને તેમની શૈલીને ક્લિષ્ટ કરે છે. સરસ્વતીચંદ્રમાંના કાવ્યો વાર્તારસ કુંડળ વચ્ચે આવેલાં હોવાથી તેમાં રૂચિરતા જળવાઇ રહે છે. પણ રસ હીનતાનો પરિહાર કરનારા એવા અંશો "સ્નેહમુદ્રામાં નથી, અને બળવાન્ પ્રેરણાથી તેમજ ઉદાત્તભાવનાઓથી ભરેલું છતાં એ પુસ્તક આકર્ષક લાગતું નથી તેનું એજ કારણ છે. "

" સરસ્વતીચંદ્ર'ને નવલકથા કહેવી કે નહી એ શબ્દ પ્રયોગનો પ્રશ્ન છે. "

" સરસ્વતીચન્દ્ર " એ અર્વાચીન સમયના હિન્દુસ્તાનના સાંસારિક, રાજકીય, ધાર્મિક વિગેરે પ્રશ્નોની ચર્ચાનો 'આકાર ગ્રન્થ' છે. × × × સરસ્વતીચંદ્ર પુરાણ છે. "

તેમજ ગોવર્ધનરામની હયાતીમાં સરસ્વતીચંદ્ર અને કુસુમનાં લગ્નની બાબતમાં સખત ચર્ચા ચાલેલી અને પત્રવ્યવહાર પણ ખુબ થએલો. આ પ્રશ્નનો નિકાલ એઓ પોતે આપે છે કે.—

" સરસ્વતીચંદ્ર કુસુમને પરણ્યો ન હોત તો કુમુદ અને સરસ્વતીચંદ્ર, શુદ્ધ પ્રેમથી પણ, એકઠાં શી રીતે રહેત ? (વિધવાવિવાહ તો રસિક દૃષ્ટિએ જોતાં નિર્વિવાદરીતે દરાપાસ્ત હતો; અને નાયક અને નાયકાના મરણમાં પર્યવસાન ન લાવવું એ

એમનું કહેવું હતું એટલે આ બે માર્ગ બંધ હતા). અને એ પ્રશ્નમાં 'વસન્ત'નાં તંત્રીજીએ ઉમેરેલું કે "સરસ્વતીચંદ્ર કુસુમને પરણી ગયો ન હોત, તો ભગવી ચુંદડીએ શોભતી 'મધુરીમૈયા'માં મૂર્તિમન્ત સ્ત્રીનું મહાત્મ્ય–પુરૂષને શરમાવનાર અને નારી પ્રતિષ્ઠાને ઉચ્ચતર કરનાર સ્ત્રીનું દૈવીલક્ષણ્–શી રીતે પ્રત્યક્ષ કરાત?"

રા. દયારામ ગિડુમલે એમની સાથે આ બાબતમાં પત્રવ્યવહાર કરેલો અને રામાયણનું એક વિલક્ષણ દૃષ્ટાંત લઈ પ્રશ્ન કરેલો કે:—

" × + + + Take the twin souls Rama and Sita. Suppose a yogi told Rama, that the best thing for the world and for himself and for Sita would be for her to marry Ravan; and suppose that Sita (loving Rama and Rama only) at the bidding of Rama married Ravan(!) Would any amount of skilful rhetoric based on the confluence of the Ganges and the Yamuna reeconcile the public to such a denouement?"

ગોવર્ધનરામ આનો પ્રત્યુત્તર આપે છે કે:—

"But it is one thing to Judge things from the standpoint of the ideal of love and another to appraise things from the Parmarthika standpoint, which assumes the absence of love itself. Sita would never marry Ravan even if God had asked her to do so, because her ideal was Perfected Love. Rama had himself the same ideal and performed his अश्वमेध

with only a gold-image of Sita to serve as his धर्मपत्नी. My hero would have done the same thing before he entered Yogic caves while his exit therefrom had transformed him into a Loveless thing and having smashed his Love, had replaced his old Ideal of Love, with a different Psych, altogether where love stood as a zero. Kumude's own Psyche's has been changed during similar situation and replaced with one of a different mould-differing from her past self from the hero's new 'self.'

* * * *

"The decree of my sadhus convinces my hero at least for the moment that Kumud's proposal is prompted by no spirit of self sacrifice but by a conviction that both he and she are on a higher plane and the scene of his being in *sound sleep* at Kusum's Arti was introduced to typify his mental condition of the days as being equally blind to Kusum's love as to Kumud's situation."

ગોવર્ધનરામની કવિતામાં સંગીતની ખામી છે તો પણ તેમાં ભાવ કંઈ ઓછો નથી. તેમજ સરસ્વતીચંદ્રમાંની ગઝલે તથા સ્નેહમુદ્રામાંની 'નિલ લીલમસમાં લાલ ગાલે બેઠા તમે જે તણુ રે' આદિ પંક્તિઓ કોણુ ના કહી શકશે કે લાવણ્ય અને કોમલતાવાળા પદો નથી? 'તેનું સુન્દર કલાવિધાન ચમત્કારપૂર્ણ છે. અને તેમાં કડીએ કડીએ નવી નવી કલ્પનાથી ઉપજતા ભિન્ન ભિન્ન અલંકાર ગંભીર ઉન્નત તથા રસિક ભાવના પ્રકાશને રૂચિર બનાવે છે. એમાં કવિએ કહેલો કોયલના કૂજનનો ગુણ કવિના એ કાવ્યમાં પણ છે.—

'અર્ધનિદ્રાસમે પ્રિય સ્પર્શ સમું કૂજ્યું તમ તણું રે
ચમકાવે અમારાં ચિત્ત !'

હવે આપણે એમની કૃતિની ચમત્કૃતીની પ્રશંસા જોઇશું.

"કોલંબસની નાકાઓ અમેરિકાના અસલ વતનીઓને લાગી હશે' એવો અદ્દભુત, પાંડવો માટે મયદાનવે બાંધેલા રાજભવન જેવો ચમત્કારિક, અને ડેન્ટીનાં સ્વર્ગ પ્રયાણના જેવો સુન્દર, અનુપમ પ્રયત્ન ગોવર્ધનરામના મલ્લમહાભવન અને સ્વપ્નયાત્રામાં આપણે નિહાળીએ છીએ. મંચોઝનનાં સાહસ કર્મો આલેખવાં એ સ્હેલું છે, રાસેલાસમાંના શાસ્ત્રીનાં ઉડવાનાં ફાંફા કલ્પવાં' એ કઠિન નથી. અને 'કમિંગ રેસ' (Coming Race) નું પ્રજાતંત્ર મૂર્તિમાન્ કરવું એ પણ જેટલું વિલક્ષણ તથા દુરદર્શી નથી, તેટલું બન્યન અને ગોવર્ધનરામનું ઉરમન્થન ગહન, પ્રતિભા ભર્યું, મોહક છે. 'ચ્હડું ઉપર હોંશના તથાપિ ચ્હડવું હજી ચ્હડવું એજ મારી તૃષા' એવા પ્રકારનાં આ ઉડ્ડયન નથી. આનન્દન, મનોહર અને પરાગવાન માર્ગોના ચ્હડાવવાળી આ સ્વપ્ન કુલવતી કંટકવિહીન તો નથી. પરંતુ હૃદયજન્ય સૂક્ષ્મ સંસિદ્ધિને તે સ્પર્શ કરી શકતા ન હોવાથી સુરસ અને સુંદર ભાસે છે. જ્વાળામુખી અને ભૂકંપનાં તોફાનથી ભરપૂર છે. પરંતુ તેજ ક્રાન્તિના મહાયુદ્ધ–ધર્મ 'રણ' ક્ષેત્રને અંતે ઉદયમાન સાત્વિક શાન્તિની પરમ આશા છે.

"Certainly serene peace will only come after. We have passed through the transitional period."

સ્વર્ગસ્થ લેખક રણજીતરામનાં શબ્દોમાં કહીએ તોઃ—

"સંસાર અને ધર્મની પ્રખર જ્વાલાઓમાં યૌવનના સંસ્કાર લીધેલા એટલે એ બંન્ને પ્રકારની ઉન્નત રસિક ભાવ-

નાઓ જાગી હતી. મણિલાલ નભૂભાઇએ જેમને વ્યવહાર પક્ષના લેખકો કહ્યા છે તેમની ભાવનાઓ (?) કરતાં ઉચ્ચતર, રમણીય અને રસપૂર્ણ ભાવનાઓ ગુજરાતને અર્પવા સંકલ્પ કર્યો. મહીપતરામ, હરગોવિંદદાસ, રણછોડભાઈ, દલપતરામ અને તેમનાં અનુયાયીઓ ખામીઓ ચિતરવામાં નિપૂણ હતા પણ હિંદુ જીવનના સારા અંશો ઇતિહાસ અને તત્ત્વજ્ઞાન સંસારશાસ્ત્રની દૃષ્ટિએ બતાવવાનું માન તો ગોવર્ધનરામને જ ઘટે છે."

આ પ્રમાણે આપણે સરસ્વતીચંદ્રનાં સમર્થ લેખક ગોવર્ધનરામની કૃતિનાં ગુણદોષ જુદા જુદા વિદ્વાનોના અભિપ્રાય પ્રમાણે જોયાં અને તેમની અનુપમ સાહિત્યસેવા પણ જોઈ અને યત્કિંચિત્ કદર કરવા પ્રયત્ન કર્યો. પરંતુ આજ સમગ્ર ગુજરાત તેનું ગુણગાન કરેછે અર્થાત્ ગોવર્ધનરામની ભાવપૂજા આદરેછે તે તેમનાં આચારસૂત્રોને લઇનેજછે. જીંદગીની પરમાર્થની અણમોલી ક્ષણોનાં લાભ ઘણાજ થોડા લેછે અને જેટલે દરજ્જે અમુક વ્યક્તિ તેનો લાભ લે છે તેટલે દરજ્જે તે ફતેહ પામે છે. પછી તે સંસારી હોય કે સાધુ હોય. જીવન્મુકિતનો પણ આજ સિદ્ધાંત છે. સાર્ટરરેસાર્ટસમાં પ્રોફેસર ટયુફેલ્ડ્રોકની જીવન કથાને અંતે કાર્લાયલનાં વચન રા. ઉત્તમરામ આ પ્રમાણે મુકેછે:—

"જ્યારે હું આવી દુઃખાકાંત સ્થિતિમાં હતો ત્યારે એક દિવસે મ્હને એક વિચાર સ્ફુર્યો. અને મેં મારા આત્માને પુછયું કે "અરે તું શેનાથી ડરેછે? શા માટે કાયરની માફક કાયમ રોતાં સુરત બની ગયો છે, અને આખો દિવસ ડર્યા કરેછે, ધ્રુજ્યાં કરેછે! હતભાગ્ય મનુષ્ય! તારૂં અનિષ્ટમાં અનિષ્ટ થવા બેઠું છે એમ સમજ, તો તે શુંછે તેનો જરા વિચાર તો કર! મૃત્યુ! વારૂ મૃત્યુ! અને વધારે કહીશ તો નરકનાં કષ્ટો! અને કોઇ ભૂતપિશાચ કે કાળા માથાનું માનવી જે કરી શકે તે! વારૂં તે બધુંએ થવા બેઠું છે? શું તારે હૃદય નથી? એ બધુંએ સહન કરવાની તારામાં શકિત નથી? નિત્યમુકત એવા પરમાત્માનો

તુ બાળક છે, તો ભલેને તેનાથી છુટો પડી ગયોછે તો પણ તારી તે યોગ્યતાનું સ્મરણ કરી નરકયાતનાની પણ શું અવગણના કરી શકે તેમ નથી ! જે આવે તેને આવવા દે ! હું તેને ભેટીશ, હું તેની સામો થઈશ અને જ્યારે મારા મનમાં આ વિચાર સ્ફુર્યો ત્યારે મારા આત્મામાં કોઇ નવીન તેજનો પ્રવાહ રેડયો હોય એમ મને જણાયું અને કૃપણ ભયને મેં હમેશને માટે ધુણાવી કાઢયો. હું બલવાન થયો, કોઈ અકલિત બળ મારામાં પ્રવેશ પામ્યું."

આ દ્દષ્ટાંતમાં બહુ ઉંડો અર્થ સમાયલો છે. તે એકે 'એક વાર મરવું છે' એ સત્ય બુદ્ધિમાં આરૂઢ થયા પછી સંસારનાં યુદ્ધોમાંથી કોણે પાછી પાની કાઢી છે? મરણથી નિર્ભય થયા પછી મનુષ્યમાં નવું જીવન આવે છે. એ જીવન સુખઃદુખને ગણકારતું નથી. આવું જીવન તે જીવનસાફલ્ય લેખાય. ગોવર્ધનરામ સંસારની અનેક આપત્તિવિપત્તિઓમાં ડગ્યા નહિ અને નોકરી, હોદ્દા તથા પૈસા જેવી ક્ષુલ્લક બાબતને વશ ન થતાં સ્વતંત્ર જીવન, સ્વતંત્ર જીવન વિકાસ કરવામાં પરોવાયા એજ એમની જીંદગીની સાફલ્યતા. મહાત્માઓનાં દુઃખની કસોટીઓમાં પણ આપણને શીખવાનું મળે છે. ચંદન ઘસાતાં ખુશબોજ આપે છે. આવી સ્થિતિ વચ્ચે ઉભા રહી સરસ્વતી ચંદ્ર જેવો જ્ઞાનનો કીંમતી ભંડાર સંગ્રહાયો, નવાં સ્વપ્નપટ ઉકેલાયાં એ એમની જીંદગીની સાફલ્યતા નહિ તો બીજું શું ?

ગોવર્ધનરામની કૃતિમાં આ ભૂલ છે અને આ રહી ગયું છે, આમ લક્ષ્યું હોત તો ઠીક થાત વિગેરે બાબતો ધ્યાન બહાર તો નજ હોઇ શકે તથાપિ પરમાત્મા સિવાય સંપૂર્ણ કોણ છે? અને જો આમ છે તો જીવનનાં આ ખડબચડા માર્ગપર ઠોકર કોણ નથી ખાતાં? જે હો તે હો તથાપિ એટલું તો સત્યજ છે કે ગોવર્ધનરામે સાહિત્યવાડી ખીલવી, ગુજરાત પાશ્ચાત્ય સંકલ-

નાથી જાગૃત કર્યું, અને સાહિત્યમાં નવો યુગ પ્રવર્ત્તાવ્યો. એવાને તો 'સુરપદ જ ઘટે છે.'

આપણાં નવલનર્મદ ગયાં, ઝવેરીલાલ અને દલપતરામ પણ ગયાં અને છેવટે ચંદ્રગોવર્ધનરામ પણ ગયા. પરંતુ ગુજરાત હજી સજીવન છે. એમની વાણી હજીએ ગુજરાતનાં દરેક ગૃહમાં કલ્લોલ કરી રહી છે અને કર્યાંજ કરશે. તેઓ સંસારનાં સાધુ હતા અને જ્ઞાનદીપવડે નવો માર્ગ દેખાડતા. વિદ્યાનાં રસીયા હતા અને એમની ગોષ્ઠિ કલ્પવૃક્ષસમ હતી. દૂર છે દૂર છે હજી તેમનાં અનેરાં ગાનો! તેમની શીખો સાંભળવી અને જીવનમાં ઉતારવી એજ તેમની માનસિક પૂજા. ભવભૂતિનાં શબ્દોમાં કહીએ તો:—

उत्पत्स्यते मम कोऽपि समानधर्मा ।
कालो ह्ययं निरवधि विंपुला च पृथ्वी ॥

—ત્યારેજ એમની પૂજા સંપૂર્ણ થશે, ગુજરાત મીઠાં કલ્લોલ વડે ટહૂકારાશે અને એવાં મધુરાં સ્વપ્નો યોજાશે.

માટે

'કંઈ બંધુ!! કંઈ બંધુ!! ગાન ગા ગુજરાતનું.'

कविवर रविन्द्रनाथ टागोर.

अने त्हेमनी
पुण्य प्रसादीओ.

હિંદ વીરો.

પ્રકરણ ત્રીજું

(કવિ વીર.)

" To the man who lives for an idea, for his country, for the good of humanity has an extensive meaning and to that extent pain becomes less important to him."

ભારતવર્ષ બંગીય કવિ ટાગોરનાં નામથી હવે ભાગ્યેજ અપરિચિત છે. આર્યાવર્તમાં રાષ્ટ્રીયજીવન રેલવનાર બંગદેશનાં પાટવી શહેર કલકત્તામાં કવિનો જન્મ ઇસવી સન ૧૮૬૧માં થયો છે. એમનાં પિતાનું નામ મહર્ષિ દેવેન્દ્રનાથ ટાગોર છે. અને એમની બાલ્યાવસ્થામાંજ એમનાં માતા દેવલોક થયા હતા. જેથી એમણે કુદરતને માતા ગણી તેનું પયઃપાન કર્યું-

વિશ્વવિખ્યાત ગીતાંજલી વિગેરેના લેખક, રાષ્ટ્રીય સેવક.



બંગ કવિવર રવિન્દ્રનાથ ટાગોર, કલકત્તા.

B. A. P. works

તેઓ પોતાનાં એક સ્વદેશાભિમાની સંગીતમાં કથે છે તેમ

"Blessed is my birth, because I was born in the country; blessed is my life, mother, because I have loved thee. etc."

અર્થાત્ આંગ્લકવિ ટેનીસન (Tennyson) નાં શબ્દોમાં કહીએ તો--

"The poet in a golden clime was born
With golden stars above;
+ + + +
He saw through life and death through good
and ill,
He saw through his own soul
The marvel of the everlasting will,
An open scroll."

કુદરત તરફનો નૈસર્ગિક પ્રેમ એમનામાં, જીવનનાં પ્રભાતમાં માણસાઇનાં પારણામાં રેલાવા માંડ્યો. કવિ પોતે કહે છે તેમ "Oh! it used to make mad with joy when I saw the clouds come up in the sky one by one. I felt even in those very childish days that I was surrounded with a friend, a companionship, very intense and very intimate, though I did not know how to name it." તેઓ પોતાની જીવનસ્મૃતિમાં વર્ણવે છે તેમ "Nature shut her hands and laughingly asked every day what have I got inside? and nothing seemed impossible."

આ પ્રમાણે એમની બાલ્યાવસ્થા કુદરતની દોસ્તી સાથે વીતવા માંડી.

ટાગોરનું કુટુંબ અસલથીજ નામીચું છે. એમનાં મોટા ભાઈ દ્વિજેંદ્રનાથ મોટા તત્ત્વજ્ઞ છે. એમનાં બીજા ભાઇ ઇંડીયન

સીવીલ સર્વીસમાં દાખલ થનાર પ્રથમ યુવક હતા અને કવિનાં પિત્રાઇઓ ગગનેંદ્રનાથ અને અવનીંદ્રનાથ કલાવિધાનીઓ છે. અને મહર્ષિની એક છોકરી 'ભારતી' નામનું ચોપાઉં ચલાવે છે.

ટાગોરનું સાહિત્યજીવન લગભગ બાલ્યાવસ્થાથીજ શરૂ થયું છે એમ કહીએ તો ચાલે. ચંડીદાસ અને વિદ્યાપતીનાં સંગીતોએ એનામાં સાહિત્યરંગ રેલવ્યો. આંગ્લકવિ વર્ડઝવર્થ કુદરતપરનાં તેનાં એક સંગીતમાં લખે છે કે:

"My heart leaps up for joy
When I see a lightning in the sky."

આવીજ રીતે ટાગોર વિષે છે. ટાગોરે મી. એન્ડ્રુસને પોતે અનુભવેલો કુદરતી આનંદનો એક અપૂર્વ બનાવ નિવેદન કર્યો હતો અને તેનાં અંતમાં કહ્યું કે "That was one of the first things which gave me the inner vision, and I have tried to explain it in all my poems. I have ever felt eversince that this was my goal, to express the fulness of life, in its beauty, as perfection,—if only the veil were withdrawn." હિમાલયનાં પ્રવાસે એમનામાં નવું ચૈતન્ય અર્પ્યું. એમણે 'ભાનુસિંહ' નામથી સંગીત લખ્યા અને 'સંધ્યા સંગીતમાં' અવનવી બાબતો લખવી શરૂ કીધી. ૧૪ વર્ષની વયે "Genius of Valmiki" નામનો ઓપેરા લખ્યો. ૧૭ વર્ષની વયે એમને ઇંગ્લાંડ મોકલવાયાં આવ્યા. ત્યાં તેમણે એક વર્ષ સુધી જોનમોર્લીનાં હાથ નીચે ઇંગ્લીશ ભાષાનો અભ્યાસ કર્યો એઓ એક વર્ષમાં હિંદ પાછા ફર્યા. અને વળી પાછા વિલાયત ગયા.

૨૩ વર્ષથી—એનાં લગ્નનાં સંવત્સરથી એમનું સાહિત્યનું બીજું જીવન શરૂ થયું. આ સમયમાં તેમણે નાની નાની વાર્તાઓ લખી. પરંતુ આ સર્વ દરમ્યાન એમનામાં નિરંતર ચિંતન

થયાંજ કરતું હતું કે ' દેશસેવા બજાવવી. ' અને તેને પરિણામે કલકત્તામાં એક નિશાળ ઉઘાડવા પ્રયત્ન કર્યો જે આગળ જતાં બોલપૂરમાં ' શાંતિનિકેતન ' નામમાં પરિણામી છે. આ વખતે એમને પૈસાની અતીશય સંકોચ લાગવા માંડી. નિશાળ ચલાવવા માટે પુસ્તકો, કોપી રાઇટો વિગેરે સર્વ એમણે વેચ્યાં ! सानुसंगानि दुःखानि એ પંક્તિ અનુસાર એક દુઃખમાં બીજું દુઃખ ઉમેરાયું. હુતભાગ્યે એમની પત્નિ દેવલોક થઈ. અને થોડા માસ રહીને એમની પુત્રી પણ અવસાન પામી. અને પછીથી એનો નાનો પુત્ર કોલેરાથી મરણને શરણ થયો. શોકનાં આવા દારૂણ સમયમાં એમનાં શબ્દો કેવા શાંતિ ભરેલાં છે તે જુઓ.

" × × × I know now at last what death was. It was perfection—nothing lost, nothing lost."

ભક્ત નરસીંહ મહેતાજીએ ગાએલું કે " ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજીશું શ્રી ગોપાળ " એ વાકય ટાગોરે અનુભવ સિદ્ધ કરી બતાવ્યું. આવા શોકાગ્નિનાં સમયમાં એમણે આખી દુનીઆમાં મશહુર થયલું પુસ્તક ' ગીતાંજલી ' લખી દેશ દીપાવ્યો ! પછીથી તેઓ વિલાયત ગયા. ત્યાં જઈ પુસ્તકો અંગ્રેજીમાં લખવા માંડયા. એમનાં અમેરિકામાં અપાયલાં ભાષણો ' સાધના ' નામનાં પુસ્તકમાં સંગ્રહાયલાં છે. ' નૉબલ પ્રાઈઝ ' એમનાં જીવનની મોટી ફતેહ છે. સાહિત્યમાં ઉંચી ભાવનાવાળાં લખાણમાં આ સુપ્રસિદ્ધ પુસ્તક છે.

નૉબલ પ્રાઈઝમાંના ૮૦૦૦ પોંડ એમણે ' બોલપુર ' સ્કુલમાં અર્પ્યા છે ! ૧૯૧૩ માં કલકત્તા યુનીવર્સીટીએ એમને ડૉકટરનો માનવંતો ખિતાબ બક્ષ્યો. ૪૦ વર્ષે એમની પ્રજ્ઞા ખીલીને હિમવત્‌થી ગંગાજીની માફક રેલવા માંડી; અને તેમાં નાટકો, કાવ્યો, વાર્તાઓ વિગેરે જુદા જુદા કમળો ખીલ્યાં જેની સુમ-

નોહર સુવાસ પ્રસરી વિધવિધ મકરંદો લોભાવે છે. વળી એમણે કળા મંદીર ‘ Art House ’ સ્થાપ્યું છે. આ પ્રમાણે એમનું જીવન સ્વર્ગીય આનંદ સાથે વ્યવહારૂ કુશળતામાં ગુંથાયલું છે અને એક ઉમદા પ્રકારનો કવિવીર દેશની કેટલે દરજ્જે સાહિત્યદ્વારા–બોધદ્વારા સેવા બજાવી શકે તેનો ઉમદા દાખલો આપે છે. એટલુંજ નહિ પરંતુ વિધવિધ પ્રજાઓમાં, ઉત્કૃષ્ટ મગજ, હિંદુસ્થાનનાં ઉદ્ધારનો સંદેશ–પ્રકાશ અને પ્રેમ–દુનીઆનાં એક ખુણાથી બીજે ખુણે સુધી કેવી રીતે બતલાવી શકે એ ઘણી ખુબીથી દાખવે છે. ધન્ય છે આવા દેશવીરને !

કાવ્યજીવન—ટાગોરની કવિતામાં એટલો બધો શો ચમત્કાર છે કે એમને માટે આટલું બધું ગુણગાન થાય છે ? પ્રત્યુત્તર એટલોજ કે એમનાં કાવ્યમાં જીવનની રસમય ભાવનાઓ અલૌકિક સંગીતની ગુંથણીમાં ઉતારાયલી છે. સંસ્કૃત અલંકાર શાસ્ત્રી મમ્મટ કવિવાણીને વર્ણવે છે કેઃ—

> नियतिकृत नियमरहितां ह्लादैकमयीं अनन्यपरतन्त्रां ।
> नवरसरुचिरां निर्मितिमादधती भारती कवेर्जयति ॥

આવી કવિતા એમની છે. એઓ પોતે કવિને વર્ણવે છેકેઃ—

" Therefore the true poets, they who are seers to express the universe in terms of music." વળી ઉત્તમ કળાનો સિદ્ધાંત તેઓ આ પ્રમાણે લક્ષે છેઃ " ઇશ્વરનો પ્રેમ એ જીવનનો આદેશ છે અને કળા સૌંદર્યનો કિમતી દરવાજો છે કે જેમાં થઇને અંદરનાં અગમ્યનાં મંદીરમાં દાખલ થઈ શકીએ છીએ. કળા આપણાં અંતરાત્મામાં ઈશ્વરીનાદ પૂરે છે. જુઓ " Thy word is weaving words in my mind and The joy is adding music to then " (ગીતાંજલી પાનું. ૬૧) ‘ ક્રીસંટ મૂન ’ (બીજનો ચંદ્રમાં) માં શિશુસ્વભાવની પ્રાતઃ-

કાળની સુનેરી રજકણો આલ્હાદિની છે. ગાર્ડનર (માળી) નામનાં કાવ્યમાં મનુજ હૃદયમાં સતત વહેતા પ્રેમના વહેણનું મનોહર મધ્યાહ્ન આનંદ અને ઉત્સાહ સાથે ઝળકે છે. અને ગીતાંજલીમાં સંધ્યાનાં રંગો અને શાંતિ અને રાત્રીની પ્રસરતી ગંભીર શાંતિ અને તારલાઓદ્વારા ઈશ્વરની અલૌકીક લીપીમાં લખાયલું જ્ઞાન કોઈ અલૌકીક ભાષાદ્વારા શીખવાડવામાં આવ્યું છે. એમની નાનીવાર્તાઓમાં ઉદ્ભવતા પ્રેમ અને ભાવો તથા આનંદનાં વહેણો વહે છે; તો આત્મા, તેનો સ્વભાવ અને તેનો આદેશ બલ્કે જીવન સૂત્રો વિગેરે એમનાં નાટયોમાં ઉતારવામાં આવ્યાં છે. આત્મજ્ઞાનની ખાણ ' સાધના ' છે.

ટાગોર સર્વલોકના કવિ છે અને સત્તા અને ખોટા દમામ તરફ એમને તિરસ્કાર છે. એમની પ્રજ્ઞા અગમ્ય સત્ય કથવાવાળી (Mystical) કહેવાય છે તે એક બે દૃષ્ટાંત પરથી સમજી શકાશે.

" He who plays his music to the stars is standing at your window with his flute." (The crescent Moon. P. 11)

" What divine drink would'st thou have, my God
From this overflowing cup of my life ? "

ગીતાંજલી, પાનું ૬૧.

એ ઉપરાંત એમની કાવ્યશકિત ઘણી ઉચ્ચ પ્રકારની છે. જુઓ.—

" Mirth spreads from leaf to leaf, my darling, and gladness without measure. The heaven's river has drowned its banks and the flood of joy is abroad." કવિ તરીકે ટાગોર અત્યુત્તમ છે એટલુંજ નહિ પરંતુ એમની ધાર્મિકભાવના ઘણી ઉત્કૃષ્ટ છે. આંગ્લ કવિ કાર્લાયલ લખે છે

કે "ધર્મ માણસની બાબતમાં એક મુખ્ય મુદ્દો છે. Religion is the chief fact with regard to man." ટાગોરનાં મહાન્ ધર્મસિદ્ધાંતો તેનાં અત્યુત્તમ પુસ્તકો 'સાધના અને ગીતાંજલિ" માં દૃષ્ટિગોચર થાય છે. જે હિંદુધર્મે દુનીઆને વેદવેદાંતદ્વારા પાઠવ્યું હતું કે જીવ અને શિવ એક છે તે સિદ્ધાંત કવિએ ઘણી ચમત્કારી ભાષામાં દાખવ્યો છે. જુઓ "It is the same life that shoots in joy through the dust of the earth in numberless blades of grass and breaks into tumultuous waves of leaves and flowers."

ગીતાંજલી. પાનું. ૬૪

કવિ ખુશનુમાં આવી જઈ કથે છે કે:—

"In the playhouse of infinite forms I have had my play and here have I caught sight of him that is formless."

ગીતાંજલી. પાનું. ૮૮

ટાગોર શીખવે છે કે ઈશ્વરી આનંદ, પ્રેમ, સ્વાર્થ ત્યાગ, સાદાઈ અને આત્મશરણથી મેળવી શકાય છે. જુઓ.

"My poet's vanity dies in shame before thy sight. O master poet, I have sat down at thy feet. Only let me make my life simple and straight, like a flute of reed for thee to fill with music."

ગીતાંજલી પાનું ૬

વળી હિંદુધર્મનો ઉત્કૃષ્ટ સિદ્ધાંત આત્મનિવેદન ગીતાંજલીમાં કથેલો છે. ગીતામાં વર્ણવેલો નિષ્કામ કર્મયોગ ઈશ્વરને ખુશ કરવાનો તથા અત્યુત્તમ સેવાનો સિદ્ધાંત છે.

ટાગોર, જીવન પરથી પ્રેમ, અને લૌકિત પ્રેમ પરથી અમર્યાદિત પ્રેમ અને નૈસર્ગીક પ્રેમ શીખવી સૌંદર્યની સમીપ પહોંચાડે છે.

"For love is the ultimate meaning of every thing around us. It is not a mere sentiment; it is truth; it is joy that is at the root of all creation."

સાધના. પાનું ૧૦૭.

ટાગોરનો મહાન્ સંદેશ એ છે કે:--

"Man's abiding happiness is not in getting anything but in giving himself to ideas which are larger than his individual life–the idea of his country–of humanity–of God." (સાધના. પાનું ૧૫૨.)

મનુષ્યનું હંમેશનું સુખ અમુક સંપાદન કરવામાં નથી પરંતુ તેની વ્યક્તિનાં જીવનથી વિસ્તૃત રહેલી ભાવનાઓને માટે ત્યાગ વૃત્તિમાં છે. એવી ભાવનાઓ દેશ–મનુષ્ય–ઈશ્વરીભાવનાના વિચારમાં સમાયલી છે.

ખરે! ટાગોર સાશ્વાસક, વિવેકી અને કાવ્યોત્પાદક વીર છે. તે કહે છે કે નમ્રતાથી અને સહનશક્તિથી સામ્રાજ્ય મેળવી મનુષ્યમાં ઈશ્વરી ફતેહ સંપૂર્ણ દાખલ થાય તે સિદ્ધાંતથી આગળ વધવું એમાંજ માણુસાઈ છે.

હવે આપણે ટાગોરનાં સુપ્રસિદ્ધ કાવ્યો અને લેખોનું કંઈક દિગ્દર્શન કરીશું અને મુખ્ય તારતમ્ય નિહાળીશું.

ગીતાંજલી—આપણે જોયું કે જીવનને નવું ચેતન આપવું

એ કાવ્યની ખુબી છે. રબિંદ્રનાથની મહત્તા આ લક્ષણમાં સમાયલી છે ગીતાંજલીનું મુખ્ય લક્ષણ એ છે કે એમાં ઇશ્વર-દ્રશ્ય અને અગમ્ય માટેની તૃષા મનુષ્યજીવન સાથે સંબંધમાં આવે છે જેને પરિણામે માનુષીય વિકારો તેમજ હૃદયની સ્નેહની લાગણીઓ ધિઃક્કાઈ કઢાતી નથી. આ પરિમિત જીવનની મધુરતા માટે રસભિના થઇ જવાય છે. ટુંકમાં જીવન અને કુદરત વચ્ચેની સુક્ષ્મરેખા એ દર્શાવે છે; એટલુંજ નહિ પરંતુ લૌકિક જીવન અને મહાન્ પ્રકાશ ઇશ્વર અને વ્યક્તિ વિગેરેનો સંબંધ દર્શાવે છે. ગાર્ડનર (માળી) નામનું સંગ્રહીત કાવ્ય પ્રેમ અને આનંદની ગુલાબી ખુશનુમાથી રકત થતું મનુષ્ય હૃદય, દૃષ્યમાન સૌંદર્ય અને નવા વિકારો વિગેરે દાખવી આનંદ આનંદ વર્ષાવે છે. તે ઇશ્વરી આનંદ જેમાં સઘળી વસ્તુઓનો, કળાનો સમાવેશ થાય છે તે ઘણી ખુબીથી જણાવેલું છે. આથી આ કાવ્યોને ' પ્રાર્થના સ્તોત્રો ' એવું નામ પણ આપવામાં આવ્યું છે.

કાવ્યનો મુખ્ય આશય—કવિનું જીવનનું કર્ત્તવ્ય અને આ સૃષ્ટિમાં તેનું સ્થાન તેમજ તેનો મુખ્ય સંદેશ વિગેરે બાબતો ગીતાંજલીમાં સ્થળે સ્થળે જોવામાં આવે છે. ટાગોર, કવિકળાને ઇશ્વરની સાથે એકતા સાધવાનું સાધન માને છે અને તેની સાથે સંબંધમાં આવતા પોતાની કળા સુંદર અને હૃદયાકર્ષક કેમ બને છે તે દર્શાવે છે.

નમ્રતા અને આત્મશરણ ગૃહી એ વદે છે કે —

' I know thou takest pleasure in my singing. I know that only as a singer I come before thy presence. I touch by the edge of far-spreading wings of my song thy feet which I could never aspire to

reach. Drunk with the joy of song. I forget my-self and call thee friend who art my lord."

(હું જાણું છું કે તું મારાં સંગીતમાં આનંદ લે છે. હું તારી સાનિધ્યમાં ફક્ત એક ગાયક તરીકે આવું છું. હું તારા પાદારવિંદો કે જેને પહોંચવાને મારાથી કદાપિ આશા પણ ન રાખી શકાય તેને મારા કાવ્યની ઘણી વિસ્તૃત પથરાતી પાંખની કિનારી વડે અડું છું. કાવ્યનાં આનંદથી મત્ત થઇ, હું મારી જાતને ભૂલી જાઉં છું અને તને મારા પાલક પિતાને હું દોસ્ત કરી સંબોધું છું.

અર્જુને શ્રીકૃષ્ણને 'સખા' કરી સંબોધેલાં તે પણ તેનાં પરમ રાગનું પરિણામ હતું. ઋગ્વેદમાં ઇંદ્ર ઉપરનાં સ્તોત્રોમાં કવિને આજ પ્રમાણે અનુભવ થાય છે. કવિ ઇંદ્ર સાથે હોડલામાં બેસી નદીમાં ફરવા જાય છે અને દૈવી સાનિધ્યને લીધે તેનાં રગેરગમાં પ્રેમનીશો વ્યાપે છે અને હોડલું પાણીની છોડથી જેમ ડોલે છે તેમ તેને હિંચકાપર ઝુલવાનો આનંદ થાય છે.

નીચેની પંક્તિઓ દૃઢનિશ્ચય સાથે પૂર્ણ મધુરતા દર્શાવે છે:

"Life of my life, I shall ever try to keep my body pure, knowing that thy living touch is upon all limbs.

I shall ever try to keep all untruths out from my thoughts, knowing that thou art that truth which has kindled the light of reason in my mind.

I shall ever try to drive all evils away from my heart and keep my love in flower, knowing that thou hastthy seat in ths inmost shrine of my heart.

And it shall be my endeavour to reveal thee in my actions, knowing it is thy power gives me strength to act."

ગીતાંજલી પાનું ૩-૪.

ફકત આવા નિશ્ચયોથીજ કાર્ય સરતું નથી પરંતુ હૃદયની ખરી પ્રાર્થનાથી ઇશ્વરી સહાય મળે છે અને ઇશ્વર હંમેશ દયાળુ છે તે એ સૂચવે છેઃ

"When the heart is hard and parched up, come upon me with a shower of mercy.

When grace is lost from life, come with a burst of song.

When tumultuous work raises its din on all sides shutting me out from beyond, come to me, my lord of silence, with thy peace and rest.

When my beggarly heart sits crouched, shut up in a corner, break open the door, my King, and come with the ceremony of a King.

When desire blinds the mind with delusion and dust, O thou holy one, thou wakeful come with thy light and thunder." ગીતાંજલી પાનું. ૩૦-૩૧

ભાવાર્થ—જ્યારે હૃદય વજ્ર અને શુષ્ક થઇ જાય ત્યારે તું તારી દયાની ધારા સાથે આવજે. જ્યારે જીવનની શોભા ચાલી જાય, ત્યારે સંગીતનાં નાદ સહ પ્રવેશજે. જ્યારે કાર્યની વિષ-

મતા બહારથી મારી ગતી બંધ કરી ઘેરી ફરી વળે ત્યારે શાંતિના હે પિતા, તારી સુલેહ શાંતિ પ્રસરાવજે. જ્યારે મારૂં ભીખારૂ હૃદય એક ખુણામાં સંકોચાય જઇ બેસે, મારા પાલક પ્રભુ ! ત્યારે દ્વારો ખોલી નાંખી રાજાનાં પૂર્ણ દમામથી પધારજો. જ્યારે વાસના, અંધાધુંધી અને ધુળથી મગજ અંધ બનાવીદે, ત્યારે ઓ પવિત્ર પિતા, હંમેશ જાગૃત તારા પ્રકાશ અને ગડગડાટ સહિત આવી ઉદ્ધારજે.

ઈશ્વરનાં દર્શન માટેની કવિની તૃષા સ્થળે સ્થળે દૃગ્ગોચર થાય છે પરમસાંનિધ્ય માટે તલસતો જીવ મુંઝવણમાં આવી જઇ વદે છેકેઃ—

"That I want thee, only thee, let my heart repeat without end. All desires that distract me day and night, are false and empty to the core."

ભાવાર્થ—હું, તારે માટે તલસુંછું–ફક્ત તારા માટેજ. એવો મારા હૃદયને હંમેશ જાપ જપવાદો. રાતદિવસ જે વાંછનાઓ મને દૂર લઇ જાય છે તે તદ્દન ખોટી અને ખાલી (ફોગટ) છે.

ઈશ્વરી તેજ જરૂર પ્રગટ થશે એ આશાનાં આનંદ અને ઉત્સાહમાં કવિ સંપૂર્ણ ભરૂસો રાખે છે અને ઉચ્ચારે છેકેઃ—

"The morning will surely come, the darkness will vanish, and thy voice pour down in golden streams breaking through the sky."

અને આશાનાં શબ્દો ઉચ્ચારે છેઃ

"Have you not heard his silent steps? He comes, comes, ever comes."

ગમે તેવી હાલતમાં છતાં ઈશ્વરી નાદ પ્રગટ થાય છે અને પ્રોત્સાહન આપે છે. અને એનેજ પરિણામે બિચારો મનુષ્ય સંકોચાયા છતાં જીવન ટકાવી રહે છે. બલ્કે आशाबन्धु एव सहाय यति ।

કવિ કથે છેકે--

"In sorrow after sorrow it is his steps that press upon my heart, and it is the golden touch of his feet that makes me joy to shine."

પરમાત્માનાં દૃશ્ય માટે આત્માનું બલિદાન અને એનાં મેળાપથી ઉદ્ભવતા અનેરા આનંદ માટે લાલસાનો બહિષ્કાર કરવો પડે છે. એ બહિષ્કાર તે વૈરાગ્ય. આવી વૈરાગ્ય વૃત્તિ સિવાય મુકિત નથી.વૈરાગ્યવૃત્તિ ધારણ કરવી એ મુશ્કેલ છે. કવિ કહે છેકે-

"Obstinate are the trammels, but my heart aches when I try to break them.

Freedom is all I want, but to hope for it I feel ashamed."

ઈશ્વરની દયા અને તેના પ્રભાવ વડેજ આવી નાશપામતી વૈરાગ્યવૃત્તિ ધારણ કરી રખાય છે. દુનીઆનાં આવરણો મનુષ્યને ઘેરે છે અને તેમાંથી છટકવું ઘણું મુશ્કેલ થઇ પડે છે. માટેજ કવિ કથે છેકે--

"I thought I could outdo everybody in the world in wealth and power, and I amassed in my treasure-house the money due to my King. When sleep over came me I lay upon the bed that was for my lord, and on waking up I found I was a prisoner in my own treasure house." (Page. 24).

ઈશ્વરની સેવા એ એને મેળવવાનો બીજો ગુણ છે.

"Pluck this little flower and take it, delay not! Though its colour be not deep and its smell be faint, use this flower in thy service and pluck it while there is time."

ઈશ્વરની સેવા દુનીઆમાંથી ન્હાસી જવાથી થતી નથી; પરંતુ ઈશ્વરનાં સઘળાં સંતોનો સાથે મળી તેમને સ્નેહની મીઠી નજરથી ભાળી-સંપૂર્ણ પ્રેમ સંપાદન કરવાથી થાય છે.

"I was singing all alone in a corner and the melody caught your ear. You came down and stood at my cottage door."

છેવટે કવિએ જીવન અને મરણ વિષેનો પોતાનો અભિપ્રાય નીચેની પંક્તિઓમાં ઘણી અલૌકિક રીતે મુકયો છે.—

I have tasted the hidden honey of this lotus that expands on the ocean of light and thus am I blessed-let this be my parting word. In this play-house of infinite forms I have had my play and here have I caught sight of him that is formless.

My whole body and limbs have thrilled with his touch, who is beyond touch and if the end comes here, let it come—let this be my parting word."

આવું અપ્રતિમ ભાવનાવાળુ કાવ્ય ઘણું મોહક અને સુંદર છે જેની પ્રશંસાથી દોઢ લાખનું Noble prize

(ઉમદા પારિતોષિક)એમને અપાયું હતું. ધન્ય છે આવા સમર્થ કવિ ટાગોરને !

ટાગોરનું બીજું અપ્રતિમ કાવ્ય Gardener (માળી) નામનું છે. આ કાવ્યમાં કવિ જીવનની ઉષાનું સુંદર ચિત્ર કવિપિચ્છવડે આછેરી રંગે ચિત્રે છે તો ગીતાંજલિમાં જીવનની પ્રાગલ્ભાવસ્થા પછીથી આવતી નિર્મળ શાંતિ ભરેલી સંધ્યાનાં આછેરા રંગો આલેખે છે. બન્ને કાવ્યો જીવનની બે અવસ્થાઓ કલ્પે છે. આ કાવ્યો ટાગોરની યુવાવસ્થામાં લખાયા હતા.

રાણીનાં બધા નોકરો ગયાબાદ કવિ પાસે જાય છે અને રાણીને વિનતિ કરે છે કે " જ્યારે આપ બીજા નોકરો સાથે કામ પતાવી રહ્યા છો ત્યારે મારો આવવાનો વખત છે."

" Make me the gardner of your flower garden." આ પ્રમાણે આ કાવ્ય ઉઘડે છે. આખા કાવ્યનો સારાંશ આ ન્હાનકડી કડીનાં અર્થમાં સમાયલો છે. દૈવી કાવ્યથી તલસતો આત્મા સૌંદર્યની સેવામાં લીન થાય છે. છઠ્ઠા કાવ્યમાં બે પક્ષીનાં સંવાદમાં પ્રકૃતિનાં બંધારણમાં પડેલો જીવ ન્હાસી શકતો નથી છતાં પણ પ્રેમનો જાદૂઈ અવાજ તેને પ્રેરે છે અને હંમેશ नित्यशुद्धबुद्धमुक्तस्वभाव આત્માની સમીપ જવાને તલસાવે છે. વેદાંતમાં પણ द्वासुपर्णा सयुजासखाया વિગેરેથી શરૂ થતો આવો સંવાદ છે. કવિનું કળાનું સ્થાન અપ્રતિમ છે. કવિ લાલિત્ય વાળી ભાષામાં તે વર્ણવે છેકે:--

" In the world's audience hall, the simple blade of grass sits on the same carpet with the sunbeam and the stars of midnight."

પરંતુ એકલા દ્રવ્યવાનની કંઈ કીંમત નથી. જુઓ.--

"But you, man of riches, your wealth has no part

in the simple grandeur of the sun's glad gold and the meadow gleam of the musing moon."

પ્રેમની કીંમતી ભેટ એવી હોય છેકે ભેટ લાવનાર નથી પિછાનતો તેની અમૂલ્ય કિંમતને કે કવચીત્ મળી આવતી સુંદરતાને. કવિએ આ એક આંધળી છોકરીનું દૃષ્ટાંત લઈ કેવી સુંદર રીતે દાખવ્યું છે.

"One morning in the flower garden a blind girl came to offer a flower chain in the cover of a lotus leaf.

I put it round my neck, and tears came to my eyes.

I kissed her and said, " you are blind even as the flowers are. you yourself know not how beautiful is your gift!"

અર્થ–એકવાર પ્રાતઃકાળમાં પુષ્પનાં બગીચામાં, એક આંધળી છોકરી કમળપત્રમાં એક ફુલનો હાર લઈ મને કંઠાભરણુ કરવા આવી.

મેં તે હારને મારા કંઠમાં ધારણુ કર્યો અને મારી આંખમાં આંસુ આવ્યા.

મેં તેને ચુંબન કર્યું અને કહ્યું "તું પણુ પુષ્પો છે તેવી આંધળી છે."

"તને ખબર નથીકે તારી ભેટ કેવી સુંદર છે!"

૭૨ માં કાવ્યનાં વિચારો ટેનીસનનાં પેલેસ ઓફ આર્ટ (Palace of Art) માંના વિચારો કરતાં પણુ ઉત્તમ છે. કવિ બધું ભુલી જાય છે અને કથે છે.—

"The only sound that echoes in its dark dome was that of incentations which I chanted."

કવિ પ્રતિષ્ઠ થએલી મૂર્તિ પર એટલો તો ધ્યાન ગ્રસ્ત થઈ જાય છે કે મુર્તિમાં ચેતન્ય ભાષે છે. "I saw it Smiling and alive with the living touch of God" ઇશ્વરનાં સાનિધ્યથી જાણેકે તે મૂર્તિ સજીવન હોય તેમ કવિને તે હસતી અને સજીવ લાગવા માંડી.

મનુષ્યમાં પૂર્ણ ભાવ અને શ્રદ્ધા હોય તો પાષાણમાં પણ દેવ પ્રત્યક્ષ થઈ શકે. આ તરફ ટેનીસન પોતાનાં કળાનાં મહેલમાં (ઉદ્યાનમાં) કથેછે કે—

'Make me a cottage in the vale' she said,
Where I may mourn and play-'

ભાવાર્થ.–તે ઉચ્ચારીકે મને ગુફામાં એક પર્ણકુટી બાંધી આપો કે જ્યાં હું રડી, પ્રાર્થના કરી દિવસ નિર્ગમન કરૂં."

૭૫ મા કાવ્યમાં જ્યારે ભેખ લેવા ઇચ્છતો જીવ ઇશ્વરની શોધમાં આમતેમ અથડાય છે અને તેની શોધમાં આમતેમ ફાંફાં મારી તલસેછે ત્યારે ઇશ્વર કહેછે કે—

"Why does my servant wander to seek me, forsaking me?

ટૂંકમાં નિર્મળ હૃદયની તૃષ્ણા કવિ કેવી અનુપમ રીતે કહે છે:—

'હું અશાંત છું. દૂરની ચીજો માટે હું તલસું છું. મારો આત્મા, અંતરની ઝાંખી કિનારી પકડવાની આશાથી બહાર આવે છે.

ઓ મહાન વિશ્વનીપેલીમેરની વસ્તુ (O great Beyond)! ઓ મારો વિણાનો ઝીણો શૂર ! હું ભુલું છું, હું હંમેશ ભુલું છું કે મને ઉડવાને પાંખ નથી અને આ જગ્યા સાથે હંમેશને માટે હું જકડાયલો છું.'

• • • •

"The Crescent Moon (બીજનો ચંદ્રમા)નામનું ટાગોરનું કાવ્ય, જુદા જુદા કેંદ્રોથી બાલ્યાવસ્થાનું મનોહર ચિત્ર ખડું કરે છે અને વાંચકને આનંદમાં ગરકાવ કરી નાંખે છે. 'બાળક' પર અંગ્રેજીમાં કવિ વર્ડઝવર્થનું કાવ્ય છે. વર્ડઝવર્થ કથે છે કે Heaven lies about us in our infancy." આવોજ અનુભવ ટાગોર કથે છે. તેમજ વર્ડઝવર્થનું 'Ode on Intimations of Immortality' પણ બાલ્યાવસ્થાનું ચિત્ર ખડું કરે છે. વર્ડઝવર્થ વર્ણવે છે કે:

"Mighty prophet! seer blest!
On whom those truths do rest,
Which are toiling all over lives to find,
In darkness lost, the darkness of the grave."

બાલ્યાવસ્થાનાં આવા દૃષ્ટાંતો આપણામાં વિનાયક, સુબ્રહ્મણ્ય અને બાલકૃષ્ણનાં છે. બાલનાં મુખારવિંદપર ઓપતુ હાસ્ય શાથી જન્મ પામ્યું ? તેનાં જવાબમાં કવિ ઉત્પ્રેક્ષે છે કે અદૃશ્ય થતાં પ્રખરઋતુનાં વાદળાને ઝાંખુ તરલ ચંદ્રનું કિરણ અડયું અને ઘુમસના ટીપાથી સ્વચ્છ બનેલી ઉષાસ્વપ્નમાં તે જન્મ્યું. ને સ્વચ્છ અને તે નિર્મળ નિદ્રા ભોગવતા બાળકનાં મુખારવિંદપર પ્રકાશે છે. અગાધ જ્ઞાનના સમુદ્રનાં કાંઠાપર બેસીને જ્ઞાનરૂપી કંકરોનો સંચય કરતા હોઇએ એમ લાગતું હોય તેમ કવિ ને બાલ્યાવસ્થાની સ્થિતિ ભાસે છે. આ કાવ્યોમાં કવિ બાળકનાં પ્રસન્ન

ચહેરાનું મૂળ શોધે છે અને ઉપર પ્રમાણે ઉત્પ્રેક્ષા કરે છે. ખરે! કવિ કાલિદાસે શકુંતલાનાં બાળક ભરતનું વર્ણન કેવુ સુંદર કર્યું છે! ' Baby's world ' માં કવિ બાલકનાં મસ્તિકમાં ચાલતાં તરંગો અને તેની રમતોનાં માર્મિક અર્થ નિહાળે છે.

"Where reason makes kites of her laws and flies them, and Truth sets Fact free from its fetters."

"When and Why" નાં કાવ્યમાં ઉંડું તત્ત્વજ્ઞાન સમાયલું છે. આપણે સર્વે એકજ દૈવી માતાનાં બાળકો છીએ એવું સત્ય સ્હમજાવાયલું છે.

આ પ્રમાણે કવિહૃદયમાં દૈવી ચંદ્રબિંબ પ્રગટેલું લક્ષ્યીગોચર થાય છે અને તેનું પ્રતિબિંબ પડતાં અનુપમ કાવ્ય પ્રગટેલું છે.

ટાગોરનું ત્રીજું અનુપમ પુસ્તક ' સાધના ' અમેરિકા અને ઇંગ્લાંડમાં અપાયલા જીવન અને ધર્મપરનાં વ્યાખ્યાનોનો સંગ્રહ છે. દૈવી જીવન અને જીવનીસામ્યતા વિગેરેપર એ વ્યાખ્યાનો રચાયલા છે. પહેલું વ્યાખ્યાન શીખવે છે કે પ્રાચીન આર્યાવર્તનો મહાન્ વિચાર અરણ્યનાં વાતાવરણથી પોષાયો હતો અને નહિ કે શહેરનાં કોટની મધ્યસ્થ. બીજા પ્રકરણમાં આત્માની ચૈતન્યતા અર્થાત્ ' આત્મપિછાણ ' વર્ણવાયલી છે. દુનીઆમાં દુઃખ શું છે તે ત્રીજું પ્રકરણ શીખવે છે. ચોથા પ્રકરણમાં ' આત્મા 'પર વ્યાખ્યાન છે "Good is that which is desirable for our greater self". મનુષ્ય ધર્મ, સ્વાર્પણ અને આત્મભોગ છે. છેલ્લાં ચાર પ્રકરણોમાં પ્રેમ સંપાદન, કર્મસાધના, સૌદર્યપિછાણ અને અગમ્ય જ્ઞાનનું કથન છે.

જ્યારે વિણાની તંત્રી સખત હોય છે ત્યારેજ સારૂં સંગીત

ઉપજે છે તેમ જ્યારે આપણે સત્યને ખાતર સ્વાર્પણ કરીએ છીએ ત્યારેજ સ્વતંત્રતાનો આનંદ મેળવી શકીએ છીએ."

પ્રેમ પર ટાગોર વિવેચે છે કે.--

"Essentially man is not a slave eithr of himself or of the world; but he is a lover. His freedom and fulfilment is in love, which is another name for perfect comprehension."

ઉપનિષદ્ કથે છે કે.—

" न वा अरे पुत्रस्य कामाय पुत्रः प्रियो भवति ।
आत्मनस्तु कामाय पुत्रः प्रियो भवति ॥

પુત્રનાં સુખને માટે પુત્ર વહાલો લાગતો નથી પરંતુ આત્માને વાસ્તેજ પુત્ર પ્રિય લાગે છે."

તેથી ટાગોર સંબોધે છે કે પ્રેમસંપાદન એ મનુષ્યસુખની અંતિમ સીમા છે. અને તેની મારફતેજ તે પોતાની આજુબાજુની સર્વ ચીજો સંપાદન કરી શકે છે અને તે આખી વિશ્વ સાથે એક થઈ શકે છે. પ્રેમ પોતાનીમેળે નિરંતર અખૂટ ભંડાર બક્ષ્યાજ કરે છે અને પ્રેમ માટેનું વર્તન એ કર્મની ઉપાધિથી વ્યતરિક્તપણું છે. ગીતાનો પણ આજ ઉપદેશ છે. અગાધ પ્રેમ આનંદ ઝરણુ છે.

"It is our joy of the infinite in us that gives our joy in ourselves."

કુદરત અને કળાનો સંદેશ એવો છે કે વિશ્વમાં નિરંતર શાંતિ પ્રસરી રહેલી છે જો કે બહારનાં પ્રસંગો હંમેશ રૂપાંતર થતાં અને અશાંત ભાષે છે અને કુદરત મનુજ હૃદયપર પણ

શાંતિ વર્ષાવી શકે છે. કવિ એક પુષ્પનું સાધારણ દૃષ્ટાંત લઈ સમજાવે છે કે—

"+ + + + A flower, therefore has not its only function in nature, but has another great function to exercise in the mind of man..........They bring a love letter to the heart written in many coloured inks.......Outwardly nature is busy and restless, inwardly she is all silence and peace......You see her bondage only when you see her from without, but her heart is a limitless beauty."

મનુષ્યનો ખરો છુટકારો ત્યારેજ થાય છે કે જ્યારે તે બહારનાં વાતાવરણોને ભેદીને વિશ્વની બહારનું સત્ય જોઈ શકે. જ્યારે બહારના જુદાજુદા તંતુઓ સંગીતની એક ધ્વનિ સાથે એકત્રિત થાય છે ત્યારે સાધારણ વસ્તુમાં પણ નવો પ્રેમ, નૂતન ઉત્સાહ ભાષે છે. પ્રેમ અને ત્યાગ એ આત્માનાં ઉંડાં સત્યો છે અને સેવા મારફતેજ ઈશ્વરનાં ચરણાર્વિંદોને પહોંચી શકીએ છીએ. તેથી કવિ કહે છે કે:—

"Man's abiding happiness is not in getting anything but giving himself up to what is greater than himself, to ideas which are larger than dis individual life, the idea of his country, humanity, of God."

છેવટે, જીવનપર ટાગોર શીખવે છે કે "જે મનુષ્ય, વિચાર, સ્વદેશ, લોકકલ્યાણ માટે જીવે છે તેનાં જીવનમાં ઉંડો અર્થ સમાયલો છે અને તેટલેજ દરજ્જે તેને દુઃખ ઓછું મહત્વનું લાગેશે. ભલમનસાઇની જીંદગી ગુજારવી એ વિશ્વજીવન છે. સુખ એ અમુક આત્માનાં ઉપભોગ અર્થેજ હોય છે. પરંતુ ભલાઈ આખા વિશ્વ કલ્યાણમાં અહર્નિશ રહેલી છે. ભલમનસાઈનાં

કેંદ્રથી જોતાં આનંદ અને દુઃખ જુદાંજુદાં સત્યવાળાં ભાષશે; તે એટલે દરજ્જે કે મોજ શોખને તિલાંજલી આપી શકાય અને તેને બદલે દુઃખની અપેક્ષા રાખી શકાય અને મરણને પણ જીવનની મહાન્ કિંમતી વસ્તુગણી વધાવી લઈ શકાય. ઈતિહાસમાં જીવન-ભોગ આપનારા દેશભક્તો આ બાબતની સાક્ષી પૂરે છે. આપણે પણ આપણાં પોતાનાં કર્મયજ્ઞ મંદીરમાં હરહંમેશ એ સત્ય ઉતારી શકીએ. જ્યારે આપણે સમુદ્રમાંથી એક અંજલી પાણી લઇએ છીએ ત્યારે તેનું વજન લાગે છે. પરંતુ જ્યારે આપણે ખુદ સમુદ્રમાં નિમજ્જન કરીએ ત્યારે સહસ્ત્ર અંજલિભર પાણી આપણા મસ્તિકપર થઈ વહી જશે અને આપણને તેનું વજન બિલકુલ લાગશે નહિ. આત્માનો કુંભ આપણું બળ વહન કરવા માટે છે; અને તેથી જ્યારે સ્વાર્થની કક્ષાપર મોજ શોખ અને દુઃખનું વજન પડે છે ત્યારેજ નીતિની કક્ષાપર તે એટલાં બધાં હલકાં લાગેછે કે જે માણસને તેનો અનુભવ થયો હોય તે માણસ હુચડાહુચડીની જીવનક્ષણમાં તેના ધૈર્ય માટે નીચ જુલ્માટની સ્હામેનાં તેના અડગ નિશ્ચય માટે આપણને એક દૈવી શક્તિવાળો લાગશે. (પાનું ૫૭)

આવું અનુપમ જ્ઞાન કવિ રબિન્દ્રનાથ વિના કોણ આપી શકે? જ્યારે આવા કડવા પ્રસંગોનો આપણાં જીવનમાં અનુભવ થાય છે ત્યારેજ આપણને સાંભરે છે કેઃ—

'કવિ કોણ શકયો એ કથવા!'

આ ઉપરાંત ટાગોરનાં નાટકો વાર્તાઓ તથા બીજા લેખો ઘણાં પ્રસિદ્ધ છે. જેવાં કે ચિત્રા, The king of dark chamber. The cycle of spring, Sacrifice and other plays and Translations of one hundred poems of Kabir, Hungry stones and other stories, Fruit Gathering, Stray birds વિગેરે. વિગેરે.

'ચિત્રા' નાટકમાં જીવન અને પ્રેમના દૈવી તત્વોની સાધના સૂચવાયલી છે. આત્માનાં સૌંદર્ય પર રચાયલો પ્રેમ ચીરંજીવ રહેછે. બહારનું સૌંદર્ય સંધ્યાનાં અભ્રજેવું પ્રકાશમાન ચલિત અને જાદુઇ છે. ચિત્રા, ચિત્રવર્મા જેને પુત્ર ન હતો તેની પુત્રી હતી. તેને તે દેશના રાજા સમક્ષ આણવામાં આવેછે અને રાજયોદ્ધા તરીકે ઉછેરવામાં આવેછે. પરંતુ તેનામાં અર્જુન માટે પ્રેમ જન્મે છે. અર્જુન પોતાનાં તીર્થાટણના પ્રસંગમાં ચિત્રા જે પુરૂષના પોષાકમાં ફરતી હતી તેને મળેછે, અને અર્જુનને જોતાં ચિત્રામાં 'સ્રીત્વ' દાખલ થઈ ઉચ્ચારાવે છે કે "Then for the first time in my life I felt a woman and knew that a man was before me." પછીથી તે સ્રીનો પોષાક પહેરે છે અને મદન અને વસન્તની સહાય લેછે. મદન કહેછે કે "Lady. I grant thy prayer." અને વસન્ત ઉમેરેછે કે "Not for the short span of a day, but for one whole year the charm of spring blossoms shall nestle round thy limbs." અર્જુન ચિત્રાનું આવું ફરી ગયલું સ્વરૂપ એક તળાવને કિનારે જુએછે અને તેનામાં પ્રેમના અંકુરો ફુટેછે. ચિત્રા શરણ થાય છે. ૧૨ વર્ષની બ્રહ્મચર્યવ્રતની દીક્ષાવાળા અર્જુનના પર ચિત્રા આક્ષેપ મૂકી વદેછે કેઃ–

"Chitra Then it is not true that Arjuna has taken a vow of chastity for twelve long years?"

Arjuna:–"But you have dissolved my vow even as the moon dissolves the night's vow of obscurity." અને માર્મિક શબ્દોમાં સૂચવે છે કે તેની સોંદર્યતા ક્ષણિક છે. અર્જુન વદેછેકેઃ—

'Ah, I feel how vain is fame, the pride of prowess! Everything seems to me a dream. You alone are

perfect; you are the wealth of the world, the end of all poverty, the goal of all efforts, the one woman!'
ચિત્રા:–Alas, it is not I, not I, Arjuna! It is the deceit of a God. Go, go, my hero, go. Woo not falsehood. Offer not your great heart to an illusion. Go."

× × × ×

એક વર્ષની મુદત લગભગ પુરી થઈ જવા આવી છે. અર્જુન તેને પોતાને ઘેર લઈ જવાનું કહેછે. ચિત્રા નિરાશા ભરેલા શબ્દોમાં પ્રત્યુત્તર આપેછે. "Home! But This love is not for a home................' આહ ! ગૃહ ! આ પ્રેમ ગૃહને માટે લાયક નથી.' અર્જુન માર્મિક શબ્દોમાં કહેછે 'પ્રેમ કુદરતી બક્ષીસ છે.' વર્ષના છેલ્લે દિવસે ચિત્રા વસન્તને પાર્થે છે કે તેનું સૌંદર્ય તે દિવસે અનુપમ રહે. એ દરમ્યાન લોકો રક્ષણ માટે અર્જુન પાસે આવેછે. અર્જુન ચિત્રા વિષે સર્વવાતથી વાકેફ થવા માગે છે.

અર્જુન તેની પ્રિયાને કહેછે " They say that in valour she is a man and a woman in tenderness (લોકો કહે છે કે તું સામર્થ્યમાં પુરૂષ છે અને કોમલતામાં સ્ત્રી છે.)

ચિત્રા કહેછે-અરે ! એ એનું એક મહાન્ કમનસીબ (દુર્દૈવ) છે.

અર્જુન લોકનાં રક્ષણ અર્થે જાયછે અને કહેછે કે "નૂતન કીર્તિસહ આ હસ્તને હું ભાગ્યશાળી બનાવીશ અને તેને તારાં શીર્ષને ટેકવવાને વધારે લાયક ઓશીકું બનાવીશ. (With new glory I will ennoble this idle arm, and make of it pillow more worthy of your head). ચિત્રા શં-કાસ્પદ શબ્દોમાં અર્જુનને પ્રશ્ન કરેછે ' જો હું આ બધી સૌંદ-

યંની ભભક ત્યજી દઉં, આ બધા અનુપમ વસ્ત્રાભૂષણો ત્યજી દઉં તો શું તારા વીરહૃદયને શોભી શકીશ ?'

અર્જુન કહેછે.–" હું તારામાં તેજ સ્વરૂપ જોવા માટે પ્રયત્ન આદરૂં છું. સત્યની તેજ તારી સત્યપ્રતિમા નિહાળવા તલસું, છું." "I grope for that ultimate you, that bare simplicity of truth."

આ પ્રમાણે એક વીર અને શુદ્ધ ક્ષત્રિયાણી વચ્ચેનાં પ્રેમનો ઉપસંહાર આ નાટ્યમાં ' હે પ્રિયે. મારૂં જીવન ભરપૂર છે, એ શબ્દમાં થાય છે.

The king of the Dark chamber.

આ નાટક બતાવે છે કે મનુજ હૃદય વિશુદ્ધ પ્રેમ અને અમર્યાદિત સુખ કેવી રીતે સંપાદન કરી શકે. મસ્તિક અને ઇંદ્રિયો મનુષ્યપર કાબુ મેળવવા પ્રયત્ન કરી રહ્યા છે. તે આગળ જતાં પોતાની ખરી જગ્યા ખોળે છે. પ્રેમનો સંચાર થતાં જીવનની માયા ઝાંઝવાનાં નીરની માફક ઉડી જાય છે અને દૈવી શીખથી મનુજ હૃદય ઈશ્વરનાં પ્રેમમંદીરમાં પ્રવેશે છે અને ચિરંજીવ શાંતિ અનુભવે છે.

પથિકોનો સંઘ નવા રાજ્યમાં પ્રવેશે છે અને એક વૃદ્ધ પુરૂષને છોકરાઓથી વિંટળાયલો જુએ છે. આ વૃદ્ધ પુરૂષ ગુરૂ છે. પછીથી તેઓ કેટલાક શહેરીઓને મળે છે અને આ લોકોએ રાજા જોએલો ન હોવાથી તેઓ તેની જુદી જુદી ઉત્પ્રેક્ષા કરે છે. તે વૃદ્ધ પુરૂષ પ્રવેશે છે અને તેમને સંબોધે છેકે:–

"We are all kings in the kingdom of our king,
Were it not so, how could we hope in our hearts
to meet him !

We do what we like, yet do what he likes;
We are not bound with chain of fear at the feet of a
slave–owing king."

પછી મુસાફરો પાછા પ્રવેશે છે તે વૃદ્ધ તેમને ખાતરી કરાવવા માગે છે કે નિયમ અને બંદોબસ્ત સૂચવે છેકે રાજ્યમાં રાજા હોવોજ જોઇએ; પરંતુ બીજાઓને તેની ખાતરી થતી નથી.

હવે ઢોંગી રાજાની વાત શરૂ થાય છે. તેની પાસે રાજાનો પૂર્ણ દમામ છે પરંતુ તે ખરા રાજાથી જુદોજ ભાષે છે. સઘળા લોકો તેને જોવાને ખુશી થઇ રહે છે. તેમાંનો એક 'કુંભ' નામનો કહે છે કે એક વખત તેણે તેને ભેટ કરી હતી પરંતુ તેની ધારણામાં તે નિષ્ફળ થયો હતો. પછી તે વૃદ્ધ પુરૂષ અને કુંભનો સંવાદ ચાલે છે. આગળ જતાં સુદર્શણા રાણી અને સુરંગમા દાસી પ્રવેશે છે. રાણી (જીવ–વ્યકિત) સૂચવે છે અને સુરંગમા (આત્મશરણ અને શાંતિ) સૂચવે છે. રાજા તેને મળે છે. પરંતુ તે અંધારાવાળા ગૃહમાંજ સુદર્શણા તેને નરી આંખે જોવા માગે છે અને આ ઇચ્છા માટે તેનો સામે થાય છે. સુરંગમા તેને જોઈ શકે છે. પછી રાજા આવે છે અને સુદર્શણાને દ્વાર ઉઘાડવાને કહે છે. સુરંગમા રાણીને કહે છે કે તું જાતે જઈ દ્વાર ઉઘાડ નહિ તો તે મળશે નહિ. પરંતુ તે તેનેજ ફરમાવે છે. હુંએશ ઉઠાવતા જીવને દ્વાર બંધ કયાંથી થયલું છે તથા તેને શી રીતે ઉઘાડવું તેની કુંચી સૂઝતી નથી. રાજા પ્રવેશે છે અને વચન આપે છેકે વસંતોત્સવમાં 'હું દર્શન દઈશ.'

પછીના પ્રવેશમાં કાંચી, અવન્તી, કોશલ અને બીજા દેશનાં રાજાઓ તે રાજમાં આવે છે. આ રાજાઓ મસ્તિક અને ઇંદ્રિયો સૂચવે છે. તેઓ ઘણાં ગુસ્સે માલૂમ પડે છે અને ખુલ્લે ખુલ્લું કહે છેકે તેઓ સુદર્શણુનાં દર્શણુ અર્થેજ આવેલા છે.

તે વૃદ્ધ તેમને નફ્કરી મોજીલી ટોળી (The jolly Band of Have-Nothings) કહી સંબોધે છે.

પછી શહેરીઓ પ્રવેશે છે અને પોતાનાં છોકરાઓનાં અવસાન માટે રાજાને અપશબ્દો કહે છે. તે સમયે તે વૃદ્ધ પુરૂષ તેમને શીખવે છે કે મેં પણ મારાં પાંચ પુત્રો ખોયા છે, છતાં શું તેથી હું મારો રાજા પણ ત્યજી દઉં ?

દૃશ્ય બદલાય છે અને રાજમહેલનો પ્રવેશ પડે છે. આ વખતે રાણી સાથે સુરંગમા નથી. પરંતુ રોહિણી દાસી સાથે આવે છે. રોહિણી જીવની બીજી વૃત્તિ સુચવે છે અને તેને મોજ શોખ ગમે છે. સુદર્શણા પ્રેમમૂઢ બને છે અને રોહિણીને તે ખોટા રાજાને તેડવા મોકલે છે. જ્યારે તે રાજા પુષ્પની ભેટ વિગેરે જુએ છે ત્યારે તે રાણીનો સ્નેહ સ્વીકારવાની આનાકાની કરી શકતો નથી. સાનિધ્યમાં બેઠેલો કાંચી રાજા પુષ્પો સ્વીકારે છે; અને રત્નની માળા રોહિણીને પહેરાવે છે. સુદર્શણાનું અભિમાન ઉતરી જાય છે એમ છતાં પણ તે તે રાજાનો અસ્વીકાર કરી શકતી નથી.

બીજા દૃશ્યમાં લોકો ગુલાબ ઉડાવી રહ્યા છે. પછી તે ખોટો રાજા અને બીજા રાજાઓ મહેલનાં બાગમાં પ્રવેશે છે. કાંચીનો રાજા મહેલને આગ લગાડવા સૂચવે છે અને આમાં તેની રાજ્ય પચાવવા ઉપરાંત સુદર્શણાને ઉપાડી લઇ જવાની કપટી ઇચ્છા રહેલી છે. આ દાવાનળમાં બન્ને રાજાઓ સપડાય છે. સુદર્શણા આત્મરક્ષણ અર્થે તે રાજા પાસે સહાય માગે છે ત્યારે રાજા કહે છે કે 'હું ખરો રાજા નથી' અને શોક અને શરમનાં શબ્દો સુદર્શણાનાં મુખમાંથી નીકળી જાય છે. પછી તે ખરા રાજાને મળે છે. તે તેને અગ્નિ બાળી શકશે નહિ એવું અભય વચન આપે છે. રાજા કહે છેકે 'મેં કહ્યું નહતું કે જ્યાં સુધી કોઈ મારાં દર્શણ અર્થે તૈયાર ન હોય ત્યાં સુધી તે મને જોઈ શકેજ નહિ.'

પછી તેઓ સુદર્શણાનાં પિતાને ઘેર જાય છે પરંતુ ત્યાં તેને અપમાન થાય છે. હજી પણ સુદર્શણાનું મન તે ખોટા રાજામાં ચોંટેલું છે. સુરંગમા તેને સમજાવે છે કે એ કામ કાંચી રાજાનું હતું. પરંતુ સુદર્શણાને ખાતરી થતી નથી.

કાંચી રાજા હવે સુદર્શણાને જુલમથી ઉપાડી લઇ જવા માગે છે અને બીજા રાજાઓ પણ આવે છે. કાન્યકુબ્જનો રાજા કેદ પકડાય છે અને સુદર્શણા માટે સ્વયંવર રચાય છે. તે દરમ્યાન તે ખોટો રાજા કાંચી રાજા પર છત્ર ધરે છે. આ જોઇ સુદર્શણા તાજુબ થઇ જાય છે. સુરંગમા કહે છેકે " Mistresses are but the preludes to their own destruction ". સુદર્શણા કટાર ભોકી પ્રાણ ત્યજવા જાય છે તે વખતનાં તેનાં માર્મિક શબ્દો કેવો આદ્રંજનક છે !

" That Dark chamber where you would come to meet me lies cold and empty within my bosom to-day, O my Lord ! None has opened its doors, none has entered its doors, none has entered it but you, O king ! Will you never come again to open those doors ? then let death come, for it is dark like yourself, and its features are beautiful as yours. It is you it is yourself, O King. "

તે કાળાગૃહ જ્યાં તમે મને મળવા આવશો તે હે મારા પ્રભુ ! મારા હૃદયમાં શુષ્ક અને ખાલી પડેલ છે! તેનાં દ્વારો કોઇએ ઉઘાડયાં નથી તેનાં દ્વારમાંથી કોઈ પ્રવેશ્યું નથી. પરંતુ હે રાજા તમેજ તેમ કરી શકયા છો! આ દ્વારો ઉઘાડવાં શું તમે કદાપિ પાછા આવશો નહિ ? જો તેમ હોય તો ભલે મૃત્યુ આવે. કારણકે તે પણ તમારા જેવું શ્યામ છે અને તેનાં ગાત્રો પણ તમારા જેવા સુમનોહર છે. હે પ્રભો, તે તું છે-તે તમે પોતેજ છો."

સર્વ રાજા બેઠા છે તેવામાં ગુરૂ આવે છે અને કહે છેકે સત્ય રાજા પ્રવેશે છે. ત્યારે સુદર્શણાનાં લુલુંસુ રાજાઓ એક પછી એક ચાલ્યા જાય છે. આગળ જતાં સંગ્રામ મચે છે અને સર્વ હાર પામે છે. પરંતુ સત્યરાજા સુદર્શણાને બોલાવતો નથી. સુદર્શણા આથી ઘણી નાસીપાસ થાય છે. ગુરૂ પ્રવેશતાં સુદર્શણા તેને પગે પડે છે. જ્યારે હૃદય નિષ્કામી થઇ ચોખ્ખું બને છે ત્યારે ગુરૂ મળે છે. રાણીને સત્યજ્ઞાન થાય છેકે'............it was not the king who was to come, it was I who ought to have gone to him.' આ પછી રાણીને તેજ વિણાનો મધુર નાદ સંભળાય છે. કાંચી રાજા હવે તેને Queen—mother રાજ-માતા કહી સંબોધે છે. એકજ માર્ગે સર્વ ચાલી નીકળી છે. છેવટે તે વૃદ્ધ પ્રવેશે છે અને કહે છેકે ' હેવત્સ, જો, આખરે પ્રભાત થયું ખરૂં! વૃદ્ધ સાથે સુદર્શણાનો સંવાદ વાધે છે. છેવટે સુદર્શણા કહે છે "I am his servant now, no longer his Queen. To day I stand at the feet of all those who can claim any relationship with him."

રાજાની મુલાકાત થાય છે અને રાજા વદે છે કે:

"I open the doors of this dark room to-day—the game is finished here! Come, come with me now, come outside- into the *light* !"

સુદર્શણા એટલુંજ માગે છેકે "મને તારા પાદાર્વિંદમાં નમસ્કાર કરવાની રજા આપો."

The Post office (ટપાલ ઑફીસ.)

આ નાટકમાં ટાગોર, જીવન અને મરણનાં ઉંડા અગમ્ય તત્ત્વો જે આપણને બાહ્ય દૃષ્ટિથી માલૂમ પડતાં નથી તે દાખવે

છે. માધવને ધનિક હોવા છતાં પુત્ર નથી અને તે 'અમાલ' ને પુત્ર તરીકે દત્તક કરે છે. અમાલ સરળ હૃદયનો હોઈ, બાળક જેવો છે. જીંદગીની ખરી સફળતા બાળક જેવું હૃદય રાખી યોગીવૃત્તિ રાખવામાં છે. અમાલ પોતાની દૃષ્ટિસમીપ ભૌકિતક જીવન પસાર થતું જુએ છે અને ઈશ્વરને આવવાની રાહ જુએ છે. છેવટે રાજવૈદ આવે છે અને અમાલને આશ્વાસન આપે છે અને કહે છે કે થોડા સમયમાં હવે ઈશ્વર પધારશે. માધવ અમાલને બક્ષીસ માગવાનું કહે છે ત્યારે તે સરળ હૃદયે કહે છેકે 'હું તેને મને તેનો ટપાલી બનાવવાને કહીશ અને એક ઘેરથી બીજે ઘેર સંદેશ પહોંચાડીશ.' છેવટે અમાલ નિદ્રાવશ થઇ જાય છે અને ગાફર માધવને શાંત પાડે છે. એવામાં સુધા પ્રવેશે છે અને વૈદને કહે છેકે તું અમાલને સુચવ કે 'સુધા હજી તને ભૂલી ગઈ નથી.' સુધા જીવન સુધા છે. આ પ્રમાણે જીવનમાં સ્વતંત્ર થવાને તરફડીયાં મારતાં જીવને મુકિત મળે છે અને સર્વત્ર શાંતિ પ્રસરી રહે છે.

ભગવદ્ગીતા પણ આજ બાબતની સાથી પૂરી કથે છેકે:—

'अव्यक्तनिधनान्येव तत्र का परिदेवना'

આ પ્રમાણે ટાગોરનાં સઘળાં પુસ્તકોમાં જીવનસંદેશ, જીંદગીનું તારતમ્ય એક અથવા બીજા રૂપમાં કથેલું માલૂમ પડે છે. સરળ અને આર્દ્ર હૃદય, ઝળહળતું સ્વદેશાભિમાન અને વિશ્વપ્રેમ એ એમનાં જીવનસંદેશો છે. આ દેશભકત કવિવીરની કવિતા જીવનને રસમય બનાવવામાં હરહંમેશ ગુંથાયલી રહે છે અને 'શાંતિનિકેતન' માંથી વહેતો કાવ્યસરિતાનો નિર્મળ ઝરો સમસ્ત આર્યાવર્ત્ત તથા ઇંગ્લન્ડ અમેરિકાદિ દેશોને મીઠાં રસપાન કરાવે છે. પ્રભુ ! એમને દીર્ઘાયુઃ બક્ષો. **तथास्तु.**

——:o:——

महात्मा मोहनदास करमचंद गांधी

અને

સ્વદેશ સેવા.

હિંદવીરો.

પ્રકરણ ચોથું.

(કર્મવીર.)

शैले शैले न माणिक्यं मौक्तिकं न गजे गजे ।
साधवो न हि सर्वत्र चन्दनं न वने वने ॥

Mighty of heart, mighty of mind–" magnanimous"–to be this is indeed to be great in life; to become this increasingly is, indeed, " to advance in life," in life itself–not in the trappings of it. He only is advancing in life, whose heart is geting softer, whose blood warmer, whose brain quicker, whose spirit is is entering into Living peace. "

Ruskin .

મહાત્મા ગાંધીની ભવ્યમૂર્તિ જાણે એક એકાએક પ્રગટ થએલું સ્વરૂપ છે! સર્વ દેવોથી અલંકૃત થએલો કોઈ દેવસભાનો મંડપ ઉઘડે અથવા તો આત્માનું કોઈ અવનવું સ્વરૂપ પ્રગટે એવો તેનો જીવન ક્રમ છે. નીતિનાં મોટામાં મોટા સૂત્રો એનાં આચરણમાં

અખિલ આર્યાવર્તના મહાન્ ઉદ્ધારક



કર્મવીર મહાત્મા મોહનલાલ કરમચંદ ગાંધી.

B. A. P. works.

ઉતરેલાં છે અને આંતરિક કર્ણને પણ નરમ લાગે એવી એની પગથી પડે છે. પ્રાતઃકાળનાં ઝાકળનાં ફોરા જેવાં એન મધુરાં શબ્દો ઝરે છે. એનાં ભવાં અચળશાંતિ અને સુલેહ ભરેલાં છે અને એમનાં મસ્તિકપર કર્મવીરનો તાજ ઓપે છે. ટુંકમાં નૈતિક બળોની સામ્રાજ્ય ભરેલી એમની પ્રકૃતિ છે.

કદાચ્ તે પહાડપરથી શીખવાડેલાં સત્યો અશકય લાગે તો પણ મહાત્મા ગાંધીજીને તો અમુક વધારે શકય હોવું જોઇએ એવું કંઈ નથી. શાપને બદલે આશિષ આપવી, સત્યને ખાતર સહન કરવું, સત્ય એજ ધર્મ ગણવો એ એનાં સિદ્ધાંતો છે. દેશસેવા એમણે સ્વીકારી છે અને એમાંજ પ્રભુની સેવા સ્વીકારાઇ છે. આવાં ગુરૂનેજ વિષે કહી શકાય કે " ye are the salt of the earth.'

એમનાં પર પડેલી આફ્તોએ એમની કીંમત આંકી છે. દક્ષિણ આફ્રીકાની લઢાઇમાં એનું ખરૂં પોત પકાશ્યું અને જગતનાં મહાન્ નરવીરોની પંક્તિમાં એમનું સ્થાન હંમેશને માટે કાયમ થયું–સાધારણ જીવનમાંથી એમનાં આત્માનો વિકાસ થયો અને એ વિકાસે જગત્ ઢંઢોળ્યું.

પ્રથમ આપણે એમનું સ્થુલ જીવન જોઇશું અને પછીથી એમનાં વિચારસૃષ્ટિ. નૈતિકબળ, સ્વદેશ સેવા, ધર્મ વિગેરે વિચારીશું.

૧૯૬૯ નાં અકટોબરની બીજી તારીખે એ મહાત્માનો જન્મ ગુજરાતનાં સૌરાષ્ટ્ર દેશનાં પોરબંદરમાં સુસંસ્કૃત મોઢવણિક કુટુંબમાં થયો છે. એમનાં વડીલ તે સંસ્થાનનાં રાણાનાં દીવાન હતા અને તેઓ પણ એક પ્રગલ્ભાશાળી અને યશસ્વી પુરૂષ હતા. ત્યાં રાણીની કંઈક કમ મહેરબાની થવાથી તેમને ન્હાસી જઇ જૂનાગઢનાં નવાબનો આશ્રય મેળવવો પડયો હતો. મહાત્મા

ગાંધીજીનાં પિતાશ્રી પણ કંઈ સાધારણ પુરૂષ ન હતા. એ એટલા માટે કે તેઓ પણ મોટા હોદ્દેદાર અને પોરબંદરનાં દિવાન થયા હતા અને ત્યાં કમમહેર થવાથી રાજકોટ જઈ રહ્યા હતા અને ત્યાં દિવાનગીરી સ્વીકારી હતી અને આનાં બદલામાં જમીનની મોટી જાગીરી આપવાનું સૂચવાતાં તે લેવાની ચોખ્ખી ના પાડી હતી. ગાંધીજીનાં માતુશ્રી પણ પવિત્ર હોઈ નીતિનાં ઉડાં તત્ત્વો ગાંધીજીમાં દાખવતાં. મહાન્ નેપોલીયનની માતાની માફક, એનાં પારણાનાં હાલરડામાં તેઓ ગાતાં કે ભાઈ,' તું રણવીર થા'. તેઓ ઘણાં ધર્મીષ્ટ હતાં અને મોટા ઉપવાસો કરતાં. પોરબંદરની નિશાળમાં ગાંધીજીને દાખલ કરવામાં આવ્યા પણ ત્યાંથી એમનાં પિતાની ફેરફારીને લઇને એમને રાજકોટ જવાનું થયું. અને પછીથી તેઓ 'ધી કાઠીયાવાડ હાઇસ્કૂલમાં' દાખલ થયા. ૧૭ વર્ષે મેટ્રીક પાસ થયા. બાર વર્ષની વયે એમનાં લગ્ન થયા હતા. એનાં શાળાનાં સંસ્કારમાં અહિંસાનાં તત્ત્વો દાખલ થયા. પછીથી તેઓ બેરીસ્ટર થવા ઇંગ્લંડ ગયા. કહેવાય છેકે ઇંગ્લંડમાં એમણે અંગ્રેજ સભ્ય થવા માટે કંઈક વર્તન કર્યું હતું. પરંતુ મુંઝવણનો પ્રસંગ આવતા તે ઠબછબને હંમેશને માટે તિલાંજલી આપી. આ તેમનો આત્મમંથનનો સમય હતો. ૨૫ વર્ષથી શરૂથતી જુવાની તે આત્મમંથન કાળ કે ગધ્ધાપચ્ચીસી કહેવાય છે. કારણ કે એજ સમયમાં આત્મનિર્ણય થાય છે; દેશસેવાનાં સ્ફુરણો થાય છે; અને બુદ્ધિ પાકટ થતી જાય છે તેમ તેમ અનેક અનુભવો મળે છે. એ સમયે જો સરળમાર્ગે વહન થાય તો તે મનુષ્ય કીંમતી નર નીવડે છે. આ મન્થનકાળમાં આર્યાવર્ત્તનાં મહાન્ પુસ્તક ભગવદ્‌ગીતાનો એમણે અભ્યાસ કર્યો. આ સદુપદેશ સુધાથી સત્ય માટે તલસતું હૃદય કંઈક અંશે શાંત થયું. એમણે લંડન મેટ્રીક્યુલેશન પરીક્ષા પસાર કરી અને ત્યારબાદ તેઓ બેરીસ્ટર થઈ પાછા ફર્યા. આ દરમ્યાન એમનાં માતુશ્રી દેવશરણ થયા હતા. હિંદ પાછા ફર્યા પછી કેટલીક સમય એમણે રાજકોટમાં અને કેટલીક સમય

મુંબઇવરીષ્ઠ કોર્ટમાં બેરીસ્ટરગીરીમાં ગાળ્યો. પરંતુ ૧૮૯૩ ની સાલમાં દક્ષિણ આફ્રીકામાં પ્રીટોરીઆમાં જ્યાં પોરબંદરનાં એક શ્રાફની પેઢી હતી તેનો એક કેસ એમને સોંપવામાં આવ્યો જે હાથ લઈ તેઓએ આફ્રીકા માટે પ્રયાણ કર્યું.

આ વખતે દક્ષિણ આફ્રીકામાં મજુરોની ઘણી ખોટ હતી અને તે ખોટ હિંદુસ્તાનમાંથી પુરવાનો 'નાતાલ સરકારનો' 'બ્રીટીશ ગવર્નમેંટ' સાથે વ્યવહાર ચાલતો હતો. એમાં મજુરીની ઇંડેંચર સિષ્ટીમ દાખલ કરવાનો વિચાર ચાલતો હતો જે રિવાજ પાછળથી ધિઃક્કારવા લાયક નીવડયો. વળી મજુરોનાં નૈતિક જીવન તો ધુળ પીઠે રગડોળાનાં હતાં. ગાંધીજીની ગણત્રી ત્યાંના લોકો એક સાધારણ માણસ જેવી કરવા લાગ્યા! જાત અને વર્ણન પ્રધાનપક્ષે સ્વીકારવામાં આવતા. બાંહેધરી સિવાયનાં સભ્યોને માથા દીઠ ૩ પાઉંડનો 'પૉલ ટેક્સ' આપવો પડતો. આ પ્રમાણે દક્ષિણ આફ્રીકામાં એમને કડવા અનુભવો થવા લાગ્યા. ટ્રાન્સવાલની મુસાફરી કરતા એમને ફર્સ્ટ કલાસના ડબ્બામાંથી હિંદુ હોવાનાં સબબે ઉતારી પાડવામાં આવ્યા હતા! વળી બેરીસ્ટરપણું બજાવતી વખતે પણ તેમને ઘણું ખમવું પડયું હતું. સને ૧૮૯૪ માં એમણે 'ધી નેટલ ઇંડીયન કોંગ્રેસ (The Natal Indian Congress) સ્થાપી. અને 'એશીયાટીક એકસપલ્ઝન ઍક્ટ' (The Asiatic Expulsion Act) સ્હામે જબરો વાંધો ઉઠાવ્યો. સને ૧૮૯૫ માં નેટલ અને ટ્રાન્સવાલનાં ઇંડીયનોનાં કહેવાથી હિંદુસ્તાનમાં આ સર્વ બીના વિદીત કરવા તેઓ પાછા ફર્યા. આ પ્રમાણે ગાંધીજીનું રાજકીય પ્રકરણ દક્ષિણ આફ્રીકામાં શરૂ થયું.

એક તરફ એક બાહોશ બેરીસ્ટરને કમાવાનું વિશાળ ક્ષેત્ર અને બીજી તરફ પક્ષનો પક્ષાઘાત, તેમજ વિદેશમાં એકલ હસ્તે લઢવાની આવી ધર્મભાવના—એ સર્વ જોતાં ગાંધીજીની હીંમત અને

આત્મશ્રદ્ધા તથા દેશસેવાની લાગણી કોને અજાયબ કર્યાવિના રહે? પરંતુ જેને જનસમાજની દુઃખી ચીસો આત્માનાં ઉંડા વક્ષસ્થળ ભેદતી હતી તેને સ્વાર્થ તુચ્છ લાગતો હતો. ગાંધી પોતાનાં કુટુંબ સાથે 'ડરબાન' જવા પાછા ફર્યા. એની સાથે બીજું વહાણ ૬૦૦ હિંદુઓને લઈને જતું હતું. તે જ્યારે પહોંચ્યું ત્યારે તેઓને ત્યાં ઉતરવાનો વાંધો ઉઠાવવામાં આવ્યો. પરંતુ પોલીસ સુપ્રીંટેંડંટની સ્ત્રી તેમજ એક બેરીસ્ટરના સહાયથી તેઓ કિનારે ઉતર્યા!

૧૮૯૯ માં બોર વિગ્રહ અંગ્રેજ અને બોર લોકોની વચ્ચે જાગ્યો. ગાંધીજીએ આ વખતે વોલંટીયર તરીકે સેવા કરવા જાહેર કર્યું. પરંતુ તે સેવા સ્વીકારવામાં ન આવી. ત્રીજીવાર જાહેર કરતાં પરવાનગી મળી અને એમની સાથે હજારો હિંદુઓ જોડાયા. વિગ્રહમાં બ્રીટીશની ફતેહ થઈ પરંતુ વસ્તુસ્થિતિ કાંઈ બદલાઈ નહિ. આ વખતે આફ્રિકામાં મી. જોસેફ ચેમ્બરલેન હતા. તેનાં પર ડેપ્યુટેશન નાતાલ લઈ જવામાં આવ્યું અને બીજું ડેપ્યુટેશન પ્રીટોરીઆ લઈ જવામાં આવ્યું. સને ૧૯૦૩ માં 'ધી ઇંડીયન ઓપીનીઅન' નામનું પત્ર શરૂ થયું. સને ૧૯૦૪ માં જોન્સબર્ગમાં પ્લેગ ફાટી નીકળ્યો. એમાં પણ ગાંધીજીએ આગળ પડતો ભાગ લીધો અને હિંદુઓનાં દુઃખ ટાળ્યાં.

ડરબાનની ૧૨ માઇલને છેટે જ્યાં શેરડીનો પાક પુષ્કળ થાય છે ત્યાં શ્રિયુત્ ગાંધીએ ૧૦૦ એકર જમીન ખરીદી અને ત્યાં પ્રેસનાં મકાનો અને સઘળી મશીનરી દાખલ કરી, તેમજ હિંદુ અને યુરોપીઅનોને અમુક શરતે વસાવ્યાં. આ 'ધી ફીનીક્સ સેટ્લમેન્ટ' નામે ઓળખાય છે. એ રસ્કીનનાં "Unto the Last" નામનાં પુસ્તકમાં વર્ણવાયલી છે તેવી એક સંસ્થા હતી. દરેક જણે થોડા ખર્ચમાં રહેવાની પ્રતિજ્ઞા લેવાની હતી અને માસિક ખર્ચ ત્રણ પાઉન્ડજ કરવાનો હતો. અને નફામાં

સર્વનો સરખો ભાગ હતો અને ખર્ચવા જોઇતી રકમો મળી શકતી. બે એકર જમીન દરેકનાં વપરાશ માટે આપી શકાતી. દરેક જણુ સામાન્ય જનસમાજનાં કલ્યાણુ અર્થે કાર્ય કરતો. આ સંસ્થા તરફથી બીજું મહત્વનું કાર્ય છોકરાઓને કેલવણી આપવાનું હતું અને લગભગ દોઢલાખ હિંદુઓને તેઓ કેળવણી આપી શકયા. આ પ્રમાણે ગાંધીજીએ કઠણુ તપ આદરી સમાજ સેવાનો માર્ગ આદર્યો.

સને ૧૯૦૬ માં ઝુલુ લોકોએ બળવો કર્યો અને આ વખતે પણુ ગાંધીજીએ હિંદવાનોને પોતાની સાથે જોડી લઢાઇને અંગે પુષ્કળ સહાય કરી. લઢાઈનાં પ્રસંગમાં જીવનાં જોખમે મુડદાં લઇજવાને તેઓ રોકાતા. આ સાલમાં ૧૯૦૬ માં ટ્રાન્સવાલ સરકારે એક કાયદો ઘડી કાઢયો. અને તે પ્રમાણે દરેક હિંદીએ અંગુઠાની છાપ આપવાની હતી અને દરેકે તેમનાં નામો રજીસ્ટર કરાવવાનાં હતાં. જાણેકે સઘળાં એશીયાનાં લોકો ભ્રષ્ટ હિંદુઓ (convicts) હોયને! આ કાયદાનો અર્થ હિંદીઓને આફ્રીકા જતાં અટકાવવાનો હતો. ગાંધીજી અને બીજા, સત્તાધીશો પાસે ગયા અને આ કાયદામાંથી ફકત સ્રીઓને મુક્ત કરી શકયા. આથી લોકોએ ‘સત્યાગ્રહ’ ની પ્રતિજ્ઞા લીધી અને પોતાનાં નસીબનાં સુકાની બન્યા અને નહિકે જનરલ સ્મટસ અને બોથા અગરતો લેજીસ્લેટીવ કાઉન્સીલનાં. “To-day we have been present at the lighting of a fire which will never go out” એ તેઓનાં ખરાં અંતઃકરણની દાઝનાં શબ્દો હતા. મી. અલી અને ગાંધીજી આ કાયદા સ્હામે પુકાર ઉઠાવવા ઈંગ્લંડ ગયા. અને ટ્રાન્સવાલનું કારોબારી મંડળ નીમાય ત્યાંસુધી એ કાયદો મુલતવી રખાવ્યો. પરંતુ આખરે તે પણુ પસાર થયો. નામો રજીસ્ટર કરાવવા કે કેમ એ એક ગંભીર પ્રશ્ન બન્યો. એક બાજુએ નામો રજીસ્ટર કરાવી આત્મદ્રોહ, કરવો અને આખરે ગુલામગીરી સ્વીકારવી અને બીજી તરફ દુઃખના

દાવાનળોમાં ઝંપલાવવું ! આ પ્રમાણે બન્ને માર્ગો વિકટ બન્યા ! ગાંધીજીને આ લડતમાં બે માસની કેદની સજા થઇ ! આથી સઘળાં કારાગ્રહો હિંદુઓથી ઉભરાવા લાગ્યા ! મી. કાર્ટરાઈટનાં લખાણની અસરથી તે કાયદો ત્રણ માસ અટકાવવાનો તથા રજીસ્ટ્રેશનનો કાયદો ફરજીઆત રદ કરવાનો ઠરાવ થયો. એમના છુટકારા પછી એક ડેપ્યુટેશન ઇંગ્લંડ મોકલવું અને બીજું હિંદ મોકલવું એવો વિચાર કરવામાં આવ્યો. ડેપ્યુટેશનનાં કેટલાક મેંબરોને સજા પણ થઇ. ગાંધીજી ઇંગ્લંડ ગયા પરંતુ મી. સ્મટ્સ આ સવાલમાં દૃઢ રહ્યા જેથી કંઈ થઈ શક્યું નહિ. હિંદુસ્તાનમાં ડેપ્યુટેશનમાં મી. એચ. એસ. એલ. પોલક 'ધી ઇંડીયન ઓપીનિયનનાં' સમર્થ તંત્રી હતા. સને ૧૮૯૨ માં શ્રિયુત ગોખલેએ જ્યારે લેજીસ્લેટીવ કાઉન્સીલમાં આ સવાલ ઉપાડયો ત્યારે તે સ્વીકારવામાં આવ્યો. આ સત્યનો પ્રથમ વિજય હતો. આફ્રિકામાં મી. હોસ્કન (William Hosken)નાં પ્રમુખપણાં હેઠળ એક 'હસ્કન કમિટી' નીમાઇ. આનાં પરિણામે કેટલાંક સત્યાગ્રહીઓને આફ્રિકા બહાર કાઢી મૂકવામાં આવ્યા અને એક નરસીંહસ્વામી આમતેમ અથડાઇ પોર્તુગલનાં રાજ્યમાં ડેલગોઆનાં અખાતમાં મરણ પામ્યા ! આથી હિંદ વધારે જાગૃત થયું અને 'ડીપોર્ટેશન' બંધ કરવામાં આવ્યું. સને ૧૯૧૧ માં બ્રીટીશ સરકારની અસરથી 'ધી યુનીઅન ઇમીગ્રેશન બીલ' રજુ કરવામાં આવ્યું જેનાથી પહેલાનો સખ્ત કાયદો રદ થયો; પરંતુ કંઈ જાદી ભેદ ગયો નહિ. ૨૨ મી અકટોબર ૧૯૧૨ માં શ્રિયુત ગોખલે 'કેપ ટાઉન' આ પ્રશ્નનો અભ્યાસ કરવા ગયા. ત્રણ પાઉન્ડનો ટેકસ રદ થયો પરંતુ આ હંમેશ માટે ન હતું. ૧૯૧૩ માં તો પાછી અસલ સ્થિતિ પ્રવર્તી રહી. બીજી એક અગત્યની બાબત હિંદુ ઓનાં લગ્નનો સવાલ હતો. સુપ્રીમ કોર્ટનાં અભિપ્રાય પ્રમાણે તે કલંકિત કરવામાં આવતો. આ સર્વની વિરૂદ્ધ થતા પોકારથી નેટલ, જોન્સ-

બર્ગ તથા ટ્રાન્સવાલ વિગેરે સ્થળો ગાજી રહ્યાં. આમાં હજારો સ્ત્રીઓને પણ જે દુઃખ ખમવું પડયું હતું તે સાંભળતા કયા હિંદિને કમકમાટ ન વછુટે? મહુંમ ગોખલેને વચનો અપાયા છતાં આ બાબતમાં કંઇ થઇ શકયું નહિ. તેથી કોલસાની ખાણોમાં કામકરતાં મજુરોની હડતાળ શરૂ થઇ. હજારો ગરીબ મજુરોને અસંખ્ય હાડમારી પડી. એક સ્ત્રી જે ન્યુકેસલ જવા નીકળી હતી તેનું એક ન્હાનું બાળક રસ્તે મરણ પામતાં આર્દ્રસ્વરે તે હિંમત રાખી ઉચ્ચારતી હતીકે 'We must not pine for the deod, it is the living for which we must work." દુઃખમાં પણ ધીરજનાં આ શબ્દો કેવા છે! અસંખ્ય મનુષ્યો દુઃખમાં ઉભરાવા લાગ્યા અને ટ્રાન્સવાલમાં એ મજુરોને રાખવા માટે સગવડ કરવામાં આવી. આ બાબતમાં દેશભકત વલ્લીભાઈ જેવાઓએ જે મદદ કરી હતી તે હંમેશને માટે પ્રશંસાપાત્ર છે. આ વખતે ગાંધીજીને વારંટ કાઢી અટકાવવામાં આવ્યા અને 'વોલ્કસ્રષ્ટ' લઈ જવામાં આવ્યા! પરંતુ મજુરોનું લશ્કર પાછું હઠયું નહિ. ગાંધીજીને 'ઇમીગ્રેશન' કાયદાનાં ભંગ માટે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યા પરંતુ જામીનગીરી પર છુટા કરવામાં આવ્યા. પરંતુ એમણે આ લડત ચાલુજ રાખી અને તેથી એમને પાછા પકડવામાં આવ્યાં. આખરે મજુરપક્ષનાં સખત દબાણથી નામદાર સરકારે એમને છુટા કર્યા. મી. પોલક આ વખતે આવી પહોંચ્યા હતા. છેવટે આ સર્વ લશ્કર 'બાલ્ફુર' પહોંચ્યું. બીજે દિવસે પોલીસ ઓફીસરે ખબર આપી કે સઘળાને નાતાલ લઈ જવાનાં છે કારણ કે તેઓની સ્હામે કેશ ચાલનાર છે. મી. પોલક કેટલીક આનાકાની સાથે શરણે થયા. આમાં મો. કચેલીઆ તથા મી. ભાયાતે પણ સારી સહાય કરી હતી. ૨૦૦૦ મજૂરોની ભરેલી ટ્રેનો પાછી ચાલી ગઈ. આની અસર હિંદુસ્તાનમાં એટલી બધી થઇ કે હિંદનાં વૉઇસરૉય લૉર્ડ હાર્ડિંજને એક કમીશન નીમી તપાસ

કરવાની જરૂર પડી. ' સોલોમન ' ' કમીશન ' નીમાયું અને રેવરન્ડ એંડ્રુસ અને પીઅરસને પણ પુષ્કળ મદદ કરી. છેલ્લે ' ધી ઇંડીયન રીલીફ એકટ ' (The Indian Relief Act) પસાર થયો અને ગાંધીજીએ શાંતિનો વાવટો ફરકાવ્યો. આઠ વર્ષની લઢાઇનો આવી રીતે અંત આવ્યો. આ લઢાઇ મનુષ્યનાં હકક માટેની હતી; માણસાઈ સિદ્ધ કરવા માટેની હતી. ' ટાઇમ્સે ' લખ્યું કે......That it must live in memory as one of the most remarkable manifestations in history of the spirit of Passive Resistence. It had achieved all its organisers in their fondest dreams, had hoped for it. It had proclaimed, as nothing else could have done, the stuborn endurance, the dogged persistency, the grim tenasity, the stern determination, the magnificent self-sacrifice of the Passive Resiste s! આ લઢાઈમાં ભોક્તા થનારા દેશ ભકતો ' વાલીઆમાં ' છોકરી અને તામીલ યુવાનો નારાયણસ્વામી, તથા હરવતસિંહ વિગેરે હતા. આ સર્વનાં પરિણામે મોહનદાસ કરમચંદ ગાંધી એક પ્રતિભાશાળી પુરૂષ, મહાન્ નરરત્ન, નેતા અને એક વીર તરીકે લેખાયા. શ્રિયુત ગાંધી આ મહાન્ ફતેહ મેળવી હિંદ પાછા ફર્યા અને જ્યારે કલકત્તાનાં સ્ટેશને થર્ડ કલાસમાંથી ઉતર્યા ત્યારે સર્વેને તાજુબી સાથે ખાત્રી થઈ કે ' ખરી મહત્તા લઘુતામાં છે ' અને ગાંધીજી જીર્ણવસ્ત્રધારી નાજુક શરીરવાળા સમથ વીર છે. એક હિંદુસ્તાની પંક્તિમાં ગાયલું કથન 'લઘુતાસે' પ્રભુતા વસે એ કેટલું યથાર્થ છે ! આ જીત મેળવી ૧૯૧૫ માં જ્યારે તેઓ લંડનની મુસાફરી કરી સ્વદેશ પાછા ફર્યા ત્યારે એમને કૈસરે હિન્દ ' નો માનવંતો સુવર્ણચંદ્રક મળ્યો. અને જ્યારે હિંદુયુની-વર્સીટીની સ્થાપના થઈ ત્યારે એમણે ઘણું અસરકારક ભાષણ કર્યું.

ચંપારણનો પ્રસંગ હજી હિંદુસ્તાનના સ્મરણપટ પર લખાયલો છે. ગાંધીજી ગળીના પાકમાં રોકાયલા મજુરોની સ્થિતિ તપાસવા માટે ગયા હતા, પરંતુ ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટે તેમને ત્યાં જતા અટકાવ્યા. પરંતુ પ્રોસીક્યુશન બંધ રાખવામાં આવ્યું. એ ઉપરાંત મોસ્લીમ લીગનું કાર્ય પણ કંઈ અણજાણ્યું નથી. હિંદી ભાષા રાષ્ટ્રીયભાષા બનાવવીજ જોઇએ એના અંગનાં ભાષણો વિશ્વવિદિત છે.

એમનો સત્યાગ્રહ આશ્રમ હજી સત્યનો પાઠ ભણાવે છે. દિલ્હીવોર કોન્ફરન્સનું છટાદાર ભાષણ ભુલાયલું ભુલાય એમ નથી. બીજું અગત્યનું કાર્ય અમદાવાદનાં મીલ મજુરોની હડતાળ સંબંધીનું છે. તેમાં શ્રીયુત્ ગાંધી,તેમજ અનસુયા બેન તથા અંબાલાલ સારાભાઈ વિગેરેનાં કાર્ય માટે મજૂરવર્ગ હંમેશ અભારી છે. ગાંધીજીના આત્મશ્રદ્ધા અને અડગ નિશ્ચય, ઇશ્વરની બંદગી અને ઉપવાસ ગુજરાતને અણજાણ્યા નથી. એ ઉપરાંત 'ખેડા'જીલ્લાને કરેલી સહાય એમનાં જીવનનું એક મહાન્ કાર્ય છે. ત્યાંના સત્યાગ્રહના નાદો હજી કર્ણમાં ભણકારા કરે છે. અને શ્રીકૃષ્ણની મુરલીના નાદની માફક સચેત કરે છે. દક્ષિણ આફ્રીકામાં ખરૂં માણસપણું જાગૃત કરવાને કરેલો શાંતિનાદ જાણે કે કૃષ્ણનો પાંચજન્ય નાદ હોયને! ખેડાની રૈયતનો સવાલ એમને નૈતિક અને ધાર્મિક લાગ્યો. દુઃખ ખમવાની સહનશીલતા એમનું હથીયાર છે અને આત્મશ્રદ્ધાથી એમનું જીવન ઘડાયલું છે. ખેડાની રૈયતે સત્યાગ્રહનો સ્વીકાર કર્યો અને છેવટે સરકારની વૃત્તિ ફેરવાઈ અને અસંખ્ય દુઃખમાં સુખશાંતિ પ્રસરી. ઈંગ્લાંડનાં 'પીમ (Pym) અને હેમ્પડનો (Hampdon)' હજી ભુલાયા નથી. ખેડાના મુંગે મોઢે સહન કરનારા દુઃખી ખેડુતો કદાપિ ગુજરાતથી ભુલાઇ શકાશે નહિ. ગાંધીના જીવનનું જવલંત કાર્ય સત્યાગ્રહાશ્રમ છે જ્યાં આત્મોદ્ધાર અને દેશોદ્ધારનાં પાઠો શીખવાય છે. વણાટકામને ઉત્તેજન મળે છે, સ્વદેશી વ્રત પળાય

છે, અને ચારિત્ર્ય ખીલવવા માટે પૂર્ણ ધ્યાન આપવામાં આવે છે.

હવે આપણે એમનાં ભાષણો તથા લખાણ પર સહજ દૃષ્ટિપાત કરીશું, અને મહાત્માશ્રીના ઉપદેશનું કંઈક દિગ્દર્શન કરીશું.

બ્રિટીશ રાજ્ય તરફ વફાદારીપર મદ્રાસમાં અપાયલા ભાષણમાં એઓ કહે છે કે.—

" And I discovered that the British Empire had certain ideals which I have fallen in love, and of those ideals is that every subject of the British Empire has the first scope possible for his energies and honour and whatever he thinks is due to his conscience × × × ."

ગાંધીજીનાં સિદ્ધાંતોમાં મહાન્ સિદ્ધાંત આત્મશ્રદ્ધા છે. એજ આત્મનિશ્ચયથી કોલંબસે અમેરિકા શોધેલું અને એજ આત્મનિશ્ચયથી આપણા ઋષિમુનિઓએ પણ સર્વ વિદ્યા સંપાદન કરેલી. અમૃતબઝાર પત્રિકામાં અપાયલા એક પત્રમાંએઓ લખે છે કે "If the world believes in the existence of the soul" he said in conclusion, " it must be recognised that soul force is better than body force: it is a sacred principle of love which moves mountains. To us is the responsibility of living out this sacred law; we are not concerned with results".

× × × ×

" The main purpose of life is to live rightly, think rightly, and act rightly, but the soul must languish when we give all our thought to the body."

એમનો બીજો મહાન્ સિદ્ધાંત 'સત્યાગ્રહ' છે. ટોલ્સ્ટોય એને soul Force or Love force કહે છે. "Violence is the negation of this great spiritual force which can only be cultivated or wielded by those who will entirely eschew violence."

"સત્યાગ્રહી દ્વેષ નથી કરતો. તે રોષમાં મરણને વશ નથી થતો, અને પોતાની દુઃખ સહન કરવાની શક્તિથી શત્રુ કે જુલમગારને તાબે નથી થતો. એટલે સત્યાગ્રહીમાં વીરતા, ક્ષમા અને દયા હોવા જોઇએ. દુનીઆનું બંધારણ હથીયાર બળ પર નથી, પણ સત્ય, દયા કે આત્મબળ ઉપર છે. સત્યાગ્રહ શરીરબળ કરતાં વધારે તેજસ્વી છે. સત્યાગ્રહી શરીરને કંઈજ નથી ગણતો, તેનામાં બીક તો પેસીજ ન શકે તેથી તે બહારનાં હથીયાર ધારણ કરતો નથી. સત્યાગ્રહીને શળીએ ચઢવું પડ્યું છે, ધગધગતા લોખંડના થાંભલાની સાથે બાથ ભીડવી પડી છે, પર્વત ઉપરથી ગબડવું પડ્યું છે, રાજપાટ વેચવા પડ્યા છે, સિંહની ગુફામાં રહેવું પડ્યું છે. ટૂંકમાં એ એક આધ્યાત્મિક શક્તિ છે."

"It should be an essential of real education that a child should learn that in the struggle of life, it can easily conquer hate by love, untruth by truth, violence by self—Suffering". ટૉલ્સ્ટોય ફાર્મ પર તથા ફીનીકસમાં પણ આ પદ્ધતિ પરજ શિક્ષણ આપવામાં આવ્યું હતું. મોરકકોની લઢાઇ વેળા ત્યાંના અરબોની ઉપર ફ્રેંચની તોપોનો મારો ચાલતો હતો, અરબો ધર્મના માટે લઢતા હતા. તેઓ મરણીયા થયા અને 'યા અલ્લાહ' નો પોકાર કરી તોપની તરફ ધસ્યા. આમાં મારવાને અવકાશજ ન હતો. આ આરબોની ઉપર તોપ ચલાવવાની ફ્રેંચ તોપચીઓએ ના પાડી અને તેઓ પોતાની ટોપીઓ હવામાં ફરકાવી હર્ષનાં પોકાર કરતાં આ વીરઅરબોની સાથે ભેટ્યા. આ સત્યાગ્રહનો અને

તેનાં વિજયનો દાખલો છે. સત્યાગ્રહમાં દેશને અર્થે પણ જુઠાનો પ્રયોગ થઈ શકે નહિ. સત્યજ એની તલવાર છે. રાજ્યકર્તાને પણ પ્રેમબળથી વશ કરવા જોઇએ. પ્રેમ શરજ બતાવી શકે. પ્રેમથી ખરી શુદ્ધતાની ખાત્રી થશે."

૨૭ મી એપ્રીલ ૧૯૧૫ માં ગાંધીજીએ મદ્રાસનાં ' યંગ મેન્સ ક્રીશ્ચીયન એસોસીએશન ' સન્મુખ એક ભાષણ આપ્યું હતું તેમાં એ મહાત્માએ જણાવ્યું કેઃ—

" I ally myself to the British Government because I believe that it is possible for me to claim equal partnership with every subject of the British Empire. I to-day claim that equal partnership. I do not belong to the subject race. I do not call myself a subject race. But there is this thing: it is not for the British Governors to give you, it is for you to take the thing that I want only by discharging my obligations. Max Muller has told us—we need not go to Max Muller to interpret our own religion—but he says our religion consists in four letters ' Duty ' and not in five letters ' Right. ' And if you believe that all that we want can go from a letter, discharge of our duty then think always of your duty, and fighting along these lines, you will have no fear of any man, you will only fear God. "

ગીતામાં પણ આવોજ ઉપદેશ છે. કર્ત્તવ્ય કરતાં મરવું એ બહેતર છે. स्वधर्मे निधनो श्रेयः । વળી ધર્મ ઉપર એઓ ઉપદેશે છે કેઃ ' Life without religion, is life without principle, and-

life without principle is like a ship without a rudder. Just as a ship without a rudder will be tossed about from place to place, and never reach its destin-ation, so will a man without this religious backing, without that hard grasp of religion be also tossed about on this stormy ocean of the world, without ever reaching his destined goal"

'સ્વદેશી' પર આવતાં તેઓ લખે છેકે.—

"Much of the deep poverty of the masses is due to the ruinous departure from Swadeshi in the economic and industrial life. If not an article of Commerce had been brought from outside, she would be to day a land flowing with milk and honey. But that was not to be. We were greedy and so was England.The connection between England and India was based clear upon an error. But she does not remain in India in error. It is her declared policy that India is to be held in trust for her people. "And if the swadeshi is a sound doctrine, Lancashire can stand aside without hurt, though it may sustain a shock for the time being. I think of swadeshi not as a boycott movement und-ertaken by way of revenge. I conceive it as a religi-ous principle to be followed by ale."

સ્વભાષાભિમાન પર મહાત્માશ્રી સંબોધે છે કે "જ્યાં સુધી હિંદમાં હિંદી રાષ્ટ્રીય ભાષા ન બને ત્યાં સુધી સઘળી કોમોનો

સંપ થવો મુશ્કેલ છે. કવિવર રબિન્દ્રનાથ ટાગોર, મહાત્મા મુન્શીરામજી તથા ગૃહસ્થાશ્રમી છતાં જેણે જીવન દેશને અર્પણ કર્યું છે એવા માલવીયાજી એ ત્રણ વક્તાઓની શક્તિ અંગ્રેજીભાષાનાં જ્ઞાનને લીધે નથી આવી, પણ એમનાં સ્વભાષાપરના પ્રેમને લઇને રહી છે. સ્વામીશ્રી દયાનંદે જે હિન્દીભાષાની સેવા કરી છે તે કાંઈ અંગ્રેજી જ્ઞાનને લીધે ન હતી. તુકારામ અને રામદાસ જેણે મરાઠીભાષા શણગારી છે તેઓ અંગ્રેજીભાષાનાં રજ પણ ઉપકારી નથી. પ્રેમાનંદે અને શામળભટે તથા આધુનિક કાળમાં કવિ દલપતરામે ગુજરાતી સાહિત્ય પોષ્યું તેનો જશ અંગ્રેજીભાષા બીલકુલ લઈ શકે એમ નથી. જાપાનનું સાહસ પણ તાજુબ પમાડે એવું છે. તેઓએ પ્રજાની જાગૃતિ સ્વભાષા મારફતે કરી છે. તેઓનાં દરેક કાર્યમાં નવીનતા જોવામાં આવે છે. પ્રજાનું જીવન કેળવણીને લઇને ઉછળી રહ્યું છે, ને જગત્ તાજુબીથી એની પ્રવૃત્તિ જોઈ રહ્યું છે.

અંગ્રેજીભાષા મારફતે શિક્ષણ લેવામાં પ્રજાને ઘણું નુકશાન થાય છે. વિદ્વાન માણસોએ પોતાનો અભિપ્રાય આપ્યો છે કે જો મેટ્રીક સુધીનું જ્ઞાન સૌને પોતપોતાની ભાષામાં અપાય તો ઓછામાં ઓછાં પાંચ વર્ષ બચે. એટલે દશ હજાર મેટ્રીકયુલેટની પાછળ પ્રજાના પચાસ હજાર વર્ષની નુકશાની જતી બચે.

આપણે જો સાહીચુંબક કાગળ ન હોત તો ૫૦ વર્ષ થયાં મળેલી કેળવણીને અંતે જનસમાજમાં કોઈ નવી પ્રવૃત્તિ જોવા પામ્યા હોત. પ્રજાને આપણે ઓળખતાં નથી. પજા આપણને સુધરેલા ગણી કાઢી નાંખે છે અને આપણે પ્રજાવર્ગને જંગલી ગણી તિરસ્કાર કરીએ છીએ. જ્યાં સુધી આ ભિન્નતા મટી એકતા ન થાય ત્યાં સુધી આપણી સંપૂર્ણ ઉન્નતિ દૂર છે ”

આધુનિક કેળવણીમાં શાની શાની ખામી છે તે ઉપર તેઓ જણાવે છે કે વણાટનો ધંધો તથા ખેડુતને ઉપયોગી જ્ઞાનને સ્થાન અપાતું નથી. ક્ષત્રિયકળાને સ્થાન

અપાવુંજ જોઈએ, તેમજ સંગીત દાખલ થવું જોઇએ. આપણી સ્ત્રીઓના શિક્ષક આપણે પોતેજ થવું જોઇએ. ઇતિહાસ. ભૂગોળ, સાયન્સ અને ગણિતશાસ્ત્ર પર પુરતું ધ્યાન અપાવવુંજ જોઇએ.

કેળવણી એ સાધ્ય વસ્તુ નથી પણ સાધન છે, અને જે વડે આપણે ચારિત્ર્યવાન થઈ શકીએ તેજ કેળવણી ગણી શકાય. જ્યાં સુધી હિંદુસ્થાનમાં નિશાળો અને આપણા ઘરોની વચ્ચે અનુસંધાન નહિ હોય, ત્યાં સુધી નિશાળીઆઓ ઉભયભ્રષ્ટ થશે.

પ્રૉફેસર જગદીશચંદ્ર બોઝ અને રૉયનાં દૃષ્ટાંતો જ્વલંત છે. પરંતુ જો છેલ્લાં ૫૦ વર્ષથી આપણને કેળવણી સ્વભાષા મારફતેજ મળી હોત તો આપણામાં ઘણાંએ બોઝ અને રૉય જન્મ્યા હોત ! દક્ષિણ આફ્રિકાનાં નીગ્રોએ પણ આપણી માફકજ ખમ્યું છે; કારણ કે તેઓને સઘળી કેળવણી ડચ ભાષા મારફતે અપાય છે. તેઓ પણ પશ્ચિમનું અંધ અનુકરણ કરે છે. સ્વભાષાને વિસારવી એ પ્રજા વિધ્વંસન છે. આ બાબતમાં બોર લોકોનો દાખલો અનુકરણ કરવા જેવો છે. ડૉ. મહેતાનાં ચોપાનીઆમાં ઉપોદ્ઘાતમાં મહાત્માશ્રી લખે છે કે " If we have lost faith in our vernaculars, it is a sign of want of faith in ourselves; it is the surest sign of decay. And no scheme of self-Government however benevolently or generously, it may be bestowed upon us, will ever make us a self-Governing nation if we have no respect for the language our mothers speak "

એ ઉપરાંત અખીલ ભારત સેવક પરિષદ્ (૧૯૧૭) કલકત્તામાં એમણે વિધવિધ વિષયો ચર્ચ્યા હતા. (૧) આપણી ચોખ્ખાઈ આપણે પોતેજ રાખવી જોઇએ (૨) રેલ્વેના મુસાફરોની હાડમારી (૩) અંત્યજ વર્ગનો પ્રશ્ન (૪) હિન્દુ તેમજ મુસલમાન સ્ત્રીઓની

સ્થિતિ (૫) ઢોરની ઓલાદ સુધારવી (૬) હિન્દુમુસલમાનનું ઐક્ય વિગેરે. ગુજરાતી હિન્દુ સ્ત્રી મંડળમાં સ્ત્રીઓના પ્રશ્ન ઉપર સંબોધન છે કે "વિધવાઓનો સવાલ જેવો તેવો નથી. તેમાં ઘણી સ્ત્રીઓ પ્રાણાર્પણ કરી શકે છે. વિધવા પોતાની ઈચ્છાનુસાર પુનર્લગ્ન કરે એ એક વાત છે, પણ પુનર્લગ્ન કરવાનું બાળવિધવાઓને શિખવવા પાછળ કાળક્ષેપ કરવો એ તદ્દન જુદી વાત છે. તેને બદલે સ્ત્રીઓ ઘરભંગ થએલા પુરૂષોને નહિ વરવાનો અથવા પોતાની દીકરી નહિ દેવાનો તેમજ પારણામાં ઝુલવાને લાયક બાળવરને પોતાની દીકરીઓની આહુતિ નહી આપવાનો દૃઢ નિશ્ચય કરે અને કરાવે તો એમાંથી સરસ પારિણામ મેળવશેજ. ન્હાની મોટી સેંકડો વિધવાઓનો ઉપયોગ દેશને કેમ ન મળે એ બહુ વિચારવા જેવું છે અને એ વિચાર શિક્ષિત સ્ત્રીઓ ન કરે તો કોણ કરશે? થોડાંજ વર્ષ પહેલાં આપણી સ્ત્રીઓ રૂ કાંતવાનું અને વણવાનું પણ કામ કરતી. અત્યારે એ ધંધો નાશ પામવાની હાલતમાં છે. એ ધંધાના જવાથી હિંદુસ્તાનને મોટી હાની પહોંચી છે. હિંદુસ્તાનનો ઉપકાર કરવાની પારમાર્થિક વૃત્તિઓમાં વિધવાઓને જોડવી એ તેમનું શુદ્ધ પુનર્લગ્ન છે."

વળી સ્ત્રી કેળવણીની બાબતમાં તેઓ સંબોધે છે કે:

"જો કે અક્ષરજ્ઞાન વિના ઘણાંએ કાર્યો થઈ શકે છે તો પણ અક્ષરજ્ઞાન વિના ન ચાલી શકે એ મારી દૃઢ માન્યતા છે. અક્ષર કેલવણીથી બુદ્ધિ ઘડાય છે, તીવ્ર થાય છે અને તે વડે આપણી પરમાર્થ કરવાની શકિત ઘણી વધે છે. સ્ત્રી કેલવણીની રચના ઘડનારે આ વાત નિરંતર યાદ રાખવી જોઇએ. દંપત્તિની બાહ્ય વૃત્તિમાં પુરૂષ સર્વોપરી છે તેથી બાહ્ય પ્રવૃત્તિનું જ્ઞાન તેને આવશ્યક છે. આંતર પ્રવૃત્તિનું સ્ત્રીનું પ્રાધાન્ય છે; તેથી ગૃહવ્યવસ્થા, બાળકોની માવજત, તેઓની કેલવણીના વિષયોમાં ખાસ દાખલ થવા જોઇએ."

ગુજરાત રાજકીય પરિષદ્માં એમણે હિંદનું આધ્યાત્મિક બળ સર્વોપરી છે અને તેજ બળ ખરૂં છે એમ બતાવી હિંદની આધુનિક ગરીબ સ્થિતિ પર ધ્યાન ખેંચ્યું હતું અને સ્વરાજ વિગેરે મહત્વના પ્રશ્નો ચર્ચ્યા હતા. 'હિંદ અને ઈંગ્લાંડ '(નડીયાદમાં અપાયલું ભાષણ તા. ૨૨-૬-૧૮) ના વિષયપર મહાત્માશ્રી અંગ્રેજ પ્રજાનાં વખાણ કરે છે અને કહે છે કે " અંગ્રેજ પ્રજામાં રાજ્ય કરવાની શક્તિ છે, એ કેવળ તેના પશુ બળથીજ નથી. તેનામાં કળા છે, કૌશલ્ય છે, દીર્ઘદૃષ્ટિ છે, ચતુરાઈ છે, ડહાપણ છે, જેને જોઇએ તેવો બદલો આપી શકે છે. આપણે કહીએ છીએ કે અમને સ્વરાજ્ય આપો પછી અમો 'લઢશું.' તે કહે છે કે 'અમો દાબને વશ નહિ થઇએ.' તમે મદદ કરો એટલે સ્વરાજ્ય તમારૂં છે. ઇતિહાસ તપાસો. 'બૉયરે સ્વરાજ્ય મેળવ્યું કેમકે તેઓ અમારી સાથે લઢવા લાયક હતા."

× × × ×

આ પ્રમાણે તેઓ જુદી જુદી દિશામાં પ્રજા પ્રગતિ માટે પ્રયાસ કરી રહ્યા છે અને લોકકલ્યાણ કરે છે. પ્રજાનું ભાવિ કેટલેક અંશે તેના નેતાઓનાં હાથમાં છે અને તેમનાં જીવન પર પ્રજાનાં ચારિત્ર્યો ઘડાય છે. જો ઉમદા ચારિત્ર્યવાન પુરૂષો ઉદ્ભવે તો પ્રજા પ્રગતિ જલદી થાય. બેકન (Bacon) કહે છે કે " Chara cter is threeforth of the nation." તે યથાર્થ છે.

ગાંધીજીનું જીવન ચરિત્ર સાદું, પવિત્ર અને પરોપકારશીલ છે. નાજુક શરીર જાણે કે શેષનાગ સમગ્ર હિંદનો બોજો તે ધારણ કરી રહ્યું છે. सत्यान्नास्ति परोधर्मः । એ સત્ય એમનાં રગેરગમાં વ્યાપેલું છે. "He is the patient sufferer for the cause of Righteousness and mercy, a true representative of crucified Savior. × × × " says Lord bishop

of Madras. ગૌતમ બુદ્ધ, ચૈતન્ય, રામાનુજ અને રામકૃષ્ણુ-પરમહંસની માફક એમનું સાધુ જીવન છે. મીસીસ સરોજીની નેયડુના શબ્દોમાં કહીએ તો "Who can deny that this inexorable idealist who would reduce all life to an impersonal formula, is the most vital force in the natural movement and the prophet of Indian Self-reliance?" 'नियतं कुरु कर्म' એ કૃષ્ણુનો અર્જુન પ્રતિનો ઉપદેશ એમણે જીવનમાં ઉતાર્યો છે અને તેથીજ પ્રહ્લાદની માફક હજારો દુઃખો, સેંકડો વિપત્તિઓ પડવા છતાં એઓ પોતાનું કાર્ય કર્યા જાય છે. એઓ સત્યાગ્રહના નાયક An apostle of Passive Resistence છે. અને સત્યાગ્રહ એમનું દેદીપ્યમાન હથીયાર છે.

હિંદુ મુસલમાનની એકતા એ તેમનાં જીવનની બીજી મહાન્ ફતેહ છે. મહાન્ ગાંધીની શીખથી અને અલી બિરાદરોના પ્રયાસથી આજ બે મહાન્ પ્રજાની એકતા સધાઈ છે. તેમજ રૉલેટ બીલ સ્હામેનો પોકાર, પંજાબનાં ક્રૂર રમખાણ સંબંધીની ચર્ચા, ખીલાફત, તુર્કીનું ભવિષ્ય અને અસહકાર યોજના વિગેરે અનેક પ્રશ્નોના નિરાકરણમાં એમનો સમય વ્યતીત થાય છે. આ સઘળાની યોજના શાણુા બ્રિટીશ મહાજનની સાથે સુલેહ જાળવી કરવામાં એમનું ડહાપણ છે. બ્રિટીશ સલ્તનત હેઠળ હિંદ સ્વરાજ્ય એ એમનો આદેશ છે. કોના પર અસર ન થાય એ સાદી પણ તેજસ્વી મૂર્તિ નીરખતાં !

પંજાબ રમખાણ અને ખીલાફતના સવાલથી ગાંધીજીના જીવની બીજી કક્ષા દોરાઈ અને એમણે નવજીવનનું તંત્રીપદ સ્વીકાર્યું. આજ એમનું નવજીવન ગુજરાતમાં નૂતન ચેતન રેડે છે અને નવીન જાગૃતિઓ-ભાવનાઓ અર્પે છે. ગુજરાતનાં ગૃહેગૃ-

હુમાં અને સ્થળે સ્થળે શ્રીકૃષ્ણનાં પાંચજન્ય શંખનાં ધ્વનિ જેવો એના પ્રત્યેક શબ્દનો ટંકાર થાય છે અને નવી સ્ફુરણા ફેલાવે છે.

સત્યને માટેજ એમણે જીવન કર્મયજ્ઞમાં બલિદાન આપ્યું છે. તેઓ હિંદુસ્તાનને કર્મભૂમિ ગણે છે અને બીજા દેશોને ભૌક્તિક ભૂમિ (Land of Enjoyment) ગણે છે અને હિંદનું નૈતિક બળ સર્વોપરી છે એ વારંવાર કહે છે. હિંદે દૈવી આયુધોવડે લઢાઇઓ કરી છે અને હજી પણ તે બળવડેજ કરી શકે. કવિઓએ પણ આજ ગાયું છે અને દૃષ્ટાઓએ પણ આજ અનુભવ્યું છે. ૩૦ વર્ષના હરકયુલીઅનને ૮૦ વર્ષનાં તેના પિતા આગળ એક મેંઢાની માફક નમવું પડયું છે. આ પ્રેમના બળનું દૃષ્ટાંત છે. પ્રેમ આત્મા છે. જો આપણામાં આ શ્રદ્ધા હોય તો એ બળ વડે આપણે આખી દુનીઆ ધ્રુજાવી શકીએ. જો ધર્મનું બળ કમી થઇ જાય તો આપણે સુકાન વગરના વહાણ જેવા થઇ જઈશું. માટે આપણું નૈતિક બળ-પ્રેમ બળ-હંમેશ કાયમ રહેવુંજ જોઇએ.

આવા નરરત્ન અને પરમ દેશભક્ત કર્મવીર ગાંધી, કર્મભૂમિ હિંદમાં ઉદ્ભવ્યા એ હિંદનું સદ્ભાગ્ય. કવિશ્રી ન્હાનાલાલના શબ્દમાં કહીએ તો એ 'ગુજરાતનો તપસ્વી' જ્ઞાન દીપ વડે ભારત વર્ષમાં ચેતન બલ્કે નવો ઉત્સાહ રેડે છે. शठं प्रत्यपि सत्यम् । એ એમનો બોધ છે. अथा तु कर्मजीज्ञासा થી એમનું જીવન શરૂ થાય છે અને તપનાં ઉપવસ્ત્રો સજી, સત્ય મુખાવિંદે ધરી, શાંતિનાદ કરી એ કર્મભૂમિમાં આત્મ બળિદાન આપે છે. સનાતન યોગીકુલને યોગ વારસ, રાગ દ્વેષના ઝંઝાનીલથી પર અને ભારત વર્તમાનના એ ઉધ્ધારક મહાગુરૂ, ગુજરાતના તપસ્વી આજ ભારતવર્ષની નિષ્કામ સેવા બજાવે છે, એ આપણું અહો ભાગ્ય ! આવા મહાત્માની વીરપૂજા સર્વ સામગ્રી વડે આદરવા છતાં હંમેશ અધુરીજ રહેશે. માટે ભાવપૂજા જ બસ છે.

ગરવી ગુજરાત! સુવર્ણસમી સૌરાષ્ટ્ર ભૂમિ! પ્રારબ્ધવાન પોરબંદર! ફરકાવ તારા વિજયનો વાવટો સમગ્ર દેશ પર, અને મ્હાલ આનંદથી તારા પુત્રનાં જયઘોષથી!! ભારતનાં વિજયી દુંદુભીથી!!!

પ્રભુ, એમને દીર્ઘાયુઃ બક્ષો એજ અમારી અભ્યર્થના.



महाराणा प्रतापसिंह

अने

तेनी स्वदेशवात्सल्यता.

હિંદ વીરો.

(રાજવીર)

પ્રકરણ ૫ મું

સિંહણ બાળ ભુખે મરે, કદી તૃણ નવ ખાય;
ટેકી જન આપત્તિમાં, નીચ માર્ગ નવ જાય.

કવિ નર્મદાશંકર.

જેનાં નામથી મેવાડ અવન્ધ્ય બન્યું છે અને મહાભારતનાં ભીષ્મ જેવા બાણુશેયા ભોગવતા, સ્વદેશસ્તોત્રો સુણાવતા, ભારતરાજવીરનાં નામથી મશહૂર એવા રાણા પ્રતાપનાં ચારિત્ર્યથી ભારત ઇતિહાસ રંગાયલો છે બલ્કે જ્વલંત છે. તે બાપારાવળનો સિંહસુત હજીએ સ્વદેશાભિમાનનું નવું ઝનુન દાખવે છે. રાણાસંગ, અમરસીંગ, હમીર, લાખણસી, કુંભો, રાયમલ વિગેરેથી ઉતરી આવેલી તેની કીર્તિ હજીએ જેવીને તેવી જ્વલંત છે!

જે સમયે દિલ્હીની ગાદીએ મોગલ શહેનશાહ અકબર રાજ્યકરતો હતો તે સમયે મેવાડની ગાદીએ ઉદેસીંગ હતો. ચંદનું છેલ્લું પુસ્તક આવા દ્રશ્યથી ઉઘડે છે અને તે કરનલ ટૉડ પોતાનાં સુપ્રસિદ્ધ રાજસ્થાનમાં નીચે પ્રમાણે ટાંકે છે.—

" With Oodysing fled the fair face which in the dead of night unsealed the eyes of Samarsi, and told him " the glory of the Hindu was departing with him, that opinion, which for ages esteemed her walls the sanctnary of the race, which encircled her a halo of glory, as a palladium of the religion and the liberties of the Rajputs."

આવા વંશથી ઉતરી આવતી તવારીખો ઇતિહાસના પાનાં સુનેરી અક્ષરોથી ચિત્રે છે અને મેવાડમાં તો તે કીર્તિ પ્રજા સ્વતંત્રતાનાં કુદરતી અણુસારા જેવી છે. આની કિંમત એક તત્ત્વજ્ઞ આંકી શકશે.

ઉદેસીંગનાં સમયમાં મેવાડનાં ઝાંખા ઇતિહાસમાં ભાટચારણોનાં પ્રિય અને અકબરે પણ જેનાં ગુણગાન કરેલાં છે એવા બેદનૂરનાં જૈમલ અને કેલ્વાના પટ્ટા મેવાડનાં યોદ્ધાઓ હતા. આ બે મેવાડનાં ઘરગુંથા નામો થઈ પડેલાં છે. એક બાજુએ ઉદેસીંગ અને અકબર વચ્ચે યુદ્ધ ચાલે છે તે સમયનું આ વર્ણન છે. સૂર્યદરવાજા આગળ સલૂંબ્રા પડયો છે અને કેલ્વાના પટ્ટાને નાયક બનાવવામાં આવ્યો છે. આ વખતે તેની ઉમર ફક્ત સોળ વર્ષની હતી. સ્પાર્ટનમાતાની માફક કેસરીયા રંગનો સાફો ધરવા તે પ્રેરાયો અને ચિતોડ માટે કીર્તિનો અમર વારસો મૂકી રણમાં ઝુઝયો એની સાથે રજપૂતોએ 'જોહાર' જગાવ્યું અને ૮૦૦૦ શૂરા રજપૂતોએ 'બીરા પાન' ચાવ્યાં અને સિંદુરી વસ્ત્રો સજ્યાં. આ પ્રમાણે ચિતોડનાં દરવાજા આગળ યુદ્ધ મચ્યું. આખરે અકબર ચિતોડમાં દાખલ થયો અને આને પરિણામે ઉદેસીંગે ચિતોડ છોડયું અને રાજપીપળામાં આવેલાં ગોહિલમાં જઈ રહ્યો. પછીથી બાપારાવળ જે જગ્યાએ પાછો ફર્યો હતો તેની પાસે અરવલ્લીની ખીણમાં જઇ રહ્યો. ત્યાં એણે ઉદયસાગર ખોદાવ્યું, નવચોકી મહેલ બાંધ્યો અને ઉદેપૂર શહેર વસાવ્યું. એણે ૪૨

ર્ષની વયે ગોગુંદા આગળ મેવાડખોવા પછી ચારવર્ષે દેહ ત્યજ્યો. એણે જંગમલને ગાદી સોંપી હતી. પરંતુ ઉદેસીંગે ઝાલાર કન્યાજોડે લગ્ન કીધાં હતાં. ઝાલોરસિંહે પોતાની બેનનો છોકરો 'પ્રતાપ' ગાદીએ આવે એવી ઈચ્છાથી ગાદીનો દાવો કર્યો. ઘણી ઝપાઝપી થયા બાદ પ્રતાપ ગાદીએ આવ્યો. આ પ્રમાણે પ્રતાપ વગર રાજ્યધાનીએ, પૂરતાં સાહિત્યવિના અને સગાવહાલાંની સહાયવિના તે કીર્તિવંત મેવાડની ગાદીનો વારસ થયો.

પ્રતાપથી મેવાડનો ઇતિહાસ પલટાય છે. એણે પોતાની કીર્તિથી મેવાડ ફરીથી જ્વલંત કર્યું.

પોતાનાંજ ઇતિહાસમાં ચારિત્રપ્રતિમાનાં લેખો વાંચતો, નસીબને આગળ વધારવા ઇચ્છતો, તે હંમેશ માનતો કે મેવાડ કે જ્યાં હજારો દુશ્મનોને કેદ પકડવામાં આવતા તે ભાગ્યબળે દિલ્હી કરતાં પણ સર્વોપરી બની સામ્રાટ બનશે. પરંતુ તેને ન હતી ખબર કે તેની સ્હામાં પક્ષમાં અણવિશ્વાસુ માણસો વસેલાં છે. મોગલોનાં પ્રપંચ તથા લાલચથી મારવાડ, બિકાનેર, અને બુંદી વિગેરેનાં રાજાઓ અકબરને શરણે થયા. અને પ્રતાપનો ભાઈ સગર પણ અકબરને જઇ મળ્યો પરંતુ આવા વિકટ પ્રસંગોથી તેની ધીરજ બમણી બની અને પોતાની જનનીનું દુધ દીપાવવાની એણે પ્રતિજ્ઞા લીધી અને તે સંપૂર્ણ પાળી. કેટલીકવાર તે દુશ્મનોને હરાવતો તો કેટલીકવાર જંગલ તથા ખીણોમાં ભટકતો. જંગલી પશુ પ્રાણીમાં પણ 'ઉમ્રા'નું રક્ષણ કરતો એ વસતો હતો. 'બાપારાવળ'નાં વંશજો કોઇને માથું ન નમાવે એજ તેનાં રક્તમાં વહેતો નીશો હતો અને તાતારને તેઓની કન્યા અપાય તો અઘોર પાપ થાય એમ એ માનતો.

ખીણોમાં એણે દાખવેલાં પરાક્રમો દરેક રજપૂતનાં હૃદયમાં કોતરાયલાં છે અને કેટલાંક વર્ણવાયલાં પણ છે. એ બધા પત્રપટ પર ઉતારવા એ રાજસ્થાનનાં મશહૂર લેખક 'ટોડ'નાં શબ્દોમાં કહીએ તોઃ—

" To recount them all, or relate the hardships he sustained, would be to pen what they would pronounce a romance who had not traversed the Country when tradition is yet eloquent with his exploits, or conversed with the discendents of his chiefs who cherish a recollection of the deeds of their forefathers, and melt, as they recite them, into many tears."

પ્રતાપને યોદ્ધાઓની સહાય સારી હતી. પૈસા અને સત્તાની લાલચો મળવા છતાં પણ એનાં સરદારોમાંનો એકે ડગ્યો નહિ. જેમલ અને પટ્ટાનાં છોકરાઓ—સલૂમ્બ્રાનું કુટુંબ એને ભૂલી શક્યું નહિ. મેવાડનાં ઈતિહાસમાં આ પાંચ મૂર્તિ હજી જ્વલંત છે. કેટલાક તો મરતા સુધી એના જેવી હાલતમાં એની સાથે રહ્યા. આમાં " દેલવાડનો રાજા' રાજાની હંમેશ જમણીબાજુએ બેસનાર હતો.

ચિતોડનું સ્મરણ સાચવવાને માટે પ્રતાપે લક્ષ્મી અને મોજ શોખ છોડયાં. સુવર્ણ અને ચાંદીનાં વાસણોને બદલે પત્રાળાં વાપરવા માંડયા. પથારીમાં ઘાસ પથરાતું અને પોતાની પડતીનાં વિશેષ સ્મારક તરીકે નગારાં જે હંમેશ લઢાઇઓમાં આગળ વગાડવામાં આવતાં તે પાછળનાં ભાગમાં વગાડાતાં. આ રીવાજો હજી ટકી રહેલાં છે. હજી મેવાડાધિપતિઓ દાઢી કઢાવતા નથી, સોનારૂપાનાં વાસણુમાં પાંદડા રાખ્યા વિના જમતા નથી અને પથારીમાં ઘાસ રાખ્યા વિના શયન કરતાં નથી.

પ્રતાપ વારંવાર ઉચ્ચારતો કે જો રાણુસંગ અને પોતાની વચ્ચે ઉદેસીંગ થયો ન હોત તો રાજસ્થાનમાં એક પણ તુર્કે પ્રવેશ કર્યો ન હોત!

પ્રતાપે પોતાનાં સાધનોથી રાજ્યનો સારો કબજો કર્યો. કોમલમીર આગળ રાજધાની કરી અને ગોગુંદાનો કીલ્લો સમરાવ્યો.

અકબરે અજમેર લીધું અને અંબરનો ભગવાનદાસ અકબરને શરણે ગયો. પરંતુ રાઠોડો કદી નમ્યા નહિ. જોધબાઇ સલીમ વેરે પરણી. આથી પ્રતાપમાં ગુસ્સો વ્યાપ્યો, અને રજપૂતનું લોહી ઉકળ્યું. બુન્દીસિંહ અને જયસિંહ મોગલને શરણ જવા છતાં પશ્ચાત્તાપ કરી પાછા રજપૂત બન્યા. અંબરનો માનસિંહ પણ અકબરને વશ થયો અને એનો માનીતો થઈ પડયો. એક વખત રાજા માનસિંહ સોલાપૂરની જીત મેળવ્યા પછી પાછો ફરતો હતો ત્યારે પ્રતાપે તેને કોમલમીર નોતર્યો. આ મીજબાનીમાં રાણો હાજર રહ્યો નહિ અને પુછાવતા માથું દુઃખવાનું કારણ સૂચવ્યું. માનસિંહ આનો મર્મ સ્હમજી ગયો. રાણાએ કહેવાડયું કે જે રાજાએ તુર્કને પોતાની બ્હેન આપી તે ભ્રષ્ટ થયલા રજપૂત સાથે હું કદાપિ જમી શકું નહિ. આ અપમાન ભવિષ્યના વિગ્રહનું બીજ બન્યું. માનસિંહની સરદારી સાથે સલીમ પ્રતાપ સ્હામે હલદીઘાટ આગળ લઢવા આવ્યો. આ લઢાઈમાં રાઠોડ, શિશોદીઆ ઝાલા, ચોહાણ અને પરમારનાં છત્ર સાથે શૂરા બાવીશ હજાર 'હરહર મહાદેવ' ના નાદે ઘૂમ્યા. આ યુદ્ધ 'ખબરદાર' કવિએ પ્રકાશિમાં વર્ણવ્યું છે કેઃ—

'વીરા ! શું શૌર્ય ગયું છે? શું રજપૂત બનશે ગુલામ ?
  મેવાડ પરાધીન બનશે? શું જશે શિશોદિયા નામ ?
નહિ, નહિ નહિ. રણમાં ચાલો ! ઝળકાવો તમ હથિયાર !
  રે ઘુમો રાણા સાથે, શૂરા બાવીશ હજાર !
ગર્જન કરી એમ પ્રતાપે, ઝુકાવ્યું રણે શરીર;
  હોંકાર કરી ત્યાં ઉછળ્યા. રાઠોડ શિશોદિય વીર,
ચંદાવત સંગાવતને, ઝાલા ચોહાણ, પ્રમાર;
  રિપુને હણવાને કુદ્યા, શૂરા બાવીશ હજાર."

છેવટે પ્રતાપ સલીમનાં હાથી પર ધસ્યો. એનો ઘોડો ઘવાતા

ઝાલાપતીએ પ્રતાપનું છત્ર પોતાનાં માથાપર ખેંચી એને ઉગાર્યો. ઝાલાવીર લઢાઇમાં પડયો. છેવટે ફક્ત ૮૦૦૦ રજપૂતો પાછા ફર્યા! પ્રતાપ ચૈતકપર સ્વાર થઈ આમ તેમ ફરતો હતો તેવામાં બે મોગલ સરદારોએ એની પુંઠ લીધી. એક નિમિષમાં તો તેનો ઘોડો એક મોટી નદી એક ફલંગે ઓળંગી ગયો! આ પુઠ પકડનાર એનો ભાઈજ હતો. બંન્ને ભાઇઓ મળ્યા અને ભ્રાતૃભાવની લાગણી સબળ થઇ. તત્ક્ષણ વૈરબુદ્ધિ નાઠી અને બન્ને ભાઇઓ ભેટ્યા. ચૈતક અશ્વનો તંગ છોડતાં મરણ પામ્યો. સુકતે, પ્રતાપને પોતાનો અશ્વ આપ્યો અને તે પાછો સલીમનાં દરબારમાં ગયો. સલીમને આ સર્વ વૃત્તાંત કહી સંભળાવતા તેનો હક્ક ઓછો કર્યો, જેથી તે પાછો પ્રતાપને ઉદેપૂર જઇ મળ્યો અને જાગીરી સ્વીકારી. વિક્રમાર્ક ૧૬૩૨ શ્રાવણ શુકલ સપ્તમીનો દિવસ મેવાડનાં હલદીઘાટ પરનાં રક્તથી રંગાયલો છે. આ લઢાઈમાં પ્રતાપ ઘવાયો અને ગાદી વિનાનો થયો. પરંતુ મેવાડ જીતાયા છતાં એનુંજ હતું અને છેવટે પણ એનુંજ રહ્યું.

પ્રતાપની સ્થિતિ દીન પ્રતિદીન બગડતી ગઈ અને તેનું કુટુંબ કંગાળ સ્થિતિમાં આવી પડયું. એક વખત કાવાનાં ભીલ લોકો તેને ટોપલીમાં ઘાલી જાવરાની ખીણમાં લઇ ગયા અને તેને રક્ષ્યો. જાવરા આગળ ખીલાઓ જે ઝાડમાં ટોપલીઓ લટકાવવા માટે વાપરવામાં આવ્યા હતા તે હજી રક્ષવામાં આવ્યા છે. આ પ્રમાણે મેવાડાધિપતી કે જેનાં છોકરા એક સંજ્ઞાથી હજારો માણસોને જી,હા જી,હા પોકરાવતા તે આજ સમય બદલાતા ઝાડપર લટકાવેલી ટોપલીઓનાં પારણામાં ઝુલતાં હતાં! ખરે સંસ્કૃત પંકિત 'निचैर्गच्छत्युपरि च दशा चक्रनेमिक्रमण' કેવી યથાર્થ છે! 'लिखितमपि ललाटे प्रोज्झितुम् को समर्थः'। ભર્તૃહરી ગાઈ ગયા છે કે विपद्युर्वैः स्थैयम्। 'વિપદ્માં ઉંચી નીતિએ રહેવું' એ કેવું દુર્ઘટ છે! રાજા હરિશ્ચંદ્રની પણ આવીજ અવસ્થા

થઇ હતી. એક વખત અકબરને આ સ્થિતિનું વર્ણન એક ચારે કહી બતાવ્યું. આથી અકબરની ઉદારવૃત્તિ સામ્રાજ્ય સત્તાએ આવી. ખાનનખાને આ સર્વ હેવાલ નોંધ્યો છે અને રાજસ્થાનનાં લેખક ટૉડ લખે છે કેઃ—

"All is unstable in this world; land and wealth will disappear, but the virtue of a great name lives for ever. Putto abandoned wealth and land, but never bowed the head: alone of all the prince of Hind, he preserved the honour of his race."

અથાક વિપત્તિમાં પણ ધીરજ રાખવી એ એક વીરનું કર્તવ્ય છે એમ જાણવા છતાં કેટલીક ક્ષણોએ પોતાનાં વહાલાં બાળકોની જરૂરીઆતની ચીજોનાં અભાવે પ્રતાપને ઘણું લાગી આવતું. તેની પત્નિની સ્થિતિ પણ સલામતી ભરેલી ન હતી; અને તેનાં બાળકો અન્નવિના રડતાં. પાંચ વખત એને જમતા જમતા ઉઠી જવું પડયું હતું. તેઓ ઘાસના મૂળીઆનું મિષ્ટાન્ન બનાવતાં અને તેમાંનુ અડધું બીજી ટંક માટે રાખી મુકવું પડતું. પ્રતાપ આવી જર્જર સ્થિતિમાં દુઃખથી કંટાળેલો હતો. એકવાર બિલાડી એની છોકરીનો કેમે કરી મેળવલો રોટલીનો ટુકડો ખેંચી લઈ ગઇ! તે માનતો કે રજપૂતનું ખરૂં જવાહીર આવા પ્રસંગોમાંજ જણાય છે અને તેથી તેણે ધીરજ છોડી નહિ. વાંચક આ દિવસો મેવાડાધિપતી પ્રતાપનાં હતા! વિપત્તિનાં વાદળોથી કંટાળેલા પ્રતાપે છેવટે એક નિશ્ચય કર્યો. તેણે મેવાડ અને રકતભીનાં ચીતોડ છોડી શૂરા સીસોદીઆ સાથે સિંધુનદી તરફ જવાનો વિચાર કર્યો અને સોગદીની રાજધાનીમાં પોતાનો વાવટો ફરકાવવા ધાર્યો.તે પોતાનાં સગાવહાલાં અને શૂરા સરદારો સહિત અરવલ્લીની ખીણમાં જતો હતો તેવામાં એક વિચિત્ર પ્રસંગનાં બનાવથી તેની કક્ષા બદલાઇ. જો મેવાડની તવારીખ આવા સખ્ત નીતિનાં દૃષ્ટાંતો

પૂરા પાડે છે તો તેમાં રાજભકિતનાં પ્રકરણો પણ કાંઇ ઓછા નથી. પ્રતાપની આવી સ્થિતિથી આર્દ્ર થઇ તેનાં પ્રધાને પોતાનાં સાધનો, દ્રવ્ય તેને ભેટ કરી દેવામાં રાજભકિત સ્વીકારી. એમ કહેવાય છે કે તેનો ઉદ્ધાર ભેટ ૨૫૦૦૦ માણસોને બાર વર્ષ ચાલે એટલા દ્રવ્યની હતી! મેવાડનાં બચાવ કરવામાં **ભામાશાહનું** દૃષ્ટાંત જ્વલંત છે. આથી પ્રતાપ પ્રેરાયો અને ફરીથી લશ્કર તૈયાર કર્યું. અને જ્યારે એનાં દુશ્મનો ધારતા હતા કે તે પાછો હઠતો હતો તેવામાં એણે એકદમ હલ્લો કરી દેવારમાં શાહબાઝને હરાવ્યો. પછી કોમલમીર શર કર્યું. અબદુલ્લા અને તેની છાવણીને બત્રીસ કીલેબંધ જગ્યા આગળ હરાવ્યા. તવારીખનાં વાકયોમાં કહીએ તો પ્રતાપે મેવાડને વેરાન બનાવ્યું અને અસીને લોહીથી નહવડાવી. એક નિમિષમાં તો એણે મેવાડનાં ચિતોડ, અજમેર અને માંદેલગઢ સિવાય સઘળું જીતી લીધું અને અંબરના રાજાનું વેર લેવાને તેની રાજધાની અંબર પણ જીતી લીધી. ઉદેપૂર પણ પાછું જીતાયું.

ઉદેપૂરની જીત પછી પ્રતાપને કંઇક શાંતિનો દિવસ આવ્યો. પરંતુ જે વીરની જીંદગી શૌર્યભર્યાં કામ કરવામાં વ્યતીત થઇ હતી તેનાથી ચીરંજીવ શાંતિ ભોગવી શકાય એમ ન હતું. ઉદેપૂરની ખીણનાં ભેખડો ઉપરથી એની આંખે ચીતોડનાં કાંગ્રા (Kangras) નિહાળ્યા. પોતાની કીર્તિને સજીવન કરવા માટે બળતા હૃદયને આવી બતાવવામાં આવેલી દયા ટેંટેલસના કહેવાતા દુઃખો કરતાં પણ વધારે વિષમ હતી. ટાડનાં શબ્દોમાં કહીએ તો 'બોસલ્ટીકનાં ખંડેરોમાંથી પસાર થતા એક વીર યોદ્ધા થાકથી ભાંગેલો અને જખમોથી ઘવાયલો પોતાનાં બાપદાદાનાં રક્તભીનાં પહાડો પર દૃષ્ટિ ફેંકતો કલ્પવો યથાર્થ છે! તેનાં મસ્તિકનાં ખુણામાં ભૂતકાળની જાહોજલાલીનાં સ્મરણો ખડાં થતાં હતાં. પ્રથમ, યુવાન લાખો રાણો જેનાં માથા પર મોરીમાંથી જીતેલો મોર વિરાજતો હતો તે, રજપૂતનાં સ્વાતંત્ર્ય

માટેનાં છેલ્લા દિવસો માટે તલસતો કેગરનાં કિનારા પર પૃથુ-રાજ સાથે મરવા ઈચ્છતો શૂર સમરસી ફરીથી ચિતોડનો ઢોળાવ ઉતરતો, ઉર્મીનાં બાર છોકરાઓ કે જેઓના માથા પર રક્ત વાવ-ટાઓ ફરકતા હતા ત્યારે મેવાડની રક્ષક દેવી નીચે થતી અસંખ્ય કતલો નિહાળી રહી હતી વિગેરે તરતાં હતાં. વળી, આ યજ્ઞમાં દેવ-લનાં રાજાઓ જૈમલ અને પત્તા હોમાયા હતા; અને રાજસ્થાનનાં શિખરોમાંની ચંદાવત રાણીએ પોતાની છોકરીને મરણ સખાવત કરાવી હતી. જાણે કે પોતાના સંતાન અને પતિઓને માટે જવલંત દૃષ્ટાંત આપતી હોયને! આખરે અંધકારનાં વાદળોએ ચિતોડની દિવાલોને ઝાંખી બનાવી; સૈન્યનાં પડાવમાંથી કાંગ્રા રાણી નાસી ગઈ; અપયશની રેખા સુયશનાં દૃશ્ય સાથે મળી, અને જુઓ! ઉદેસીંગ તે પહાડનાં ભેખડ જેની સાથે તેની નામનાં જડાયલી હતી ત્યાંથી પલાયન થતો દેખાયો. આવા પોતાનાં માનસિક વિચારનાં ચિત્ર તરફ દૃષ્ટિપાત કરતો. પોતાની સ્થિતિનાં વિચારમાં ગરકાવ થતો, તથા વીર મગજ પર જે ઉછાળા મારતા ઉભરા ઉદ્‌ભવે છે તેની દુશ્મનો પરની અજમાયશ બંધ થતાં કૃતાર્થ થતો—દયાર્દ્ર જણાતો હતો. આ સ્થિતિ સાથે સર-ખાવતા ગુસ્સો પણ સહન કરવા જેવો બને છે, અને ધીઃક્કારની લા-ગણી પણ અદેખાઈ કરવા જેવી બને છે. આ સર્વ કીનાનો તે ખંગ વાળી શક્યો. પરંતુ આવા ઉમદા માનસવાળા રજપૂતને આવી વિપજ્વર જેવી સ્થિતિએ પહોંચવું એ તેનાં દુશ્મનનાં હથીઆર કરતાં પણ ઘણું વસમું તથા દયા ખાવા જેવું હતું.'

આવી અણધારેલી આફતોએ રાજસ્થાનનું નૂર ઉતાર્યું. આવા મોટા પ્રચંડ શરીર પર સ્થભેલું વ્યાધિ ગ્રસ્ત શોક ગ્રસ્ત, મસ્તિકે તેની યુવાઋતુમાંજ તેને જમીન દોસ્ત બનાવી દીધો. પ્રતાપની જીંદગીની છેલ્લી ક્ષણો તેનાં જીવનની ખરી ટીકા હોયની એવી હતી! તે જીવન તેણે એક કાર્થેજીયનની માફક પોતાનાં દેશનાં દુશ્મનોની હંમેશ સ્હામા રહેવાની પ્રતિજ્ઞા પાળવામાં સમાપ્ત

કર્યું. પરંતુ તે રજપૂત વીરને ન્યુમીડનાં હેમીલકરને જે પ્રસન્ન વદનથી ખાત્રી અપાઈ હતી તેવી આપી શકાઈ નહિ; કારણ કે તેની છેલ્લી ક્ષણોએ તેને દૃશ્ય આવતાં કે તેનું લક્ષ્ય તેનાં છોકરાથી પાર પડશે નહિ. ઉમ્રા કલંકીત એશારામ માટે તેની કીર્તિનો ભોગ આપશે. તેનાં જીવનનાં આ ચિત્રમાંથી આપણને ખરો કરૂણરસ મળે છે. નીચી જમીનપરનાં રહેઠાણ પર તે વીરને ચિતરવામાં આવ્યો છે. તેના શૂરા અને નામીચા સરદારો તે વેરાન છાવણી આગળ દોરવામાં આવ્યા છે. સલુંબ્રા રાજાએ રાજાની આવી અવસ્થા જોઈ પ્રશ્ન કર્યો કેઃ 'શાંતિથી આત્મા છોડવાને તમારા આત્માને શું દુઃખ થાય છે?' તેણે જવાબ વાળ્યો કે 'મને ખાત્રી આપો કે મારો દેશ એક પણ તુર્કની પાસે જાય નહિ.' અને મરવાની તૈયારી વખતે પોતાનાં છોકરા વિષેનો એક પ્રસંગ તેણે કહી બતાવ્યો. એ પ્રસંગ એ હતો કે પીશોલા નદીને કાંઠે તેનાં દુઃખનાં દહાડામાં પ્રતાપ અને તેનાં સરદારોએ વરસાદ અને તાપથી રક્ષણ કરવાને છાપરાં બાંધ્યા હતા. કુંવર ઉમ્રા બહાર જતો હતો તેવામાં તેને નીચું ઘર છે એવી સરત ન રહેવાથી છાપરાનો વાંસ એનાં મુગટમાં ભરાયો અને તેથી તેનો મુગટ પડી ગયો. આ પ્રસંગથી તેનાં મનમાં જે વિચારો આવ્યા ત્યારથી પ્રતાપને ખાત્રી થઇ ચૂકી હતી કે ઉમ્રાથી સ્વદેશને ખાતર નડતી મુશીબતો સહી શકાવાની નથી. એને મોટાં રહેઠાણો જોઇશે અને એ એશારામી થશે. મોજશોખ વધશે અને તેથી મેવાડ સ્વતંત્રતાભ્રષ્ટ થશે અને શૂરા સરદારો તમે પણ કુંવર જેવા થશો. ત્યારે તેનાં સરદારોએ બાપા રાવળનાં સોગન લઇ પ્રતાપને ખાત્રી આપી કે એમ કદી થવા નહિ પામશે.

આ પ્રમાણે પ્રતાપનાં જીવનનો હેવાલ જે દરેક સીસોદીઆ વીરને પ્રિય છે તે સમાપ્ત થાય છે. જે જુસ્સાથી ઈરાનીઓ ગ્રીસની સ્વતંત્રતા છીનવી લેવા અસંખ્ય અને ઝનૂની બળ સાથે ધસ્યા હતા તેનાં કરતાં પણ વધારે, પ્રતાપ કે જેણે મોગલનાં અસંખ્યા

દળ સ્હામે હંમેશ ઉઠાવ્યો હતો તેનો જુસ્સો હતો. આ બાબતની અનુકુળ સંજોગોમાં જેઓ રાજ્યોનાં ભાવિ પર અસર કરવા માંગતા હોય તેને ખાસ નોંધ લેવા જેવી છે. જો આ વખતે મેવાડને થ્યુસીડાઈડ્ઝ અગર ઝેનોફોન જેવા ઇતિહાસ કર્તા મળ્યા હોત તો "પેલેપોનેસસનાં યુદ્ધ અગર દશ હજાર ગ્રીક વીરોનું પાછા હઠવુ" વિગેરેનાં વૃતાંતોથી વધારે ચારિત્ર્યાત્મક લખાણ લખવા માટે ઇતિહાસ દેવીને મેવાડનાં પ્રતાપનાં સમયનાં તવારીખમાંથી સાહિત્ય મળ્યું હોત ! પાછું ન પડે એવુ શૌર્ય, અચલિત ધૈર્ય અને જે કીર્તિને હંમેશ જ્વલંત રાખે તે પરાક્રમ તથા ખંત તથા નિમકહલાલ સાથે આગ્રહ વિગેરે ગુણો લોભ, આલાકીપણું, અસંખ્ય બળ અને ઝનૂન આદિ ગુણોની વિરૂદ્ધ પડ્યા હતા. આ સર્વ એક અજીત મગજને જીતવાને નિષ્ફળ નિવડ્યું. અરવલ્લીમાં એકે જગ્યા એવી નથી કે જે પ્રતાપે પોતાના પરાક્રમ વડે પાવન ન કરી હોય. એ પરાક્રમી કામોમાં કેટલાંક જીતનાં તો કેટલાંક હારનાં પણ હતાં. હલદીઘાટ એ મેવાડનુ થરમાપીલી અને દેવર એ મારાથોનનુ મેદાન છે. (અર્થાત્ થરમાપીલી આગળ ગ્રીકોએ ઇરાનીની સામે લઢવામાં હાર ખાધી હતી અને મારાથોન આગળ ગ્રીકોએ ઇરાનીઓને હરાવ્યા હતા).

ચારણી ભાષામાં પ્રતાપનાં ગુણગાનો ગવાયાં છે. તેમાંનો એક દુહો 'મેવાડની જાહોજલાલી'માંથી મૂકીએ તો.—

"જનની જણ તો એડા[1] જણ, જેડા[2] રાણ પ્રતાપ.
અકબર સુતો ઉદ્રકે,[3] જાણ[4] સીરાણે[5] સાપ.
વાઈ[6] રાણ પ્રતાપે, બળતરમાં બરસી,[7]
જાણી ઢીમરરી[8] જાળમે, મેં કઢયો મસી.[9]"

આ પ્રમાણે પ્રતાપની અમરકીર્તિનું ગુણ ગાન થઇ રહ્યું. આપણે એનાં અસંખ્ય પરાક્રમો જોયા ને એની શૌર્યપ્રતિભા નિ-

૧ એવા ૨ જેવા ૩ ઝબકે ૪ જાણે ૫ ઓશીકે ૬ વેચી ૭ પરછી ૮ માછી ૯ માછલે.

હાળી, એનાં દુઃખો તરફ અણગમો બતાવ્યો. અને એની અડગ પ્રતિજ્ઞા પળાયલી જોઇ. ધન્ય છે આવા પ્રતાપને કે જેનાં પગલાથી મેવાડ ભૂમિ પાવન થઇ ! પૃથ્વીપર હજારો રાજ્યો, લક્ષો રાજાઓ જાહોજલાલીએ પહોંચ્યા પણ ખરા અને ગયા પણ ખરા એમ છતાં પ્રતાપાદિનાં યશોગાન હજી ગવાય છે એ તેઓનાં ધૈર્યની ફલશ્રુતિ. એજ તેઓની કીર્તિનો વારસો. આ પ્રમાણે બાપારાવળનાં વંશમાં મેવાડનાં સિંહ પ્રતાપ થઈ ગયા. પૃથ્વીરાજનો રાસો લખનાર **ચંદબારોટ** જેવો સમર્થ કવિ આ સમયે હોત તો પ્રતાપરાસો લખાત પરંતુ તે સમયે એવો કવિ ન હતો. પૃથ્વીપર શું અચળ રહે છે ? ક્યાં છે હાલ તે મોગલ શાહઆલમગીરીઓ ! ક્યાં છે હાલ તે બાબીલોનીઆનાં મિનારા તથા ઈટાલિનાં સાત ઘુમટનાં દહેરા સૃજાવનારાઓ ! પરંતુ કીર્તિ તણાં કોટડાં શું પાડ્યા પડે છે ?

ઈતિહાસનું એક મહાફળ એ છે કે ભૂત સ્થિતિ પરથી ભવિષ્યની તે ઉન્નત આશા બાંધતા શિખવે છે. અર્થાત્ મનુષ્યોને આશાવાદીઓ (Optimists) બનાવે છે. તો આ આશાનાં ફળરૂપ ભારત ઈતિહાસમાં બીજો એવા વીર ભવિષ્યમાં કેમ ન ઉદ્ભવે ! આવી આશાઓથી પૂર્વજોનું ગુણગાન ગાઈ વિરમવું એજ આપણું કર્ત્તવ્ય.

नाना फडनवीस.

अने

मराठानो शांतिनाद.

હિંદવીરો.

(રાજનીતિજ્ઞ વીર.)

પ્રકરણ છઠ્ઠું.

કુલદીપક થાવું કઠિન, દેશદીપક દુર્લભ;
જગદીપક જગદીશના, અંશી કોક અલભ્ય.

પ્રાચીન.

હરકોઈ પ્રજાનું હૃદય ઇતિહાસ છે. જ્યારથી મનુજસૃષ્ટિ ઉત્પન્ન થઈ ત્યારથી ઇતિહાસની શરૂઆત થઈ. ઇતિહાસ પ્રજાની ચઢતી પડતીની નોંધ લે છે અને તેથી ઇતિહાસમાં પ્રજાનાં હૃદય પ્રતિબિંબિત થાય છે. જે પ્રજાનો ઇતિહાસ ઝનૂન તથા સ્વતંત્રતા વાળો છે, તેપ્રજા ઝનૂની અને સ્વતંત્રતાપ્રિય હોય છે. પ્રાચીન ગ્રીસ રોમ, એબીલોન અનેઆર્યવર્ત્તનાં ઇતિહાસ આવા ગુણોથી ઉભરાય છે. ઈજીપ્તનાં પ્રાચીન ખંડેરો, ઇટાલિનાં યશસ્વી દૃશ્યો, મીસરનાં સ્મરણ મંદીરો, તે દેશોનાં ભગ્નહૃદયો છે એમ કહીએ તો ચાલે.

જે જે વીરોએ પોતાની વીરહાકોથી ઇતિહાસ ગર્જીત કર્યો

છે તેમનાં નામો સુવર્ણ અક્ષરે કોતરાયલાં છે. તેમની હાંકોનાં પડઘાઓ હજી આપણાં કર્ણોમાં પહોંચે છે તેમજ તેમનાં જીવનો તેમનાં કર્ત્તવ્યમાં ઓપી રહેલાં છે. ઇંગ્લાંડનાં લેટીમર (Latimer) અને રીડ્લી (Riddley), સ્કોટલાંડનો નોકસ (Knox), જીનોઆનો લ્યૂથર (Luther), ફ્રાન્સની તે ઝનુની ખેડુત કુમારિકા જૉન ઓફ આર્ક (John of Arc), હિંદની ચાંદબીબી તથા શૂરા રાણા પ્રતાપ વિગેરેનાં યશસ્વી નામ માત્રથી નવું રક્ત વહે છે. જે કર્ત્તવ્યો—જે દેશ સેવાનાં કાર્યો તેઓએ યુદ્ધ ભૂમીમાં કર્યાં હતાં તે પરાક્રમોનો અમર વારસો ચીરંજીવ છે. અંગ્રેજવીર નેલ્સનનાં શબ્દો "England expects everyman to do is duty" સંભારતા હજીએ તે પ્રજામાં નવો નીશો વહે છે જ્યારે ઘવાઈ તે સમરાંગણ ભૂમિપર પડયો ત્યારે તેણે કંઇક શબ્દો કર્ણે પડતાં સવાલ પુછયો કે 'Who run, sir' 'They, our enemies run, sir,' was the reply 'Then I die happy' exclaimed he વિગેરે તે હજી જેવાને તેવા ઉત્સાહયુક્ત છે. બ્રાહ્મણ તથા ગાયની રક્ષણ કરવાની શિવાજીની પ્રતિજ્ઞા, મોગલભ્રષ્ટાચાર અટકાવી કુળનું રક્ષણ કરવાનો મેવાડનાં પ્રતાપી મહારાણા પ્રતાપસિંહનો પ્રતાપ, આપણાં ઇતિહાસમાં હજી તરે છે. આ પ્રમાણે માનવ જીવનની તવારીખો ઇતિહાસમાં અમર રહે છે. કોઈ પણ પ્રજાને શૂરાતની રહેવા માટે તેમનાં પ્રજાનાં ચારિત્ર્યો ઘડવા માટે, શૂરોનાં જીવન ચરિત્રોનાં ઇતિહાસો તેમને હંમેશ શીખવાડવા જોઇએ. માટેજ ઇતિહાસ એક મહાન્ શિક્ષક છે.

હિંદનાં મરાઠા ઇતિહાસમાં 'નાના' નામથી મશહૂર ફડનવીસથી ભારત ઇતિહાસ રંગાયલો છે. બાલાજી જનાર્દન ઇતિહાસમાં રાજ્યની તવારીખો નોંધનાર Keeper of state records ઉર્ફે ફડનવીસ નામથી ઓળખાય છે. એ એક મોટો રાજકારભારી અને કાવાદાવા સમઝવામાં હુશીઆર યોદ્ધો હતો. અને

એણે તલવારને બદલે કલમથી લઢાઈ ચલાવી હતી ઇતિહાસમાં એની કારકીર્દિ ૧૭૬૩ ની સાલથી, માધવરાવ પહેલાનાં સમયથી ફડનવીસ ઓદ્ધાથી શરૂ થઈ. થોડા સમયમાં એની શક્તિ બ્હાર પડવા માંડી અને કસોટીએ ચઢતાં જેમ ખરૂં સુવર્ણ ઓળખાઈ આવે છે તેમ પેશ્વાઈ રાજ્યતંત્રની કસોટીપર ફડનવીસ ચઢતાં ખરૂં સુવર્ણ પરખાયું. ૧૭૭૨ માં માધવરાવ ૧ લાનું મરણ થયું અને તેના પછી તેનો ભાઈ નારાયણરાવ ગાદીએ બેઠો. નવમાસની ટૂંક મુદતમાં તેનાં કાકા 'રાઘોબા' ને લીધે તેનું મરણ થયું અને 'રાઘોબાએ' પોતે પેશ્વાપદ ધારણ કર્યું. આથી મરાઠાઓમાં હાહાકાર વર્તી રહ્યો અને અંધાધુંધીનું સામ્રાજ્ય ચાલવા માંડયું. પુનાનું પ્રધાન મંડળે એકઠાં થઈ માધવરાવના પુત્રનાં સહાયક મંડળ (Council of Regency) તરીકે કામ કરવા માંડયું અને આમાં ફડનવીસ અગ્ર બન્યો. રાઘોબાએ અંગ્રેજોને અરજ કરી અને 'સુરત' આગળ મુંબઈ સરકાર સાથે સલાહ કરી. અંગ્રેજોની મદદ માટે આતુર 'નાનાએ' ગવર્નર જનરલ વૅારન હેસ્ટીંગ્સ સાથે 'પુરંધર' મુકામે ૧૭૭૫ માં રાઘોબાનાં કાવતરાં ફોડવા માટે સલાહ કરી. આને લીધે પહેલો મરાઠા વિગ્રહ થયો. આ લઢાઈ દરમ્યાન ફડનવીસે કીંમતી સેવા બજાવી. એને લીધેજ મુંબઈ સરકારનાં લશ્કરને 'તળેગામ' આગળ અટકાવી શકાયું. 'સાલબાઈ' મુકામે ૧૭૮૨ માં સલાહ કરવામાં આવી. આ વખતે ફડનવીસ અંગ્રેજો સાથે યુક્તિ રમ્યો, અને સુલેહની શરતોપર સહી કરવાને વિલંબ કરવા લાગ્યો અને જ્યારે એનાં હેદરઅલ્લી સાથેનાં કાવાદાવા જાણવામાં આવ્યા ત્યારેજ મુશ્કેલીથી સહી કરી.

અઢારમાં સૈકામાં ઉત્તરમાં મહાદજી સીંધીયાનું સામ્રાજ્ય હતું ત્યારે પૂણામાં 'નાના' સર્વોપરી સત્તા ભોગવતો હતો. બંન્ને રાજવાહકો હતા. એક ઉમદા લઢાયક યોદ્ધો તો બીજો રાજ્ય ખટપટી યોદ્ધો હતો. આ બંન્ને યુવકો મહત્વાકાંક્ષી હતા અને એકબી

જાની હીલચાલ જોયા કરતા. સીંધીયાનો વિચાર સ્વતંત્ર રાજ્ય સ્થાપવાનો હતો પરંતુ નાનાનો વિચાર સઘળા મરાઠા નાયકોને પેશ્વાની હુકમત હેઠળ—સત્તા હેઠળ રાખવાનો હતો. પરંતુ સદ્ભાગ્યે ૧૭૯૪ માં મહાદજી સીંધીયા મરણ પામ્યા અને ભાવિ વિગ્રહ અટકયો.

મહાદજી સીંધીયાનાં જતાં નાનાનાં હાથમાં સામ્રાજ્ય સત્તા આવી અને નાનાની હુશીઆરી અને રાજ્ય પ્રજ્ઞાને લીધે સઘળા મરાઠાઓએ સાથે મળી નિઝામને 'કુર્દલા' આગળ એક સખત હાર ખવડાવી. આ વખતે નાનાની સત્તા સર્વોપરી બની. પરંતુ ભાવિ કોઈનાં હાથમાં નથી. लिखितमपि ललाटे प्रोञ्झितुम् को समर्थः । પ્રમાણે મરાઠાઓનું ભાવિ બદલાયું. આ ભાવિ બદલાવનાર એક અણધાર્યો પ્રસંગ હતો અને તે એકે માધવરાવ બીજાએ (પેશ્વાએ) નાનાની સત્તાથી કંટાળી બારીમાંથી પડતું મુકયું! આ કમનસીબ પ્રસંગ બન્યાબાદ નાનાની પડતીનાં બીજ રોપાયાં અને ગાદી માટે ફરીથી અંધાધુંધી શરૂ થઈ. આ અંધાધુંધીમાં નાનાનાં કટ્ટા શત્રુ રાઘોબાનો પુત્ર બાજીરાવ બીજો પેશ્વાની ગાદીએ આવ્યો. આ પ્રસંગોમાં નાનાની વર્તણુંક તપાસતાં અંગ્રેજ ઐતિહાસકો તાજુબ થઈ જાય છે અને એને "Maratha Machiavelli' નામ આપે છે. પરંતુ નવો પેશ્વા આ સર્વ ભૂલી ગયો. એ નાના તેમજ સીંધીયાની પડતીનાં પગલાં લેવા માંડયો. કમનસીબે સીંધીયા મારફતે નાનાને કેદ પકડાવ્યો અને અહમદનગર મોકલાવી દીધો!

પ્રિય વાંચક, પેશ્વાનાં સુકાની બનેલા નાનાની આ દશા જોઇ તું સંકોચાઈશ નહિ. વીરોને દુઃખો સહન કરવા એ તેમનું સ્વાભાવિક લક્ષણ છે અને ખરા સત્યનિષ્ઠ વીરોનો છુટકારો થયા સિવાય રહેતોજ નથી. પછી નવા પેશ્વાએ સીંધીયાને કેદ કરવા કોશિષ કરવા માંડી, પરંતુ તેમાં તે ન ફાવ્યો દસ લાખ રૂપીયા છુટકારાનું

દામ લઈ નાનાને મુક્ત કરવામાં આવ્યો અને પાછો તેને મુખ્ય પ્રધાનની પદ્દીએ નિમવામાં આવ્યો ! પરંતુ આ બનાવોથી તેની કક્ષા બદલાઈ અને ખટપટ વિમુક્ત થઈ તેનાં અવસાન ઈ. સ. ૧૮૦૦ સુધી તે નિશ્ચિંત જીવન ગાળવા લાગ્યો.

કાળા વાદળોમાં ઘેરાયલો ચંદ્રમાં જેમ બ્હાર આવતા વિશેષ પ્રકાશે છે તેમ મરાઠા કાવાદાવાઓનાં વાદળ હેઠળ સપડાયલો 'નાનો' જ્યારે છુટો થઈ બહાર પડતો ત્યારે તેનો બા'ર કંઈ જુદાજ હતો. કર્નલ પામર (Colonel palmer) લખે છે કે " With his death departed all the wisdom and moderation of the Maratha Government." તેણે દ્વીપ્રકારની વર્ણુણુક પ્રસંગોને લઈને વારંવાર વાપરી હતી. એમ છતાં એ એક ઐતિહાસીક વીર હતો અને એને લીધેજ પેશ્વાઈ હકુમત સર્વોપરી ટકી રહી હતી. એટલુંજ નહિ પરંતુ એનું ઝળહળતું સ્વદેશાભિમાન પ્રશંસનીય હતું અને એનોજ નીશો એનાં રગેરગમાં વ્યાપતો હતો. પોતાની પ્રજાની સેવા કરવી એજ તેનો અંતિમ ઉદ્દેશ હતો. કારણ કે એ સારી પેઠે કળી શકયો હતો કે સીંધીયા પોતાની હકુમત માટેજ પ્રયત્ન કરી રહ્યો હતો. આ કળી શકવાની તેની શક્તિ, પેશ્વાઈ સર્વોપરી બનાવવાનો તેનો અથાકશ્રમ, અને મરાઠામાં કુસુંપનું ઉચ્છેદન કરી સંપનાં રૂડાં ફળો ચખાડવાનો તેનો શાંતિનાદ એક વીરને છાજે તેવો હતો. આ બધું જોતાં તે મરાઠા ઈતિહાસમાં ડાહ્યો અને દીર્ઘદૃષ્ટિવાળો પુરૂષ ગણાય છે. અને તેની આ દીર્ઘદૃષ્ટિ તેનાં શત્રુઓ પણ વખાણતા. પરંતુ અંગ્રેજો સાથે તેનું વલણ કંઈક જુદાજ પ્રકારનું હતું. વેલેસ્લીનું સહાયકારી વિદેશી લશ્કર મરાઠારાજમાં રહે એ તેને વસમું લાગતું. તેનું વલણ ગ્રાન્ટ ડફ (Grnt Duff) નાં શબ્દોમાં કહીએ તો "He respected the English, admired their sincerity and the vigour of their government; but as political enemies no one regarded them with more jealousy and alarm."

તેનો આવો ભય પેશ્વાઇની નબળી પડી જતી સત્તાને લીધેજ ઉદ્‌ભવ્યો હતો. ગમે તેમ હો છતાં પણ સમય અને દેશ જોતાં નાનો એક ધીર હતો. એણે પેશ્વાઈ સુકાન ઘણી ગંભીરાઈ અને ડહાપણથી ખરી દિશામાં હંકાર્યું એજ એનાં ચતુરાઈ અને વીરત્વ! ધન્ય છે તે મરાઠા નરરત્ન નાના ફડનવીસને કે જેનાથી પેશ્વાઇ સત્તા સામ્રાજ્ય બની!!

વિશ્વવંદ્ય ભારતના મહાન કર્મવીર યોગી.



શ્રીકૃષ્ણ અર્જુન.

B. A. P. Works.



परमयोगी श्रीकृष्ण



अने

गीतोपदेश.

(દેવાંશી વીર.)

(પ્રકરણ સાતમું.)

"That great mystery of time, were there no other; the illimitable silent, never resting thing called Time, rolling, rushing on, swift, silent, like an all-embracing ocean-tide, on which we and all the Universe swim like Exhalations, like apparitions which are, and then are not: this is forever very literally a miracle; a thing to strike us Dumb,—for we have no word to speak about it. This Universe, ah me-what could the wild man know of it; what can we yet know? That is a Force, and thousand fold complexity of Forces; a Force which is not we. That is all; it is not we, it is altogether different from us. Force, Force, everywhere Force; we ourselves a mysterous Force in the centre of that. 'There is not a

leaf rotting on the highway but has Force in it: how else could it rot? Nay surely, to the Atheistic Thinker, if such a one were possible, it must be a miracle too this huge illimitable whirlwind of Force, which envelops us here; never-resting whirlwind, high as Immensity, old as Eternity. What is it? God's creation, the religious people answer; it is the Almighty god! Atheistic science babbles poorly of it, with scientic nomenclatures, experiments and what not, as if it were a poor dead thing, to be bottled-up in Leyden jars and sold over counters but the natural sence of man, in all times, if he will honestly apply his sense, proclaims it to be living thing, at an unspeakable, godlike thing; towards which the best attitude for us, after never so much science, is awe, devout prostration and humility of soul, worship if not in words, then in silence."

Carlyle. 'Heroes and Heroworship.'

ભારતવર્ષનાં પરમયોગી શ્રીકૃષ્ણનું દર્શન ભગવદ્‌ગીતામાં એક તત્ત્વજ્ઞ, કર્મોપદેષ્ટા અને દેવાંશી વીર તરીકે થાય છે. એઓ 'અચ્યુત' 'હૃષીકેશ,' 'કેશવ,' 'કૃષ્ણ,' 'ગોવિન્દ,' 'સખા,' 'માધવ,' 'જનાર્દન,' 'ગુડાકેશ,' 'વાર્ષ્ણેય,' 'મધુસૂદન' ઇત્યાદિ નામોથી સંબોધાયા છે. મહાભારતની કથાનાં પ્રણવ નાયક અને ગીતામૃતકુંપાનાં અમીરસ રેલવનાર શ્રીકૃષ્ણનાં પુનિત પગલાંથી ભારતવર્ષ પાવન થયેલો છે. એક નાયક

તરીકે, અર્જુન સખા તરીકે, અને છેવટે એક મહાન્ પરમયોગી તરીકેનો એમનો વારસો यावच्चंद्रदिवाकरौ અવિચ્છિન્ન રહેશે. ભગવદ્દગીતાનો અમૂલ્ય ખજાનો આપણને હંમેશ એમનું પવિત્ર નામ ઉચ્ચારાવે છે. એવો કયો આર્ય છે કે એમનાં પવિત્ર નામનાં ઉચ્ચારથી એનામાં નવું રક્ત ન વહે! આનંદાબ્ધિમાં ન ઝબૂકે!

કૃષ્ણકથા ઋગ્વેદમાં પણ દૃષ્ટિગોચર થાય છે. એમાં આપણને કૃષ્ણનાં બે નામ મળી આવે છે. એક અંગીરસ કુટુંબના ઋષિ તરીકેનું-જેણે ૮ માં મંડળનું ૮૬ મું સુક્ત રચ્યું હતું અને બીજું નામ ૮ માં મંડળનાં ૯૬ માં સુક્તનાં ૧૩-૧૫ સંગીતામાં એક સરદાર તરીકેનું, ૧૦૦૦ યોદ્ધા સાથે તૈયાર થઇ, અંશુમતી નદીનાં કિનારાપર ઇંદ્ર સાથે યુદ્ધ કરવા બહાર પડેલાનું છે. આ બન્ને, વાર્તામાં ઉતરી આવેલાં નામો છે. છાંદોગ્યમાં કૃષ્ણ નામ સાંપડે છે. શતપથ બ્રાહ્મણમાં વિષ્ણુની કથા છે અને પાછળથી એ કૃષ્ણ તરીકે ગણાયેલા છે. છાંદોગ્યમાં કૃષ્ણ, ઘોર અંગીરસનાં પુત્ર તરીકે જણાવેલાં છે. બુદ્ધનાં સાહિત્ય સુધી આવતાં, કૃષ્ણનું નામ અનાર્યવીર તરીકે જડે છે બૌદ્ધગ્રંથ સુત્ત પિતક (Sutta Pitaka) માં એમને અસુર તરીકે વર્ણવેલાં છે. ઇ. સ. પૂર્વે ૩૦૦ વર્ષપર ચંદ્રગુપ્તનાં દરબારમાં પાટલીપુત્રમાં જ્યારે મેઘેસ્થનીસ એલચી હતો ત્યારે એનું વર્ણન છે કે ' Herocles was worshipped in Mathura and kleitsobora (Krishnapura.)"

મહાભારતનાં પ્રણવ નાયક અને અર્જુનનાં પરમ સખા કૃષ્ણનો ઇતિહાસ વિશ્વવિદિત છે કૃષ્ણ વૃષ્ણિકુલોત્પન્ન વસુદેવ અને દેવકીનાં પુત્ર હતા અને નંદ યશોદાને ઘેર ઉછર્યા હતા. ગોકુળ મથુરા અને વૃંદાવનની ભૂમિ એમને પરમ પ્રિય હતી અને મુરલીનાં જાદુઇ સંગીતથી ગોપીકાનાં (ભકતનાં) ચિત્ત હરણ કર્યાં હતાં. રાસ એમનો અપૂર્વ વિલાસ હતો. એમનો મુરલીનો નાદ સાંભળવાને યમુનાજીનાં નીરો સ્થંભતા, મયૂરો નૃત્ય કરતાં અને સ્વર્ગીય લીલા ઝામતી!

મહાભારતનાં ગીતોપનિષદ્‌માં કૃષ્ણ એક પરમયોગી તરીકે પ્રત્યક્ષ થાય છે. અગીઆરમાં અધ્યાયમાં અર્જુનને એમનું વિરાટ્ દર્શન થાય છે. ગીતામાં કૃષ્ણની ભૂમિકા બહુ ઉંચી છે. વૃંદાવનનાં કૃષ્ણમાં બાળલીલા–રાસલીલા, તો ગીતામાં વર્ણવેલાં કૃષ્ણમાં યોગલીલા–વિશ્વલીલા દૃષ્ટિગોચર થાય છે. ભગવદ્‌ગીતામાં શ્રીકૃષ્ણ અંશાવતારી લેખાય છે. कौशितकी માં ઇંદ્ર અને પ્રદ્યુમ્નનો સંવાદ છે કે:—

'..............स होवाच प्राणोऽस्मि प्रज्ञात्मा तं ममायुरमृतमित्युपास्व आयुःप्रणः । प्राणो वा आयुः । प्राणः एवामृतम् ।' આમાં ગીતાનો સિદ્ધાંત (The Doctrine of the Logos) પ્રતીત થાય છે. પ્રબુદ્ધ થયલાં માણસમાં ઇશ્વર સાક્ષાત્કાર થાય છે અને એ સમજે છે કે ઇશ્વર અને પોતે એકજ છે અને તેથી તે પોતાને વિષે ઇશ્વર તરીકે બોલે છે. આજ પ્રમાણે ગીતામાં શ્રીકૃષ્ણનું પોતાનાં વિષેનું સંબોધન છે.

ચોથા અધ્યાયમાં અર્જુન શ્રીકૃષ્ણનાં દૈવી જન્મ વિષે શંકાશીલ બને છે અને પ્રશ્ન કરે છે કે:

अपरं भवतो जन्म परं जन्म विवस्वतः ।
कथमेतद्विजानीयां त्वमादौ प्रोक्तवानिति ॥

શ્રીકૃષ્ણ આ પ્રશ્નનું નિરાકરણ કરતાં કહે છે કે—

अजोऽपि सन्नव्ययात्मा भूतानामीश्वरोऽपि सन ।
प्रकृतिं स्वामधिष्ठाय सम्भवाम्यात्ममायया ॥

(ટીકા—आत्ममायया आत्मनः मायया, न परमार्थतः लोकवत (शं) ઇશ્વરી સત્તા એવી છે કે જે અશક્ય ભાસે છે તે શક્ય થાય છે.)

ઉપરનાં શ્લોક ઉપરથી જણાય છે કે તે સાધારણ અર્થમાં જન્મતા નથી, તે પોતાનાં આજુબાજુનાં વાતાવરણોથી બંધાતાં નથી પરંતુ તે પ્રકૃતિથી ઉંચી કોટીનાં છે.

વળી આત્માને આત્માથી નિહાળવાનું અને આત્મામાં મશગુલ થવાનું આપણને સદ્બોધવામાં આવ્યું છે. જુઓ—

यत्रोपरमते चित्तं निरुद्धं योगसेवया ।
यत्र चैवात्मनाऽऽत्मानं पश्यन्नात्मनि तुष्यति ॥

અને ૬-૨૦

आत्मौपम्येन सर्वत्र समं पश्यति योऽर्जुन ।
सुखं वा यदि वा दुःखं स योगी परमो मतः ॥ ૬-૩૨

તેમજ પરા અને અપરા પ્રકૃતિનું વર્ણન ૭ માં અધ્યાયમાં ૪-૫ શ્લોકોમાં છે. ૧૦ માં અધ્યાયમાં:—

विष्टभ्याहमिदं कृत्स्नमेकांशेन स्थितो जगत् । ४२

(હું મારા એક અંશથી આ બધું જગત્ વીંટીને (વ્યાપીને) રહ્યો છું).

વ્યકિત તરીકે એ સહસ્રો બલ્કે કોટી વસ્તુઓમાં જેમાં દૈવી ચૈતન્ય રહેલું છે તેમાંનાં તે એક છે. જુઓ—દશમાં અધ્યાયનાં ૨૦ થી ૪૨ શ્લોકો. અને પોતે વૃષ્ણીકુલનાં વાસુદેવ અને પાણ્ડવોમાંના ધનંજય રૂપ થઈ જાય છે. (૧૦—૩૭).

ઉપનિષદ્નાં ઋષિઓની માફક કર્ત્તા આપણને ઈશ્વરને આપણામાંજ શોધવાનું કહે છે અને જ્યારે આપણને તે ત્યાં સાક્ષાત્કાર થાય ત્યારે બહાર શોધવાનું કહે છે.

તેમજ શ્રીકૃષ્ણ કર્મનાયક બની અર્જુનને કર્મવીર બનાવવા વારંવાર સદ્બોધે છે કેઃ—

तस्माद्युध्यस्व भारत । (२–१८)
तस्मादुत्तिष्ठ कौंतेय युद्धाय कृतनिश्चयः । २–३७–४७
तस्मादसक्तः सततं कार्यं कर्म समाचर । ३–१९
कुरु कर्मैव तस्मात्त्वम् । ४–१५
मामनुसर युध्य च । ८–३७

આ પ્રમાણે પરમયોગી શ્રીકૃષ્ણ, કુરૂક્ષેત્રનાં ધર્મક્ષેત્રમાં સગા વહાલાંઓને સ્હામે લઢવા આવેલાં જોઇ દિગમૂઢ થયલા—વ્યામોહ પામેલાં અર્જુનનો વિષાદ ટાળવા માટે ગીતામૃતનું સીંચન કરે છે.

હવે આપણે વિશ્વગીય ગીતાનું સંક્ષિપ્ત અવલોકન કરીશું અને શ્રીકૃષ્ણ સ્થળે સ્થળે કેવોમાં ઉપદેશ કરે છે તે નિહાળીશુ અને આ સર્વ ઉપદેશમાંથી કયો ઉપદેશ ગીતાનો સિદ્ધાંત છે તે જોઈશું.

ગીતાનો પ્રથમ અધ્યાય ઉપદેશની ભૂમિકા છે. બીજા અધ્યાયમાં ૧૧–૫૩ શ્લોકમાં શ્રીકૃષ્ણ ઉપદેશ તરીકે સંબોધે છે અને ૫૬–૭૨ શ્લોકોમાં स्थितप्रज्ञः સ્હમજાવે છે. ત્રીજા અધ્યાયમાં જ્ઞાનયોગ અને કર્મયોગ અને તેનાં પ્રથક પ્રથક્ લક્ષણો સમજાવાયલાં છે. વળી ત્રીસમાં શ્લોકમાંઃ—

मयि सर्वाणि कर्माणि संन्यस्याऽध्यात्मचेतसा ।
निराशीर्निर्ममो भूत्वा युध्यस्व विगतज्वरः ३–३०

मयि सर्वाणि......संन्यस्य અવતારી અંશ તરીકે શ્રીકૃષ્ણને પ્રગટ કરે છે તેમજ ચોથા અધ્યાયનાં ૫–૧૪ શ્લોકોમાં પણ આજ સત્ય લક્ષ્યીગોચર થાય છે. વળી ચોથા અધ્યાયમાં ગીતાનો મહાન્ પ્રશ્ન કર્મયોગ—કર્મમીમાંસાશાસ્ત્ર ૧૭–૨૩ શ્લોકોમાં ચર્ચાય છે અને ૨૪–૩૧ શ્લોકોમાં જ્ઞાનયોગનું કથન છે.

પાંચમાં અધ્યાયમાં પણ કર્મયોગની સમજુતી ચાલુ છે.

છઠ્ઠા અધ્યાયમાં ‘ યોગી ’ નાં લક્ષણો ગણાવાય છે અને સાતમાં અધ્યાયમાં સાંખ્યદર્શન થાય છે.

જુઓઃ—ભગવાન્ કહે છે કેઃ

मत्तः परतरं नान्यत्किञ्चिदस्ति धनञ्जय ।
मयि सर्वमिदं प्रोतं सूत्रे मणिगणा इव ॥ ७–७

અને ૧૦-૩૦ શ્લોકોમાં પોતે અવતારી પુરૂષ તરીકે સંબોધે છે. આઠમાં અધ્યાયમાં યોગશાસ્ત્રનું પ્રતિપાદન છે. નવમાં અધ્યાયમાં ભૂતમહેશ્વર દૈવીપ્રકૃતિ વાળા છે. દશમાં અધ્યાયમાં लोकमहेश्वर રૂપે છે અને વેદાંત વચન एकस्यां बहुनो प्रजायेय । સ્હમજાવે છે. વળી પોતે शाश्वतः पुरुषः છે. તેમજ पुरुषोत्तमः શબ્દનો પ્રયોગ કરેલો છે. ૩૮-૪૨ શ્લોકોમાં વિભૂતિ સ્હમજાવેલી છે. અગીઆરમાં અધ્યાયમાં ઇશ્વર સ્વરૂપ દર્શન થાય (૧૦-૩૪) અને અર્જુન કહે છે કેઃ—

त्वमक्षरं सदसत्तत्परं यत ॥ ३७ ॥

અને શ્રી કૃષ્ણ जगतः पिता છે.

બારમાં અધ્યાયમાં શ્રીકૃષ્ણ परमेश्वर તરીકે પ્રગટ થાય છે જુઓ (૨-૭-૮-૯-૧૦-૧૪-૧૫-૧૭-૨૦ શ્લોકો). તેરમાં અધ્યાયમાં क्षेत्रक्षेत्रज्ञविभाग અને न सत् અને न असत् લક્ષણો સમજાવેલાં છે. ચૌદમાં અધ્યાયમાં गुणत्रयविभाग અને તેનાથી પ્રવર્તમાન લીલા વિસ્તારાયલી છે. પંદરમાં અધ્યાયમાં पुरुषोत्तमयोगः નું કથન છે. અને श्रद्धात्रयविभाग નું સ્ફુટીકરણ છે. અઢારમાં અધ્યાયનાં છઠ્ઠા શ્લોકમાં અર્જુનને કહે છે કે 'આ કર્મ તું સંગ અને ફળની આસક્તિ વિના કર' તેમજ ૨૦ માં શ્લોકમાં કહે છે કેઃ-

सर्वभूतेषु येनैकं भावमव्ययमीक्षते ।
अविभक्तं विभक्तेषु तज्ज्ञानं विद्धि सात्त्विकम् ॥

સર્વમાં મારૂં એકજ ચૈતન્ય વ્યાપ્ત રહેલું છે. ૫૬ માં શ્લોકમાં કથન છે કે 'મારે શરણુ રહીને હંમેશ સર્વ કર્મ કરનારો મારા પ્રસાદથી 'शाश्वतं पदम्' સંપાદન કરે છે. ૬૧ માં શ્લોકમાં ઇશ્વરી માયાનું કથન છે અને ૬૫-૬૬ શ્લોકમાં શ્રીકૃષ્ણ અર્જુનને અભય વચન આપે છે કે 'બધા ધર્મ છોડીને તું મારે શરણે આવ હું તને બધા પાપથી મુક્ત કરીશ. તું શોક કરીશ નહિ.' આ સર્વ ઉપદેશથી અર્જુનમાં ફરીથી વીર્યનો ઝરો વહે છે. ક્ષત્રી

પણું પ્રગટ થાય છે. કાયરપણું ધ્વસ્ત થાય છે અને છોડી દીધેલાં ધનુષ્બાણ તે ગ્રહણ કરે છે. અર્થાત્ જ્ઞાનરૂપી દૈવી ચક્ષુ ઉઘડતાં એ કર્તવ્યશૂર બને છે અને ઉચ્ચારે છે કેઃ—

नष्टो मोहः स्मृतिर्लब्धा त्वत्प्रमादान्मयाऽच्युत ।

છેવટે વ્યાસ 'શ્રી કૃષ્ણ' અને અર્જુનનાં પવિત્ર નામનાં ઉચ્ચારથી ગીતોપનિષદ્ સમાપ્ત થાય છે. વ્યાસજી અભય વચન આપે છે કેઃ

यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः ।
तत्र श्रीर्विजयो भूतिर्ध्रुवा नीतिर्मतिर्मम ॥

આ પ્રમાણે ગીતોપદેશ વિધવિધ પ્રકારે ચર્ચાયેલો છે. પરંતુ મહાભારતમાં 'ગીતાકાણ્ડ' દાખલ કરવાનો વ્યાસનો અંતિમ હેતુ સ્હમજવો આવશ્યક છે. અને એ સ્હમજવા માટે સ્થળ સમય જાણવું ઉચિત છે.

સર્વ કોઈ જાણે છે કે ઈ. સ. ૫૦૦૦ વર્ષ પૂર્વે ધર્મક્ષેત્ર કુરૂક્ષેત્રમાં પાણ્ડવ કૌરવ વચ્ચેનું યુદ્ધ થએલું. તેમાં અર્જુનને-વિષાદ ટાળવા માટે શ્રીકૃષ્ણે ગીતાનું પાન કરાવેલું. અર્જુન જે પ્રસંગ માટે આતુર હતો, જેણે દુશ્મનોનું વેર લેવાને અથાક પ્રયાત્નો-નિરંતર તપ કરી, પાશુપતાદિક દૈવી શસ્ત્રો સંપાદન કર્યાં હતાં તેનો જ્યારે સમય આવ્યો, બંન્ને લશ્કરો કુરૂક્ષેત્રપર સ્હામસ્હામે લઢવા ઉભા રહ્યા ત્યારે પોતાને શ્રેષ્ઠ માનતો ગર્વિષ્ઠ યોદ્ધો અર્જુન, શ્રીકૃષ્ણને કહેવા લાગ્યો કે 'હે અચ્યુત, તું મારો રથ સેનાની વચમાં સ્થાપન કર!' શ્રીકૃષ્ણ વિશ્વપિતા પોતે સારથી હતા. પરંતુ અર્જુનનાં આ પ્રશ્નથી હદ બ્હાર જતો એનો ગર્વ જણાય આવતો હતો. શ્રીકૃષ્ણે અનુપમ યોગ કર્યો, અને અર્જુનનો રથ તેનાં હુકમ પ્રમાણે લઈ ગયા. પરંતુ શ્રીકૃષ્ણની અનુપમ લીલાથી અર્જુનમાં વિષાદ જન્મ્યો. એ શૂરાતની મટી કાયર થઈ ગયો. સગા સંબંધીનો સ્નેહ યુદ્ધ ભૂમિપર સબળ થયો અને ગદ્ગદ્ કંઠે એ કહેવા લાગ્યો કેઃ

सीदन्ति मम गात्राणि मुखं च परिशुष्यति ।
वेपथुश्च शरीरे मे रोमहर्षश्च जायते ॥

એટલુંજ નહિ પરંતુ હે કેશવ ગાણ્ડીવ પણ મારા હસ્તમાંથી (હું કાયર થઈ ગયો છું એમ જાણી) પડી જાય છે અને મારૂં મન ભ્રમિત થઇ જાય છે. અર્જુનનું શાતન ક્યાં! અને તેની આ દશા શી!! યુદ્ધિભૂમિને પ્રસંગ શો! અને અર્જુનનું આ રૂદન શું !! એને ગર્વ એકદમ ઉતરી ગયો. શ્રીકૃષ્ણે આ સર્વ જોયું અને ગીતાપદેશદ્વારા એને પુનર્જાગૃત કર્યો. મહાન્ પુરૂષની આવી દશામાં વિશ્વોદ્ધારનો અમૃતરસપૂર્ણ પાઠ સુઝાયો અને આખા વિશ્વને લાભ થયો. આ પ્રમાણે ગીતાપદેશનાં સ્થળ સમય બરાબર ઉચિત કલ્પેલાં છે.

હવે આપણે બીજા પ્રશ્નપર આવીશું તે એકે ગીતા કયા મુખ્ય ઉપદેશપર રચાયલી છે અથવા ગીતાનું મુખ્ય કેંદ્ર શું છે? આ પ્રશ્નપર વિધવિધ પ્રકારની ચર્ચા થયલી છે. લોકમાન્ય ટીળક પોતાનાં અપ્રતિમ ગ્રંથ 'ગીતા રહસ્ય'માં પ્રતિપાદન કરી પૂરવાર કરે છે કે ગીતા કર્મયોગ શાસ્ત્ર છે અને કર્મ એ ગીતાનો મુખ્ય ઉપદેશ છે. શાસ્ત્રીયપક્ષ કહે છે કે ગીતામાં ભક્તિયોગ પ્રધાન છે તો ઇતર પક્ષ માને છે કે જ્ઞાનયોગજ સર્વથા શ્રેયસ્કર છે. એ ગમે તે હો તો પણ સ્થળસમય જોતાં પ્રથમ અભિપ્રાય સર્વોત્કૃષ્ટ જણાશે અને આનાં સબળ પૂરાવા એમનાં ગ્રંથમાં અપાયલાં છે. ગીતાનું આખું કેંદ્ર

अव्यक्तादीनि भूतानि व्यक्तमध्यानि भारत ।
अव्यक्तनिधान्येव तत्र का परिदेवना ॥ २–२८

सुखदुःखे समे कृत्वा लाभालाभौ जयाजयौ ।
ततो युद्धाय युज्यस्व नैवं पापमवाप्स्यसि ॥ २-३८

આ શ્લોકોનાં સારાંશપર રચાયલું છે. આંગ્લ કવિ શેકસપીઅર પણ કથે છે કે :—

"We are such stuff
As dreams are made of
And our little life is rounded with a sleep."

અને જ્યારે સુખ અને દુઃખ સરખાં ગણાય, લાભ અને અલાભ એકજ લેખાય ત્યારે પાપવૃત્તિ રહીજ કયાં ? અને એવું કાર્ય બજાવતા પાછા હઠવું શું ? સ્વાર્થ વગરનું અહંકાર ત્યજી કર્મ કરવું એજ નિષ્કામ કર્મ અને એજ કર્મ સર્વથા શ્રેયસ્કર છે. ગીતા સર્વ ગ્રંથોનું દોહન કરે છે. સાંખ્યથી શારિરીક શાસ્ત્ર સમજાવે છે અને યોગથી ચિતવૃત્તિ સ્થિર કરે છે. જ્ઞાનથી સિદ્ધિ મેળવવા અને કર્મથી જીવન્મુક્ત થવા કથે છે. આ પ્રમાણે કર્મવિપાક અને આત્મસ્વાતંત્ર્યનાં સિદ્ધાંતો ગીતામાં લક્ષ્યીગોચર થાય છે.

શાસ્ત્રીયપક્ષ કહે છે કે ગીતામાં જ્ઞાનમાર્ગ શ્રેષ્ઠ વર્ણવેલો છે. ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुते ऽर्जुन । અને સર્વ શાસ્ત્રોનાં વચનો પણ આવાજ છે. कर्मणा बध्यते जंतुः विद्यया च प्रमुच्यते । ज्ञात्वा देवं मुच्यते सर्वपाशैः । क्षीयंते चास्य कर्माणि तस्मिन्दृष्टे परावरे । विद्ययामृतमश्नुते । तमेव विदित्वाऽति मृत्युमेति नान्यः पन्था विद्यतेऽयनाय ॥ વિગેરે અનેક વચનો જ્ઞાનને શ્રેષ્ઠ ગણે છે. તો પણ સંપૂર્ણ જ્ઞાન થયા પછી સંસારી સાધુને કર્મ તો કરવાનું બાકી રહે છે. અને કર્મ વગર તો શરીર યાત્રા પણ સિદ્ધ થઈ શકતી નથી તો ફરજ બજાવવામાં વ્યામોહ શો એજ અર્જુન પ્રતિ શ્રીકૃષ્ણનો ઉપદેશ છે. મહાભારતમાં પણ કહેલું છે કે ' ज्ञानेन कुरुते यत्नं यत्नेन प्राप्यते महत् । જ્ઞાન એટલે માનસિક અવસ્થારૂપી જ્ઞાન પ્રાપ્ત થયા પછી મનુષ્ય યત્ન કરે છે અને યત્નદ્વારાજ તેને આખરે મહત્ત્વ (પરમેશ્વર) પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે જનકે સુલભાને કહેલું છે (શાં-૩૨૦, ૩૦) નિષ્કામ કર્મયોગનો મુખ્ય માર્ગ ગીતામાં કહ્યા પછી તેની સિદ્ધિને માટે યોગ શીખવાડેલો છે અને પરમેશ્વરનું આ જ્ઞાન, કર્મયોગ આચરતાં આચરતાંજ અધ્યાત્મ

વિચારથી અથવા તેથીપણ સુલભ એવા ભક્તિમાર્ગથી કેવી રીતે થાય છે તે કહેવામાં આવેલું છે. આ પ્રમાણે ગીતા વિધવિધ જ્ઞાનનો ભંડાર અને સર્વ શાસ્ત્રનું દોહન છે.

सर्वोपनिषदो गावो दोग्धा गोपालनन्दनः ।
पार्थो वत्सः सुधी र्भोक्ता दुग्धं गीतामृतं महत् ॥

આવો ગીતાનો અપ્રતિમ ગ્રંથ છે. હવે આપણે શ્રીકૃષ્ણે સમજાવેલા જુદા જુદા શાસ્ત્રોનાં નિરીક્ષણ કરીશું.

१. भगवद्गीता अने योगशास्त्र.

ગીતા એક યોગ શાસ્ત્ર છે. योगः कर्मसु कौशलम् । યોગમાં કર્મનો સવાલ, કર્મની પ્રકૃતિ, કર્મનું બન્ધન અને કર્મની મુક્તિ વિગેરે પ્રશ્નોનો સમાવેશ થાય છે. યોગ એટલે नैष्कर्म એ હિંદુ મત છે અને ગીતા કથે છે કે:—

अनाश्रितः कर्म फलं कार्यं कर्म करोति यः ।
स सन्यासी च योगी च न निरग्निर्न चाक्रियः ॥ ६—१

"Right activity is co-operation with Ishvara, with the Logos of the Universe; that is the highest path and to that all training, all effort, inevitably must tend—co-operation with the Divine Will, acting in harmony with the will that works most wisely for the superme God."

કૃષ્ણ વારંવાર ઉપદેશે છે કે 'હે અર્જુન તું યુદ્ધ કર' અને શીખવે છે કે ખરૂં કર્મ દરેકે કરવુંજ જોઈએ. યોગ એટલે કર્મમાં નિપુણતા. અને કર્મ અકર્મ કરતાં શ્રેયસ્કર છે. કર્મનો સ્વભાવ બન્ધન યુક્ત થવાનો છે. પરંતુ બ્રહ્માર્પણ કરેલું કર્મ બંધનયુક્ત થતું નથી. એક પરમેશ્વરનાં દર્શનમાં સર્વ સ્વરૂપ જોવાં એ યોગ છે અને આને आत्मयोग કહ્યો છે.

इहैकस्थं जगत्कृत्स्नं पश्याद्य सचराचरम् ।
मम देहे गुडाकेश यच्चान्यद्द्रष्टुमिच्छसि ॥

અને એ આત્મયોગ દીવ્ય ચક્ષુ ખોલવાથી સધાય છે.

न तु मां शक्यसे द्रष्टुमनेनैव स्वचक्षुषा ।
दीव्यं ददामि ते चक्षु पश्य मे योगमैश्वरम् ॥

યોગી તે જ કે જે સુખ દુઃખ સરખા ગણે, આત્મસંતુષ્ટ રહે. તે કર્મથી મુક્ત છે, સર્વને સમાન ગણે છે અને આત્મામાં વિભુનું પ્રતિબિંબ પાડી શકે છે. તે યોગી, જ્ઞાની, ભક્ત અને કર્ત્તાથી પણ ચ્હડતો છે.

सत्. चित् અને आनन्द–ब्रह्म છે અને પ્રજ્ઞામાં ज्ञान, क्रिया અને इच्छा નો સમાવેશ થાય છે. सत्व रजस् અને तमस् એ ત્રણ ગુણો છે.

યજ્ઞ માટે કરેલું કર્મ બન્ધનવાળું થતું નથી. यज्ञार्थात् कर्मणोऽन्यत्र लोकोऽयं कर्मबन्धनः । કર્મનાં બે માર્ગો છે. प्रवृत्तिमार्ग અને निवृत्तिमार्ग. प्रवृत्तिमार्ग નાં પ્રકાર નીચે પ્રમાણે છે.—

प्रवृत्तिमार्गः

इच्छा	ज्ञानम्	क्रिया
सन्यासयोग	बुद्धियोग	कर्मयोग
Yoga of renunciation	Yoga of Discrimination	Yoga of Sacrifice

निवृत्तिमार्गः

भक्ति	ज्ञानम्	यज्ञ
Devotion	Knowledge	Sacrifice

ગીતામાં યોગશાસ્ત્રમાં ગણાવેલી વિભૂતિ સ્વીકારતી નથી. ગીતામાં વિભૂતિ દસમાં અધ્યાયનાં વર્ણન પ્રમાણે પરમેશ્વરનાં સ્વરૂપો (Manitestions of God) છે. યોગશાસ્ત્ર પ્રમાણે યોગ એટલે પરમેશ્વર સાથેની એકતા છે અને ગીતા પ્રમાણે प्रकृति અને તેની લીલાથી અસમાનતા ઉદ્‌ભવે છે. આ બધા ભેદોમાં એક સત્ય વસેલું છે. પતંજલી યોગ એટલે चित्तनिरोधः કહી વર્ણવે છે. એટલુંજ નહિ પરંતુ એમાં धारणा અને ध्यान નો પણ સમાવેશ થાય છે. પતંજલીનાં મત પ્રમાણે પ્રકૃતિમાંથી ચિત્ત ખેંચી લેવું અર્થાત્ व्यतिरेक માર્ગ સ્વીકારયલો છે. ગીતામાં આ પ્રથમ માર્ગ છે અને अन्वय માર્ગથી તે સધાય છે.

कथोपनिषद् માં યમ, નચિકેતાને સાંખ્ય અને યોગ શીખવે છે અને ત્યાં યોગનો અર્થ કર્તા કર્મનો વિવેક અને એક પરમાત્મા-પર ચિત્તની એકાગ્રતા સાધવાનો છે. श्वेताश्वेतर उपनिषद् માં પતંજ-લીનોજ યોગ કથેલો છે.

ગીતામાં યોગનાં બે માર્ગ વર્ણવાયલાં છે. એક ભક્તિમાર્ગ અને બીજો પ્રવૃત્તિમય યોગ. પ્રથમ માર્ગ બ્રહ્મની એકતા છે. બીજા પ્રમાણે પ્રભુની માફક વર્તવું અર્થાત્ निष्काम कर्म કરવું અને તેથી કૃષ્ણને योगेश्वर નામથી સંબોધવામાં આવ્યા છે.

> योगस्थः कुरु कर्माणि संगं त्यक्तवा धनंजय ।
> सिद्धासिद्धयोः समो भूत्वा समत्वं योग उच्यते ॥

શ્રીકૃષ્ણ આ બે માર્ગો કથે છે:

> लोकेऽस्मिन् द्विविधा निष्ठा पुरा प्रोक्ता मयानघ ।
> ज्ञानयोगेन सांख्यानां कर्मयोगेन योगीनाम् ॥

ત્રીજા, ચોથા અને પાંચમાં અધ્યાયમાં यम, અને नियम, આગ્રહ પૂર્વક શીખવાડવામાં આવ્યા છે અને ૧૪-૧૫ અને ૧૮ અધ્યા-

યોમાં તેનું ઉપલક સંબોધન છે. प्राणायम પર વધું ધ્યાન આપવામાં આવ્યું નથી પરંતુ સાધારણ વિવેચન છે. જુદા જુદા પ્રકારનાં યજ્ઞો ગણાવતાં શ્રીકૃષ્ણ ચોથા અધ્યાયમાં કથે છે કેઃ

अपाने जुह्वति प्राणं प्राणेऽपानं तथापरे ।
प्राणापानगती रुद्ध्वा प्राणायामपरायणाः ॥

અને છઠ્ઠા અધ્યાયમાં प्रत्याहार, धारणा, ध्यान અને समाधि પર પણ વિવેચન છે. કદાચ ને સર્વ બ્રહ્મચારિવ્રત ધારણ કરી સંન્યસ્ત ગ્રહે એ મટાડવા માટે તેઓ કથે છે કેઃ—

आत्मसंस्थं मनः कृत्वा न किंचिदपि चिन्तयेत् ।

અને આ સર્વનું પરિણામ એ થાય છે કે જે

सर्वभूतस्थमात्मानं सर्वभूतानि चात्मनि ।
ईक्षते योगयुक्तात्मा सर्वत्र समदर्शनः ॥

તે સમદર્શન સંપાદન કરી શકે છે.

વળી શ્રીકૃષ્ણ અર્જુનને સંબોધે છે કે.—

आत्मौपम्येन सर्वत्र समं पश्यति योऽर्जुन ।
सुखं वा यदि वा दुखं स योगी परमो मतः ॥

આ પ્રમાણે ગીતાનો પરમયોગ પરમયોગી શ્રીકૃષ્ણે કથેલો છે.

હવે આપણે પતંજલીયોગ વિચારીશું. સાંખ્યનાં અધિષ્ઠાતા કપિલમુની જ્ઞાનથી વિરમે છે; પરંતુ પતંજલી એ૫ર નવું શાસ્ત્ર રચે છે. પૂર્ણ જ્ઞાન સંપાદન કરવા માટે 'साधन' ની જરૂર છે અને તેથી પતંજલીયોગ सेश्वर सांख्य કહેવાય છે. તે કહે છે કે

इश्वरः प्रणिधानाद् वा ।

અને યોગની વ્યાખ્યા चित्तवृत्तिनिरोधः આપે છે.

चित्तः—मनस्, बुद्धि અને अहंकार થી બને છે. જ્યારે માનસિક બાહ્યવૃત્તિઓ બંધ થાય છે ત્યારે એ દશા સંપાદન કરી શકાય છે.

तदा द्रष्टुः स्वरूपे ऽवस्थानम् ।

અને આ દશામાં તે દૃષ્ટા-પુરૂષ પોતાનું ખરૂં સ્વરૂપ જોઈ શકે છે.

યોગનાં અંગ આ પ્રમાણે છેઃ--

"यम, नियम, आसन, प्राणायाम, प्रत्याहार, धारणा, ध्यान અને समाधि.

આ બે યોગ જોતાં ગીતાનો યોગ વધારે સુલભ અને સરળ છે અને તે યોગનું આવું અગમ્ય સ્વરૂપ શ્રીકૃષ્ણે અર્જુનને દાખવ્યું છે. માટેજ શ્રીકૃષ્ણ યોગેશ્વર કહેવાયલા છે.

ગીતાનો નૈતિક સિદ્ધાંત આધ્યાત્મિક જ્ઞાન અને સદ્વર્તન છે. આધ્યાત્મિક જ્ઞાનથી ब्रह्मस्थिति, ब्रह्मसंस्था, ब्रह्मभाव. ब्रह्मनिर्वाण મેળવી શકાય છે. ગીતાનાં પ્રણેતા સાંખ્યવાદ મૂકી દે છે અને કર્મસિદ્ધાંત વેદાંતવાદ પર રચે છે.

"The doctrine takes in the Gita the form of transcendent Brahman untouched by Nature's changes and yet determining them" (સીતાનાથ તત્ત્વભૂષણ).

અને આ કર્મો બ્રહ્માર્પણ કરવાનાં છે. વળી ડાહ્યા પુરૂષોને શ્રીકૃષ્ણ સદ્બોધે છે કે ભલે અજ્ઞાની લોક ગમે તે પ્રકારે કર્મ કરે પરંતુ જો ઉચ્ચ આશય હોય તો અરૂચિકર નથી.

न बुद्धिभेदं जनयेदज्ञानां कर्मसंगिनाम् ।

અને જે કરવું તે ઇશ્વર પ્રીત્યર્થ કરવું.

यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत् ।
यत् तपस्यति कौंतेय तत्कुरुष्व मदर्पणम् ॥

અને તેથી कर्मषट्क અધ્યાયોમાં અર્જુનને શ્રીકૃષ્ણ ઉપદેશે છે કે

हतो वा प्राप्स्यति स्वर्गं जित्वा वा भोक्ष्यसे महिम् ।

तस्मादुत्तिष्ठ कौन्तेय युद्धायकृतनिश्चयः ॥

અને છેવટે કહે છે કે

स्वे स्वे कर्मण्यभिज्ञः संसिद्धिं लभते नरः ।

૨. गीताभक्तिवाद અને वैष्णव भक्तिमार्ग—

ગીતાનો ભકિતસિદ્ધાંત भेदाभेदवाद છે. જેટલો વખત અમુક જ્ઞાનિ છે તેટલો વખત તે मायावादी છે અને જેટલો વખત તે જ્ઞાનનો ભોક્તા છે તેટલો વખત તે ભકત છે. ગીતાનો ભકિતમાર્ગ ઉપનિષદ્‌નો સિદ્ધાંત છે. અગમ્ય પરમાત્મા તરફની ભકિત જ્ઞાન, विद्या, योग, दर्शन અને उपासना દ્વારા સધાય છે. આત્માની માફક તેની ઉપાસના થવી જોઇએ.

आत्मानमेव प्रियमुपासीत ।

આજ સત્ય ઉપનિષદ્ પણ શીખવે છે. સાધ્યનો ખરો અર્થ જાણવો એ ભકિતમાં જરૂરનું છે. ગીતાનાં પ્રણેતાને આ સત્ય બરાબર પ્રતીત થયલું છે. અને તેને આ અગમ્ય–અલક્ષ્ય પૂજાનું પાત્ર બને છે. જુઓ છઠ્ઠા અધ્યાયમાં

आत्मसंस्थं मनः कृत्वा न किंचिदपि चिंतयेत् ।

अन्वय प्रणालि (Method of Synthesis) અગીઆરમાં અધ્યાયમાં શીખવેલી છે. અને પૂજકે ઈશ્વરને વિશ્વરૂપ માની પૂજવાના છે. પછી સવાલ ઉદ્‌ભવે છે કે योगवित्तमाः કોણ છે? અને તેથી પ્રત્યુત્તર છે કેઃ—

क्लेशोऽधिकतरस्तेषामव्यक्तासक्तचेतसाम् ।
अव्यक्ता हि गतिर्दुःखं देहवद्भिरवाप्यते ॥

વૈષ્ણવ સંપ્રદાય પ્રમાણે ભકિત બે પ્રકારની છે. वैदी અને रागानुगा અને આ બીજા પ્રકારનાં પાંચ પ્રકાર છે. शांत, दास्या, सख्या, वात्सल्य અને मधुर, ઉદાહરણો शनक, मनन्द, सनत्कुमार, વિગેરની ભકિત શાંત છે. उद्धव, भीष्म, विदुर અને परीक्षित વિગેરેની ભકિત–दास्या પ્રકારની છેઃ—

अर्जुन, सुदामा અને सुबल ની ભકિત 'सख्या' પ્રકારની છે. અને नन्द, यशोदा, वसुदेव, देवकी વિગેરેની ભકિત वात्सल्य પ્રકારની છે અને ગોપીકાઓનો કૃષ્ણપ્રતિનો અનુરાગ मधुर છે.

વળી.

'The trinity is not a greater mystery than monotheism of our Rishis which say of God."

'एको वशी सर्वभूतान्तरात्मा
एकं रुपं बहुधा यः करोति ।
तमात्मस्थं येऽनु पश्यति धीर
स्तेषां सुखं शाश्वतं नेतरेषाम् ॥

३ गीता અને वेदांत

ગીતામાં વેદાંતવાદ લક્ષ્યીગોચર થાય છે. વ્યકિત અને સૃષ્ટિ સાથેની બ્રહ્મની એકતા નીચે પ્રમાણે વર્ણવાયલી છે.—

अहमात्मा गुडाकेश सर्वभूताशयास्थितः ।
अहमादिश्च मध्यश्च भूतानामन्त एव च ॥

ગીતામાં બ્રહ્મ આ ભૌકિતક સૃષ્ટિનાં ઉત્પાદક છે. તે કહે છે કે

'मयि सर्वमिदं प्रोतं सूत्रे मणिगणा इव ॥ ७—७

विष्टभ्याहमिदं कृत्स्नमेकांशेन स्थितो जगत् । ९—४२

ગીતામાં બંન્ને પ્રકારનાં બ્રહ્મ વર્ણવાયલાં છે सगुण અને निर्गुण. પરંતુ सगुणब्रह्म પર વિશેષ કથન છે. આ પ્રકારનું જ્ઞાન ૧૦ ૧૧-૧૨ અધ્યાયમાં છે. દસમાં અધ્યાયમાં प्रतिक उपासना પર લક્ષ દોરેલું છે. અગીઆરમો અધ્યાય આધ્યાત્મિક જ્ઞાનનો ભંડાર છે. અને બારમાં અધ્યાયમાં सगुण उपासना કથેલી છે અને આ અધ્યાયમાં ભકિત સમજાવાયલી છે. लक्ष्य અને अलक्ष्य નો ભેદ ૧૫ માં અધ્યાયમાં બતાવેલો છે. શ્રીકૃષ્ણ કહે છે કે:—

ममैवांशो जीवलोके जीवभूतः सनातनः ।

मनः षष्ठानीन्द्रियाणि प्रकृतिस्थानि कर्षति ॥

અને મુકિતની સ્થીતિ પણ વર્ણવેલી છે.

न तद्भासयते सूर्यो न शशाङ्को न पावकः ।

यद्गत्वा न निवर्तन्त तद्धाम परमं मम ॥

ગીતાનું ज्ञान लक्ष्य "अभेदः परामात्मानि" છે.

"This is the Hegalian principle of the identity of the contraries, of the unity of differences, which has brought upcn itself so much derision from shallow minds in Europe but it would be supported by the help of the Upanishadas and Gita in India."

૪ गीता અને सांख्य.

ગીતાનો કર્મસિદ્ધાંત સાંખ્ય સિદ્ધાંત છે અને આ સિદ્ધાંત વેદાંતવાદ સાથે મળે છે. ગીતામાં 'માયાવાદ' નથી અને 'પ્રકૃતિ'

ઈશ્વરની એક સત્તા અથવા એક પ્રકાર બને છે. એમ છતાં પ્રકૃતિનાં બંધનપર અણુગમો બતાવાયો છે. કર્મથી થતું બંધન અને कैवल्य માટેનો પ્રયાસ એ બન્નેની એકતા, પ્રકૃતિથી વ્યતિરિકત રહેવામાં અર્થાત્ नैष्ठिककर्म માં કરાયલી છે. આત્માને કર્મ ગુણ દર્શાવતા, પુરૂષ જે સાંખ્ય પ્રમાણે કર્મહીન છે તેનાથી ભિન્ન મત દર્શાવાયલો છે.

प्रकृतेः क्रियमाणानि गुणैः कर्माणि सर्वशः ।
अहंकारविमूढात्मा कर्ताहमिति मन्यते ॥

વળી ૧૩ માં અધ્યાયમાં.—

प्रकृत्यैव च कर्माणि क्रियमाणानि सर्वशः ।
यः पश्यति तथात्मानमकर्तारं स पश्यति ॥

દસમાં અને અગીઆરમાં અધ્યાયમાં પણ આજ વાત કહેલી છે. ગીતાએ સાંખ્ય અને વેદાંતની એકતા સાધવા પ્રયાસ કર્યો છે. सगुण અને निर्गुण બ્રહ્મની એકતા બતાવી છે. સાતમાં અધ્યાયમાં આ બેને ઈશ્વરની પ્રકૃતિ કહેલી છે અને એ अपरा અને परा કહેવાય છે અને સાંખ્યવાદ આ પ્રમાણે દર્શાવાય છે.—

भूमिरापोऽनलो वायुः खं मनो बुद्धिरेव च ।
अहंकार इतीयं मे भिन्ना प्रकृतिरष्टधा ॥
अपरेयमितस्त्वन्यां प्रकृतिं विद्धि मे पराम् ।
जीवभूतां महाबाहो ययेदं धार्यते जगत् ॥

૧૩ માં અધ્યાયમાં क्षेत्र અને क्षेत्रज्ञ વિચાર છે અને આ બેનો સંબંધ ૨૬ માં શ્લોકમાં છે.

મુકિતનાં વિષયપર આવતાં ગીતા જેને कैवल्यमुक्तिः, ब्रह्मभाव नैष्काम्य, नैस्त्रैगुण्य વિગેરે કહે છે તે સાંખ્યમતથી જુદીજ છે. ગીતાનો कैवल्यवाद, ब्रह्मभाव છે અને એમાં ભકિત અને કર્મનો સમાવેશ થાય છે. ગીતાનો कैवल्य સાંખ્યનાં 'गुण' વાદથી તદ્દન ભિન્ન છે અને ગીતાનો સાંખ્ય અને વેદાંતની એકતા સાધવાનો પ્રયાસ બરાબર ફળીભૂત થયલો નથી.

આ પ્રમાણે સર્વ ઉપનિષદ્જ્ઞાનનો ભંડાર ગીતા છે અને આ ગીતાનાં પ્રણેતા શ્રીકૃષ્ણ-ઈશ્વરાંશાવતારી છે. સઘળા ગ્રંથોનું તારતમ્ય કર્મદીક્ષામાં સૂચવ્યું છે અને ધર્મ તથા નીતિનાં તત્ત્વો સ્થળે સ્થળે ઉભરાય છે. પાશ્ચિમાત્ય લેખકો જેવાકેઃ પ્રો. બાર્થ (Prof. Barth), ડૉ. બારનેટ (Dr. Barnett), પ્રો. મેક્ષમુલર (Prof. Maxmuller), મી. હોપકીન્સ (Hopkins), પ્રો. ગાર્બે (Prof. Garbe) વિગેરે અનેકોએ આ ગ્રંથપર ટીકા કરવા પ્રયત્ન કર્યો છે અને કબુલ કર્યું છે કે 'ગીતા અપૂર્વ ઉપદેશનો ભંડાર છે.' પ્રો. બાર્થ વિવેચે છે કે.—

"In Bhagavadgita, Krishna who is identical with the supreme being himself reveals the mystery of his transcendent nature. The doctrine as, is genrally the case with Vaishnavism, is essentially unitarian, that is to say, Vedantic although extensive use is made in it of the nomenclature and conceptions of the Sankhya. Krishna is the absolute being in human form, immutable and alone. The world and himself in his mortal form are production of his Maya, his deceptive magic; he alone is real, and those who are really conscious of being one with him have peace and safety."

આપણાં ટીકાકારો જેવા કે ડૉ. ભાંડારકર, લો. મા. ટીળક, તેમજ શંકર, રામાનુજ, વલ્લભાચાર્ય તેમજ પંડીત સીતાનાથ તત્ત્વભૂષણ વિગેરે પણ આ ગ્રંથપર વિવેચનદ્વારા પ્રકાશ પાડે છે. એ ઉપરાંત અનેક ટીકાઓ થયલી છે. આ સર્વ કૃષ્ણને મહાન્ યોગી વર્ણવે છે. ભાગવત ગ્રંથમાં કૃષ્ણનું વર્ણન બાળલીલા અને તેનાં અપૂર્વ જીવનચરિતનું છે.

જે બાળકૃષ્ણે વૃન્દાવનમાં અપૂર્વ રાસલીલા કરેલી, વાંસળીનાં મધુરરવથી ગોપીકાઓ અને યમુનાનાં નીરોને પ્રેમઘેલાં

કરી સ્થંભાવેલાં, ગોવર્ધન પર્વત તોલી, કંસ છેદન કરી, ભકતો રક્ષેલા તે કૃષ્ણ, સુદામાનાં પરમ મિત્ર અને બલરામનાં ભાઇ, રાધારમણ, અર્જુનનાં ઉપદેષ્ટા બલ્કે સમગ્ર ભારતનાં ઉપદેષ્ટા દેવાંશી વીર પરમયોગી વીરનાં જીવન ચરિત્રમાં કંઇ ઉંડો જ અર્થ છે એમ આપણે જોયું. વસ્ત્રહરણાદિ પ્રસંગોપર કંઇક ટીકા થયલી છે. પરંતુ જ્યારે જીવ પરમાત્મા આગળ આવરણ વિનાનો થઇ शिष्योऽहं साधि मां त्वां प्रपन्नम् । થઇ ઉભો રહે છે અર્થાત્ શરણ થાય છે ત્યારે તે ઇશ્વરનાં દરબારમાં પ્રવેશી શકે છે એ આ પ્રસંગની શીખ છે. " When the soul unclad of wordly garments stands bare face to face, he sees the reality, he becomes one with Him. " આ પ્રમાણે કૃષ્ણ ચરિત્ર છે.

ગીતામાં શ્રીકૃષ્ણનું સ્થાન વિશ્વોપદેષ્ટા અને અવતારી પુરૂષ તરીકેનું છે. દયારામનો ' કાલો ઘેલો કનૈયો ', મીરાંબાઇનો ' ગિરીધર નાગર. ' નરસિંહ મહેતાનો ' કાનૈયો કામણગારો ' ભકતોનાં એનાં પ્રતિ ઉભરાતાં નિઃસીમ પ્રેમનાં ઉદ્ગારો છે જ્યારે મનુષ્ય-ભક્ત બ્હારનાં આવરણો ભેદીને કૃષ્ણમાં તન્મય થઇ તદ્રૂપ થાય છે ત્યારેજ તે અક્ષય્ય પદ સંપાદન કરી શકે છે અને અર્જુનની માફક, ' હે કૃષ્ણ, હે યાદવ ' અને છેવટે ' હે સખા ' અને ' તું ' શબ્દવડે સંબોધી શકે છે. શ્રીકૃષ્ણનું વિરાટ્ સ્વરૂપ વિશ્વવ્યાપી ચૈતન્ય પ્રગટ કરે છે અને જલ સ્થળ અને આકાશમાં રહેલું એક તત્ત્વ દાખવે છે. ' नहि त्राऽऽत्मा सुखेन लभ्यः ।' આત્માનું નિરીક્ષણ સ્હેલું નથી. અનેક પ્રયત્નો કરી, તપ આદરવાથી એ પદ પ્રાપ્ત કરી શકાય છે. 'જ્યારે જ્યારે અધર્મની ચ્હડતી અને ધર્મની પડતી થાય છે ત્યારે ત્યારે સાધુ પુરૂષનું રક્ષણ કરવાને હું અવતાર લઉં છું" એ શ્રીકૃષ્ણે ભકતોને આપેલું અભય વચન છે. સર્વ શાસ્ત્રોનો સાર ગીતા છે. ડૉ. ભાંડારકર એમાં ' એકાંતિક ધર્મ ' દાખવેલો જુએ છે. પરંતુ ' स्वधर्मे निधनो श्रेयः परधर्मो तु भयावहः । એ સૂત્રમાં ભગવદ્ ગીતાનો સિદ્ધાંત આવી જાય છે.

શ્રીકૃષ્ણ પાણ્ડવોનાં સગા હતા. અને એઓ વૃષ્ણિકુળમાં જન્મ્યા હતા. પાણ્ડવોની એમણે અથાક સેવા કરી હતી. દ્રૌપદીનાં વસ્ત્ર પૂરેલાં તે શ્રીકૃષ્ણે, સુદામાને ઘેર ઉમંગથી કકડતી ટ્હાડમાં લાકડાં ચીરેલાં તે પણ એ કૃષ્ણે અને ભક્તોને રમાડેલાં તે પણ શ્રીકૃષ્ણે! શ્રીકૃષ્ણનું પાણ્ડવ સાથનું સગપણ નીચે પ્રમાણે જણાવી શકાય:

ययातिः

यदुः | पुरुः
वृष्णिः | दुष्यन्तः
दवरातः | भरतः
अंधकः | हस्तीः
वसुः | कुरुः
वासुदेवः | शांतनुः ।।। (सत्यवती)
बलरामः कृष्णः | व्यासः

धृतराष्ट्रः (गांधारी) — कुंती (पृथा) ।।। पांण्डु ।।। माद्री

दुर्योधनः दुःशासनः
વિગેરે મળીને ૧૦૦ પુત્રો. युधिष्ठिरः भीमः अर्जुनः

नकुलः सहदेवः

મહાભારતનું યુદ્ધ સૃષ્ટિનાં આદ્ય ચક્ર (Evolution) નાં બે તત્ત્વોનાં સંઘટ્ટન છે. અર્થાત્ દૈવી અને આસુરી પ્રકૃતિ વચ્ચેનું યુદ્ધ છે. આસુરી પ્રકૃતિપર વિજય મેળવવાનું જ્ઞાન આપનાર, અર્જુનનો મોહ ટાળનાર શ્રીકૃષ્ણ છે. શ્રીકૃષ્ણ આત્માની વિવેક શક્તિ (Logos) છે.

"ફ્રેંચ પંડિત કૉંટ 'આધિભૌક્તિક' સિદ્ધાંતદ્વારા દરેક વસ્તુનું સત્ય જુએ છે. અને કોઈ પણ શાસ્ત્રનો અથવા. વાતનો વિચાર કરવામાં આજ માર્ગ બીજા કરતાં વધારે ફાયદો કરનારો છે અને શ્રેષ્ઠ છે, એવું એણે ઠરાવેલું છે. કૉંટનાં મત પ્રમાણે સમાજશાસ્ત્રનો અથવા કર્મયોગ શાસ્ત્રનો તાત્વિક વિચાર કરવામાં આજ દૃષ્ટિ સ્વીકારવી જોઇએ. અને તે સ્વીકારીને પ્રથમ ઇતિહાસનું અવલોકન કરી, સર્વ વ્યવહાર શાસ્ત્રનો આ પંડિતે એવો મથિતાર્થ કાઢ્યો કે, પ્રત્યેક મનુષ્યે સર્વ માનવજાતિ ઉપર પ્રેમ રાખી 'સદૈવ સર્વલોકનાં કલ્યાણ માટે શ્રમ કરવો એજ તેનો જગતમાં પરમ ધર્મ છે.' મિલ, સ્પેન્સર વગેરે અંગ્રેજ પંડિતો આજ મતનાં મહાત્માઓ છે. એમ કહીએ તો ચાલે સામાં પક્ષમાં કૉંટ, હેગલ અને શોપેનહાઉએર વિગેરે જર્મન તત્ત્વજ્ઞાની પુરૂષોએ આ આધિભૌતિક પદ્ધતિ નીતિશાસ્ત્રનાં વિવેચનને માટે પૂરતી નથી એમ ઠરાવી આપણા વેદાંત પ્રમાણે અધ્યાત્મ દૃષ્ટિથી નીતિનું સમર્થન કરવાનો માર્ગ હાલમાં યૂરોપમાં પુનઃ સ્થાપિત કર્યો છે.

"ખુદ પરમેશ્વર જે પ્રમાણે કર્મ કરે છે તે પ્રમાણે જીવન્મુક્ત પુરૂષોએ પણ નિષ્કામ બુદ્ધિથી લોકસંગ્રહને માટે આમરણાન્ત સર્વ વ્યવહાર કરવો અધિક શ્રેયસ્કર છે, નિષ્કામત્વ અને કર્મનો વિરોધ નથી, એવોજ ગીતાનો સિદ્ધાંત છે."

ગીતા-કર્મયોગશાસ્ત્ર (ટીળક).

આ પ્રમાણે હિંદુઓનું આ મહાન્ પુસ્તક અને વિશ્વગીય ગીતા શ્રીકૃષ્ણનાં મધુરનાદ વડે દરેક સહૃદય ભક્ત હૃદયને આનંદ અનુભવાવે છે અને જ્યાં જ્યાં શ્રીકૃષ્ણ અને અર્જુનનો યોગ થાય ત્યાં ત્યાં લક્ષ્મી અને વિજય હંમેશ આગળ આવી ઉભાજ રહે છે એમ મહાભારતનાં મહાન્ પ્રણેતા પરાશર વેદવ્યાસ કથે છે.

વીર અને વીરપૂજા
પરીશિષ્ઠ

વીરોનાં કેટલાંક વચનો.

"જીવનનો હેતુ એજ કે ભલું કરવું" સ્વીડનબર્ગ.

વીરો આગળ ધસો, આપણે પ્રભુની ધજા નીચે છીએ તેથી આપણને વિજય મળવોજ જોઇએ". કોર્ટીઝ.

"મહાપુરૂષો દેશની દોલત છે. દી. બ. અંબાલાલ સાકરલાલ

"સાદું જીવન એટલે જીવનને જરૂરીઆત ચીજોથી નભાવવું તે અને ઉચ્ચાશય એટલે ઉમદા વિચારોથી ઉત્ક્રાંતિ સાધવી તે. આ બે મહાન્ પુરૂષોનાં સ્વાભાવિક લક્ષણો હોય છે."

યા હોમ કરીને પડો ફતેહ છે આગે." કવિ નર્મદ.

યહ કોનસા ઉકદા હે જો વા હો નહિ સક્તા
હિમ્મત કરે ઇન્સાન તો કયા હો નહિ સક્તા ?
કીડા જરા સા ઔર વહ પથ્થરમેં ઘર કરે
ઇન્સાન કયાં ન વહ દિલે દિલબરમેં ઘર કરે ?"

'સંપૂર્ણ જય એકદમજ મળવો અશકય છે. તેઓ કમર બાંધીને લઢયા તેમાંજ તેમનાં ધૈર્ય અને શૌર્યની આપણને પ્રતીતિ થવી જોઇએ' કાર્લાઈલ.

'જે માણસ સંસારની લાલચોમાં રહી પોતાનો વિકાસ કરે છે તે ખરેખરો વીર છે. શ્રી રામકૃષ્ણ.

મહાન્ પુરૂષો સદા ખુલ્લા-સરળ મનના અને શુદ્ધ અંતઃકરણના હોય છે. જે તેમને સત્ય લાગે છે તેનો પક્ષ ગ્રહણ કર્યા વિના તેઓ કદી રહેતા નથી.' કાર્લાઇલ.

'કાર્ય દક્ષતા વિના કંઇ પણ સિદ્ધિ નથી.' સર જોન ગ્રીફીથ.

'વારંવાર વિઘ્નો નડવા છતાં આરંભેલા કાર્યને ઉત્તમ ગુણવાળા મનુષ્યો કદિપણ તજી દેતાં નથી. ભર્તૃહરી.

'આપણે જો આપણા કર્તવ્યને વળગી રહીશું તો આપણા હક્ક અને અધિકાર એની મેળે પાસે આવશે.' સ્વામી રામતીર્થ.

'મહાપુરૂષોના ધૈર્યની પરીક્ષા સંપત્તિમાં નહિ પણ વિપત્તિમાં થાય છે.'

'દફન કરો તો મને પ્રિયાનાં રહેઠાણમાં કરજો કારણ કે બુલબુલની કબર બગીચામાં હોય છે.' એક ફારસી પંક્તિ પરથી,

સત્યમાં સર્વ ધર્મની સીમા છે. સત્ય એ પરમેશ્વર છે સત્ય કરતાં પર એવો કોઈ ધર્મ નથી. એ સત્યનું પાલન બહુ કઠીન છે એમાં શક નથી. મનથી, વચનથીજ સત્ય પળાય તો બીજું કંઇજ ન જોઇએ. તેમાંથી તેને બધું મળી રહેછે. સત્ય હળવો શબ્દ છે, તેનો વ્યવહાર ન કરી શકાય તો માણસ ખાનદાની ખુવે; તેની શાખ જાય. મહાત્મા ગાંધી.

વાચક. તું શિશુ હો, સંસારી હો, સંસારી સાધુ હો કે યોગી હો, પરંતુ એટલું તો સત્ય છે કે તારા જીવનમાં કંઇ બીજોજ અર્થ સમાયલો છે; અને જેટલે દરજ્જે તે લક્ષ્ય તું સાધી શકશે તેટલે દરજ્જે તું ઉન્નત થઈ શકશે. યોગી થઇ ઘરમાં બેસી રહે અને જ્ઞાનનો લાભ બીજાને ન આપે તો તે 'કજુંસધન' થયું. સંસારી સાધુ થવા પ્રયત્ન આદરે અને સ્વાર્થ સાથે અહંતા ભેળવે તો તે ઠગારો લેખાશે અને કેવળ સંસારી જીવન તે ફક્ત ભોજનરસાદિ મોજશોખ માટે થયું. એ જીવન અને પશુપક્ષિઓનાં જીવનમાં શો ફેર થયો તે તું જાતેજ કળ. બલ્કે પક્ષિઓનાં જીવનમાં સ્વતંત્રતા લક્ષ્યીગોચર થશે અને પશુઓમાં આત્મભોગ અને અણજાણ્યી પરોપકારવૃત્તિ જણાશે. પરંતુ મનુષ્ય જીવનમાં

શો અર્થ છે તે તું પોતેજ વિચાર કર. આટલાપરથી એમ નથી સ્હમજવાનું કે સંસારી જીવન કેવળ તુચ્છ છે. પરંતુ કેવળ સ્વાર્થી જીવન તે જીવનજ ન કહી શકાય. એક ક્ષણ પણ પરમાર્થમાં વપરાય નહિ. એક પાઇ પણ વિશ્વોદ્ધારમાં ખર્ચાય નહિ અને રક્ષણમાટે શરીરની સેવા પણ બીલકુલ ન બજાવાય તો જીંદગીનો અર્થ બીજો શો રહ્યો? 'હીરો જાણીમેં પરખ્યો ને નીકળ્યો કાચ કથિર' જેવું થયું સ્હમજવું. માટે કળ કે **જીવન એટલે પરમાર્થની એક કિંમતી ક્ષણ.** આત્મોદ્ધારની એક અમૂલ્ય નિમિષ અને સ્વાતંત્ર્યનો એક અણમોલો પ્રસંગ!

લેખક.



વીર અને વીરપૂજાનાં અગાઉથી ગ્રાહક થનારની મુબારક નામાવલિ.

				પ્રત.
૧	શ્રીયુત્	મનુભાઈ રંગીલદાશ દલાલ	મુંબઈ	૧૨
૨	,,	લક્ષ્મીદાશ મંગળદાશ શેઠના. બી. એ. (ઓનર્સ)	,,	૧૨
૩	,,	દયાશંકર દેવશંકર દવે	,,	૧૫
૪	,,	બાલુભાઈ કહાનદાસ મણિયાર	,,	૧૦
૫	,,	ગિરિજાશંકર મણિશંકર ભટ્ટ	,,	૫
૬	,,	જયમણિશંકર નારૂશંકર પંડ્યા	,,	૫
૭	,,	ડાહ્યાભાઈ મગનલાલ પાનવાલા	રાંદેર	૧
૮	,,	છગનલાલ નાથુભાઈ દલાલ	મુંબઈ	૨
૯	,,	કંચનલાલ મગનલાલ મહેતા	,,	૧
૧૦	,,	મણિશંકર નાગજી ભટ્ટ	ઉંબરગાંવ	૧
૧૧	,,	ગૌરીશંકર પુરૂષોત્તમ ઘુઘરીવાળા	મુંબઈ	૨
૧૨	,,	આત્મારામ રણછોડદાસ ચોકસી	,,	૧
૧૩	,,	મણિલાલ વ્યાસ	,,	૧
૧૪	,,	ઠાકોરલાલ છોટાલાલ મહેતા	,,	૧
૧૫	,,	ભીમભાઈ ગુલાબભાઈ દેસાઈ	,,	૨
૧૬	,,	રણછોડદાસ એમ વકીલ	,,	૧
૧૭	,,	રામચંદ્ર વિજયરામ ભટ્ટ	,,	૧
૧૮	,,	શ્રી મુનીમહારાજ લાયબ્રરી,	માધવબાગ	૧
૧૯	,,	ભોળાનાથ શ્રોફ	મુંબઈ	૨
૨૦	,,	ચોકસી બાલુભાઈ મુળચંદ	,,	૫
૨૧	,,	ઝવેરી નગીનચંદ કપુરચંદ	,,	૫

૨૨	,,	ઝવેરી મોતીચંદ રાયચંદ	,,	૫
૨૩	,,	ઝવેરી ચંદુલાલ જીવણલાલ	,,	૫
૨૪	,,	લુમરામ ભુરાજી	,,	૫
૨૫	,,	ભગવાનદાસ વાલજી	,,	૧
૨૬	,,	પુંજરાય અમીચંદ	,,	૫
૨૭	,,	જમનાદાશ તલકચંદ	,,	૫
૨૮	,,	કવિ મગનલાલ હરગોવિંદ	,,	૧
૨૯	,,	ઑ. સર. લલ્લુભાઇ આશારામ શાહ (M. A. L. L. B.) (મુંબઈ વરિષ્ઠ કોર્ટ જજ સાહેબ)		૧૦
૩૦	,,	જોશી મગનલાલ વલ્લભરામ	,,	૧
૩૧	,,	રમણલાલ વિઠ્ઠલદાસ શાહ,,	,,	૧
૩૨	,,	ચોકસી નારણદાસ મોતીલાલ	,,	૫
૩૩	,,	ગણેસમલ સોભાગલાલ	,,	૫
૩૪	,,	કૃષ્ણાજી મોતીચંદ	,,	૫
૩૫	,,	ઘેલુભાઈ મણિલાલ,	ભરૂચ	૫
૩૬	,,	શા. હરજીવન મોહનજી કાપડીયા	મુંબઈ	૧
૩૭	,,	ઉમિયાશંકર જયેષ્ઠારામ યાજ્ઞિક શર્મા	,,	૧
૩૮	,,	ઓઝા ઈંદ્રલાલ ઘનશ્યામ C/o કાનજી કરશનજીની કુંપની	,,	૧
૩૯	,,	ડૉ. મુલચંદ દામોદરદાશ મુકાતી	,,	૧
૪૦	,,	લક્ષ્મીદાશ નેમીદાશ	,,	૧
૪૧	,,	ભીમાજી મોતીચંદ	,,	૫
૪૨	,,	જીતેંદ્રલાલ રણછોડલાલ કાઝી	,,	૧
૪૩	,,	ડાહ્યાશંકર મોતીરામ	,,	૧
૪૪	,,	નાગરભાઈ ઇશ્વરભાઈ પટેલ	,,	૧

૪૫	,,	શ્રી નિત્યાનંદ લાયબ્રરી.	મુંબઇ	૧
૪૬	,,	સાકરલાલ માધવલાલ	તોરાવાલા	૧
૪૭	,,	હરજીવન જાદવજી વરીઆ.	મુંબઈ	૧
૪૮	,,	છગનલાલ ડી. ઉપાધ્યાય	ડુમશ	૧
૪૯	,,	ત્ર. લાલશંકર ગૌરીશંકર	મુંબઇ	૧
૫૦	,,	મોતીલાલ પ્રાણુશંકર જોશી	,,	૫
૫૧	,,	આઇ. વી. કાપડીયા.	ખત્તલવાડા	૧
૫૨	,,	વેલજીભાઇ લખમશીની કું.	માટુંગા	૨
૫૩	,,	ઉમેદરાય બી. મઝમુદાર. બી. એ.	સાંતાક્રુઝ	૧
૫૪	,,	રમાનાથ નવલશંકર ઝાલા. બી. એ.		૧
૫૫	,,	ડી. એમ. દરૂ. બી. એ. એલ એલ બી.		૧
૫૬	,,	ભાવસાર નરસિંહલાલ ત્રીકમલાલ કાપડવાલા	મુ. વલવાડા.	૧
૫૭	,,	વ્રજદાસ ટી. બરફીવાલા	મુંબઈ	૧
૫૮	,,	ઠાકોરલાલ ચુનીલાલ દેસાઈ	મુંબઈ	૧
૫૯	,,	લલ્લુભાઈ વસનજી પટેલ બી. એ. બી એસ. સી.		૧
૬૦	,,	વલ્લભભાઈ મકનજી પટેલ.	એરથાણુ	૧
૬૧	,,	ધી હેડમાસ્તર, વર્નાકયુલર અછારણુ સ્કૂલ		૧
૬૨	,,	ગોર માધવજી કલ્યાણુજી ન્યાયાધીશ	કચ્છ નલત્રાણુા	૧
૬૩	,,	જોશી વેલજી ધનજી	,,	૧
૬૪	,,	નથ્થુ કરશનજી વકીલ	,,	૧
૬૫	,,	દવે રેવાશંકર વાઘજી શીરેસ્તદાર	,,	૧
૬૬	,,	મેતા ભાઇશંકર રેવાશંકર	,,	૧
૬૭	,,	પટેલ માનભાઈ ગીરધર	દેરોલ	૨
૬૮	,,	રામશંકર હરજીવન ત્રિપાઠી	અમદાબાદ	૧
				૧૭૮

વડોદ્રા તથા ભાવનગરનાં કેળવણી ખાતાએ મન્જુર કરેલું.

૧ શ્રી આદ્ય શંકરાચાર્ય જીવન સાર.

કીં. ૦-૬-૦

(લેખકઃ—મણિશંકર દલપતરામ જોશી.)

આ પુસ્તકમાં હિંદુધર્મનાં મહાન્ પ્રવર્તક, ભાષ્યકાર, અદ્વૈતવાદિ જગદ્ગુરૂ શંકરાચાર્યનું જીવનચરિત્ર તેમનાં વેદાંત-કથન તથા એને અંગભૂત કેટલીક બાબતો સહિત આલેખવામાં આવ્યું છે. દરેક આર્યને પોતાનું કરી રાખવા લાયક. બી. એ. નાં સંસ્કૃત ઓનર્સનાં અભ્યાસકોને ખાસ ઉપયોગી. સાક્ષરો તથા વિદ્વાનોમાં ઉત્તમ અભિપ્રાયો મળેલાં. છે.

અભિપ્રાયો.

" એ પુસ્તકમાં આપે શંકરાચાર્યનું સંક્ષિપ્ત જીવન ચરિત્ર તેમનાં જીવનનાં કેટલાક પ્રસંગો વિશે ચાલતી કથાઓ સાથે વર્ણવ્યું છે તે તથા તેમણે પ્રતિપાદન કરેલા તત્ત્વજ્ઞાનનું આપે સંક્ષિપ્તમાં નિરૂપણ કર્યું છે તે વિદ્યાર્થીઓને અને સાધારણ વાંચનારાઓને ઉપયોગી થાય તેવું છે. "

અમદાવાદ. તા. ૧૯-૧૧-૧૭.

રમણભાઈ મહિપતરામ નીલકંઠ.
બી. એ. એલ. એલ. બી.

" While studying the works of Shankar in college, the writer conceived the idea of bringing out the life of this great religious leader in a pamphlet form. It faithfully sets out the main incidents in his life, in simple language."

Modern Review, January 1918.

એ ઉપરાંત કેલવણી, મોઢ માર્તણ્ડ, ગુજરાતી પંચ, મૌક્તિક વિગેરેનાં તંત્રો તરફથી ઉત્તમ અભિપ્રાયો મળ્યાં છે.

મળવાનાં ઠેકાણાં.—સુરત અને મુંબઈનાં પ્રખ્યાત બુકસેલર્સ.

૨ કવિવર રબિન્દ્રનાથ ટાગોર અને બંગકુસુમ તોરૂદત્ત.

(કિં—૦—૮—૦)

લેખકઃ—**મણિશંકર દલપતરામ જોશી.** (બી. એ.)

જેમાં કવિવર ટાગોરનાં જીવનચરિત્ર તથા લેખોનો સંપૂર્ણ પરિચય કરાવી. એમની અમૃત પ્રસાદિઓ વર્ણવાયલી છે. તેમજ સાહિત્યવાટિકામાં અકાળે કરમાયલું બંગકુસુમ મીસ તોરૂ દત્તનું જીવનચરિત્ર તથા એનાં કાવ્યોનું આસ્વાદન કરાયલું છે. દરેક સાહિત્યવિલાસીને આ ન્હાનકડું પુસ્તક પ્રિય બની રસમય વાંચન પુરૂં પાડે છે અને સાહિત્યરસ ઢોળે છે.

---

૩ કર્મવીર મહાત્મા મોહનદાસ કરમચંદ ગાંધી, અને સ્વદેશ સેવા.

(કિ—૦—૬—૦)

લેખકઃ—**મણિશંકર દલપતરામ જોશી.** (બી. એ.)

જેમાં મહાત્માશ્રીનાં જીવનચરિત્ર, ઉપદેશ તથા સ્વદેશ સેવાનાં મહાન્ મંત્રો આલેખાઇ વીરપૂજા થયલી છે. દરેક સજ્જને પોતાનું કરી રાખવા લાયક, એમની અલૌકિક જીવન પ્રતિમાનો સંપૂર્ણ પરિચય કરાવનારો લેખ ગુજરાતને અતિશય પ્રિય બને છે.

---

૪ શ્રીકૃષ્ણ અર્જુન—ગીતોપદેશ.

(કિં–૦–૬–૦)

લેખકઃ—**મણિશંકર દલપતરામ જોશી.** (બી. એ.)

જેમાં પરમયોગી શ્રીકૃષ્ણનો ઇતિહાસ, અર્જુનને ગીતોપદેશ, ગીતાસાથે ષડ્દર્શન પરિચય, ગીતાનો કર્મવાદ વિગેરે પ્રશ્નો **બી. એ.નાં સંસ્કૃત (ઓનર્સ) નાં અભ્યાસકોને ઉપયોગી થવા ખાસ લક્ષ્યથી ચર્ચાયા** છે; તેમજ ગીતાનું કથન સરળ અને રસમય ભાષામાં આલેખાયું છે. જેથી દરેક આર્યને ગીતાનાં અપૂર્વ ગ્રંથનું સહજમાં અમોઘ દર્શન થશે.

---

૫. વીર સાક્ષરરત્ન ગોવર્ધનરામ
અને ત્હેમની
ગુર્જર સાહિત્ય સેવા.

(કિં ૦–૮–૦)

લેખકઃ—**મણિશંકર દલપતરામ જોશી.** (બી એ.)

અભિપ્રાયઃ—" તમારી વીર અને વીરપૂજાની ગ્રન્થમાળાનો સાહિત્ય–વીર ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી વિષયનો અંક મેં વાંચ્યો. ગ્રન્થ માળાની યોજના મને બહુ યોગ્ય લાગે છે અને જોઇએ તેટલી વિશાળ બુદ્ધિથી એ યોજના અમલમાં મૂકાશે તો આપણા સાહિત્યમાં સારો ઉમેરો થશે એમ મારૂં માનવું છે. તમારો પ્રયત્ન મને ઉત્તેજન આપવા લાયક લાગે છે અને હું તમને તેમાં વિજય ઈચ્છું છું. તમારી ગ્રન્થમાળાને વિદ્યાર્થીઓને ઉપયોગી કરવામાં તમે જેટલો વિશેષ શ્રમ લેશો તેટલો વધારે ઉગી નીકળશે. સાહિત્ય સેવાની આ નવી યોજનાને માટે ગુજરાત તમારી કદર કરશે એવો મને ભરૂસો છે. "

મુંબઇ
તાઃ ૩–૧૧–૨૦ } **ઉત્તમલાલ કે૦ ત્રિવેદી** બી.એ.એલ.એલ.બી.

શુદ્ધિપત્ર.

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૧	૧૨	પોતાના	પોતાનો
૮	૧	કીતિ	કીર્તિ
,,	૯	કમ	કર્મ
૧૨	૪	કારણુભત	કારણભૂત
૧૪	૨૫	Ecstacy	Ecstasy
૧૭	૨	વિષાદ	વિષાદ્દ
૧૯	૨	સ્નેહાશ્ર	સ્નેહાશ્રુ
૨૪	૧૬	કુદરમાં	કુદરતમાં
૨૫	૧૨	ભારતવપ	ભારતવર્ષ
,,	૨૨	Ligends	Legends
૨૬	૧૪	ઇશ્વિદત્ત	ઇશ્વરદત્ત
૨૯	૧૮	કુદત	કુદરત
૩૦	૨૩	તદાઽમ્યુત્માનં	તદાઽઽત્માનં
,,	૨૪	વાણીનાં	વાણીમાં
૩૨	૧૩	Formulas	Formulae
,,	૧૬	કરવાં	કરતાં
,,	૧૮	Popt	Pope
,,	૨૭	પરબ્રમ્હે	પરબ્રહ્મે
૩૩	૨૬	વાયુમૂતિ	વાયુમૂર્તિ
૩૮	૨૩	કાર્ષાયલ	કાર્લાયલ.
૪૫	૧૪	તવારીએ	તવારીખો
૪૭	૨૭	મળ્યું	મેળવ્યું
,,	,,	efforts	effects
૫૮	૨૪	કલ્યામગ્રામ	કલ્યાણગ્રામ
૬૦	૨૧	ખાંડવન	ખાંડવ વન
૬૫	૨૫	ધીધો લીધો	લીધો લીધો

૬૭	૨	આયદેશને	આર્યદેશને
૬૯	૨૫	અણુસુંધ્યુ	અણુસુંધ્યું
૭૭	૬	સંધાય	સધાય
,,	૭	એષાં	એવાં
૭૯	૧૦	कथं चन	कदा चन
૮૫	૬	સુકોમાળ	સુકોમળ
૮૭	૬	કરસરથી	કરકસરથી
,,	૧૦	કેલવણી	કેળવણી
,,	૨૦	ગોવર્ધનરામ	ગોવર્ધનરામ
૯૧	૬	નીકરે	નીકળે
૯૨	૫	પૈરાણાદિક	પોરાણાદિક.
૯૭	૬	pssible	possible
૧૦૦	૧૭	reeconcile	reconcile
૧૦૧	૬	psych	Psyche
૧૦૮	૩	ચોપાઉ	ચોપાનીયું
૧૦૯	૧૭	મશહર	મશહૂર
૧૧૦	૨૫	then	them
૧૧૨	૮	mumberless	numberless
૧૧૪	૧	રબિદ્રનાથની	રબિન્દ્રનાથની
૧૧૫	છેલ્લીપંક્તિ	ths	the
૧૧૬	૮	upon	upon
૧૧૮	૧૦	વેરાગ્ય	વૈરાગ્ય
૧૧૯	૧૦	meody	melody
૧૨૨	૧૪	રડી	રહી
૧૨૩	૪	the Cescent	The crescent
૧૨૫	૪	eithr	either
૧૨૬	૨૦	dis	his
૧૩૪	૨૦	outs ide into	out side into
,,	૨૧	સુદશાણા	સુદર્શણા
૧૩૬	૧	मौक्तिकं	मौक्तिकं

,,	૩	inoded	indeed
,,	૮	geting	getting
૧૩૭	૧૩	પ્રકાશ્યું	પ્રકાશ્યું
૧૪૦	૨૦	ડરવાનની	ડરવાનથી
૧૪૨	૨૨	જાદી	જાતી
૧૪૩	૯	deod	dead
૧૪૪	૧૨	Stuborn endurance	stubborn endurance
,,	૨૨	સમથ	સમર્થ
૧૪૯	૨૫	ale	all
૧૫૮	૫	Sanctnary	Sanctuary
,,	૬	ચિત્ર	ચિત્રે
૧૫૯	૧	ર્પની	વર્ષની
૧૬૨	૨૫	त्र र्मेण	क्रमेण
૧૬૬	૧૦	વાળ્યે	વાળ્યો
,,	૨૮	અસંખ્યા	અસંખ્ય
૧૭૦	૧૦	hdois	do his
૧૭૩	૧૦	વર્ણુણુક	વર્તણુક
,,	૨૫	Grnt	Grant
૧૭૫	૭	dumb	dumb
,,	૧૪	mysterous	mysterious
૧૭૬	૮	God	God's
,,	૯	scientic	scientific
,,	૧૨	sence	sense
,,	૧૩	living thing	a living thing
,,	૧૯	ભા	
૧૮૦	૬	ફેવોમાં	ફેવો
૧૮૬	૧	तश्याद्य	पश्याद्य
૧૮૭	૩	manitestions	manifestations

